ગુજરાતનું સૌપ્રથમ આર્થિક સાપ્તાહિક

દિપોત્સવી અંક
સવંત 2081

# જનુચીપ ઈન્વેસ્ટમેન્ટસ

SINCE 1992

PRICE ₹200/-

AHMEDABAD | 29 OCT TO 10 NOVEMBER 2024 | PAGES : 116 | YEAR : 33 | ISSUE NO. 1&2 | EDITOR : YOGESH K. SHAH

નવા વર્ષની સર્વે વાંચકોને
શુભકામનાઓ

32 Anniversary

સંવત 2081ના સુવર્ણકાળમાં

## સેન્સેક્સ 1,00,000 અને નિફટી 31,000 ઝગમગાટ સાથે ઈતિહાસ રચતા જોવાઈ શકે

સંવત 2081 : સ્વસ્થ પ્રત્યાઘાતી ઘટાડા બાદ રોકાણકારોને શેરોમાં લાભદાયી વળતર અપાવનારું શુભકારક નીવડશે

લાર્જ કેપ અને મિડ કેપ શેરો સવિશેષ ફોકસમાં રહેશે

## પ્રાયમરી માર્કેટ સાતમા આસમાને ઉડાન ભરતું રહેશે

હવે ક્વોલિટી મેઈનબોર્ડના ઈસ્યુઓ ઉપર રોકાણકારો ફોકસ રાખશે

સિલ્વર 1 લાખ પાર...અબકી બાર ગોલ્ડ 1 લાખ પાર !

MATRIX
Gas & Renewables

# Matrix Gas & Renewables

## Wishes you a Happy & Green Diwali

Let this festive season light the path to building innovative and sustainable energy solutions that help India achieve its Net Zero goals




## About Matrix

Focused on Green Hydrogen Infrastructure Development and Natural Gas Aggregation & Distribution, Matrix Gas & Renewables Limited has been set up to contribute to meeting the energy needs of a growing economy.

### Natural Gas Distribution

Enabling access to clean, affordable energy

### Green Hydrogen

Leading India's energy transition with innovative green hydrogen solutions

### Electrolyser Manufacturing

Leading Make in India campaign by manufacturing best quality electrolyser

**275+**
Million Metric Standard Cubic Meters of Natural Gas Aggregation

**300 MW**
PLI for Electrolyser Manufacturing

**INR 1000+ Crores**
Firm Green Hydrogen Order Book

## Business Road Map

- Become an **Integrated Green Energy Value Chain** Group in India
- Set-up **fully automated 2 GW electrolyser manufacturing plant** in India
- List **Matrix** on **NSE & BSE by FY 2025-26. IPO Target: ₹1000-1200 Cr**
- **More than 500 MMSCM Natural Gas Aggregation**
- **Setting up 1000 MW Green Hydrogen assets**
- **Developing gas infrastructure in 15 City Gas Distribution projects**

## Begin Your Energy Transition Journey

info@matrixgas.in
079 6169 0000
www.matrixgas.in

Westgate Business Bay Block-A, 15th Floor, Makarba, Ahmedabad, Gujarat 38005

# બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટનો ૩૩મા વર્ષમાં મંગળ પ્રવેશ



સ્વ. કાંતિલાલ શાહ
**બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ્સના પ્રેરણાસ્ત્રોત**



યોગેશ શાહ
મેનેજિંગ એડિટર,
બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ્સ


**BLUECHIP TEAM**

**EXECUTIVE EDITOR**
RAJ M. MEHTA

**MANAGER :** YATIN SHAH

**SENIOR DESIGNERS**
C. CHAUHAN | H. BHAVSAR


ગુજરાતીઓને પોતાની ભાષામાં આર્થિક જગતના આટાપાટા અને શેરબજારની ગૂંચવળભરી જટિલતા અંગે સમજણ પૂરી પાડનારું ‘‘બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ’’ આજે ૩૩માં વર્ષમાં હર્ષોલ્લાસ સાથે પ્રવેશ કરશે.

૩૩ વર્ષની આ સફર દરમિયાન રોકાણ જગતમાં આવેલા ફેરફારોનું બ્લુચીપ સાક્ષી રહ્યું છે. ગુજરાતી ભાષામાં આર્થિક પત્રકારત્વ ક્ષેત્રે ચીલો ચાતરીને હાઈ-વે સર્જનારું ‘‘બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ’’ આદર્શ ગણાય છે. વર્ષોથી બ્લુચીપ આર્થિક ક્ષેત્રે થનારી ઘટનાઓના વિશ્લેષણ અને ઊંડાણપૂર્વકના અભ્યાસ સાથે ગુજરાતી આર્થિક સાપ્તાહિક તરીકે લોક ચાહના મેળવી રહ્યું છે અને લોકમુખે જાણીતું નામ બન્યું છે.

૧૯૯૨થી ૨૦૨૪ સુધીની બહુ લાંબી મંઝીલ ‘‘બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ’’ કાપી છે. આર્થિક સુધારાઓ બાદનું ભારત, હર્ષદ મહેતા સ્કેમ, કેતન પારેખ અને જીગ્નેશ શાહના કારણે થયેલી ઉથલપાથલોથી માંડીને ભારતના વિકાસ પામી રહેલા આર્થિક લેન્ડસ્કેપના પ્રત્યેક મુકામ પર બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ સાક્ષી રહ્યું છે. ૧૫ દિવસના ટ્રેડીંગ સેટલમેન્ટથી લઈને હાલ સેમ ડે સેટલમેન્ટ સુધી પહોચેલા ફેરફારો તેમજ પબ્લિક ઈશ્યુ માટે ફોર્મ લેવા લાગતી લાંબી કતારોથી માંડીને અત્યાધુનિક યુપિઆઈ બિડિંગ જેવા માળખાકીય સુધારાઓના સમયગાળામાં બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ અડીખમ ઉભું છે. સેન્સેક્સ ૩૦૦૦ની સપાટીએથી ૮૫,૦૦૦ની સર્વોચ્ચ સપાટી પર પહોંચ્યો તે સમયગાળામાં બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ એ પણ પ્રગતીના શિખરો સર કર્યા છે.

ગુજરાતી ભાષામાં પ્રગટ થતું ઈન્વેસ્ટમેન્ટ મેગેઝિન બ્લુચીપ તેના નામ ને અનુરૂપ જ ગુણવત્તા અને વિશ્વાસનો પર્યાય છે. ૩૩ વર્ષથી, બ્લુચીપ રોકાણકારો માટે ભરોસાપાત્ર હોકાયંત્ર છે, જે ફાઈનાન્સની જટિલ દુનિયામાં તેને સાચી દિશામાં નિર્ણયો લેવા માટે હંમેશા મદદ કરતુ આવ્યું છે. ગુજરાતના પ્રથમ નાણાકીય સાપ્તાહિક તરીકે, તે એક અગ્રેસર રહ્યું છે, જે આંતરદૃષ્ટિપૂર્ણ પૃથ્થકરણ, નિષ્ણાત ટિપ્પણી અને પગલાં લેવા યોગ્ય રોકાણ સલાહ માટે લોકમુખે જાણીતું બન્યુ છે.

અમારી આ સફળતાપૂર્વક સફર દરમિયાન, બ્લુચિપ ઈન્સાઈટફૂલ વિશ્લેષણ, એક્સપોર્ટ કોમેન્ટ્રી અને પગલાં લેવા યોગ્ય રોકાણ સલાહ પ્રદાન કરવાની તેની પ્રતિબદ્ધતામાં અડગ રહી છે. સ્ટોક માર્કેટ અંગેના નવા સામયિકો આવ્યા, રહ્યા અને વિસરાઈ પણ ગયા , પરંતુ આજે બત્રીસ વર્ષ પછી પણ બ્લુચીપ અડીખમ જ છે.

૩૩ વર્ષતી આર્થિક પત્રકારત્વમાં સદાય અગ્રેસર રહેવામાં અમારા વાચકોએ મૂકેલા વિશ્વાસ અને અવિરત સહકાર ઘણા મહત્વપૂર્ણ રહ્યા છે. અમારા સદૈવ વંદનીય પિતાના આશીર્વાદની પણ આ કમાલ છે. અમારા પિતા કાન્તિલાલ મણિલાલ શાહ પણ આર્થિક પત્રકારત્વનું એક શિખર જ હતા. આર્થિક પત્રકારત્વમાં સિત્તેર વર્ષ સુધી સક્રિય રહેલા કાન્તિલાલ મણિલાલ શાહના તેમના અહેવાલો, વિશ્લેષણો અને કાબેલિયતને સ્ટોકમાર્કેટના અનુભવી વાંચકો આજેય યાદ કરે છે. તેમની આ કાબેલિયતની કૃપાદ્રષ્ટિ અમારા પર પણ પડી હોવાનું માની લઈને અમે તેમને પણ વંદન કરીને અમારી સફળતાના હસ્સેદાર ગણીએ છીએ. ગુજરાત, મુંબઈના વાચકો ઉપરાંત વિદેશમાં વસતા ગુજરાતીઓએ એટલે કે બિન નિવાસી ભારતીયોએ પણ બ્લુચિપનું અવાજમ ભરીને તેની વિશ્વસનિયતાને વધુ બુલંદ બનાવી છે. તેથી જ ગુજરાત, મુંબઈ અને બિનનિવાસી ભારતીય વાચકોને પણ બ્લુચિપ તેની સફળતાના હિસ્સેદાર ગણે છે. સ્ટોક માર્કેટ અંગેની સચોટ આગાહી, સચોટ કેતો અને અભ્યાસુ માર્ગદર્શનને પરિણામે બ્લુચિપે આ ઊંચાઈ હાંસલ કરી છે.

આજે, બ્લુચીપની સફળતાનો શ્રેય ૭૬ વર્ષની જૈફ વયે પણ યુવાનોને શરમાવે તેવો જુસ્સો ધરાવતા કાર્યનિષ્ઠ એવા બ્લુચીપના માત્ર ને માત્ર તંત્રી યોગેશ શાહને આભારી છે. તેમના પિતાના નકશે-કદમ પર ચાલીને આર્થિક પત્રકારકત્વ ક્ષેત્રમાં તેમણે પણ અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના અથાક પરિશ્રમ અને દીઘર્દ્રષ્ટિને પરિણામે જ બ્લુચીપ આજે રોકાણકારોના વર્તુળના પોતાનું આગવું સ્થાન પામ્યું છે.

- ટીમ બ્લુચીપ



## સંવત ૨૦૮૦માં સૂચવેલા ૧૦ શેરો ૧૭થી ૧૫૨ ટકાનું માતબર વળતર અપાવી ગયા...!

# સંવત ૨૦૮૧ : સ્વસ્થ પ્રત્યાઘાતી ઘટાડા બાદ રોકાણકારોને શેરોમાં લાભદાયી વળતર અપાવનારું શુભકારક નીવડશે

## લાર્જ કેપ અને મિડ કેપ શેરો સવિશેષ ફોક્સ રહેશે : સેન્સેક્સ ૧,૦૦,૦૦૦ અને નિફ્ટી ૩૧,૦૦૦ ઈતિહાસ રચતા જોવાઈ શકે

**સ્ટોકવેવ**
યોગેશ શાહ

વૈશ્વિક પડકારો વચ્ચે વિક્રમ સંવત ૨૦૮૦ ભારતીય શેર બજારોમાં રોકાણકારો માટે અસાધારણ ઊંચુ વળતર આપી ગયું છે. ગત વખતે અહીંથી સંવત ૨૦૮૦ શેરોમાં નવા વિક્રમોથી ઝળહળી ઉઠશે અને સેન્સેક્સ ૭૨૦૦૦ તથા નિફ્ટી ૨૨૦૦૦ની સપાટી ઓળંગીને નવો ઈતિહાસ રચતા જોવાશે એવા અનુમાનથી વિશેષ બજારમાં તેજી જોવાઈ છે. સેન્સેક્સે ૮૫૯૭૮ અને નિફ્ટીએ ૨૬૨૭૭ની ઐતિહાસિક ટોચ બનાવી છે. આમ સંવત ૨૦૮૦માં સેન્સેક્સમાં ૨૬ ટકાનો અને નિફ્ટીમાં ૨૯ ટકા વધારો થયો છે. અનેક પડકારો વચ્ચે ભારતીય શેર બજારોએ આઉટ પર્ફોમ કરી નવા શિખરો સર કરાવ્યા છે. અહીંથી જણાવેલું એમ જયશ્રી રામના જયઘોષ સાથે કેન્દ્રમાં ફરી ભાજપના નેતૃત્વમાં મોદી સરકાર સત્તારૂઢ થઈ છે. પરંતુ ભાજપને અપેક્ષાથી ઓછી સીટો મળતાં ચૂંટણી પરિણામોના દિવસોમાં બજાર મોટી ઉથલપાથલ મચાવી કરેકશન બતાવી ફરી વિક્રમી તેજીના પંથે સવાર થતું જોવાયું હતું. સંવત ૨૦૮૦માં મિડ કેપ ઈન્ડેક્સ એનએસઈમાં ૪૬ ટકા અને સ્મોલ કેપ ઈન્ડેક્સ એનએસઈમાં ૪૩ ટકાનો ઉછાળો આવ્યો છે. પરંતુ વેલ્યુએશનને લઈ વર્ષાંતે તેજીને વિરામ આપીને ફંડો, ઈન્વેસ્ટરોની સ્મોલ, મિડ કેપ શેરોમાં થયેલી વેચવાલીએ કરેકશન જોવાયું છે. આંતરરાષ્ટ્રીય મોરચે રશીયા-યુક્રેન ઘર્ષણ અને ત્યાર બાદ ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વકરતું જઈ લેબનોન અને ઈરાનને પણ લપેટમાં લેતું જઈ મિડલ ઈસ્ટ યુદ્ધ સાથે ન્યુક્લિયર વોરમાં પરિણમવાનું જોખમ ઊભું થયું હતું. રશીયા, ઈઝરાયેલ મામલે વિશ્વ બેફાટામાં વહેંચાઈ જઈને અમેરિકા વર્સિસ રશીયા-ચાઈના બની જતાં વિશ્વ યુદ્ધનું જોખમનું આ સંવત રહ્યું હતું. બીજી તરફ અમેરિકાનું અર્થતંત્ર રેકોર્ડ દેવામાં ડૂબતું જઈ રહ્યું છે અને ચાઈના પણ અત્યારે મહા આર્થિક સંકટમાંથી બહાર આવવા ફાફા મારતું રહી જંગી સ્ટીમ્યુલસ પગલાં લેવાની ફરજ પડી રહી છે. આ બન્ને મહાસત્તાના સંઘર્ષ અને યુરોપની પણ સ્થિતિ સારી નહીં હોઈ યુદ્ધ જેવા પરિબળો અને એ પૂર્વે કોરોના મહામારીએ વિશ્વને અસાધારણ મોંઘવારી-ફુગાવાની સ્થિતિમાં મૂકી દેતાં સંવત ૨૦૮૦ એકંદર પડકારોનું વર્ષ રહ્યા છતાં વૈશ્વિક બજારોમાં ખાસ અમેરિકા, જાપાન અને ભારતીય શેર બજારોમાં વિક્રમી તેજી જોવાઈ છે. સ્ટીમ્યુલસ થકી વહેતો નાણા પ્રવાહ બજારોમાં ઠલવાતો જોવાયો છે. ફુગાવાના પડકારને લઈ યુ.એસ. ફેડરલ રિઝર્વ સહિતની સેન્ટ્રલ બેંકોએ અગાઉ વ્યાજ દરો સતત વધારતા જઈ આ સ્થિતને અંકુશમાં લેવા પ્રયાસો કર્યા. પરંતુ ફુગાવાને અંકુશમાં લેવા જતાં ઊંચા વ્યાજ દરો આર્થિક મંદી અને બેરોજગારીની સમસ્યા બનવા લાગતાં ફરી અમેરિકાએ એકાએક અડધા ટકાનો વ્યાજ દર ઘટાડો કરીને પોલિસી રિવર્સલ કરાવ્યું છે. હવે અમેરિકામાં સંવત ૨૦૮૧માં રાષ્ટ્ર પ્રમુખ માટેની ચૂંટણી આવી રહી હોવા સાથે વૈશ્વિક જીઓપોલિટીકલ પરિસ્થિતિ અને ખાસ ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવોની સ્થિતિ વૈશ્વિક બજારોના સેન્ટીમેન્ટ માટે મહત્વના બની રહેશે.

સંવત ૨૦૮૦ની શેર બજારમાં મોટા રોકાણકાર વર્ગને ઐતિહાસિક ઊંચુ વળતર અપાવી વિદાય બાદ હવે સંવત ૨૦૮૧નું થઈ રહેલું આગમન સ્વસ્થ પ્રત્યાઘાતી ઘટાડાના ટ્રેન્ડ સાથે થઈ રોકાણકારોને શેરોમાં લાભદાયી વળતર અપાવનારૂ શુભકારક નીવડશે એવી પૂરી શકયતા છે. નવા સંવત ૨૦૮૧માં સ્મોલ, મિડ કેપ શેરોમાં સંવત ૨૦૮૦ જેટલું માતબર વળતર અપેક્ષિત નથી. સ્મોલ, મિડ કેપ શેરોમાં ઓવર વેલ્યુએશનનું જોખમ હજું યથાવત છે. જોઈતું કરેકશન સંવત ૨૦૮૦ના ઉતાર્ધમાં જરૂર આવ્યું છે, પરંતુ હજુ કંપનીઓના ફંડામેન્ટલ અને કંપનીઓની અપેક્ષિત કમાણીને જોતાં ઘણાં સ્મોલ, મિડ કેપ શેરો અત્યારે ખર્ચાળ વેલ્યુએશને ટ્રેડ થઈ રહ્યા છે. જેથી સંવત ૨૦૮૧ માટે રોકાણ કરવા લાયક સ્મોલ, મિડ કેપ શેરોની પંસદગીમાં પણ ખૂબ જ સાવચેત રહેવું જરૂરી રહેશે. અહીંથી અમે ગત વર્ષે દિવાળી અંકમાં ૧૦ રોકાણ લાયક શેરોની પસંદગી આપી હતી. જે પૈકી લગભગ તમામ શેરોમાં રોકાણકારોને સારૂ વળતર અપાવી ગયા છે.

સંવત ૨૦૮૦ માટે સૂચવેલા ગત વર્ષે આ સમયે દિવાળી અંકમાં સૂચવેલા ૧૦ શેરોમાં કેટલું વળતર મળ્યું એની માહિતી અહીં આપી છે. જેમાં વર્ષ દરમિયાન બાવન સપ્તાહની ટોચના ભાવ સાથે સૂચવેલા ભાવ પર ખરીદી કરી હોય તો કેટલા ટકા વળતર મળ્યું એની ગણતરી જાણ ખાતર આપવામાં આવી છે. જેમાં જેએમફાઈનાન્શિયલમાં ૮૮ ટકા, કેમ્સમાં ૧૦૮ ટકા, કેફિન ટેકનોલોજીમાં ૧૫૨ ટકા, ડીએલએફમાં ૬૨ ટકા, ટાટા મોટર્સમાં ૮૨ ટકા, કમિન્સ ઈન્ડિયામાં ૧૪૩ ટકા, પારાદ્વીપ ફોસ્ફેટ્સમાં ૫૩ ટકા, હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લિ.માં ૭૭ ટકા, તમિલ નાડું ન્યુઝપ્રિન્ટમાં ૧૭ ટકા અને અશોકા બિલ્ડકોનમાં ૧૧૧ ટકાનો ઉછાળો નોંધાયો છે.

નવા સંવત ૨૦૮૧માં રોકાણકારોએ માત્ર સ્મોલ કેપ કે મિડ કેપ પર હવે ઉંચા વળતરની અપેક્ષા નહીં રાખીને કેટલાક લાર્જ કેપ શેરોમાં રોકાણ કરીને પોર્ટફોલિયો સંતુલિત કરવો હિતાવહ રહેશે. ફોરેન ફંડોની સંવત ૨૦૮૦ના ઉતરાર્ધમાં ખાસ ઓકટોબર મહિનામાં રૂ.૯૦૦૦૦ કરોડ જેટલી રકમના શેરોની વેચવાલીએ સેન્ટીમેન્ટનો ડહોળ્યું છે. પરંતુ આ સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં સતત ખરીદી રહી છે. જો કે સ્મોલ, મિડ કેપ શેરોમાં આવેલો ઘટાડો વધુ પડતું આ શેરોમાં વેઈટેજ નવા સંવતમાં નહીં આપવાનો સંકેત જરૂર આપે છે. ખાસ મિડ કેપ અને લાર્જ કેપ શેરોમાં રોકાણ ફોક્સ રાખીને પોર્ટફોલિયોને હવે સંતુલિત કરી ફેરફાર કરવો રહ્યો. અત્યારે નિફ્ટી ૨૪૫૦૦ની સપાટીએ અને સેન્સેક્સ ૮૦૫૦૦ની સપાટી આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. કરેકશન બાદ સેન્સેક્સ ૮૧૦૦૦ અને નિફ્ટી ૨૪૭૦૦ આસપાસ અત્યારે કોન્સોલિડેટ થતો જોવાય અને ત્યારબાદ કોઈપણ અણધાર્યા કે કુદરતી આફત, જીઓપોલિટીકલ ટેન્શન જેવા નેગેટીવ પરિબળો ન સર્જાય તો ફરી તેજીની સુવર્ણ સફરે આગળ વધવાની સંભાવના રહેશે. સંવત ૨૦૮૧માં રોકેટ તેજીની સંભાવના નહીં રહે, પરંતુ સમયાંતરે કરેકશન-પ્રત્યાઘાતી ઘટાડાની ચાલ બતાવતું રહી બજાર વિક્રમી નવા શિખરોને સર કરતું જોવાઈ શકે છે. સંવત ૨૦૮૧માં સેન્સેક્સ ૧,૦૦,૦૦૦ અને નિફ્ટી ૩૧૦૦૦નો નવો ઈતિહાસ રચી શકે છે. આ શકયતા છે, જ્યારે કોઈપણ અણધાર્યા સંજોગોમાં સેન્સેક્સમાં નીચામાં ૭૨૦૦૦ અને નિફ્ટીમાં ૨૧૮૦૦ની શકયતા પણ ધ્યાને લેવી. વાચક મિત્રોને હરહંમેશની જેમ સંવત ૨૦૮૧ પણ વળતરદાયી નીવડે એવી નૂતન વર્ષની શુભેચ્છા.

### સંવત ૨૦૮૦ માટે સૂચવેલા ૧૦ શેરોના ભાવોમાં વર્ષ દરમિયાન થયેલા વધારાનું સરવૈયું

| કંપની | ભલામણ ભાવ | બાવન સપ્તાહની ટોચ | કેટલા ટકા વધારો |
|---|---|---|---|
| જેએમ ફાઈનાન્શિયલ | ૮૯ | ૧૬૮ | ૮૮ |
| કેમ્સ લિમિટેડ | ૨૩૮૮ | ૪૯૬૬ | ૧૦૮ |
| કેફિન ટેકનોલોજી | ૪૭૦ | ૧૧૮૮ | ૧૫૨ |
| ડીએલએફ લિ. | ૫૯૫ | ૯૬૭ | ૬૨ |
| ટાટા મોટર્સ | ૬૪૮ | ૧૧૭૯ | ૮૨ |
| કમિન્સ ઈન્ડિયા | ૧૭૧૫ | ૪૧૬૯ | ૧૪૩ |
| પારાદ્વીપ ફોસ્ફેટ્સ | ૬૪ | ૯૮ | ૫૩ |
| હિન્દુસ્તાન પેટ્રોલિયમ | ૨૫૭ | ૪૫૭ | ૭૭ |
| તમિલનાડું ન્યુઝ પ્રિન્ટ | ૨૮૨ | ૩૩૦ | ૧૭ |
| અશોકા બિલ્ડકોન | ૧૩૪ | ૨૮૪ | ૧૧૧ |

પૂજનીય
જીવન
અને એના એક સાચા પ્રતિકને અમારા કોટિ કોટિ નમન.

(જન્મ તા. ૫-૧૧-૧૯૧૧)



(સ્વર્ગવાસ તા. ૨૮-૧૦-૨૦૧૨)

સ્વ. ક્રાંતિલાલ મણિલાલ શાહ

૧૨મી પુણ્યતિથી

યોગેશ કાંતિલાલ શાહ, રીટા યોગેશ શાહ તથા હંસાબેન
શિરિષભાઈ ઝવેરી અને બ્લુચીપ પરિવારની ભાવભીની અજલિ

અધૂરાં સપનાં સાકાર કરીએ - એ જ અંજલિ તમને
અધૂરાં અરમાનો પૂરાં કરીએ તમારા - એ શોકાંજલિ તમને
અધૂરી ખ્વાઈશ પૂર્ણ કરીએ તમારી - એ જ શ્રદ્ધાંજલિ તમને
તમારા આત્માની ચિર શાંતિ પ્રાર્થીએ - એ જ ભાવાંજલિ તમને
પરમકૃપાળુ પરમાત્મા અમારા પિતાશ્રીના ચિરંજીવ આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટસ પરિવાર

# નવું સંવત ૨૦૮૧: નવા રોકાણની સોનેરી તકો લઈ આવશે : રોકાણ માટે ધ્યાનમાં લેવા યોગ્ય ૧૦ શેરો

સંવત ૨૦૮૦ની વિદાય અને નવું સંવત ૨૦૮૧ રોકાણ માટેની સોનેરી તકો લઈ આવશે અને શેરોમાં રોકાણકારોને વળતરદાયી નીવડે એવી શુભેચ્છા સાથે અહીંથી ગત વર્ષની જેમ ૧૦ કંપનીઓ-શેરો ટૂંકમાં પરિચય સાથે રજૂ કરવામાં આવ્યા છે.

## જિયો ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિમિટેડ

બીએસઈ (૫૪૩૯૪૦), એનએસઈ (JIOFIN) રૂ.૧૦ પેઈડ-અપ, જિયો ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિમિટેડ (JIO FINANCIALS SERVICES LIMITED) એ એક નવા યુગની કંપની છે, જે ગ્રાહકોને સંપૂર્ણ ફાઈનાન્શિયલ સર્વિસિઝ પૂરી પાડે છે. જેના ડિજિટલ-ફર્સ્ટ મોડલનો હેતુ ભારતીય નાગરિકોની સર્વગ્રાહી નાણાકીય સુખાકારી સુનિશ્ચિત કરવાનો છે. જિયો ફાઈનાન્સ એપ્લિકેશન દ્વારા જેએફએસએલ લોન, બચત, એકાઉન્ટ, યુપીઆઈ બિલ પેમેન્ટ્સ, રિચાર્જ, ડિજિટલ ઈન્સ્યોરન્સ, ફાઈનાન્શિયલ ટ્રેકિંગ અને મેનેજમેન્ટ ટુલ્સ સહિતની સર્વિસિઝ પૂરી પાડે છે. જે જિયો ફાઈનાન્સ લિમિટેડ, જિયો ઈન્સ્યોરન્સ બ્રોકીંગ લિમિટેડ, જિયો પેમેન્ટ સોલ્યુશન્સ લિમિટેડ, જિયો લીઝિંગ સર્વિસિઝ લિમિટેડ, જિયો ફાઈનાન્સ પ્લેટફોર્મ એન્ડ સર્વિસ લિમિટેડ અને જિયો પેમેન્ટ બેંક લિમિટેડ થકી ફાઈનાન્શિયલ સર્વિસિઝ બિઝનેસમાં છે. જે શેર અત્યારે રૂ.૩૦૫ નજીક મળી રહ્યો છે.

## ટાટા ટેક્નોલોજીસ લિમિટેડ

બીએસઈ (૫૪૪૦૨૮), એનએસઈ (TATATECH) લિસ્ટેડ રૂ.૨ પેઈડ-અપ, ટાટા ટેક્નોલોજીસ લિમિટેડ (TATA TECHNOLOGIES LIMITED) વ્યુહાત્મક એન્જિનિયરીંગ પાર્ટનર છે, જે વિવિધ બિઝનેસોને વધુ સારા બનાવવા મદદરૂપ થાય છે. કંપની એન્જિનિયરિંગ એ બેટર વર્લ્ડના વિઝનને હાંસલ કરવા સાથે તમામ હિતધારકો માટે સુરક્ષિત, સ્વચ્છ અને જીવનની ગુણવત્તામાં સુધારો કરતાં બહેતર ઉત્પાદનોની કલ્પના, વિકાસ અને અનુભૂતિ કરવા માટે મેન્યુફેક્ચરીંગ કંપનીઓ ટાટા ટેક્નોલોજીસ પર આધાર રાખે છે. ઓટોમોટીવ, એરોસ્પેસ, ઈન્ડસ્ટ્રીયલ હેવી મશીનરીઅને અન્ય ઉદ્યોગો સાથે ટાટા ટેક્નોલોજીસ કામ કરે છે. ૧૨૫૦૦થી વધુ કંપનીના ઈનોવેટર્સ સાથે ૨૦થી વધુ ગ્લોબલ ડિલિવરી સેન્ટરો, ૨૭થી વધુ દેશોમાં ગ્રાહકો સાથે સક્રિય છે. જે શેર અત્યારે રૂ.૧૦૦૦ નજીક મળી રહ્યો છે.

## સિમ્પલેક્ષ કાસ્ટિંગ્સ લિમિટેડ

બીએસઈ (૫૧૩૪૭૨), એનએસઈ (SIMPLEXCAS) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, સિમ્પલેક્ષ કાસ્ટિંગ્સ લિમિટેડ (SIMPLEX CASTINGS LIMITED) કાસ્ટ આર્યન ફાઉન્ડ્રી, સ્ટીલ અને એલોય ફાઉન્ડ્રી, હેવી એન્જિનિયરીંગ અને ઈક્વિપમેન્ટ નિર્માણ માટે ફેબ્રિકેશન પ્લાન્ટ, સ્ટ્રકચરલ ફેબ્રિકેશન, એસેમ્બલી સુવિધાથી સુસજ્જ મેન્યુફેક્ચરીંગ સુવિધાઓ ધરાવે છે. કંપની વૈશ્વિક અસ્તિત્વ ધરાવતી હોવા સાથે કોર સેક્ટરના ઉદ્યોગો જેવા કે સ્ટીલ મિલ્સ, એલ્યુમીનિયમ સ્મેલ્ટર્સ અને ડાઉનસ્ટ્રીમ, અન્ય મેટાલર્જિકલ પ્લાન્ટો, રેલવેઝ, પાવર પ્લાન્ટો, વાલ્વઝ અને પમ્પ ઉદ્યોગો, માઈનીંગ, સિમેન્ટ, સુગર, હેવી અર્થ મુવર્સ, એચએમએમ, મટીરિયલ હેન્ડલિંગ, ઓઈલ એન્ડ ગેસ, ડિફેન્સ, કેમિકલ પ્લાન્ટો વગેરે માટે માન્ય અને રજીસ્ટર્ડ સપ્લાય પાર્ટનર છે. જે શેર અત્યારે રૂ.૩૧૫ નજીક મળી રહ્યો છે.

## ગાંધાર ઓઈલ રિફાઈનરીઝ લિમિટેડ

બીએસઈ (૫૪૪૦૨૯),એનએસઈ (GANDHAR) લિસ્ટેડ, રૂ.૨ પેઈડ-અપ, ગાંધાર ઓઈલ રિફાઈનરી ઈન્ડિયા લિમિટેડ (GANDHAR OIL REFINERY INDIA LIMITED) એ સ્પેશ્યાલિટી ઓઈલના વિશ્વમાં જાણીતી છે. કંપની તેના ગ્રાહકો અને હેલ્થકેર એન્ડ ઈન્ડસ્ટ્રીઝ પર ફોક્સ કરવા સાથે વ્હાઈટ ઓઈલના મેન્યુફેક્ચરીંગમાં પ્રવૃત્ત છે. કંપની ૩૫૫૮થી વધુ વૈવિધ્યીકૃત ગ્રાહકો ધરાવે છે. કંપની વ્હાઈટ ઓઈલ, વેક્સ, જેલી, ઓટોમોટીવ ઓઈલ, ઈન્ડસ્ટ્રીયલ ઓઈલ, ટ્રાન્સફોર્મર ઓઈલ અને રબર પ્રોસેસિંગ ઓઈલ જેવા વિવિધ પ્રકારના સ્પેશ્યાલિટી ઓઈલ અને લુબ્રિકન્ટસનું ઉત્પાદન કરે છે. સ્પેશ્યાલિટી ઓઈલ ઉદ્યોગમાં કંપની ત્રણ દાયકાનો અનુભવ ધરાવે છે. તલોજા પ્લાન્ટ સાથે સિલવાસા પ્લાન્ટ ધરાવતી કંપનીએ યુએઈઓમાં વિસ્તરણ કરી ટેક્સોલ સબસીડિયરી એકમ ધરાવે છે. જે શેર અત્યારે રૂ.૨૨૦ નજીક મળી રહ્યો છે.

**સંવત ૨૦૮૧માં રોકાણ માટે ધ્યાનમાં લેવા યોગ્ય શેરો**

| કંપનીનું નામ | ભાવ |
|---|---|
| જિયો ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ. | રૂ.૩૦૫ |
| ટાટા ટેક્નોલોજીસ લિ. | રૂ.૧૦૦૦ |
| સિમ્પલેક્ષ કાસ્ટિંગ્સ લિ. | રૂ.૩૧૫ |
| ગાંધાર ઓઈલ રિફાઈનરી લિ. | રૂ.૨૨૦ |
| પિરામલ ફાર્મા લિ. | રૂ.૨૪૦ |
| આઈટીસી લિ. | રૂ.૪૭૫ |
| અમલ લિમિટેડ | રૂ.૩૭૫ |
| ગુજરાત પિપાવાવ પોર્ટ લિ. | રૂ.૧૯૦ |
| પૂનાવાલા ફિનકોર્પ લિ. | રૂ.૨૯૫ |
| વેસ્ટર્ન કેરિઅર્સ ઈન્ડિયા લિ. | રૂ.૧૨૫ |

## પિરામલ ફાર્મા લિમિટેડ

બીએસઈ (૫૪૩૬૩૫), એનએસઈ (PPLPHARMA) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, પિરામલ ફાર્મા લિમિટેડ (PIRAMAL PHARMA LIMITED) તેની વૈશ્વિક ડેવલપમેન્ટ અને મેન્યુફેક્ચરીંગ સવલતો તેમ જ ૧૦૦થી વધુ દેશોમાં ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક દ્વારા વિભિન્ન ઉત્પાદનો અને સર્વિસિઝનો પોર્ટફોલિયો ઓફર કરે છે. પિરામલ ફાર્મા લિમિટેડમાં પિરામલ ફાર્મા સોલ્યુશન્સ (પીપીએસ) એક સંકલિત કોન્ટ્રાક્ટ ડેવલપમેન્ટ અને મેન્યુફેક્ચરીંગ ઓર્ગેનાઈઝેશન પિરામલ ક્રિટિકલ કેર (પીસીસી), એક કોમ્પ્લેક્સ હોસ્પિટલ જેનરિક બિઝનેસનો સમાવેશ છે. આ સાથે ઈન્ડિયા કન્ઝયુમર હેલ્થકેર બિઝનેસ ઓવર-ધ-કાઉન્ટર પ્રોડકટસનું વેચાણ કરે છે. આ ઉપરાંત પીપીએલની સહયોગી કંપનીઓમાં એક એબીબીવી થેરાપ્યુટિક્સ ઈન્ડિયા લિમિટેડ એબીબીવિ ઈન્ક. સાથે સંયુક્ત સાહસ છે અને તે નેત્ર ચિકિત્સાના ક્ષેત્રમાં માર્કેટ લીડર તરીકે ઊભરી આવ્યું છે. જે શેર અત્યારે રૂ.૨૪૦ નજીક મળી રહ્યો છે.

## આઈટીસી લિમિટેડ

બીએસઈ (૫૦૦૮૭૫), એનએસઈ (ITC) લિસ્ટેડ રૂ.૧ પેઈડ-અપ, આઈટીસી લિમિટેડ (ITC LIMITED) એ ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાં એક છે અને ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડઝ, હોટેલ્સ, પેપરબોર્ડસ અને પેકેજિંગ, એગ્રી બિઝનેસ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં ફેલાયેલા બિઝનેસો સાથે વૈવિધ્યસભર ગ્રુપ છે. કંપનીને ૩૧, માર્ચ ૨૦૨૪ના વર્ષમાં રૂ.૬૯૪૪૬ કરોડની આવક પર રૂ.૨૦,૪૨૨ કરોડનો ચોખ્ખો નફો કરીને ભારતની સૌથી મૂલ્યવાન બિઝનેસ કોર્પોરેશનોમાં એક તરીકે ઓળખવામાં આવે છે. કંપનીના હોટલ બિઝનેસનું ડિમર્જર થઈ રહ્યું છે. કંપનીને નેશનલ કંપની લો ટ્રીબ્યુનલની કોલકતા બેન્ચથી મંજૂરી મળી છે. આઈટીસી લિમિટેડના દરેક ૧૦ શેર સામે આઈટીસી હોટલ્સનો એક શેર ફાળવણી થનાર છે. આઈટી સહિતના વધુ બિઝનેસોનું આઈટીસી લિમિટેડમાંથી ડિમર્જર અપેક્ષિત હોઈ વેલ્યુ અનલોકિંગ ઉમેદવાર છે. જે શેર અત્યારે રૂ.૪૭૫ નજીક મળી રહ્યો છે.

## અમલ લિમિટેડ

માત્ર બીએસઈ (૫૦૬૫૯૭) લિસ્ટેડ અમલ લિમિટેડ (AMAL LIMITED) સલ્ફ્યુરિક એસિડ અને ઓલિયમ જેવા બલ્ક કેમિકલ્સ અને સલ્ફર ડાયોક્સાઈડ અને સલ્ફર ટ્રાયોક્સાઈડ જેવા તેના ડાઉનસ્ટ્રીમ ઉત્પાદનોના ઉત્પાદન અને વેચાણમાં પ્રવૃત્તછે. જેનો પ્લાન્ટ અંકલેશ્વર-ગુજરાતમાં છે. વર્ષ ૧૯૭૪-૭૫માં પિરામલ ગ્રુપ દ્વારા પ્રમોટ કરાયેલ કંપનીમાં અંકુશિત હોલ્ડિંગ વર્ષ ૧૦૮૫-૮૬માં લાલભાઈ ગ્રુપના અતુલ લિમિટેડને વેચવામાં આવ્યું હતું. આ કંપની દેશમાં ડાઈ-ઈન્ટરમીડિયેટ્સના સૌથી મોટા ઉત્પાદકો અને નિકાસકારોમાં એક છે. કંપનીએ ગુજરાતના પારડીમાં બલ્ક ડ્રગ્ઝના ઉત્પાદન માટે બહુહેતુક આધુનિક ઈઓયુ સહિતના વિવિધ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કંપનીની સંપૂર્ણ માલિકીની સબસીડિયરી અમલ સ્પેશ્યાલિટી કેમિકલ્સ શરૂ કરાઈ છે. જે શેર અત્યારે રૂ.૩૭૫ નજીક મળી રહ્યો છે.

## ગુજરાત પિપાવાવ પોર્ટ લિ.

બીએસઈ (૫૩૩૨૪૮), એનએસઈ (GPPL) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ (GUJARAT PIPAVAV PORT LIMITED) અગાઉ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ તરીકે ઓળખાતી કંપનીનું પીપાવાવ પોર્ટ ગુજરાતમાં આવેલું છે, જે મુંબઈમાં ન્હાવા શેવાથી માત્ર ૧૫૨ નોટિકલ માઈલ (૧૦ કલાક સ્ટીમિંગ ટાઈમ) છે. તે ઉત્તર-પશ્ચિમ ભારતમાં મુખ્ય બજારો અને ભારતમાં સૌથી મોટા દરિયાઈ ખાદ્યાન્ન નિકાસ પટ્ટા સુધી માર્ગ અને રેલવે મારફતે તાત્કાલિક સુલભતા ધરાવે છે. પોર્ટનું સંચાલન એપીએમ ટર્મિનલ્સ (શેરહોલ્ડિંગ ૪૪.૧ ટકા) દ્વારા થાય છે. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ હાલમાં દર વર્ષે ૧૩.૫ કરોડ ટીઈયુ કન્ટેનર, ૪૦ - ૫૦ લાખ ટન ડ્રાય બલ્ક કાર્ગો, ૨ મિલિયન ટન લિક્વિડ કાર્ગો અને આશરે ૨૫૦,૦૦૦ કારનું સંચાલન કરવાની ક્ષમતા ધરાવે છે. જે શેર રૂ.૧૯૦ નજીક મળી રહ્યો છે.

## પૂનાવાલા ફિનકોર્પ લિમિટેડ

બીએસઈ (૫૨૪૦૦૦), એનએસઈ (POONAWALLA) લિસ્ટેડ, રૂ.૨ પેઈડ-અપ, અગાઉ મેગ્મા ફિનકોર્પ લિમિટેડ તરીકે ઓળખાતી અને એક્વિઝિશન બાદ જુલાઈ ૨૦૨૧માં નામ બદલીને પૂનાવાલા ફિનકોર્પ લિમિટેડ (POONAWALLA FINCORP LIMITED) બનેલી કંપની સાયરસ-પૂનાવાલા ગ્રુપની નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની છે, જે કન્ઝયુમર અને એમએસએમઈ ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપની ગ્રાહકો અને સાહસોની વધતી જતી ધિરાણ જરૂરીયાત માટે વૈવિધ્યસભર પ્રોડક્ટસ સ્યુટ ઓફર કરે છે. કંપની પર્સનલ લોન, બિઝનેસ લોન, પ્રોફેશનલ લોન, પ્રિ-ઓન્ડ કાર લોન, પ્રોપર્ટી સામે લોન, મેડિકલ ઈક્વિપમેન્ટ લોન અને મશીનરી લોન સહિત ઓફર કરે છે. કંપનીએ તાજેતરમાં તેના ત્રિમાસિક રિઝલ્ટમાં શોર્ટ ટર્મ પર્સનલ લોન પોર્ટફોલિયોમાં સંભવિત નુકશાનીને કવર કરવા રૂ.૬૬૬ કરોડની જોગવાઈ કરી બેલેન્સશીટ ક્લિયર કરવા પોઝિટીવ જોગવાઈ કરી છે. જે શેર રૂ.૨૯૫ નજીક મળી રહ્યો છે.

## વેસ્ટર્ન કેરિઅર્સ ઈન્ડિયા લિ.

બીએસઈ (૫૪૪૨૫૮), એનએસઈ (WCIL) લિસ્ટેડ, રૂ.૫ પેઈડ-અપ, વેસ્ટર્ન કેરિઅર્સ ઈન્ડિયા લિમિટેડ (WESTERN CARRIERS INDIA LIMITED), દેશના પ્રાઈવેટ સેક્ટર દ્વારા નિયંત્રિત-સંચાલિત કન્ટેઈનર વોલ્યુમની રીતે ભારતમાં સૌથી મોટી ખાનગી, મલ્ટિ મોડલ, રેલ કેન્દ્રિત, ફોરપીએલ એસેટ લાઈટ લોજિસ્ટિક્સ કંપની છે. કન્ટેઈનર વોલ્યુમ પર આધારિત કંપનીનો બજાર હિસ્સો સ્થાનિકમાં ૬ ટકા અને એક્ઝિમ બજારમાં બે ટકા નાણા વર્ષ ૨૦૨૩ મુજબ છે. કંપની પાસે રોડ, રેલ અને દરિયાઈ માર્ગે મલ્ટિ-મોડલ મુવમેન્ટમાં સ્થાનિક તેમ જ ભારતમાં અને બહાર એક્ઝિમ કાર્ગોમાટે ઘણા વર્ષોનો અનુભવ છે. કંપની પાસે બાલ્કો, જિન્દાલ સ્ટેનલેસ, વેદાન્તા, હિન્દાલ્કો, સિગ્નોડ, ટાટા, શીલા ગ્રુપ, ગુજરાત હેવી કેમિકલ, એમસીપીએલ, સિપ્લા સહિતના ગ્રાહકોછે. તાજેતરમાં કંપનીએ રૂ.૧૭૨ ભાવે શેરો આઈપીઓમાં ફાળવ્યા છે. જે શેર અત્યારે રૂ.૧૨૫ નજીક મળી રહ્યો છે.

## તાજેતરમાં જ કંપનીએ બોનસ શેરઅને સ્પ્લીટ સાથે રોકાણકારોને આપેલ દિવાળી ગિફ્ટ

# વૈશાલી ફાર્મા લિ.ની વ્યૂહાત્મક મર્જર અને એક્વિઝિશન તેમજ પોર્ટફોલિયો વિસ્તરણ થકી મહત્વાકાંક્ષી યોજનાઓ ધરાવતી કંપનીના શેરમાં રોકાણની તક ઝડપી લેવાય




વૈશાલી ફાર્માએ વિશ્વભરમાં ઉત્તમ પ્રતિસાદ પ્રાપ્ત કરીને આંતરરાષ્ટ્રીય બજારોમાં સફળતાપૂર્વક મજબૂત હાજરી સ્થાપિત કરી છે. કંપની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રાહકોની જરૂરિયાતોને અસરકારક રીતે પૂરી કરીને ચપળતા અને નવીનતાનું પ્રદર્શન કરવાનું ચાલુ રાખ્યું છે. કંપનીએ દક્ષિણ આફ્રિકા, પશ્ચિમ આફ્રિકા, ગલ્ફ પ્રદેશ, લેટિન અમેરિકા અને આસિયાન પ્રદેશમાં ૧૯ નોંધણીઓ મેળવી છે, તેના વૈશ્વિક પદચિહ્નને વધુ મજબૂત બનાવ્યું છે. આ નોંધણીઓ કંપનીની આવકમાં આશરે રૂ. ૧૦૦ મિલિયનનું યોગદાન આપે તેવી અપેક્ષા છે, જે શ્રેષ્ઠતા માટે તેની ચાલુ પ્રતિબદ્ધતામાં એક સીમાચિહ્નરૂપ છે. વૈશાલી ફાર્મા લિમિટેડ એક વ્યૂહાત્મક મર્જર અને એક્વિઝિશન પ્લાન શરૂ કરવા માટે તૈયાર છે જેનો ઉદ્દેશ્ય તેના મૂળને વધુ ઊંડા બનાવવા, તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોને વિસ્તારવા અને વૈશ્વિક ફાર્માસ્યુટિકલ માર્કેટમાં તેની સ્થિતિને મજબૂત બનાવવાનો છે. આ વ્યૂહાત્મક પહેલોની શોધ કરવાનો કંપનીનો નિર્ણય ઓપરેશનલ ક્ષમતા અને બજારની પહોંચ વધારવા માટે સક્રિય અભિગમ દર્શાવે છે.

કંપનીએ તાજેતરમાં જ તેના બે મોટા કોર્પ્રેત એક્શન પૂર્ણ કરેલ છે. કંપનીએ ૧૫ ઓક્ટોબર રેકોર્ડ ડેટના રોજ રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતા ૧ શેરનું પેટા-વિભાજન રૂ.૨ની ફેસવેલ્યુ ધરાવતા ૫ શેરમાં કરેલ છે. આ ઉપરાંત, કંપનીએ ૧ શેર પર ૧ બોનસ શેર પણ ઈશ્યુ કરેલ છે. કંપનીએ તાજેતરમાં જૂન ત્રિમાસિકગાળામાં રૂ. ૧૮.૫૦ કરોડનું વેચાણ નોંધાવ્યું છે જે પાછલા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૧૩.૪૨ કરોડના સામે ૩૭.૮૬% વૃદ્ધિ દર્શાવે છે. એબીટડા રૂ. ૨.૭૬ કરોડ રહ્યો છે અને ચોખ્ખો નફો ૭.૧૩% વૃદ્ધિ સાથે રૂ. ૧.૬૯ કરોડ નોંધાયેલો છે. માર્ચ ૨૦૨૪ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષને અંતે કંપનીએ રૂ. ૮૮.૩૧ કરોડના વેચાણ સામે ૩.૫૯%ના એબીટડા માર્જીન સાથે રૂ. ૩.૧૭ કરોડનો એબીટડા અને ૦.૮૧%ના ચોખ્ખા નફાના માર્જીન્સ સાથે રૂ. ૭૧.૮૯ લાખ ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જૂન ત્રિમાસિકગાળાને અંતે એબીટડા માર્જીન્સ અને ચોખ્ખા નફાના માર્જીન્સ અનુક્રમે ૧૪.૯૬% અને ૯.૧૮% રહ્યા છે.

૧૯૮૯માં સ્થાપિત, વૈશાલી ફાર્મા લિમિટેડ એ વિશ્વભરની કંપનીઓ દ્વારા સ્વીકૃત ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો સાથે વૈશ્વિક સ્તરે વિશ્વસનીય બ્રાન્ડ તરીકે જાણીતી છે. કંપની ફાર્મા પ્રોડક્ટ્સ - બલ્ક ડ્રગ્સ/એપીઆઈ, ફોર્મ્યુલેશન્સ, સર્જિકલ પ્રોડક્ટ્સ, વેટરનરી સપ્લિમેન્ટ્સ, હર્બલ અને ન્યુટ્રાસ્યુટિકલ પ્રોડક્ટ્સના સપ્લાયમાં અગ્રણી ખેલાડીઓમાં સામેલ છે, જે વિવિધ ક્લાયન્ટ્સ વચ્ચે તેની ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટ્સ અને સેવાઓ માટે જાણીતી બ્રાન્ડ સાથે સારી સ્થિતિ ધરાવે છે. કંપની પાસે બહુવિધ દેશોમાં માર્કેટિંગ કરાયેલ ૨૫૦ ફોર્મ્યુલેશન બ્રાન્ડ્સ છે જેમાંથી ડોઝિયર તેની સંબંધિત બાયોઇક્વીવેલન્સ સાથે ડ્રૂઢ ફોર્મેટમાં છે. કંપનીએ લગભગ ૨૫૦ ડોઝિયર્સની મજબૂત પાઈપલાઈન બનાવી છે. WHO-GMP મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ સાથે કંપનીના સિનર્જિસ્ટિક સહયોગને ક્લાયન્ટ્સ સાથેના ઉત્તમ તાલમેલ દ્વારા સમર્થિત છે. કંપની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેના ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરીને સતત નવીનતા દર્શાવી રહી છે.



-Mr. Atul Vasani, CMD

વૈશાલી ફાર્મા ISO 9001:2008 દ્વારા પ્રમાણિત છે અને ૩૫ સ્થળોએ API, ફોર્મ્યુલેશન, સર્જિકલ, હર્બલ, વેટરનરી, ન્યુટ્રાસ્યુટીકલ, ઓક્રોલોજી અને અન્ય હેલ્થકેર ઉત્પાદનો સહિત ૧૫૦૦ ઉત્પાદનો અને ૨૫૦ બ્રાન્ડ્સ પ્રદાન કરે છે.

કંપનીના મુખ્ય ક્લાયન્ટ્સમાં ક્લેરિસ લાઈફ સાયન્સ, મેડોફાર્મ પ્રાઈવેટ લિમિટેડ, હેસા ફાર્માસ્યુટિકલ્સ, રિલેક્સ લેબોરેટરીઝ વગેરેનો સમાવેશ થાય છે.

કંપનીએ બાર્સેલોના સ્પેન ખાતે યોજાયેલા પ્રદર્શનમાં તેના સ્ટોલ થકી અનેક આકર્ષણો ખેંચ્યા છે. કંપનીએ HEALTH ઈ બ્રાન્ડ લોન્ચ કરી છે, જેને હેઠળ તેઓ "HealthE Biotin અને Multivitamin Gummies," પ્રોડક્ટ રજૂ કરેલ છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અતુલ વાસાણીએ જણાવ્યું હતું કે, "અમારા ચાલુ સહયોગ અને જોડાણો સાથે ન્યુટ્રાસ્યુટિકલ પ્રોડક્ટ્સ સેગમેન્ટમાં અમારું સાહસ, ભવિષ્ય માટે મુખ્ય વૃદ્ધિ ઉત્પ્રેરક બનશે. અમે ન્યુટ્રાસ્યુટિકલ પ્રોડક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને શ્રેષ્ઠતા તરફ અમારી સફર ચાલુ રાખવા માટે આતુર છીએ. નવીનતા પ્રત્યે અમારું અતૂટ સમર્પણ, ઉચ્ચ-ગુણવત્તાના ધોરણો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને મૂલ્યવાન ભાગીદારી દ્વારા અમારા વૈશ્વિક પદચિહ્નનું વ્યૂહાત્મક વિસ્તરણ અમારી સફળતાને આગળ વધારવામાં નિમિત્ત બન્યા છે."

મેનેજમેન્ટ તાજેતરના કોનકોલમાં જણાવે છે કે તેઓ કંપની ૨૨ વધુ વિવિધ સાઈટ્સ પર ઉત્પાદન કરે છે જે તેમણે એસેટ લાઈટ રહેવામાં મદદરૂપ થાય છે. આવનારા પાંચ વર્ષમાં ૨૫%ના EBITDA માર્જિન સાથે રૂ. ૫૦૦ કરોડની આવક હાંસલ કરવાનું લક્ષ્ય ધરાવે છે.

ફાર્માસ્યુટિકલ માર્કેટિંગ અને નિકાસમાં દાયકાઓથી વધુના અનુભવ સાથે, કંપની ભારતમાં વિવિધ સ્થળોએ સંખ્યાબંધ ઉત્પાદન સુવિધાઓ સાથે ભાગીદારી ધરાવે છે. કંપનીએ ૨૫૦ થી વધુ ફોર્મ્યુલેશન્સનું ઉત્પાદન અને નિકાસ કર્યું છે અને ટેલર-મેઈડ ફોર્મ્યુલેશનના ઉત્પાદનમાં નિષ્ણાત છે. કંપની પ્રતિ શિફ્ટ ૧૦ લાખ ટેબ્લેટ, ૧ લાખ ગમીઝ, ૨૦,૦૦૦ બોટલ્સ , ૩ લાખ કેપ્સ્યુલ, ૫ લાખ એફરવેસન્ટ ટેબ્લેટ અને ૫૦૦ કિલોગ્રામ પાઉડર ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે.

કંપની પ્રમાણિત સ્ટાર એક્સપોર્ટ હાઉસ છે. તે કેન્યા, રશિયા, કોંગો, મ્યાનમાર, તાજિકિસ્તાન, બાંગ્લાદેશ, કઝાકિસ્તાન, કેમરૂન વગેરે દેશોમાં નિકાસ કરે છે. તેની માર્કેટિંગ પહોંચ થકી એશિયા, આફ્રિકા, CIS, અમેરિકા અને મધ્ય-પૂર્વમાં વૈશ્વિક સ્તરે ૧૫૦૦થી વધુ ગ્રાહકો ધરાવે છે.

આગળ જોઈને, વૈશાલી ફાર્મા તેની ક્ષમતા વિસ્તરણ યોજનાઓને ટેકો આપવા માટે આગામી બે થી ત્રણ વર્ષમાં ઉત્પાદન સુવિધા હસ્તગત કરવાનું લક્ષ્ય રાખે છે. કંપની આંતરરાષ્ટ્રીય ટેન્ડરો દ્વારા રૂ. ૬૦૦ કરોડના નોંધપાત્ર ઓર્ડરની પણ અપેક્ષા રાખી રહી છે, જે તેના નાણાકીય લેન્ડસ્કેપને બદલવાની ક્ષમતા ધરાવે છે. તેની વ્યૂહાત્મક વૃદ્ધિના ભાગરૂપે, વૈશાલી ફાર્મા વધુ ફોર્મ્યુલેશન આધારિત બિઝનેસ મોડલ તરફ તેનું ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જે આવકમાં વૃદ્ધિ અને એબીટડા માર્જિનમાં સુધારો કરશે તેવી અપેક્ષા છે.




# એડવર્ટાઈઝીંગ ટેકનોલોજીમાં નવીનીકરણ સાથે વૃદ્ધિના નવા શિખરો હાંસલ કરવા સજ્જ : વર્ટોઝ લિ.

VERTOZ

**વર્ટોઝ લિમિટેડ AI-સંચાલિત ડિજિટલ એડવર્ટાઈઝીંગ, માર્કેટિંગ અને મોનેટાઈઝેશન (MadTech)તેમજ ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CloudTech)માં મોકાનું સ્થાન ધરાવે છે.**

ટેક્નોલૉજીમાં ઝડપી પ્રગતિ અને ઉપભોક્તાના વર્તણૂકોમાં પરિવર્તનને કારણે તાજેતરના વર્ષોમાં એડવર્ટાઈઝીંગ લેન્ડસ્કેપમાં ગહન પરિવર્તન આવ્યું છે. તેમના ટાર્ગેટ ઓડિયન્સ સાથે અસરકારક રીતે જોડાવા માંગતા વ્યવસાયો માટે જાહેરાતમાં નવીન તકનીકોની જરૂરિયાત સર્વોપરી બની ગઈ છે. જે સ્તરે ડિજિટલ માધ્યમનો પ્રચાર પ્રસાર થઇ રહ્યો છે, આવનારા સમયમાં મોટાભાગની જાહેરાતો ડિજિટલ તરફ પ્રયાણ કરશે જેને માટે જરૂરી માળખું છે ટેકનોલોજી. આ જરૂરી માળખું પૂરી પાડી રહી છે મુંબઈ સ્થિત વર્ટોઝ લિમિટેડ. એનએસઈ પર લિસ્ટેડ વર્ટોઝ લિમિટેડ ૨૦૧૨ માં સ્થપાયેલ, એક એડ-ટેક કંપની છે જે નવીનતમ તકનીકોનો ઉપયોગ કરીને ડિજિટલ માર્કેટર્સ, જાહેરાત એજન્સીઓ અને ડિજિટલ મીડિયા વ્યવસાયોને ડેટા-આધારિત માર્કેટિંગ, જાહેરાત અને મુદ્રીકરણ માટેના ઉકેલો પ્રદાન કરે છે. કંપનીએ ઈન-હાઉસ તેનો સંપૂર્ણ સ્ટેક વિકસાવ્યો છે અને તેના ઉત્પાદનોને પૂરક બનાવવા માટે વિવિધ ઘટકો પણ મેળવ્યા છે. કંપનીએ વિકસાવેલા પ્લેટફોર્મ વ્યવસાયો, ડિજિટલ માર્કેટર્સ, જાહેરાત એજન્સીઓ, ડિજિટલ પ્રકાશકો અને અન્ય તકનીકી કંપનીઓને માટે મહત્વપૂર્ણ બની રહે છે.

**વર્ટોઝ લિમિટેડઃ AdTech સ્પેસમાં એક માર્કી પ્લેયર**

વર્ટોઝ (NSEI: VERTOZ) ડિજિટલ જાહેરાત, માર્કેટિંગ અને મુદ્રીકરણ (MadTech), તેમજ ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ક્લાઉડટેક) માં મોખરે છે, જેમાં વ્યવસાયો, ડિજિટલ માર્કેટર્સ, જાહેરાત એજન્સીઓ, ડિજિટલ પ્રકાશકો, ક્લાઉડ પ્રદાતાઓ અને ટેક્નોલોજી કંપનીઓનો સમાવેશ થાય છે તેવા વૈવિધ્યસભર ગ્રાહકોને સેવા આપે છે. નવીનતા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, કંપની ડિજિટલ લેન્ડસ્કેપની વિકસતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ સેવાઓનો વ્યાપક સ્યુટ ઓફર કરે છે.

તેમની ઓફરિંગમાં ઓમ્નીચેનલ જાહેરાત, મુદ્રીકરણ અને પ્રતિનિધિત્વ, પ્રદર્શન જાહેરાત, જાહેરાત વિનિમય ઉકેલો, ડિજિટલ મીડિયા પ્રોપર્ટીઝ, ડોમેન નામ નોંધણી અને ક્લાઉડ હોસ્ટિંગ સેવાઓનો સમાવેશ થાય છે. કંપનીનું વિઝન પ્લેટફોર્મ્સ, ડેટા પોઇન્ટ્સ, વ્યૂહરચનાઓની વિશાળ શ્રેણીને સંકલિત કરીને ટેક્નોલોજી અને ઇનોવેશન દ્વારા ડિજિટલ લેન્ડસ્કેપને પ્રેરિત અને આકાર આપવાનું છે, જ્યારે તેમનું મિશન વ્યવસાયો માટે એક ટકાઉ, ડેટા આધારિત ડિજિટલ ઇકોસિસ્ટમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્ટોઝનો હેતુ ડિજિટલ માર્કેટિંગ, જાહેરાત અને મુદ્રીકરણ માટે માલિકીના, અદ્યતન તકનીકી પ્લેટફોર્મ સાથે આ ગતિશીલ વાતાવરણમાં વિકાસ માટે સંસ્થાઓને સશક્ત બનાવવાનો છે.

૩૦૦ થી વધુ વ્યાવસાયિકોની ટીમ, પાંચ ડેટા કેન્દ્રો, ૨૫૦ ભાગીદારો, અને ૩૫૦ મિલિયનથી વધુની ઓડિયન્સની પહોંચ સાથે, વર્ટોઝ દરરોજ ૧.૨ પેટાબાઇટ્સ ડેટા પ્રક્રિયા કરે છે, પ્રતિ સેકન્ડે ૧૦ લાખ બિડ્સ હેન્ડલ કરે છે અને તેની સાથે ૨.૧ મિલિયનથી વધુ ડોમેન્સ રજીસ્ટર કર્યા છે. ૧૦૦ માલિકીની અને સંચાલિત મિલકતોના સંચાલન સાથે તેના નવીન ઉકેલો અને વ્યાપક પહોંચ દ્વારા, વર્ટોઝ ડિજિટલ માર્કેટિંગ અને મુદ્રીકરણના ભાવિને આગળ ધપાવતા, એડવર્ટાઈઝીંગ ટેક્નોલોજી ક્ષેત્રમાં તેની માર્કી સ્થિતિને મજબૂત બનાવી રહી છે.

**કંપનીની મુખ્ય ઓફરિંગ – પ્રોગ્રામેટિક એડવર્ટાઈઝીંગ :** પ્રોગ્રામેટિક એડવર્ટાઈઝીંગ એ ડિજિટલ જાહેરાતનું અત્યંત સ્વચાલિત સ્વરૂપ છે. જેમાં જાહેરાતની સ્લોટ ખરીદવામાં આવે છે અને મોટી સંખ્યામાં જાહેરાત પ્લેટફોર્મ્સમાંથી ઝુંબેશમાં હરાજી દ્વારા જાહેરાતો મૂકવામાં આવે છે. અહીં અદ્યતન અલ્ગોરિધમ્સ, ઐતિહાસિક ડેટા અને સંખ્યાબંધ પરિમાણનો ઉપયોગ કરીને વ્યક્તિગત જાહેરાત પ્લેસમેન્ટ દીઠ વાસ્તવિક સમયમાં બિડની ગણતરી કરવામાં આવે છે. તે માનવીય ભૂલના માર્જિન અને મીડિયા બાયિંગની શ્રમ-સઘન પ્રક્રિયામાં ઘટાડો કરે છે અને તેને ટેક્નોલોજી-આધારિત તકનીકથી યોગ્ય સમયે યોગ્ય જાહેરાત સાથે યોગ્ય ગ્રાહકને લક્ષ્ય બનાવે છે.

## મુખ્ય પ્લેટફોર્મ

**Ingenious Plex:** માર્કેટર્સ અને જાહેરાત એજન્સીઓ માટે રચાયેલ સેલ્ફ-સર્વિસ મીડિયા બાઈંગ પ્લેટફોર્મ

**Adzurite:** માર્કેટર્સ, પ્રકાશકો અને આનુષંગિકો માટે તૈયાર કરાયેલ પરફોર્મન્સ માર્કેટિંગ પ્લેટફોર્મ

**Admozart:** AdTech ઇકોસિસ્ટમમાં સેવા આપતું રીઅલ-ટાઇમ એડ એક્સચેન્જ પ્લેટફોર્મ

**Incrementx:** એડ પબ્લિશર્સ માટે વિશિષ્ટ ઓડિયન્સ રિપ્રેઝન્ટેશન અને મોનેટાઈઝેશન પ્લેટફોર્મ

**બીઝનેસ વર્ટિકલ્સ**

**માર્કેટિંગ અને જાહેરાત** – વર્ટોઝના અદ્યતન માર્કેટિંગ અને જાહેરાત પ્લેટફોર્મ્સ ડેટા-આધારિત આંતરદૃષ્ટિ, નવીન વ્યૂહરચનાઓ અને અત્યાધુનિક ટેક્નોલોજીનો લાભ લઈને તેમના માર્કેટિંગ ઉદ્દેશો હાંસલ કરવા માટે વ્યવસાયોને સશક્ત બનાવે છે. આનાથી લક્ષિત કેમ્પેઈનની ડિલિવરી, પરફોર્મન્સ ઑપ્ટિમાઇઝેશન અને ROI નું મહત્તમકરણ સક્ષમ બને છે.

**મિડીયા અને મોનેટાઈઝેશન** –પ્લેટફોર્મ્સ અસરકારક રીતે પ્રકાશકો અને જાહેરાતકર્તાઓ વચ્ચેના અંતરને દૂર કરે છે, જે સીમલેસ મોનેટાઈઝેશન માટે આવશ્યક સાધનો પૂરા પાડે છે. અદ્યતન AI તકનીકનો ઉપયોગ કરીને, કંપની પ્રકાશકો માટે આવકની તકો વધારે છે જ્યારે જાહેરાતકર્તાઓ માટે જાહેરાત ખર્ચની અસરને મહત્તમ બનાવે છે.

**મજબૂત ક્લાયન્ટ લિસ્ટ સાથે વૈશ્વિક પહોંચ**

વૈશ્વિક હાજરી સાથે, વર્ટોઝની સાન ફ્રાન્સિસ્કો અને દિલ્હીમાં પ્રાદેશિક કચેરીઓ સાથે દુબઈ, ન્યુયોર્ક, લંડન, મુંબઈ અને હોંગકોંગમાં પાંચ મુખ્ય કચેરીઓ છે અને લંડન, ન્યુયોર્ક, નવી મુંબઈ, મુંબઈ અને સિંગાપોરમાં સ્થિત પાંચ ડેટા સેન્ટરો ધરાવે છે. વર્ટોઝ એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, ઓલા, મહિન્દ્રા, એચપી, ગોદરેજ, સ્વિગી, ઓડી, એબીપી ન્યૂઝ, જીઓ, હોન્ડા, એમેઝોન, અપસ્ટોક્સ, સોની લિવ, ડેન્ટ્સુ, AMFI, ગૂગલ, એલઆઈસી, HSBC ગલ્ફ, નેટવર્ક ૧૮ અને પબ્લિસીસ ગ્રુપ જેવા અગ્રણી ગ્રાહકો સાથે BFSI/Fintech, રિટેલ, FMCG/CPG, ઈ-કોમર્સ, રિયલ એસ્ટેટ, પ્રવાસન, શિક્ષણ, ઓટોમોટિવ, આરોગ્યસંભાળ, મનોરંજન અને એજન્સીઓ સહિત ઉદ્યોગોની વૈવિધ્યસભર શ્રેણીને સેવાઓ પૂરી કરે છે.

**ક્લાઉડટેક બિઝનેસઃ આગામી વૃદ્ધિ માટે ગ્રોથ એન્જીન**

વર્ટોઝ તેના CONNECT RESELLER નેટવર્ક દ્વારા આવશ્યક ડોમેન અને વેબ ઉકેલો પ્રદાન કરે છે અને QualiSpace દ્વારા વ્યાપક ક્લાઉડ સેવાઓ પ્રદાન કરે છે જે વ્યવસાયોને તેમના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં સશક્તિકરણ કરે છે. કંપની તેના સોલ્યુશન્સ પોર્ટફોલિયોમાં ક્લાઉડ સર્વિસિસ (ક્લાઉડટેક)ના તાજેતરના એકીકરણ સાથે નોંધપાત્ર વૃદ્ધિ માટે તૈયાર છે, જે પોતાની જાતને ડિજિટલી સક્ષમ વ્યવસાયો માટે વન-સ્ટોપ શોપ તરીકે સ્થાન આપે છે. ક્લાઉડ સિક્યોરિટીની વધતી જતી માંગને ઓળખીને, વર્ટોઝ આ ઉચ્ચ-સંભાવના દાખવતા વર્ટિકલમાં સાહસ કરી રહ્યું છે અને સક્રિયપણે રોકાણની તકો શોધી રહી છે જે ડિજિટલ લેન્ડસ્કેપને વધારવાની તેની દ્રષ્ટિ સાથે સંરેખિત છે. આ વ્યૂહાત્મક પહેલો દ્વારા, વર્ટોઝનો હેતુ ડિજિટલ ઓળખ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં અગ્રણી તરીકે તેની સ્થિતિ મજબૂત કરવાનો છે, જે કંપની માટે વૃદ્ધિના આગલા તબક્કાને આગળ ધપાવશે.

**પ્રભાવશાળી નાણાકીય કામગીરી**

FY25ના Q1માં, વર્ટોઝે પ્રભાવશાળી નાણાકીય કામગીરી નોંધાવી હતી, આવક રૂ. ૬૦.૨ કરોડ રહી હતી જે ૭૭.૪% ની વર્ષ-દર-વર્ષ વૃદ્ધિ દર્શાવે છે. એબીટડા વધીને રૂ. ૮.૯ કરોડ થયું છે જે ૧૨૭.૯% ની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. વધુમાં, ચોખ્ખો નફો ૬૧.૯% ની વાર્ષિક વૃદ્ધિ સાથે વધીને રૂ. ૫.૭ કરોડ થયો છે. આ મુખ્ય નાણાકીય માપદંડો મજબૂત ટોપલાઇન વિસ્તરણ અને ઓપરેશનલ કાર્યક્ષમતા દર્શાવે છે. Q1FY25 માટે એબીટડા માર્જિન ૧૪.૮૫% રહ્યા હતા જે અગાઉના ક્વાર્ટર કરતાં ૩૨૯ બેસિસ પોઈન્ટનો વધારો દર્શાવે છે.

**તાજેતરના ડેવલોપમેન્ટ**

હિમાલયની ફેસ કેર શ્રેણી માટે ગ્રાઉન્ડબ્રેકિંગ કેમ્પેઈન ચલાવ્યું જે સરેરાશ ૨ મિલિયન દૈનિક ઈમ્પ્રેશન ૯૦ દિવસમાં ૧૩૪ મિલિયન લોકો સુધી પહોંચ્યું છે. હેપ્પીલો માટે ઝોમેટો પર એક સફળ કૂપન કેમ્પેઈન કર્યું, જેના પરિણામે ૧,૦૦,૦૦૦થી વધુ કૂપન રીડમ્પશન જોવા મળ્યા. વર્ટોઝના Incrementx વિભાગે કનેક્ટેડ ટીવી (CTV) અને ડિજિટલ આઉટ-ઓફ-હોમ (DOOH) જાહેરાતો માટે મુદ્રીકરણ વધારવા માટે લૂપ મીડિયા સાથે ભાગીદારી કરી, ઉચ્ચ લક્ષ્યાંકિત જાહેરાત તકો માટે એક પ્લેટફોર્મ વિકસાવ્યું છે IncrementX એ પશ્ચિમી બજારમાં તેમનું પ્રતિનિધિત્વ કરવા માટે વિયેતનામના સૌથી મોટા ઇલેક્ટ્રોનિક સમાચાર પ્રકાશન, Dantri સાથે ભાગીદારી કરી. આ જોડાણ યુએસ, યુકે અને કેનેડા જેવા નોંધપાત્ર પશ્ચિમી રાષ્ટ્રોમાં એડ ઈન્વેન્ટરી પર ધ્યાન કેન્દ્રિત કરશે.

**વ્યૂહાત્મક પહેલ :** વર્ટોઝ આંતરરાષ્ટ્રીય બજારોમાં, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં, વૃદ્ધિની નવી તકો મેળવવા માટે સક્રિયપણે વિસ્તરી રહ્યું છે. કંપની મેડટેક અને ક્લાઉડટેક ઓફરિંગ બંને દ્વારા તેની આવકના પ્રવાહમાં વિવિધતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જ્યારે વપરાશકર્તા દીઠ સરેરાશ આવક (ARPU) વધારવા અને નફાના માર્જિનમાં સુધારો કરવા ઉત્પાદન વિકાસ પર ભાર મૂક્યો છે.

## મેનેજમેન્ટ પરિચય

**હિરેન શાહ, ફાઉન્ડર - ચેરમેન**



હિરેન શાહ વર્ટોઝના ફાઉન્ડર અને ચેરમેન છે. તે ડિજિટલ ઉદ્યોગમાં પંદર વર્ષથી વધુ અનુભવ સાથે માર્કેટિંગ અને વ્યવસાય વિકાસના સ્વપ્નદ્રષ્ટા છે. તેઓ, તેમના ભાઈ આશિષ સાથે, ઉચ્ચ પ્રદર્શન કરતી ટીમો બનાવવા અને પ્રોત્સાહિત કરવામાં જ્ઞાન અને કુશળતાનો ભંડાર ધરાવે છે. કંપની માટે વ્યૂહાત્મક યોજનાઓ વિકસાવવા અને અમલમાં મૂકવાનો તેમનો મજબૂત અનુભવ વર્ટોઝની સફળતા પાછળના મુખ્ય આધારસ્તંભમાં એક છે.

**આશિષ શાહ, ફાઉન્ડર અને સીઇઓ**



વર્ટોઝના ફાઉન્ડર અને સીઈઓ તરીકે, આશિષ કંપનીના નેતૃત્વ અને દિશાનિર્દેશો માટે જવાબદાર છે. તે રોજબરોજની કામગીરીનું ધ્યાન રાખે છે, તેમજ કંપનીના ઉત્પાદન વિકાસ અને ટેક્નોલોજી વ્યૂહરચનાનું નેતૃત્વ કરે છે. તે કંપનીને ડિજિટલ ઉદ્યોગના તેના ગહન ટેકનિકલ જ્ઞાન, વ્યાપાર પ્રત્યે આતુર નજર અને વૃદ્ધિની અદમ્ય તૃષ્ણાથી સજ્જ કરે છે.

ઈનઓર્ગેનિક વિસ્તરણની દ્રષ્ટિએ, વર્ટોઝે તાજેતરમાં જ PayNX ટેક્નોલોજીસ અને ક્વોલિસ્પેસ વેબ સર્વિસિસ સાથે મર્જ કર્યું જેથી ક્લાઉડ સેવાઓ સાથે તેના ડિજિટલ એડવર્ટાઈઝીંગ સોલ્યુશન્સ વિસ્તરણ કરી શકાય. કંપની તેના ઓર્ગેનિક વૃદ્ધિને ટેકો આપવા માટે આગામી તબક્કામાં ઈન-ઓર્ગેનિક તકો સક્રિયપણે શોધી રહી છે.

**કોર્પોરેટ એક્શન**

કંપની એકંદરે ટૂંકી લિસ્ટિંગ હિસ્ટ્રીમાં અનેક કોર્પોરેટ એક્શન થકી રોકાણકારોને સારું વળતર આપ્યું છે. કંપનીએ જાન્યુ. ૨૦૨૦ અને જુન ૨૦૨૪માં એમ બે વાર ૧:૧ના ગુણોત્તરમાં બોનસ શેર આપેલ છે. જુલાઈ ૨૦૨૪માં તાજેતરમાં જ શેર રૂ.૧૦ની ફેસવેલ્યુથી વિભાજન થઈને રૂ.૧ની ફેસવેલ્યુ ધરાવતા શેરમાં સ્પ્લીટ થયેલ છે.

કંપનીના શેરમાં પાછલા ત્રણ વર્ષમાં ૨૪૧.૫૭% વળતર પ્રાપ્ત થયું છે. કંપનીએ પાછલા ત્રણ વર્ષમાં વેચાણ,ચોખ્ખો નફો અને ઓપરેટીંગ નફાના મોરચે અનુક્રમે ૩૮.૫%, ૨૪.૫% અને ૨૦.૪%ના CAGR દરે વૃદ્ધિ દર્શાવી છે. કંપની ચોપડે રૂ. ૧૧૨ કરોડના રિઝર્વ ભંડોળ અને રૂ. ૧૧ કરોડનની રોકડ સમકક્ષ ધરાવે છે. ફરી કેશ ફ્લો પણ નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે પોઝીટીવ રહ્યો છે. કંપની તેના બીઝનેસમાં મોટા રોકાણો કરી રહી છે જેના ફળ આવનારા વર્ષમ અમલી રહે તેમ જણાઈ રહ્યું છે. બજારના પ્રત્યાઘાતી ઘટાડા વચ્ચે શેર તેના ઉચ્ચતમ સ્તરોથી સારા એવા નીચા ભાવ પર હાલ ટ્રેડ કરી રહ્યો છે. વર્તમાન સ્તરે આ શેરમાં ખરીદી ટૂંકાથી મધ્યમગાળામાં ફાયદાકારક સાબિત થાય.



**આશિષ વ્યાસ**
ડાયરેક્ટર
**મધુવન સિક્યુ., અમદાવાદ )**

# સંવત ૨૦૮૦ના વર્ષના અંતિમ દિવસોમાં ભારતીય શેરબજારોમાં તેજીનો ઉડેલ ફ્યુઝ

## અમેરિકાના પ્રમુખની ચૂંટણી અને મહારાષ્ટ્ર રાજ્ય સરકારની ચૂંટણીના પરિણામો ભારતીય શેરબજાર મોટી ઉથલ-પાથલ સાથે ડામાડોળ બનતા જોવાય

વિતેલા સંવત ૨૦૮૦ના વર્ષમાં ભારતીય શેરબજારોના સૂંચાકો હનુમાન કુદકાઓ બનાવતા રહી અનેક માઈનસ્ટોન સર્જયા હતા અને શેરબજારમાં લાર્જકેપ, મીડકેપ, સ્મોલકેપ સિહત તમામ શેરો અને તમામ સેકટરોના શેરો તેજીના શિખરો બતાવતા હતા પરંતુ સંવત ૨૦૮૦ના વર્ષના અંતિમ દિવસોમાં ભારતીય શેરબજારની લાલચોળ આગ ઝરણી તેજી ઉપર મંદીના વ્રજ ઘા થકી બજાર તેજીના ઉચા શિખરોની મંદીની ખાઈમાં ડૂબકીઓ લગાવી રહ્યું છે. છેલ્લા એક મહિનાથી ઉડી રહેલ તેજીના ફ્યુઝ પાછળ અનેક નકારાત્મક પરિબળો મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. અનેક સ્થળોએ જીયોપોલીટીકલ ટેન્શન, યુદ્ધના હેવાલો, એફઆઈઆઈની અરવિત વેચવાલીનો ધોધ બીજા કવાર્ટરના ધારણા કરતા નબળા પરિણામો વિગેરે અનેક પરિબળોએ સંવત ૨૦૮૦ના વર્ષની અભૂતપૂર્વ તેજીને મંદી, મંદીના માહોલમાં ફેરવાઈ ગયું છે. ત્યારે સંવત ૨૦૮૧ના નવા વર્ષમાં બજાર હવે કઈ દિશા પકડશે. કરેકશનો પચાવી ફરી તેજીના પંથે આવશે કે મંદીનું પીલ્લુ વિટલાશે તેવા અનેક વિધ સવાલો થકી બજારનું હાલ મોરલ ખરડાઈ ગયું છે.

૨૦૮૧ના વર્ષના આરંભે બજારનું ભવિષ્ય ડામાડોળ અને અસ્થિરતા બતાવતું જોવાય. ઈઝરાયેલ-ઈરાન, રશિયા-યુક્રેન સહિત અનેક જીઓપોલીટીકલ ટેન્શન અને યુદ્ધના હેવાલો, ચાઈનાએ સીમ્યુલેશન પેકેજો આપીને ભારતીય શેરબજારમાંથી વિદેશી ફંડો પાછા ખેંચી ચીનમાં મોટા પાયે રોકાણ માટે વધેલ આકર્ષણ, ભારતીય અર્થતંત્ર અને સ્પષ્ટ બહુમતિ વિનાની સરકારને માથે લટકતી તલવારો, સંસદમાં ઠરાવો પસાર કરવામાં થતી મુશ્કેલીઓ સર્જાતા વિદેશી સંસ્થાઓ અસ્થિર સરકારની સ્થિતિમાં રોકાણ સહી સલામત નહીં માનતા 'કવીટ ઈન્ડિયા' પગલાને અનુસરીને ૧ લાખ કરોડની વધુ રકમની વેચવાલીએ બજારને પાણી-પાણી કરી દીધું છે. આ સંજોગોમાં દિવાળી પછી ભારતીય બજાર માટે વધુ એસિડ ટેસ્ટ સમાન ચર્ચાઈ રહ્યાનું જણાય છે. ખાસ કરીને અમેરિકાની ચૂંટણીના પરિણામોમાં કોનું પલ્લું ભારે આવે છે તે જોવાનું ખૂબ જ મહત્વનું બની રહેશે. હાલ પશ્ચિમ દેશો, કેનેરા, યુએસએ સહિતના દેશોને ભારતમાંથી રોકાણ પાછું ખેંચવાની કરેલ શરૂઆત ભારતીય બજાર માટે ખતરાની ઘટંડી બતાવી છે. યુએસએના ઈલેક્શનની સાથે સાથે બજારની ભાવિ ચલાશે હવે મદાર મહારાષ્ટ્રની ચૂંટણીના પરિણામો ઉપર રહેશે. જો મહારાષ્ટ્રમાં સરકાર રચવા ભાજપ નિષ્ફળ રહેશે તો ભારતીય શેરબજારમાં મંદીના ભૂંકપની સ્થિતિ સર્જાશે.

હાલ સૌ કોઈની બાજનજર અમેરિકામાં કોણ પ્રમુખ બને છે અને મહારાષ્ટ્ર રાજયના પરિણામો કેવા આવે છે તેના પર મંડાએલી છે. ૫ નવેમ્બરે જાહેર થનારા મહારાષ્ટ્ર રાજયના પરિણામો ભારતીય શેરબજારમાં ઉથલ-પાથલનો દોર સર્જાશે. એ પરિણામો ભાજપ સરકારની તરફેણમાં ન આવે તો તેવી સ્થિતિમાં સેન્સેક્સ ૭૫૦૦૦ અને નીફટી ૨૩૨૦૦ની સપાટીઓ તોડે તો નવાઈ નહિ પામતા હાલ ભારતનું ફુણુ વળણ રશિયા, ચીન તરફ ઢળતા પશ્ચિમ દેશો અને અમેરિકા, કેનેડાને આંખમાં ખુંચી રહેલ છે. અને તેનો હજુ મોટા પાયે ભારતમાં હાલનું રોકાણ પચાછું ખેંચ જવાના મૂડમાં હોવાના સંકેતો ભારતીય શેરબજાર માટે વધુ નિષ્ફળ સ્થિતિનો સંકેત આપે છે.

જ્યારે સિક્કાની બીજી બાજુ જોતા જો કોઈ અણધાર્યા વિપરિત સંજોગો, કારણો ના ઉભા થાય તો સંવત ૨૦૮૧ના વર્ષમાં નીફટી ૨૭૫૦૦ અને સેન્સેક્સ ઉપરમાં ૮૫૦૦૦ સુધીની સપાટીઓ દર્શાવી શકે છે.

**પ્રતિકુળ સંજોગોમાં નીફટી ૨૩૨૦૦ અને સેન્સેક્સ ૭૫૦૦૦ની સપાટી તોડે તો નવાઈ નહિ, જ્યારે અનુકુળ કારણો થકી સંવત ૨૦૮૧ના વર્ષમાં સેન્સેક્સ ૮૫૦૦૦ અને નીફટી ૨૭૫૦૦ના લેવલો બતાવે**

### સંવત ૨૦૮૧ વર્ષમાં કરેકશનમાં રોકાણ રવા જેવા પસંદગીના શેરો

એલઆઈસી ઈન્ડિયા, અરવિંદ સ્માર્ટ, આઈટીસી, જીઓ ફાયનાન્સીયલ, અનુપ એન્જી., એનએમડીસી, વીપ્રો, તાતા ટેકનોલોજી, એચડીએફસી લાઈફ, ઝાયડસ લાઈફ અને ટોરેન્ટ ફાર્મા ધ્યાનમાં રખાય.

## સંવત ૨૦૮૧માં કમાણી કરી આપે તેવા શેરો

**અવની શાહ**

**બોમ્બે ડાઈંગ (૫૦૦૦૨૦) :** ટેક્ષટાઈલ ક્ષેત્રની દેશની અગ્રણી કંપની તેજમ રીયલ એસ્ટેટ ક્ષેત્રે કરેલ એન્ટ્રી આ કંપનીના શેરમાં તેજીનો કરંટ વધાર્યો છે. કંપની પુષ્કળ લેન્ડ બેંક ધરાવે છે. કંપની ડેબ્ટ ફ્રી છે. રૂ. ૨ ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૨૧૫.૫૦ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૨૫૬.૪૦ અને નીચામાં ૧૩૪.૧૦નો ભાવ જોવાયો છે. માર્કેટ-કેપ ૪૪૫૨ કરોડ અને બુકવેલ્યુ ૮૯.૩૭ છે. આ શેર ૧૪૯.૩૧ ની શેરદીઠ કમાણી સામે માત્ર ૧.૪૪ના પીઈથી મળે છે. છેલ્લા ૬ મહિનામાં ૨૭.૨૨ ટકા, ૧ વર્ષમાં ૪૪.૧૫ ટકા, ૨ વર્ષમાં ૧૪૮.૫ ટકા, પાંચ વર્ષમાં ૧૭૭.૬૨ ટકાનું રિટર્ન આપેલ છે. વર્તમાન મંદીના બજારોમાં આ શેર દરેક ઘટાડે પોર્ટફોલિયોમાં સપાવી લેવાય. આકર્ષક રિટર્ન અપાવે.

**એફએસએલ લિ (૫૩૨૮૦૯) :** ફસ્ટ સોર્સ સોલ્યુશન નામે ઓળખાતી બીએસઈ-એનએસઈ લીસ્ટેડ આ કંપનીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૩૩૨ ની નવી નવી સપાટીએ રહ્યો છે. ૫૨ સપ્તાહમાં નીચામાં ૧૪૮.૩૦નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૨૩૧૮૫ કરોડ છે. અને બુકવેલ્યુ ૫૨.૪૨ છે. આ શેર ૭.૫૨ની શેરદીઠક માણી સામે ૪૪.૨૪ ના પીઈથી મળે છે. આ શેરે શોર્ટ, મીડીયમ અને લાંગ ટર્મની ૨૦૦ દિવસની તમામ મુવીંગ એરવેજ પાર રીને તેજી તરફી નવા ભાવ બતાવી રહેલ છે. ૩ મહિનામાં ૩૪.૪૭ ટકા, ૬ મહિનામાં ૫૪.૨૫ ટકા, ૧ વર્ષમાં ૧૧૧.૮૫ ટકા, ૨ વર્ષમાં ૨૧૪.૮૬ ટકા અને પાંચ વર્ષમાં ૫૬૦.૬૮ ટકાનું તગડું રિટર્ન આપેલ છે. પોર્ટફોલિયોમાં ઘટાડે રોકાણ કરાય.

**નેશનલ એલ્યુ (૫૩૨૨૩૪) :** નાલ્કોના નામે ઓળખાતી આ કંપનીના રૂ. ૫ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૨૧૮ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૨૩૫.૩૭ અને નીચામાં ૮૮.૬૦નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૪૦૧૯૮ કરોડ છે. અને બુકવેલ્યુ ૭૮.૩૪ છે. આ શેર ૧૨.૨૧ની શેરદીઠ કમાણી સામે ૧૭.૯૩ના પીઈથી મળે છે. એક મહિનામાં ૧૨.૧૩ ટકા, ૩ વર્ષમાં ૧૮.૮૭ ટકા, ૧ વર્ષમાં ૧૩૮.૮૧ ટકા, ૨ વર્ષમાં ૨૧૪.૪૭ ટકા, પાંચ વર્ષમાં ૪૧૪.૩૮ ટકાનું રિટર્ન આપેલ છે. લાંબી રેસના ઘોડા જેવા આ શેરમાં દરેક ઘટાડે રોકાણની તક ઝડપી લેવાય.

**આદિત્યા બિરલા ફેશન (૫૦૦૦૪૦) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૨૬૩૮ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૩૧૪૦ અને નીચામાં ૧૦૪૬.૪૫નો ભાવ બતાવેલ છે. માર્કેટકેપ ૨૯૪૭૪ કરોડ છે અને બુકવેલ્યુ ૩૫૬.૨૫ છે. ૧ વર્ષમાં ૧૪૪.૨૯ ટકા, ૨વર્ષમાં ૨૨૪.૯૨ ટકાનું રિટર્ન આપેલ છે. વર્તમાન કરેકશનમાં ઘટાડે આ શેર ભેગા કરાય. સારૂ રિટર્ન અપાવે.

**જેએસડબલ્યુ ઈન્ફ્રા (૫૪૩૯૯૪) :** રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૨૮૧.૧૦ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૩૬૦.૯૫ અને નીચામાં ૧૬૨.૦૫નો ભાવ જોવાયો છે. માર્કેટ-કેપ ૫૯૦૩૧ કરોડ છે. બુકવેલ્યુ ૨૨.૮૯ છે. એક વર્ષમાં ૬૯.૭ ટકાનું રિટર્ન અપાવે. ઈન્ફ્રા સેકટરના આ શેરમાં વર્તમાન ગાળાનું રોકાણ આકર્ષક વળતર અપાવે. નવો ભાવ જોવા મળી શકે.

**રાલીઝ ઈન્ડીયા (૫૦૦૩૫૫) :** રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા અ શેરનો ભાવ૩૨૦ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૩૭૮.૭૦ અને નીચામાં ૨૦૫.૧૦નો ભાવ બતાવેલ છે. માર્કેટકેપ ૬૨૩૫ કરોડ છે. બુકવેલ્યુ ૯૪.૦૮ છે. આ શેર ૭.૭૭ની શેરદીઠ કમાણી સામે ૭.૩૬ સાથે ૪૧.૮૬ના પીઈથી મળે છે. કંપની મજબૂત વાર્ષિક ઈપીએસ ગ્રોથ ધરાવે છે. ૧ વર્ષમાં ૫૫.૨૪ ટકા, રિટયર્ન આપેલ છે. આ શેર મોમેન્ટમ છે. ઘટાડે ભેગા કરાય.

**તાતા કેમીકલ (૫૦૦૭૭૦) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા તાતા ગ્રુપના આ શેરમાં ભારે વોલ્યુમે કામકાજ થઈ રહ્યા છે. અને હાલ ૧૦૬૫ આસપાસ ભાવ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૧૩૪૯ અને નીચામાં ૯૩૩નો ભાવ બતોલ છે. માર્કેટકેપ ૨૭૧૨૫ કરોડ અને બુકવેલ્યુ ૮૭૩.૦૨ છે. કંપનીના નફા માર્જીન તથા ગ્રોથમાં સતત વૃદ્ધિ જોવાઈ રહી છે. આ શેરમાં ૯૫૦/૧૦૦૦ના ટેકાએ રોકાણ કરનારને નવા ઉચા ભાવ જોવા મળે.

**યુનીટેક (૫૦૫૦૭૮) :** રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૯.૨૮ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચમાં ૧૯.૮૦ અને નીચામાં ૨.૩૦નો ભાવ જોવાયો છે. ભારે વોલ્યુમે એકયુલેશન થઈ રહ્યું છે. માર્કેટકેપ ૨૪૨૭ કરોડ છે. ૧ વર્ષમાં આ શેરમાં ૨૮૬.૮૭ ટકા, ૨ વર્ષમાં ૩૮૮.૪ ૨ટકા, ૪ વર્ષમાં ૪૪૫.૮૮ ટકા, અને પાંચ વર્ષમાં ૧૯૬૨.૨૨ ટકાનું રિટર્ન આપેલ છે. ઉચા જોખમે આ શેરમાં ખરીદી ગમે ત્યારે લોટરી બની શકે.

**ગુજરાત આલ્કલી (૫૩૦૦૦૧) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ કંપનીના શેરનો ભાવ ૮૩૫.૨૦ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૯૦૦ અને નીચામં ૬૪૫નો ભાવ જોવાયો છે. માર્કેટ-કેપ ૬૧૩૩ કરોડ છે. અને બુકવેલ્યુ ૮૨૭.૩૧ છે. આ શેરે ૨૦૦ દિવસની તમામ મુવીંગ એવરેજ પાર કરી છે. ધીમી પણ સંગીન રીતે વધતા આ શેરમાં રોકાણ અચુક કરાય. ચાર આં-કડાનો પ્લસ ભાવ બતાવે.

**એક્સાઈડ ઈન્ડ (૫૦૦૦૮૬) :** રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૪૫૦ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૬૨૦.૩૫ અને નીચામાં ૨૪૧.૭૦નો ભાવ બતાવેલ છે. માર્કેટકેપ ૩૮૨૪૧ કરોડ છે. અને બુકવેલ્યુ ૧૫૧.૬૦ છે. ૧૦.૨૯ની શેરદીઠ કમાણી સામે ૪૩.૭૨ના પીઈથી મળે છે. કંપનીનો કેશફલો વધી રહ્યો છે.૧ વર્ષમાં ૭૯.૮૫ ટકા, ૨ વર્ષમાં ૧૭૪.૦૮ ટકા, પાંચ વર્ષમાં ૧૫૪.૭૬ ટકાનું રિટર્ન આપેલ છે. મધ્યમગાળે નવા ઉચા ભાવ જોવા મળી શકે રોકાણ કરી શકાય.

# મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ: ભારતના સ્વચ્છ ઊર્જા સંક્રમણમાં અગ્રેસર

**મેટ્રિક્સ ગેસના મુખ્ય ગ્રાહકોમાં આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ, ઓએનજીસી પેટ્રો એડિશન લિમિટેડ, સેન્ટ ગોબેન, ગુજરાત ગેસ લિમિટેડ, અદાણી ટોટલ ગેસ લિમિટેડ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ગુજરાત ગાર્ડિયન લિમિટેડ, ઈન્ડિયન ઓઈલ, કજારિયા સિરામિક્સ અને અન્ય મોટા ઉદ્યોગો સમાવિષ્ટ છે.**

**કંપની એનએચપીસી, એનટીપીસી, એમઈસીઓએન, નેશનલ કેમિકલ લેબોરેટરીઝ, સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, ઈટર્નિસ ફાઈન કેમિકલ્સ લિમિટેડ અને અન્ય જેવા ગ્રાહકો માટે હાઈડ્રોજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.**

મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ લિમિટેડ ભારતના સ્વચ્છ ઊર્જા સંક્રમણમાં અગ્રેસર છે અને ગ્રીન હાઈડ્રોજન તથા નેચરલ ગેસ ડિસ્ટ્રીબ્યુશનમાં ટકાઉ તેમજ વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના ઈન્ટિગ્રેશન પર ધ્યાન આપી રહી છે. ઈલેક્ટ્રોલાઈઝર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ તથા ગ્રીન એમોનિયા, ગ્રીન મિથેનોલ પ્રોજેક્ટ્સ સાથે ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે પ્રતિબદ્ધ, મેટ્રિક્સ ભારત અને મધ્ય પૂર્વની ભવિષ્યની સ્વચ્છ અને વધુ ટકાઉ જરૂરિયાતોને આકાર આપી રહી છે. કંપનીના પ્રભાવશાળી પરિણામો કુદરતી ગેસની કામગીરી અને ગ્રીન હાઈડ્રોજનમાં અગ્રણી પ્રયાસોમાં તેની સફળતા દર્શાવે છે.

### ભારતની વધતી ઊર્જાની જરૂરિયાતોને પહોંચી વળવા સજ્જ

વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાંના એક તરીકે, ભારત ટકાઉ ઊર્જા ઉકેલો તરફ સંક્રમણ કરતી વખતે ઊર્જાની વધતી જતી માંગને પહોંચી વળવાના પડકારનો સામનો કરે છે. વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાના લક્ષ્ય સાથે, મેટ્રિક્સ ગેસ કુદરતી ગેસ અને ગ્રીન હાઈડ્રોજન સેગમેન્ટ બંનેમાં નવીન અભિગમોને એકીકૃત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. કંપની આ પરિવર્તનકારી સફરમાં પોતાને મુખ્ય કંપની તરીકે સ્થાન આપીને આ પડકારનો સામનો કરવા તૈયાર છે.

### નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં વ્યૂહાત્મક આઈપીઓની યોજનાઓ

મેટ્રિક્સ ગેસ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં નોંધપાત્ર ગતિવિધિ બીએસઈ અને એનએસઈ મેઈનબોર્ડ એક્સચેન્જ પર મેટ્રિક્સનું લિસ્ટિંગ કરાવશે, જેના થકી તે રૂ. ૧,૦૦૦-૧,૨૦૦ કરોડ વધારવાનું લક્ષ્ય ધરાવે છે. ઈશ્યુ થકી મેળવેલા ભંડોળ પરિવર્તનકારી સ્વચ્છ ઊર્જા પ્રોજેક્ટ્સ માટે, ખાસ કરીને આગામી ૧,૦૦૦ દિવસમાં ૧,૦૦૦ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન ક્ષમતા વિકાસાવવા અને ફુલ્લી ઓટોમેટેડ અત્યાધુનિક ૨ ગિગાવોટ ઈલેક્ટ્રોલાઈઝર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા માટે જરૂરી ભંડોળ પૂરું પાડશે. કંપનીની મૂડી ખર્ચ યોજના(કેપેક્સ) રૂ. ૩,૫૦૦ કરોડની છે, જેને ૭૦ ટકા ઋણ અને ૩૦ ટકા ઈક્વિટીના મિશ્રણ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. તેજીના રંગે રંગાયેલા પ્રાઈમરી માર્કેટ વચ્ચે સનરાઈઝ સેક્ટર એવા ગ્રીન હાઈડ્રોજનમાં કાર્યરત અગ્રણી કંપની મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યુએબલ્સનો પબ્લિક ઈશ્યુ રોકાણકારો માટે આ ઉભરતા સેક્ટરમાં રોકાણ કરવાની તક રજૂ કરે છે.

### મહત્વના સીમાચિહ્નો અને વિકાસની તકો

● રિલાયન્સ, બીપી, ઓએનજીસી અને અન્ય જેવી એક્સપ્લોરેશન અને પ્રોડક્શન કંપનીઓ પાસેથી રિગેસિફાઈડ લિક્વિફાઈડ નેચરલ ગેસ અને સ્થાનિક ગેસનું સફળતાપૂર્વક સોર્સિંગ કરીને મેટ્રિક્સ ગેસ ભારતના સૌથી ઝડપથી વિકસતા ડિજિટલ ગેસ એગ્રીગેટર તરીકે ઉભરી રહી છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, કંપનીએ ૨૭૫ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરનું વોલ્યુમ હાંસલ કર્યું છે.

● મેટ્રિક્સ સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન (સીજીડી) માટે પાંચ ભૌગોલિક વિસ્તારોના અધિગ્રહણ



કરવાના અંતિમ તબક્કામાં છે અને આગામી પાંચ વર્ષમાં રૂ. ૫,૦૦૦ કરોડના જંગી મૂડી ખર્ચ સાથે ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા જઈ રહી છે.

● મેટ્રિક્સે પ્રતિષ્ઠિત હાઈડ્રોજન એન્જિનિયરિંગ પ્રોક્યોરમેન્ટ અને કમિશનિંગ બેઝિસ તેમજ બિલ્ડ ઓન ઓપરેટ બેસિસ પણ મેળવ્યા છે. મેટ્રિક્સે ગ્રીન હાઈડ્રોજન ટ્રાન્ઝિશન યોજના માટે ભારત સરકારની વ્યૂહાત્મક હસ્તક્ષેપ હેઠળ ઈલેક્ટ્રોલાઈઝર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ્સ (પીએલઆઈ) મેળવ્યા છે.

● મેટ્રિક્સે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં નેચરલ ગેસ અને ગ્રીન હાઈડ્રોજન ઈકો-સિસ્ટમ માટે તેની વૃદ્ધિને વેગ આપવા પ્રી-આઈપીઓ રાઉન્ડમાં રૂ. ૫૦૦ કરોડ એકત્ર કર્યા હતા.

● મેટ્રિક્સે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૪૮૦ કરોડની આવકનો આંકડો વટાવ્યો હતો, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિકાસની કેડી આગળ ધપાવતા, રૂ. ૬૦૦ કરોડની આવકનો આંક વટાવ્યો હતો અને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૧,૧૦૦ કરોડના આંકને વટાવી જશે તેવા અનુમાન છે. મેટ્રિક્સ તેની મજબૂત એક્ઝિક્યુશન ક્ષમતાઓ સાથે રૂ. ૧,૦૦૦ કરોડની ગ્રીન હાઈડ્રોજન ઓર્ડર બુકને વટાવનારી પ્રથમ ભારતીય કંપની બની છે.

### ગ્રીન હાઇડ્રોજનમાં વ્યૂહાત્મક પહેલ – સ્વચ્છ ઊર્જા સંક્રમણને વેગ

મેટ્રિક્સ ગેસ ગ્રીન હાઈડ્રોજન અને રિન્યૂએબલ એનર્જી સોલ્યુશન્સને આગળ વધારવા માટે સક્રિયપણે ઘણી અગ્રણી પહેલ હાથ ધરી રહી છે. લેહ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ, મોબિલિટી સેક્ટરમાં હાઈડ્રોજનના ઉપયોગને નોંધપાત્ર રીતે વધારશે. આ પ્રોજેક્ટમાં હાઈડ્રોજન રિફ્યુઅલિંગ સ્ટેશન માટે આવશ્યક સ્ટોરેજ, કમ્પ્રેશન અને ડિસ્પેન્સિંગ સુવિધાઓનો પણ સમાવેશ થશે, જે હાઈડ્રોજન મોબિલિટી સોલ્યુશન્સને પ્રોત્સાહન આપવા માટે મેટ્રિક્સની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

વધુમાં, મેટ્રિક્સ પૂણે ક્ષેત્રમાં નેશનલ કેમિકલ્સ લેબોરેટરીઝ (એનસીએલ), પૂણેના સહયોગમાં ભારતના પ્રથમ ગ્રીન હાઈડ્રોજન વેલી પ્રોજેક્ટ્સ વિકસાવી રહ્યું છે. મેટ્રિક્સ પાસે ગ્રાહકોને ગ્રીન હાઈડ્રોજન સપ્લાય કરવા માટે ૨૦ વર્ષના લાંબા ગાળાના ઑફટેક એગ્રીમેન્ટ્સ છે, જે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને ગેરંટેડ ઑફટેકનું મહત્વ દર્શાવે છે.

તદુપરાંત, જેન્સોલ એન્જિનિયરિંગ લિમિટેડના સહયોગમાં મેટ્રિક્સ ગેસને તાજેતરમાં એનટીપીસી દ્વારા બાયોમાસ-ટુ-ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ માટે



કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે, જે નવીન અને ટકાઉ ઊર્જા ઉકેલો માટે કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રોજેક્ટ એનર્જી ક્ષેત્રે ગ્રીન હાઈડ્રોજનની વધતી જતી માંગનું ઉદાહરણ આપે છે, જે વિવિધ ક્ષેત્રોમાં તેના સંભવિત ઉપયોગો માટે ઝડપથી ઓળખાઈ રહી છે.

વધુમાં, મેટ્રિક્સ ભારતની સૌથી મોટી ગ્રીન સ્ટીલ ઉત્પાદન સુવિધા વિકસાવી રહી છે. આ નવીન પ્રોજેક્ટ ડાયરેક્ટ રિડ્યુસ્ડ આયર્ન (ડીઆરઆઈ) વર્ટિકલ શાફ્ટ સાથે ૧૦૦ ટકા ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરશે અને આયર્ન ઓરને સ્પોન્જ આયર્નમાં રૂપાંતરિત કરશે. ભારત સરકાર રૂ. ૩૨૧ કરોડના કુલ પ્રોજેકટમાંથી ૫૦ ટકા મુડી ખર્ચ પ્રોત્સાહનો આપીને આ પહેલને સમર્થન આપી રહી છે.

### નેચરલ ગેસ એગ્રીગેશન અને સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશનમાં વ્યૂહાત્મક પહેલ

મેટ્રિક્સ ગેસ વધુ પ્રદૂષણ કરતા ઈંધણ પરની નિર્ભરતા ઘટાડીને કુદરતી ગેસની સુલભતા વધારવા માટે સમર્પિત છે. ભારતમાં સૌથી ઝડપથી વિકસતા ડિજિટલ ગેસ એગ્રીગેટર તરીકે, કંપની કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને ગ્રાહક અનુભવને બહેતર બનાવવા માટે અદ્યતન ટેક્નોલોજીસનો લાભ લઈ રહી છે. સરળ રીતે ગેસની પ્રાપ્તિ અને ડિસ્ટ્રીબ્યુશન સોલ્યુશન્સની માંગ સતત વધી રહી છે, જે નોંધપાત્ર બજાર તકો પૂરી પાડે છે.

કંપનીના સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન (સીજીડી) નેટવર્ક્સ ઘરેલુ, કોમર્શિયલ, ઉદ્યોગો અને પરિવહન માટે સસ્તી ઊર્જા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને આ રીતે સ્વચ્છ અને હરિયાળા ભારતને પ્રોત્સાહન આપે છે. તેની સીજીડી ફૂટપ્રિન્ટને વિસ્તારીને મેટ્રિક્સનો હેતુ શહેરી બજારોમાં પ્રવેશવાનો અને સ્વચ્છ ઊર્જા માટેની વધતી જતી ગ્રાહક માંગને પૂરી કરવાનો, રાષ્ટ્રીય ઊર્જા લક્ષ્યાંકો સાથે સંરેખિત થવાનો અને નોંધપાત્ર વૃદ્ધિના માર્ગો રજૂ કરવાનો છે.

### સહયોગ અને બજાર સંશોધન

મેટ્રિક્સ ગેસના મુખ્ય ગ્રાહકોમાં આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ, ઓએનજીસી પેટ્રો એડિશન લિમિટેડ, સેન્ટ ગોબેન, ગુજરાત ગેસ લિમિટેડ, અદાણી ટોટલ ગેસ લિમિટેડ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ગુજરાત ગાર્ડિયન લિમિટેડ, ઈન્ડિયન ઓઈલ, કજારિયા સિરામિક્સ અને અન્ય મોટા ઉદ્યોગો સમાવિષ્ટ છે. આ સંબંધો મેટ્રિક્સને સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે સ્થાન આપે છે, જે તેને વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારની ઊર્જાની જરૂરિયાતોને પૂરી કરવા સક્ષમ બનાવે છે.

કંપની એનએચપીસી, એનટીપીસી, એમઈસીઓએન, નેશનલ કેમિકલ લેબોરેટરીઝ, સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, ઈટર્નિસ ફાઈન કેમિકલ્સ લિમિટેડ અને અન્ય જેવા ગ્રાહકો માટે હાઈડ્રોજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

**લીડરશિપ :** મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સની લીડરશિપ ટીમ રિન્યૂએબલ



Anmol Singh Jaggi



Chirag Kotecha

એનર્જી અને ગેસ સેક્ટરમાં વ્યાપક કુશળતા અને અનુભવ ધરાવે છે. મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અનમોલ સિંહ જગ્ગી અને મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર અને હોલ ટાઈમ ડિરેક્ટર ચિરાગ કોટેચા કંપનીના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને આગળ ધપાવે છે. ટકાઉપણું અને નવીનતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માત્ર આજની ઊર્જાની માંગને જ નહીં પરંતુ ટકાઉ ભવિષ્ય માટેનો માર્ગ મોકળો કરવા માટે બનાવાયેલી પહેલમાં સ્પષ્ટ જણાય છે.

નવીનીકરણીય ઊર્જા તરફ સંક્રમણના વૈશ્વિક પ્રયાસો તીવ્ર બનતા સ્વચ્છ ઈંધણ તરીકે ગ્રીન હાઈડ્રોજનનું મહત્વ વધુને વધુ સ્પષ્ટ થતું જાય છે. મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ, ઈલેક્ટ્રોલાઈઝર મેન્યુફેક્ચરિંગમાં તેની કુશળતા અને ગ્રીન હાઈડ્રોજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટેની પ્રતિબદ્ધતા સાથે, ભારતના વિકસતા ઊર્જા ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપવા માટે સારી સ્થિતિમાં છે. તેના સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક્સ દ્વારા નેચરલ ગેસની એક્સેસને વધારીને, મેટ્રિક્સ ન કેવળ સ્વચ્છ અને હરિયાળા ભારતને પ્રોત્સાહન આપે છે પરંતુ રોકાણકારો અને હિતધારકો માટે એક આકર્ષક તક પણ રજૂ કરી રહી છે.

ક્લીન એનર્જી સોલ્યુશન્સ માટેની વૈશ્વિક માંગ તીવ્ર બની રહી હોવાથી, મેટ્રિક્સ ગેસ અને રિન્યૂએબલ્સ ન કેવળ ભારતના ઊર્જા લક્ષ્યાંકોમાં જ ફાળો આપી રહી છે પરંતુ આંતરરાષ્ટ્રીય સ્થિરતા ધોરણો સાથે પણ સુસંગત થઈ રહી છે. સરકારના મજબૂત સમર્થન સાથે આ વ્યૂહાત્મક સુસંગતતા ભવિષ્યના રોકાણ તરીકે તેની અપીલને વધારે છે.

વધતા જતા રિન્યૂએબલ એનર્જી માર્કેટમાં રોકાણ કરવા માંગતા રોકાણકારોએ આ પરિવર્તનશીલ યુગમાં મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સને મુખ્ય કંપની તરીકે ધ્યાનમાં લેવી જોઈએ, જે વૃદ્ધિ અને ટકાઉપણા માટે તૈયાર છે. મેટ્રિક્સમાં રોકાણ કરીને, હિસ્સેદારો સ્વચ્છ તથા હરિયાળા ભવિષ્યમાં યોગદાન આપી શકે છે તેમજ નોંધપાત્ર વિસ્તરણની પ્રગતિની તક સાથે ઉદ્યોગમાં મોખરાનું સ્થાન અપાવી શકે છે.



કિશોર ઓસ્વાલ , CNI રીસર્ચ મુંબઈ

# સેક્ટર સ્પેસિફિક અપ્રોચ સાથે આવનારા વર્ષમાં રોકાણ કરવું સલાહભર્યું રહેશે

દિવાળીના આગમન સાથે, ભારતના અવિરત વિકાસ પામી રહેલા લેન્ડસ્કેપમાં પ્રત્યાઘાતી ઘટાડા વચ્ચે ભારતીય શેરબજારોમાં સેક્ટર સ્પેસિફિક રોકાણની મોટી તક જોવા મળી રહી છે. ઉચ્ચ વૃદ્ધિ દર અને પ્રમાણમાં નીચા મૂલ્યાંકનના મિશ્રણ સાથે, વૈશ્વિક રોકાણકારો હજુ પણ ભારતીય બજારને સેફ બેટ માની રહ્યા છે. ડાઉ અને S&P સૂચકાંકો અનુક્રમે ૩૧ અને ૨૮ ના પીઈ રેશિયો સાથે કામકાજ કરી રહ્યા છે ત્યારે ૨૦.૭ પર ભારતના નિફ્ટીનો પીઈ પ્રમાણમાં વધુ સારું મૂલ્ય અને રિસ્ક વેઈટ પ્રદાન કરે છે. વૈશ્વિક સૂચકાંકોમાં ભારતનું વધતું વેઈટેજ વિશ્વ મંચ પર તેના મહત્વને વધુ રેખાંકિત કરે છે. વચ્ચે વચ્ચે નાના મોટા સેલિંગ આવે પરંતુ લોંગ ટર્મ સ્ટોરી માટે હાલમાં અને આવનારા વર્ષમાં પણ ભારતીય શેરબજાર સૌથી આકર્ષક રહે છે. આ સિઝનમાં "બોટમ-અપ" સ્ટોક પિક કરવા પર મોટા રોકાણકારો પર ખાસ ધ્યાન કેન્દ્રિત રહેશે. ઈક્વિટી બજારોની ગતિશીલ દુનિયામાં, ઈકોનોમિક શિફ્ટની જટિલતાઓ વચ્ચે રોકાણ કરવા ઈચ્છુક લોકો માટે સેક્ટર સ્પેસિફિક અપ્રોચ મહત્વપૂર્ણ રહે છે. સેક્ટર રોટેશનના તબક્કામાં આર્થિક ચક્રમાં બદલાવ સાથે કેટલાક ક્ષેત્રો અગ્રણી તરીકે ઉભરી આવે છે જ્યારે અન્ય પાછળ પડી શકે છે. અગાઉ જે સેક્ટરમાં તેજી જોવાઈ છે તેમાં ઘણો બદલાવ આવનારા સમયમાં અપેક્ષિત છે. આવનારા સમયમાં અનેક ક્ષેત્રો જે બ્રોડર માર્કેટની તેજીમાં સુસ્ત રહ્યા છે તે મોટા રિ-રેટિંગની અપેક્ષા રાખી રહ્યા છે. આ વર્ષે સેક્ટર તરફી અભિગમ થકી પોર્ટફોલીઓ બનાવવો હિતાવહ રહેશે. આ વખતના CNI રિસર્ચની દિવાળી પિક્સ ૨૦૨૪-૨૫માં અગ્રણી અને ઉભરતા બંને ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે, જે રોકાણકારોને સેક્ટર-વિશિષ્ટ વૃદ્ધિની સંભાવનાનો લાભ લેવા માટે સંતુલિત અભિગમ પ્રદાન કરે છે.

દિવાળીનો પર્વ અંધકાર પર પ્રકાશના વિજય થકી નવી શરૂઆતનું પ્રતીક છે. ત્યારે,રોકાણકારોને તેમના પોર્ટફોલિયોને ઉચ્ચ સંભવિત શેરો સાથે પ્રકાશિત કરવાની તક પણ આપે છે. અહી પસંદ કરેલ દરેક સ્ટોક મજબૂત વૃદ્ધિની સંભાવના દર્શાવે છે. યોગ્ય સ્ટોક સિલેકશન સંપત્તિ સર્જનના નવા અધ્યાયની શરૂઆત કરવાનો આ યોગ્ય સમય બની શકે છે. આપને અને આપના સ્વજનોને દિવાળી પર્વની હાર્દિક શુભેચ્છાઓ.

**સંવત ૨૦૮૧ માટેના રોકાણ લાયક શેર - ડેટા અને મુખ્ય નાણાકીય સૂચકાંક**

| સેક્ટર | કંપની | ઇક્વિટી | આવક | શેરદીઠ આવક | પીઈ | બૂક વેલ્યુ | પ્રાઇઝ/ બૂક | ઈઈ | ઈઝઈ | માર્કેટ કેપ | માર્કેટકેપ/ આવક | ઇક્વિટી/ વેચાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પેકેજિંગ | એમ્બી ઇન્ડસ્ટ્રીઝ | ૧૭.૬૯ | ૪૪૨.૫૪ | ૫.૬ | ૨૪.૦૮ | ૯૬.૨ | ૧.૪૧ | ૬.03% | ૮.૪3% | ૨3૯ | ૦.૫૪ | ૨૫ |
| | હિન્દુસ્તાન ટીન | ૧૦.૪ | ૪૧૯.3૫ | ૧૬.૨૮ | ૧૨.૧૬ | ૧૯૭ | ૧.૦૧ | ૮.૬૫% | ૧૧.૧૦% | ૨૦૫ | ૦.૪૯ | ૪૦.3 |
| | નેશનલ પ્લાસ્ટિક | ૬.૦૮ | ૨૬૯.૨૨ | ૧3.૮૫ | ૨૭.૪૪ | ૭૦.૯ | ૫.3૬ | ૨૧.૫૦% | ૧૮.૦૦% | ૨3૧ | ૦.૮૬ | ૪૪.3 |
| | RDB રસાયણ | ૧૭.૭૨ | ૧૦3.૨ | ૧3.૬૮ | ૧3.૬૬ | ૧૦૫ | ૧.૭૮ | ૧૨.૯૦% | ૧૭.૧૦% | 33૧ | 3.૨૧ | ૫.૮ |
| | શેટ્રોન લિ. | ૯ | ૨3૯.૮૮ | ૭.૨૬ | ૨૧.૯3 | ૬૨.૭ | ૨.૫૪ | ૧૨.૨૦% | ૧૫.૦૦% | ૧૪3 | ૦.૬ | ૨૬.૭ |
| ટેક્સટાઈલ | લાહોટી ઓવરસીઝ | ૫.૮૫ | ૪૮૭.૫૪ | ૪.૦૬ | ૯.૯૮ | ૬૪.૯ | ૦.૬૨ | ૬.૫૯% | ૧૦.૦૦% | ૧૧૮ | ૦.૨૪ | ૮3.૪ |
| | મફતલાલ ઈન્ડ. | ૧૪.3 | ૨૦૭૮.૪૧ | ૧3.૯૨ | ૧૧.૪૯ | ૧૧૪ | ૧.૪ | ૮.૨૦% | ૬.૭૬% | ૧૪૪ | ૦.૫૫ | ૧૪૫.3 |
| | રીબા ટેક્સટાઈલ્સ | ૯.૬૫ | ૨૪૬.૮૯ | ૮.૨ | ૯.03 | ૯૨.૬ | ૦.૮ | ૯.૨૮% | ૧૦.૨૦% | ૭૧ | ૦.૨૯ | ૨૫.૬ |
| ઓફ્શોર | ગ્લોબલ ઓફ્શોર | | ૨૪.૭3 | ૨૯.૯૬ | - | 33.3 | 3.૧ | - | - | ૨૫૫ | ૮.૫૨ | ૧.૨ |
| કેમિકલ્સ | વિપુલ ઓર્ગેનિક્સ | ૧3.૦૧ | ૧૫૦.૦૮ | ૨.૬ | ૧૦3.૮૫ | ૪૪.૧ | ૬.૧૨ | ૫.૪૦% | ૭.૫૪% | 3૫૧ | ૨.3૪ | ૧૧.૫ |
| ફૂડ ઇન્ડ. | જીટીવી એન્જિ. | 3.૧૨ | ૧૨૦.૬૨ | ૧૭.3૧ | ૨૯.3૨ | ૧૧૬ | ૪.3૮ | ૧3.૫૦% | ૧૨.૭૦% | ૧૫૮ | ૧.3૧ | 3૮.૭ |
| | સુનિલ એગ્રો ફ | 3 | ૨૨૮.૫૮ | ૨.૯૨ | ૪૯.3૨ | ૫૬.૬ | ૨.૫૪ | ૫.33% | ૪.૪૪% | ૪3૮ | ૦.૧૯ | ૭૬.૨ |
| | તિરુપતિ સ્ટાર્ચ | ૯.૫૯ | 30૬.૧૨ | ૨.3૮ | ૬૯.3૯ | ૫૫.૮ | ૨.૯૬ | ૪.૧૬% | ૭.૬૭% | ૫૮૭ | ૦.૫૨ | 3૧.૯ |
| FMCG | MK એક્ઝિમ | ૪૦.3૭ | ૯૨.3૮ | 3.૭૯ | ૨3.૫૭ | ૨૦.૯ | ૪.૨૭ | ૨૦.૧૦% | ૨૬.૬૦% | 3૬૧ | 3.૯ | ૨.3 |
| રેલ્વે | ઇન્ટિગ્રા એન્જિ. | 3.૪૪ | ૧૪૬.૮૨ | ૪.૨3 | ૫૬.03 | ૨૨.૪ | ૧૦.૫૮ | ૨૦.૯૦% | ૨૪.30% | ૮૧૫ | ૫.૫૫ | ૪૨.૭ |
| એ ગ્રુપ | ભેલ | ૬૯૬.૪૧ | ૨3૮૯૨.૭૮ | ૦.૭૫ | ૨૯૮.૨ | ૭૦.૨ | 3.૧૯ | ૧.૧3% | ૬3.3૭% | ૭૭૮૭ | 3.૨૬ | 3૪.3 |
| | રિલાયન્સ ઈન્ડ. | ૬૭૬૬ | ૫૪૭૯૪૨ | ૬૨.૧૪ | ૪3.૦૯ | ૧૨૧૧ | ૨.૨૧ | ૯.૨૫% | ૨૯.૬૧% | ૧૮૧૧૭ | 3.3૧ | ૮૧ |
| | સેઈલ | ૪૧30.૫3 | ૧૦૫3૭૪.૬ | ૬.૬૨ | ૧૭.૮૫ | ૧3૮ | ૦.૮૬ | ૬.૪૪% | ૨૮.૧૦% | ૪૮૮૦ | ૦.૪૬ | ૨૫.૫ |
| | ટાટા મોટર્સ | ૭૬૬.૫ | ૭330૩.૦૮ | ૨૦.૬૧ | ૪૨.૫૬ | ૨૫૫ | 3.૪૪ | ૪૯.૪૦% | ૨૦.૧૦% | 33૬૨ | ૪.૫૯ | ૯૫.૬ |
| | ટાટા પાવર | 3૧૯.૫૬ | ૨૦૦૯3.3૬ | ૬.૯૭ | ૬૨.૭૬ | ૧૦૧ | ૪.33 | ૧૧.30% | ૧૧.૧૦% | ૧3૯૭૯ | ૬.૯૬ | ૬૨.૯ |
| બી ગ્રુપ | અતુલ ઓટો | ૧3.૮૮ | ૪૮૦.૪ | ૫.૦૯ | ૧૧૮.૦૬ | ૧૫૧ | 3.૯૮ | ૧.૬૮% | ૪.૨૦% | ૧૬૬૮ | 3.૪૭ | 3૪.૬ |
| | બોમ્બે બર્મા | ૧3.૯૬ | ૨૬૧.3૨ | ૨૬૪.3 | ૧૦.૧૯ | ૬૬૯.૮ | ૪.૦૨ | ૪૬.૬૦% | 30.૦૦% | ૮૭૯૫ | ૭૧.૯૨ | ૧૮.૭ |
| | ફોર્બ્સ એન્ડ કંપની | ૧૨.૯ | ૧૨3.૪૫ | ૧૫.૭૭ | ૪૫.૦૨ | ૧૦૯ | ૬.૧૧ | -૬.૫૧% | 3.૮૯% | ૯૧૬ | ૭.૪૨ | ૯.૬ |
| | ઇન્વેસ્ટમેન્ટ & પ્રિસિઝન કાસ્ટિંગ્સ | ૫ | ૧૭૦.૯૬ | ૧૫.૬૧ | ૫3.૯ | ૧૭૧ | ૪.૯૨ | ૯.૫૦% | ૧૨.૪૦% | ૪૨૧ | ૨.૪૬ | 3૪.૨ |
| | KPT ઇન્ડસ્ટ્રીઝ | ૧.૭ | ૧૫૧.૬3 | 3૫.૪૭ | 33.૨૧ | ૧૬3 | ૭.૨3 | ૨૪.30% | ૨૪.૪૦% | ૪૦૧ | ૨.૬૪ | ૮૯.૨ |

**પેકેજિંગ :** સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિસ્તરણને કારણે પેકેજિંગ સેક્ટર રિ-રેટિંગમાંથી પસાર થઈ રહ્યું છે, અદ્યતન પેકેજિંગ સોલ્યુશન્સની માંગમાં વધારો થઇ રહ્યો છે. પેકેજીંગ સેક્ટર ઐતહાસિક રીતે નીચા પ્રાઈઝ અર્નિંગ પર કામકાજ કરતો આવ્યો છે. તેના મૂડી સાધન અને સત્તત કાર્યકારી મૂડીની મોટી જરૂરિયાતોને લીધે આ સેક્ટર હંમેશા નીચા વેલ્યુ સાથે કામ કરી રહ્યો હતો. જોકે, પેપર અને તેને સંલગ્ન પેકેજીંગ સિવાય પણ મેટલ પેકેજીંગ તેમજ બેટરી પેકેજીંગ જેવા નવા ક્ષેત્રો જે ઉભરી રહ્યા છે તેમાં આગામી સમય ઉચ્ચ વૃદ્ધિનો રહી શકે છે અને જેને લીધે સેક્ટર રિ-રેટ થઇ શકે છે. આ સ્પેસમાં એમ્બી ઈન્ડસ્ટ્રીઝ અને નેશનલ પ્લાસ્ટિક ટેક્નોલોજીમાં રોકાણના મજબૂત કેન્ડીડેટ જણાય છે.

**હિન્દુસ્તાન ટીન વર્ક્સ :** કેન, પ્રિન્ટેડ/લેક્ક્વર્ડ શીટ્સ ખાદ્યપદાર્થો, પીણાં, બેબી ફૂડ, આરોગ્ય, સુંદરતા અને લક્ઝરી કંપનીઓમાં પ્રખ્યાત બ્રાન્ડ્સને સપ્લાય કરી રહી છે. તેનું એક્સપોર્ટ યુનિટ પણ ટૂંક સમયમાં કાર્યરત થઇ રહ્યું છે જે વૃદ્ધિમાં મોટો ફાળો આપી શકે છે. વર્તમાન સ્તરો પર સારી તક જણાઈ રહી છે.

**આરડીબી રસાયણ :** ઓરિસ્સા ખાતે FIBC પ્લાન્ટમાં વિસ્તરણ કરી રહી છે અને ટાટા કેમિકલ, રેણુકા સુગર, યુનિલીવર અને આદિત્ય બિરલા ગ્રૂપ જેવા પ્રતિષ્ઠિત ક્લાયન્ટ ધરાવે છે. માત્ર ૧૨ના પીઈ પર અને રૂ. ૧૦૫ની બૂકવેલ્યુ સાથે ફંડામેન્ટલ મજબૂત જણાય છે.

**ટેક્સટાઈલ :** વિસ્તરણ માટેની નોંધપાત્ર સરકારી યોજનાઓ દ્વારા સમર્થિત વૃદ્ધિના નવા તબક્કા માટે તૈયાર છે. સરકાર તરફથી અપેક્ષિત વિસ્તરણ યોજનાઓ સાથે, આ ક્ષેત્ર લાંબા ગાળાના લાભ માટે સારી સ્થિતિમાં છે. અનેક સરકારો તરફથી ટેક્સટાઈલ ક્ષેત્ર માટે નવી યોજનાઓ ઘડાઈ રહી છે. Gujarat સરકારે પણ તાજેતરમાં ટેક્સટાઈલ પોલીસી ભર પાડી હતી. ટેક્સટાઈલ ઉદ્યોગ દેશમાં રોજગાર પૂઓરો પાડવામાં અગ્રણી રહ્યો છે જેને લીધે આ ક્ષેત્રને રિવાઈવ કરવા માટે સરકાર પ્રત્યનશીલ છે. મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ જેવા મુખ્ય ખેલાડીઓ, જે ટેક્સટાઈલ, સંરક્ષણ અને એફએમસીજીમાં કાર્યરત છે, તેઓ આ વિસ્તરણનો લાભ લેવાની અપેક્ષા રાખે છે.આ ઉપરાંત લાહોટી ઓવરસિઝ જે ટેક્સટાઈલ અને પાવર બંને ક્ષેત્રમાં કામકાજ કરી રહી છે અને રીબા ટેક્સટાઈ જે વિદેશમાં બીચ ટોવેલના નિકાસમાં રોકાયેલી છે તે પણ મજબૂત બેટ જણાઈ રહી છે.

**ઓફસોર સપોર્ટ વેસલ્સ (OSV) :** OSV અંડર પેનિટ્રેટેડ સેક્ટર છે જેમાં ખાસ કરીને ઓફશોર ડ્રિલિંગ સપોર્ટ જેવા બિન-સ્પર્ધાત્મક બિઝનેસમાં ભારે વૃદ્ધિ જોવા મળી શકે છે. ભારતીય ઑફશોર સપોર્ટ વેસલ માર્કેટ, FY2024-FY2031, આગાહીના સમયગાળા દરમિયાન દ્વિઅંકી ઝછ્ય્ઈ પર વૃદ્ધિ પામવાનો અંદાજ છે.

**કેમિકલ્સ :** ભારતના કેમિકલ્સ ક્ષેત્રમાં સ્થિતિસ્થાપકતા જોવા મળી રહી છે અને આંતરરાષ્ટ્રીય બજારોમાંથી વધેલી માંગને કારણે તે સકારાત્મક માર્ગ પર છે. ચાઈના પર લાગેલા પ્રતિબંધો બાદ યુએસ અને જાપાન કંપનીઓએ કેમિકલ્સ માટે ભારત તરફ નજર માંડી છે. ૨૦૨૧થી સતત આઉટ ઓફ ફોકસ રહેલા આ ક્ષેત્રમાં માંગ ફરી જોવા મળી રહી છે. **વિપુલ ઓર્ગેનીક્સ** સ્પેશિયલિટી કેમિકલ ક્ષેત્રમાં રોકાયેલી છે. જાપાનની કંપની પાસે સારા સહયોગ કરી રહી છે. તેની અમુક પ્રોડક્ટ્સ માટે બજારમાં જૂજ ખેલાડીઓ વચ્ચે મોકાનું સ્થાન ધરાવે છે. ૨૬૦ના ભાવ પર કંપની રૂ.૫૪ના રાઈટ ઈશ્યુ કરવા જઈ રહી છે, બેકવર્ડ ઈન્ટીગ્રેશન માટે ગુજરાતમાં સાયખા ખાતે ઉત્પાદન એકમ સ્થાપી રહી છે.

આ ઉપરાંત લાર્જકેપના શેરોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ બોનસ બાદ ટૂંક સમયમાં ડિમર્જરની જાહેરાત કરી શકે છે અને રિલાયન્સ રિટેઈલ અને જીઓ અલગ લિસ્ટ થઇ શકે છે. બજારમાં હાલ આ શેર પર બધા બેરીશ વ્યુ રાખી રહ્યા છે ત્યારે આ અમારો કોન્ટ્રા વ્યુ રહેશે. દેશની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદન ક્ષમતા ધરવતી પીએસયુ સેઈલ ઘણા જ વ્યાજબી વેલ્યુ પર મળી રહી છે તે પણ ફોકસમાં રહેશે. ટાટા ગ્રૂપની ટાટા મોટર અને ટાટા પાવર આ નીચા ભાવ પર વેલ્યુ બાઈંગ જણાઈ રહ્યું છે. પીએસયુ ક્ષેત્રમાં એન્જીન્યરીંગ, પાવર, ડિફેન્સ અને કોલ ગેસીફિકેશન જેવા ખેતરમાં કામકાજ કરી રહેલી ભેલ એકમાત્ર વૈવિધ્યસભર પીએસયુ છે જે અન્ય પીએસયુ કરતાં તેની વેલ્યુએશના સારી એવી વૃદ્ધિ સૂચવે છે.

મિડ-કેપ અને સ્મોલ કેપમાં સેક્ટર રોટેશ ઘણું મહત્વપૂર્ણ બનશે. સેક્ટર કરતાં પણ આ ક્ષેત્રમાં રિટેઈલ રોકાણકારોનો એસઆઈપી થકી અવિરત પ્રવાહ નીચા સ્તરો પર બાઈંગ દેખાડે તેમ જણાઈ રહ્યું છે. કેશ હોલ્ડ કરવી કોઈ પણ ફંડ માટે તણાવપૂર્ણ અને મુશ્કેલીભર્યું કામ છે. પણ, સ્મોલકેપમાં તરલતાની સ્થિતિ માર્યાદિત હોવાને લીધે ઘણી કંપનીઓ ફંડામેન્ટલી મજબૂત હોવા છતાં રોકાણ થઇ શકતું નથી તે હકીકત છે. ત્યારે સ્મોલ કેપ શેરમાં આ વર્ષે ચુનિંદા વિશિષ્ટ કામકાજ ધરાવતી અને ઈજારાશાહી કાઉન્ટરમાં ભારે રસ જોવા મળી શકે છે.

શાપૂરજી પાલોનજી સમુહની ફોર્બ્સ & કંપની તેના લેન્ડ બેક્ક મોનેટાઈઝેશન(૩૦૦ એકર સ્વદેશી મિલ સહિત), ડિફેન્સ ક્ષેત્રમાં કમ્પોનન્ટના સપ્લાય તેમજ તાજેતરમાં આવેલા એફકોનના પબ્લિક ઈશ્યુને લીધે ફોકસમાં રહી શકે છે. ઈન્વેસ્ટમેન્ટ પ્રિસિઝન કાસ્ટિંગ ટાઈટેનીયમ કાસ્ટિંગમાં દેશમાં જૂજ ખેલાડીમાની એક છે અને પાછલાં વર્ષમાં બમણું રીટર્ન આપ્યા બાદ આ વર્ષે પણ તેજીની ગતિ પકડી રાખે તેમ જણાય છે. લિથિયમ બેટરી કેમિકલ્સમાં મોનોપોલી ધરાવતી નાઈલ કેમિકલ્સ પણ પ્રત્યાઘાતી ઘટાડા વચ્ચે રોકાણ માટેના સારા સ્તરો પર છે.


MAGELLANIC CLOUD
1,200 + Experienced Professionals
92 % Clients Trust Us
50 + Companies
40 + Years in Business
Complete IT Enabled Services For Modernize Product Development
Drone Solutions and Robotic Ariel Security
Unlock innovation with Gen AI powered technologies
Ai
E-Surveillance & Beyond
Your Partner in Next-Generation Technology Solutions
HAPPY Diwali
Megallenic Cloud Ltd.
Dallas Center, 6th Floor 83/1, Plot No A1, Knowledge City
Rai Durg, Hyderabad. Telangana 500032, India.
All Locations : Phone : 040-43366058 | Fax : (033) 4006-9762

# ડ્રોન ક્ષેત્રમાં મજબૂત ઓર્ડરબૂક સાથે સફળતાના શિખરો સર કરવા સજ્જ : મેગેલેનિક ક્લાઉડ લિમિટેડ

**તાજેતરમાં ભારતીય રોબોટિક્સ ફર્મ પાસેથી રૂ. ૪૩ કરોડના કુલ મૂલ્યમાં તેનો પ્રથમ મોટો લોજિસ્ટિક્સ ડ્રોન ઓર્ડર મેળવ્યો**

**તાજેતરમાં પેટાકંપની ''સ્કેન્ડ્રોન''ને હાઈ એલ્ટિટ્યુડ લોજિસ્ટિક્સ ડ્રોન ચેલેન્જ માટે HIM-DRONE-A-THON 2માં ટોચનું સ્થાન મળ્યું છે**

**ઈ-સર્વેલન્સ બિઝનેસમાં ગોલ્ડ લોન ક્ષેત્રમાં ઓટોમેટીક વોલ્ટ ઓપરેશન માટે નવા ક્લાયન્ટ ઓન-બોર્ડ કર્યા**

મેગેલેનિક ક્લાઉડ લિમિટેડ (BSE: ૫૩૮૮૯૧),એક અગ્રણી ટેક્નોલોજી એન્ટરપ્રાઇઝ છે, જે સોફ્ટવેર ડેવલપમેન્ટ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, AI/IoT અને વાસ્તવિક દુનિયાની એપ્લિકેશનો માટે ડ્રોન-આધારિત સોલ્યુશન્સ ઓફર કરે છે. અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ, મેગેલેનિક ક્લાઉડ વૈશ્વિક ગ્રાહકોને પરિવર્તનશીલ ઉકેલો પ્રદાન કરે છે અને તેણે IT સેવાઓ, ઇ-સર્વેલન્સ અને અદ્યતન ડ્રોન તકનીકોમાં વ્યૂહાત્મક રોકાણ કર્યું છે. ૧,૨૦૦ થી વધુ પ્રોફેશનલ્સના મજબૂત વર્કફોર્સ અને ફોર્ચ્યુન ૧૦૦૦ કંપનીઓ સહિતના ૧૦૦ થી વધુ ક્લાયન્ટ્સ ધરાવતા પોર્ટફોલિયો સાથે, મેગેલેનિક ક્લાઉડ તેની નોંધપાત્ર બજારમાં હાજરી અને સ્પર્ધાત્મક વૈશ્વિક લેન્ડસ્કેપમાં ટેક્નોલોજી આધારિત સોલ્યુશન્સ પહોંચાડવાની ક્ષમતા માટે જાણીતી છે.

સાઉથ ઇન્ડિયા પ્રોજેક્ટ્સ ના જુના નામ થી જાણીતી આ કંપની સોફ્ટવેર ડેવલપમેન્ટ, કન્સલ્ટિંગ અને હ્યુમન રિસોર્સ બિઝનેસ સોલ્યુશન્સમાં તેની IT સેવાઓ પૂરી પાડે છે.તે યુરોપ, યુએસએ અને એશિયામાં હાજરી ધરાવે છે. કંપની પાસે એન્ડ-ટુ-એન્ડ સોફ્ટવેર ડેવલપમેન્ટ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને DevOps જેવી સર્વિસ ક્ષમતા છે.

### સ્કેન્ડ્રોનને HIM-DRONE-A-THON 2માં ટોચનું સ્થાન મળ્યું

લદ્દાખના વારી લા પાસ ખાતે આયોજિત HIM-DRONE-A-THON ૨માં સ્કેન્ડ્રોન પ્રાઈવેટ લિમિટેડે હાઈ-એલ્ટિટ્યુડ લોજિસ્ટિક્સ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ભારતીય સેના દ્વારા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના સહયોગથી આયોજીત આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં હાઈ-એલ્ટિટ્યુડ એરિયાઝ (HAA) માટે રચાયેલ ડ્રોન ટેક્નોલોજીમાં અદ્યતન નવીનતાઓ દર્શાવવામાં આવી હતી. આ સિદ્ધિ લોજિસ્ટિક્સ ડ્રોન ટેક્નોલોજીમાં સ્કેન્ડ્રોનના નેતૃત્વને વધુ મજબૂત બનાવે છે. આ વર્ષની શરૂઆતમાં, સ્કેન્ડ્રોન તેના લોજિસ્ટિક્સ ડ્રોન માટે DGCA પ્રકારનું પ્રમાણપત્ર મેળવનારી ભારતની પ્રથમ અને એકમાત્ર કંપની બની હતી.

### પેટાકંપની ''સ્કેન્ડ્રોન''ને એડવાન્સ એગ્રીકલ્ચરલ ડ્રોન સિસ્ટમ DGCA દ્વારા મંજૂરી

તાજેતરમાં જ પેટાકંપની સ્કેન્ડ્રોન પ્રાઈવેટ લિમિટેડને માનવરહિત એરક્રાફ્ટ સિસ્ટમ (UAS) મોડેલ "SNDAG010QX8" માટે ટાઈપ પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે. આ અદ્યતન ડ્રોન છંટકાવ પ્રણાલી ખાસ કરીને કૃષિ ઉપયોગ માટે બનાવવામાં આવી છે, જેમાં મહત્તમ ૮ લિટરની ક્ષમતા ધરાવતી સ્પ્રેયર ટાંકી છે, જે વિવિધ ભૂપ્રદેશો અને પાકના પ્રકારોમાં કાર્યક્ષમ અને ચોક્કસ કવરેજને સુનિશ્ચિત કરે છે.

આ માઈલસ્ટોન કંપની માટે આવકના નવા પ્રવાહો ખોલવા માટે તૈયાર છે, કારણ કે તે ઝડપથી વિસ્તરી રહેલા ડ્રોન ઉત્પાદન બજારમાં પ્રવેશ કરે છે. સ્કેન્ડ્રોન આગામી દાયકામાં આ ક્ષેત્રે જે અપાર વૃદ્ધિની સંભાવનાઓ પ્રદાન કરે છે તેનો લાભ ઉઠાવીને આગામી વર્ષોમાં ૧,૦૦૦ થી ૨,૦૦૦ ડ્રોન વેચવાનું લક્ષ્ય રાખ્યું છે. આ નવું સાહસ કંપનીની ટોચની લાઈનને નોંધપાત્ર રીતે વેગ આપશે તેવી






અપેક્ષા છે, જ્યારે ઉચ્ચ માર્જિન પ્રોફાઈલ બોટમ-લાઇનમાં પણ અર્થપૂર્ણ યોગદાન આપશે.

કંપનીની નાણાકીય કામગીરીમાં વધારો કરવા ઉપરાંત, આ પહેલ કૃષિ કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપીને, નોકરીની તકોનું સર્જન કરીને અને પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપીને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સંરેખિત કરે છે. વધુમાં, તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી "નમો ડ્રોન દીદી યોજના" ને સમર્થન આપે છે, જે ગ્રામીણ મહિલાઓને કૃષિ ડ્રોન પ્રદાન કરીને સશક્તિકરણ કરે છે અને તેમને વધારાની આવક પેદા કરવામાં સક્ષમ બનાવે છે.

### મોટા લોજિસ્ટિક્સ ડ્રોન ઓર્ડર

મેગેલેનિક ક્લાઉડે ભારતીય રોબોટિક્સ ફર્મ પાસેથી તેનો પ્રથમ નોંધપાત્ર લોજિસ્ટિક્સ ડ્રોન ઓર્ડર મેળવવાની જાહેરાત કરી છે, જેનું મૂલ્ય પ્રભાવશાળી રૂ.૪૩ કરોડ છે. આ ઓર્ડર લોજિસ્ટિક્સ સેક્ટરમાં કંપનીના વ્યૂહાત્મક પ્રવેશને દર્શાવે છે, એક ડોમેન જે ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંભવિતતાથી ભરપૂર છે. કોન્ટ્રાક્ટમાં ૪૫ CargoMax શ્રેણીની ડ્રોન કિટ્સની ડિલિવરીનો સમાવેશ થાય છે, જેમાં RTF ક્વાડ્રોટર એરફ્રેમ્સ, ફ્લાઈટ કંટ્રોલર્સ, RC કંટ્રોલર્સ, EO પેલોડ્સ અને ટ્રાન્સપોર્ટ કેસનો સમાવેશ થાય છે, જે તમામને બેંગ્લોરમાં તેની અત્યાધુનિક સુવિધામાં સાવચેતીપૂર્વક ઉત્પાદિત કરવામાં આવશે.

નોંધનીય રીતે, મેગેલેનિક ક્લાઉડની પેટાકંપની, સ્કેન્ડ્રોન, ભારતમાં લોજિસ્ટિક્સ ડ્રોન પ્રદાન કરવા માટે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) તરફથી મંજૂરી મેળવનારી પ્રથમ કંપની તરીકેનું ગૌરવ ધરાવે છે. કંપની ભારતમાં વધી રહેલા USD ૬ બિલિયન લાસ્ટ-માઈલ ડિલિવરી સેગમેન્ટના ૫% હિસ્સાને મહત્વાકાંક્ષી રીતે લક્ષ્યાંકિત કરી રહી છે. તેના પ્રથમ-મૂવર લાભનો લાભ લેવાની યોજના સાથે, મેગેલેનિક ક્લાઉડનો હેતુ આ સેગમેન્ટમાં પ્રથમ ત્રણ વર્ષમાં USD ૩૦૦ મિલિયન માર્કેટ શેરનો નોંધપાત્ર હિસ્સો મેળવવાનો છે.

મેગેલેનિક ક્લાઉડની ડ્રોન ડિલિવરી સેવાઓ B2B અને B2C બંને મોડલને સંયોજિત કરીને હાઈબ્રિડ અભિગમનો ઉપયોગ કરશે. B2B મોડલ મુખ્યત્વે હબ વચ્ચે પુરવઠો પહોંચાડવા માટે, વ્યાવસાયિક ઉપયોગ માટે એગ્રીગેટર્સ સાથે સહયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. દરમિયાન, મ્રઝ મોડલ સશસ્ત્ર દળોની કામગીરી, મુશ્કેલ પ્રદેશો અને તબીબી પુરવઠાના પરિવહન જેવા દૃશ્યોમાં છેલ્લા-માઈલની નિર્ણાયક ડિલિવરી પૂરી કરશે.

ભારતીય ઈ-કોમર્સ સેક્ટર, જેનો અંદાજ USD ૨૭ બિલિયન છે, તે ઝડપથી વિસ્તરી રહ્યો છે, જેમાં એકલા છેલ્લી-માઈલ કનેક્ટિવિટી સેગમેન્ટનું મૂલ્ય USD 6 બિલિયન છે અને લગભગ ૧૫%ના વાર્ષિક દરે વધી રહ્યું છે. આ ગતિશીલ લેન્ડસ્કેપમાં, મેગેલેનિક ક્લાઉડ, તાજેતરમાં ભારતના પ્રથમ લોજિસ્ટિક્સ ડ્રોન માટે ઈચ્છનીય મંજૂરી મેળવીને, તેના નવીન ડ્રોન સોલ્યુશન્સ સાથે બજારમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે, જે આ ઝડપથી વિકસતા ક્ષેત્રનો નોંધપાત્ર હિસ્સો સુરક્ષિત કરવાનો છે.

### સ્કેન્ડ્રોન - ડ્રોન ડિલિવરી સાથે ફર્સ્ટ મૂવર

મેગેલેનિક ક્લાઉડના CEO શ્રી જોસેફ થુમ્મા રેડ્ડીએ જણાવ્યું હતું કે, "સ્કેન્ડ્રોન સાથે લોજિસ્ટિક્સ સેક્ટરમાં મેગેલેનિક ક્લાઉડનો પ્રવેશ એક મહત્વપૂર્ણ ક્ષણ છે, અને સ્કેન્ડ્રોન આ તકનો લાભ લેવા માટે અનન્ય રીતે સ્થિત છે." ડ્રોન લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન માર્કેટમાં ૨૦૨૫ સુધીમાં ૨૦% થી વધુ સીએજીઆરનો અનુભવ થવાનો અંદાજ છે, જેમાં દક્ષિણપૂર્વ એશિયા અને પેસિફિક એશિયા આ વૃદ્ધિમાં મોખરે છે. લોજિસ્ટિક્સ અને કાર્ગો ડ્રોન માટે ભારતનું પ્રથમ DGCA-પ્રકારનું પ્રમાણપત્ર મેળવવાની વિશિષ્ટતા સાથે, સ્કેન્ડ્રોને બજારમાં એક્સેસ અને વિશ્વસનીયતા પ્રાપ્ત કરી છે. શ્રી રેડ્ડીના જણાવ્યા મુજબ, આ ફર્સ્ટ મૂવર લાભ, સ્કેન્ડ્રોનને ઝડપથી બજારની મજબૂત હાજરી બનાવવા માટે સક્ષમ બનાવશે, પોતાને ગો-ટૂ સોલ્યુશન પ્રદાતા તરીકે સ્થાપિત કરશે અને સ્પર્ધકો પકડે તે પહેલાં ગ્રાહક આધારનો મોટો હિસ્સો મેળવશે.

### આંતરરાષ્ટ્રીય વિસ્તરણ યોજના

કંપનીએ યુએસ-આધારિત સોફ્ટવેર કંપનીને હસ્તગત કરવાના લેટર ઓફ ઇન્ટેન્ટ જારી કર્યો છે, જેની અંદાજિત ખરીદી કિંમત $20 મિલિયન અને $25 મિલિયનની વચ્ચે હશે. આ એક્વિઝિશનનો હેતુ કંપનીની તકનીકી ક્ષમતાઓને મજબૂત બનાવવા અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેના પદચિહ્નને વિસ્તારવાનો છે. હાલ, કંપનીઓ વચ્ચેની ડીલ તેના પ્રાથમિક તબક્કામાં છે અને ખંત પ્રક્રિયાની સંતોષકારક પૂર્ણતા અને નિયમો અને શરતોની સ્વીકૃતિને આધીન ડીલ આગળ ધપાવવામાં આવશે.

### નાણાકીય પરિણામો

નાણાકીય વર્ષ ૨૪ ના Q1 માં રૂ. ૧૩૭.૭૮ કરોડની સરખામણીમાં Q1 FY25 માં કામગીરીમાંથી આવક રૂ. ૧૩૨.૧૭ કરોડ હતી. ક્વાર્ટર માટે કંપનીનો EBITDA રૂ. ૫૨.૯૩ કરોડ પર પહોંચ્યો છે, જે નાણાકીય વર્ષ ૨૪ ના ઊ૧ માં રૂ. ૩૮.૫૬ કરોડથી વાર્ષિક ધોરણે ૩૭.૩% વૃદ્ધિ દર્શાવે છે. Q1 FY25 માટે EBITDA માર્જિન ૪૦.૦૫% હતું. Q1 FY25 માટે કર પછીનો નફો (PAT) રૂ. ૨૬.૫૧ કરોડ હતો, જે નાણાકીય વર્ષ ૨૪ ના ઊ૧ માં રૂ. ૧૮.૮૯ કરોડથી વાર્ષિક ધોરણે ૪૦.૩% નો વધારો દર્શાવે છે. વધુમાં, ક્વાર્ટર દરમિયાન સ્કેન્ડ્રોન, પેટાકંપનીએ તેના નાના-કેટેગરીના કૃષિ ડ્રોન માટે DGCA મંજૂરીઓ મેળવી છે અને તેની બજાર સ્થિતિને વધુ વિસ્તારી છે.

### ITES બિઝનેસ

પેટાકંપનીઓ JNIT ટેક્નોલોજીસ અને મોટિવિટી લેબ્સની આગેવાની હેઠળના ITES બિઝનેસ સેગમેન્ટે વ્યૂહાત્મક ખર્ચ ઑપ્ટિમાઇઝેશન અને કાર્યક્ષમ સંસાધન સંચાલન દ્વારા નફાકારકતા જાળવી રાખી છે. નાણાકીય વર્ષ ૨૪ માં, નેક્સ્ટ-જનરલ AI-આધારિત પ્રોજેક્ટ્સની રજૂઆત નોંધપાત્ર આવક ડ્રાઈવર તરીકે ઉભરી આવી છે. કેનેડામાં તાજેતરની કામગીરીની સ્થાપના, વિશ્વની ટોચની પાંચ વૈશ્વિક કંપનીઓમાંની એક સાથેની ભાગીદારી સાથે, કંપનીને કેનેડિયન બજારમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને સંસાધનો પ્રદાન કરવા સક્ષમ બનાવશે.

### ઈ-સર્વેલન્સ બિઝનેસ

iVIS ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ અને પ્રોવિજીલ સર્વેલન્સ લિમિટેડ દ્વારા ઈ-સર્વેલન્સ બિઝનેસ, બેંકિંગ, વેરહાઉસિંગ, સિટી સર્વેલન્સ, ધાર્મિક સંસ્થાઓ, છૂટક અને અન્ય જાહેર સ્થળો સહિત વિવિધ ક્ષેત્રોમાં ૫,૦૦૦ નવી સાઈટ્સનો સમાવેશ કરીને તેમની કામગીરીને નોંધપાત્ર રીતે વિસ્તૃત થઈ છે. FY24 માં, કંપનીએ નવીન ઉત્પાદનો જેમ કે વિડિયો મેનેજમેન્ટ સિસ્ટમ્સ (VMS), સોફ્ટવેર એઝ એ સર્વિસ (SaaS) પ્લેટફોર્મ્સ અને ઉન્નત સુરક્ષા ઘટના વ્યવસ્થાપન માટે AI મોડલ્સ સાથે સંકલિત EDGE હાર્ડવેરની રજૂઆત દ્વારા આવકનું ઉત્પાદન શરૂ કર્યું હતું. FY25 ના Q1 માં, કંપનીએ દિલ્હી અને મુંબઈમાં ત્રણ મોટા એક્સપોઝમાં તેની ઓફરિંગ દર્શાવી હતી. વધુમાં, તેણે ગોલ્ડ ફાઈનાન્સિંગ ઉદ્યોગમાં ૨૭૦ થી વધુ સ્થાનોને આવરી લેતા ત્રણ અગ્રણી ખેલાડીઓને ક્લાયન્ટ તરીકે સામેલ કર્યા છે. આ હેઠળ તે વોલ્ટ ઓપરેશન માટે ઓટોમેશનના અમલીકરણ કરશે, જેમાં અદ્યતન સિક્યુરીટી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### શેરમાં મળી રહેલું અદ્વિતીય વળતર

કંપનીના શેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં મલ્ટીબેગર વળતર મળી રહ્યું છે. કંપની લાંબા ગાળાથી ડિવિડન્ડ ટ્રેક રેકોર્ડ ધરાવે છે. ૨૦૧૮માં ૪:૧ અને ૨૦૨૩માં ૩:૧ના ગુણોત્તરમાં બોનસ શેર ઈશ્યુ કરેલ છે. તાજેતરમાં જૂન ૨૦૨૪માં શેર વિભાજન કરેલ છે. પાછલા વર્ષમાં શેરમાં ૮૭.૧૧%, બે વર્ષમાં ૬૦૧.૫૩%, ૩ વર્ષમાં ૩૬૧૨.૪૩% અને ૫ વર્ષમાં ૮૪૦૬.૬૨% વળતર મળેલ છે.

# સંવત ૨૦૮૧ની શરૂઆતમાં સારા શેરો ખરીદવાની તક મળશે ચુકી ગયેલ તકોને ઝડપવા માટેની યોગ્ય અવસર મળશે

**સંવત ૨૦૮૦ ની ગતિવિધી**

સંવત ૨૦૮૦ ભારતીય પ્રાઇમરી માર્કેટ માટે બ્લોકબસ્ટર વર્ષ સાબિત થયું હતું જેમાં ૮૨ કંપનીઓએ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં રૂ. ૧.૦૮ ટ્રિલિયન એકત્ર કર્યા હતા. સંવત ૨૦૮૦ હજુ પૂરો થયો નથી અને કેટલીક કંપનીઓની પ્રારંભિક જાહેર ઓફરો (આઈપીઓ) હજુ સબસ્ક્રિપ્શન માટે ખુલ્લી હોવાથી આ રકમ વધવાની તૈયારીમાં છે.

**સંવત ૨૦૮૦ દરમિયાન શેરબજારમાં મુખ્ય ઘટનાઓ ખૂબ જ નોંધપાત્ર હતી. મુખ્ય IPO**

- **Hyundai Motors IPO:** ૨૭,૦૦૦ કરોડ એકત્ર કર્યા, IPO દ્વારા સૌથી વધુ રકમ
- બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ IPO: લગભગ ૯ મિલિયન અરજીઓ સાથે, બિડમાં રૂ. ૩.૨ ટ્રિલિયન મેળવ્યા
- ટાટા ટેક્નોલોજિસ IPO: આ વર્ષે પણ લૉન્ચ કરવામાં આવ્યો, જો કે એકત્ર કરાયેલી રકમની વિગતો સ્પષ્ટ કરવામાં આવી નથી



**બાજ નજરે**

**દિપક સોદાગર**

07666747902
E-mail : sdg5Paisa@gmail.com

અન્ય નોંધપાત્ર કંપનીઓ જે જાહેર થઈ તેમાં ભારતી હેક્સાકોમ, ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (આઈઆરઈડીએ), ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરન્સ, બ્રેઈનબીસ સોલ્યુશન્સ (ફર્સ્ટક્રાય), ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી, આધાર હાઉસિંગ ફાઈનાન્સ, પ્રીમિયર એનર્જી અને બજાજ હાઉસિંગ ફાઈનાન્સનો સમાવેશ થાય છે.

**બજાર પ્રદર્શન**

સંવત ૨૦૮૦માં નિફ્ટી અને સેન્સેક્સમાં ૧૨%નો ઉછાળો આવ્યો હતો, જે મજબૂત મેક્રો ટ્રેન્ડને કારણે છે. NSE પર બેંક નિફ્ટી ૬%, અને તે પછી ઈલેક્શન પછી બજારે ટ્રેન્ડ બદલ્યો જેની જાણ પણ તે વખતે જણાવેલ. આમ સંવત વર્ષ ૨૦૮૦ માં જોવા મળેલ છે.

**સંવત ૨૦૮૧નો અંદાજ**

વિશ્લેષકો અપેક્ષા રાખે છે કે બજાર હકારાત્મક રહેશે, સ્થાનિક પ્રવાહ બજારને ટેકો આપવાનું ચાલુ રાખશે. જો કે, તેઓ એવું પણ સૂચન કરે છે કે રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ અને તેમની સલામતી માટે લાર્જ-કેપ શેરોનો વિચાર કરવો જોઈએ. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE), નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી (NSDL), અને વિશાલ મેગા માર્ટ જેવી કંપનીઓ જાહેરમાં જવાની અપેક્ષા સાથે IPO પાઇપલાઇન મજબૂત રહેવાની શક્યતા છે.

**ક્ષેત્રવાર કામગીરી**

જ્યારે સંવત ૨૦૮૦ માટે ચોક્કસ ક્ષેત્ર મુજબની આગાહીઓ ઉપલબ્ધ નથી, અહીં કેટલાક ક્ષેત્રો છે જેણે આ સમયગાળા દરમિયાન ઐતિહાસિક રીતે સારું પ્રદર્શન કર્યું છેઃ

**ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT):** TCS, Infosys અને Wipro જેવા IT શેરો તેમના મજબૂત ફંડામેન્ટલ્સ અને સાતત્યપૂર્ણ પ્રદર્શનને કારણે સારો દેખાવ કરે છે.

**ફાર્માસ્યુટિકલ્સઃ** સન ફાર્મા, ડો. રેડ્ડીઝ અને સિપ્લા જેવા ફાર્મા શેરોમાં તેમની સતત વૃદ્ધિ અને ઑક્ટોબર ૨૦૨૩માં ૧૮૮૩૭ના નીચા સ્તરેથી ૧લી વખત માસિક ચાર્ટ પર ઈનિફ્ટી, કિંમતો મંદીની કેન્ડલ બનાવી રહી છે જે અગાઉના માસિક નીચાથી નીચે બંધ થઈ શકે છે, પ્રવાહ બદલાઈ રહી છે તે જાણવાની સરળ શક્તિશાળી રીત! નિફ્ટીએ ૨૪૭૫૩ની ઉપર દિવાળી બંધ કરવી પડશે અન્યથા મુશ્કેલી વ્યાપક જોવા મળશે

**સમગ્ર બજાર સેન્ટિમેન્ટ**

નિષ્ણાતો સંવત ૨૦૮૧ માટે સાવધાનીપૂર્વક આશાવાદી દ્રષ્ટિકોણની આગાહી કરે છે, જેના દ્વારા સંચાલિતઃ ૧. સતત આર્થિક વૃદ્ધિ ૨. ઘરેલું વપરાશ વધારવો ૩. કોર્પોરેટ કમાણીમાં સુધારો ૪. સ્થિર ફુગાવો

**ક્ષેત્રવાર અનુમાનો**

**૧. IT:** ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને મજબૂત માંગ દ્વારા સંચાલિત સતત વૃદ્ધિ.

**૨. ફાર્માસ્યુટિકલ્સઃ** હેલ્થકેર ખર્ચમાં વધારો અને નવીન ઉત્પાદનોને કારણે સ્થિર વૃદ્ધિ.

**૩.ઓટોમોબાઈલ્સઃ** EV અપનાવવા, ગ્રામીણ માંગ અને નવા લોન્ચને કારણે પુનઃપ્રાપ્તિ અપેક્ષિત છે.

**૪. બેંકિંગઃ** ધિરાણ વૃદ્ધિ, ઓછી એનપીએ અને સંપત્તિની ગુણવત્તામાં સુધારો દ્વારા સ્થિર વૃદ્ધિ.

**૫. કન્ઝ્યુમર ગુડ્સઃ** ગ્રામીણ માંગ, પ્રિમીયમાઈઝેશન અને ઈ-કોમર્સ વિસ્તરણ દ્વારા પ્રેરિત વૃદ્ધિ.

**૬.ઊર્જાઃ** રિન્યુએબલ એનર્જી અને ઓઈલ રિફાઈનિંગ સેક્ટરને સરકારી પહેલનો લાભ મળશે.

**૭. ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ** સંબંધિત સ્ટોક્સને વધારવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સરકારનો ખર્ચ.

**૮. ધાતુઃ** વૈશ્વિક આર્થિક વલણો અને વેપાર નીતિઓને કારણે અપેક્ષિત અસ્થિરતા.

**સ્ટોક-વિશિષ્ટ અનુમાનોઃ**

**૧. લાર્જ કેપ્સઃ**

- TCS, Infosys, અને Wipro (IT)
- HDFC બેંક, ICICI બેંક, એક્સિસ બેંક (બેંકિંગ)
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, IOC, HPCL (એનર્જી)

**૨. મિડ કેપ્સઃ**

- અદાણી ગ્રીન, ટાટા પાવર, JSW એનર્જી (એનર્જી)
- બર્જર પેઈન્ટ્સ, એશિયન પેઈન્ટ્સ અને કંસાઈ નેરોલેક (કન્ઝ્યુમર ગુડ્સ)






ઈન્ડસઈન્ડ બેંક, યસ બેંક અને ફેડરલ બેંક

**૩. સ્મોલ કેપ્સઃ**

- સોનાટા સોફ્ટવેર, ઝેન્સર ટેક્નોલોજીસ, અને ઈક્લેરક્સ સર્વિસીસ (IT)
- આરતી ઈન્ડસ્ટ્રીઝ, વિનતી ઓર્ગેનિક્સ અને કેપલિન પોઈન્ટ લેબોરેટરીઝ (કેમિકલ)

**૪ઃ ખાસ શેરો ધ્યાનમાં રાખવાની યાદીઃ** પેટીમ રૂ ૭૫૦થી રસુ ૬૮૦ વચ્ચે.

**બજારને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળોઃ**

**૧. વ્યાજ દરઃ** નાણાકીય નીતિના નિર્ણયો બજારના સેન્ટિમેન્ટને અસર કરશે.

**૨. વૈશ્વિક આર્થિક પ્રવાહોઃ** ભૌગોલિક રાજકીય તણાવ, વેપાર નીતિઓ અને વૈશ્વિક વૃદ્ધિ ભારતીય બજારોને પ્રભાવિત કરશે.

**૩. ચૂંટણીઃ** રાજ્ય અને રાષ્ટ્રીય ચૂંટણીઓ ટૂંકા ગાળાની અસ્થિરતા તરફ દોરી શકે છે.

**૪. ચલણની વધઘટઃ** રૂપિયાની અસ્થિરતા નિકાસલક્ષી ક્ષેત્રોને અસર કરી શકે છે.

**રોકાણ વ્યૂહરચના**

**૧. વિવિધતાઃ** તમામ ક્ષેત્રો અને માર્કેટ કેપ્સમાં રોકાણ ફેલાવો.

**૨. લાંબા ગાળાના ફોકસઃ** ટૂંકા ગાળાની અસ્થિરતાને અવગણો અને મૂળભૂત વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરો.

**૩. ગુણવત્તાવાળા સ્ટોક્સઃ** મજબૂત ફંડામેન્ટલ્સ અને વૃદ્ધિની સંભાવના ધરાવતી કંપનીઓમાં રોકાણ કરો.

**૪. ડોલર-કોસ્ટ એવરેજિંગઃ** સમય જોખમ ઘટાડવા માટે નિયમિતપણે રોકાણ કરો.

મહેરબાની કરીને નોંધ કરો કે આ આગાહીઓ બજારના સામાન્ય વલણો પર આધારિત છે અને ચોક્કસ રોકાણ સલાહ પર આધારિત નથી.

**શું તમે ઈચ્છો છોઃ**

૧. વધુ વિગતવાર ક્ષેત્રવાર વિશ્લેષણ? ૨. ચોક્કસ સ્ટોક ભલામણો? ૩. બજાર સમાચાર અપડેટ્સ? ૪.રોકાણ વ્યૂહરચના? ૫.પોર્ટફોલિયો મેનેજમેન્ટ સલાહ?

અગત્યની વાત સમજો ૧) કિંમત હંમેશા બેલેન્સ શીટ પર દર્શાવવામાં આવેલી આવક અને વૃદ્ધિને અનુસરે છે (એરમાં નહીં) ૨) શેર બજાર એક ચક્ર -સારા સમય પછી ખરાબ સમય આવે છે અને તેથી ઓનએન .એવરેજ હોય તે સમજવું ૩) ક્યારેય વન વે ડિરેક્શનલ ટ્રેનમાં ચડવું ન જોઈએ...

ચર્ચગેટથી વિરાર ટ્રેન રિવર્સ થશે અને ફરીથી ચર્ચગેટ પરત ફરશે.. તે ગુજરાત સુધી નોન સ્ટોપ નહીં ચાલે

૪) વેલ્યુએશનમાં બબલ હંમેશા બર્સ્ટ એન્ડ બ્રસ્ટ એન્ડ બ્રસ્ટ.. તે એક બિંદુથી આગળ ટકી શકે તેમ નથી (અદાણી તેનું શ્રેષ્ઠ ઉદાહરણ હતું.. પૈસા અને રાજકીય શક્તિ હોવા છતાં પણ તેઓ તેને ટકાવી શક્યા નહીં) ૫) વેચતા શીખો, નફો બુક કરો અને પૈસા ઘરે લઈ જાઓ.. કાગળનો નફો હંમેશાં પુસ્તકો પર અને હવામાં રહેશે .

ફેડરલ રિઝર્વ દરોમાં ક્યારે ઘટાડો કરશે તેના પર બજારોએ વધુ ધ્યાન કેન્દ્રિત કરીને વર્ષની શરૂઆત કરી છે, જ્યારે ઈતિહાસનું સૌથી મોટું વૈશ્વિક ચૂંટણી વર્ષ પૃષ્ઠભૂમિમાં ઝળુંબી રહ્યું છે. આ જ કારણ છે કે રોકાણકારોએ એક શ્વાસ લેવો જોઈએ અને ત્રણ લાંબા ગાળાના વિષયો વિશે વિચારવું જોઈએ જે સમાચાર અને ટૂંકા ગાળાના બજાર ચક્રથી આગળ વિકસિત થશે અને સહન કરશે. ૨૦૨૪ માટે અમે ગયા વર્ષના અમારા ત્રણમાંથી બે વિષયો જાળવી રાખીએ છીએ - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિકાર્બનાઇઝેશન - જ્યારે એક નવું માધ્યમ ઉમેરીએ છીએઃ દીર્ઘાયુષ્ય.

**નિફ્ટી ૨૪૪૭૨ :** છેલ્લા ૨-૩ દિવસમાં જાણ કરવામાં આવી છે કે ઊંચા મૂલ્યાંકન અને નિરાશાજનક પરિણામો નબળા ઉંર કોમેન્ટ્રીને કારણે બજાર ઘટી રહ્યું છે. મૂળભૂત રીતે બજાર ઈ મટીપલને સમાયોજિત કરી રહ્યું છે જે આવતીકાલની જેમ વિસ્તરી રહ્યું હતું. આપણે ઘણા શેરોમાં યોગ્ય ઘટાડો -- ક્રેક જોયો છે, ઘણા શેરોએ છેલ્લા ૧-૨ મહિનામાં તાજેતરના ઉચ્ચ સ્તરેથી ૩૫-૪૦% કરેક્શન જોયુ છે. છેલ્લા ૨-૩ દિવસનો ઘબરાટ પણ ભારે અને જોખમી જોવાય છે. મને લાગે છે કે બજાર હજુ પણ ડાઉનસાઇડ પર વધુ ખરાબી કરી શકે છે. કોઈપણ બાઉન્સ હળવા થાવનું અને વેલ્યૂ બાયિંગ કરવામાં આવશે, તેમ છતાં લાંબી પોઝિશન્સ લિક્વિડેટ થઈ નથી, સ્ટ્ર બુકમાં ઘટાડો થયો નથી.

ત્રણ ચાર સપ્તાહ પહેલા અર્થાત સપ્ટેમ્બર ના એન્ડ માં હણસાર આપેલો તે દૈનિક સાપ્તાહિક અને માસી ત્રણેય આરએસઆઈ અતિશય ઓવરબોટ પરિસ્થિતિમાં હતી અને નફો કરીને બાજુ પર થવાનો અણસાર આપેલ એ મુજબ બજારે કરેક્શન તો આપ્યું છે અને સાથે સાથે અસંખ્ય દલાલોના બાય રિપોર્ટ પણ આવેલા છે પરંતુ એ બધા જ રિકમન્ડેશનમાં વિકલી ચાર્ટમાં નબળાઈ છે અને એ નબળાઈ કેટલો વખત રહેશે તે ખબર નથી છતાં પણ બજાર એક તરફી તેજી કે એક તરફી મંદી નથી કરતું એ વાતને ધ્યાનમાં રાખતા અત્રે આપેલ ટેબલમાં નીચા ભાવે તમને સારી કંપનીઓ મળે તો તેમાં ટુકડે ટુકડે રોકાણ કરવાનું વિચારવું અને લીધા પછી આઠથી દસ ટકાનો ઉછાળો જોવા મળે તો નફો પણ કરવાનું વિચારજો આ વસ્તુ ભૂલતા નહીં

**૨. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉદ્યોગોને વિક્ષેપિત કરવાનું ચાલુ રાખશે**

અનુસંધાન આગળના પાને...

**અનુસંધાન પાછળના પાનાનું...**

જનરેટિવ એઆઈ એ સ્માર્ટફોન પછીની સૌથી વિક્ષેપજનક તકનીકોમાંની એક છે, અને શ્રમ અને વ્યાપક અર્થતંત્ર પર તેની વ્યાપક અસરો હમણાં જ ઉભરી આવવાની શરૂઆત થઈ છે.

મોર્ગન સ્ટેનલીના અર્થશાસ્ત્રીઓ આગામી ત્રણ વર્ષમાં ૪૦ ટકા વ્યવસાયોને જનરેટિવ એઆઇ (AI) દ્વારા અસર થવાની અપેક્ષા રાખે છે, જેમાં ૪.૧ ટ્રિલિયન ડોલરનો શ્રમ ખર્ચ થાય છે. લાંબા સમય સુધી ચુસ્ત શ્રમ બજારમાં, યુ.એસ.ની ઉત્પાદકતા વૃદ્ધિમાં ઘટાડાની સાથે, એઆઈ (અને ખાસ કરીને જનરેટિવ એઆઈ)એ કાર્યક્ષમતા અને ઉત્પાદન વધારવામાં મદદ કરવી જોઈએ, જ્યારે ખર્ચમાં ઘટાડો કરવો જોઈએ અને ગિગ-કમાણી કરનાર અર્થતંત્રમાં આવક માટેના નવા માર્ગો ખોલવા જોઈએ. પ્રત્યક્ષ ટેક નાટકો ઉપરાંત, મોર્ગન સ્ટેનલીએ આરોગ્ય સંભાળ, શિક્ષણ, ખાદ્ય ઉત્પાદન, ઉત્પાદન, પરિવહન અને અન્ય સહિતના વિક્ષેપ માટે યોગ્ય ક્ષેત્રોમાં જનરેટિવ એઆઈની અસરનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખ્યું છે.

**૩. ડીકાર્બનાઇઝેશન હજુ પણ સાવચેત રોકાણકારો માટે નવા ઉદઘાટનો રજૂ કરે છે**

વર્ષ ૨૦૧૫ના પેરિસ ક્લાઈમેટ એકોર્ડ્સમાં દર્શાવવામાં આવેલા મહત્ત્વાકાંક્ષી ટકાઉપણાના લક્ષ્યાંકો તેમજ વિવિધ રાષ્ટ્રીય અને કંપની-સ્તરના લક્ષ્યાંકો હાંસલ કરવા માટે વિશ્વ દોડધામ કરી રહ્યું છે. અશ્મિભૂત ઇંધણ પરના અવલંબનને હળવું કરવા માટે પુષ્કળ પ્રમાણમાં મૂડી અને નવીનીકરણની જરૂર પડશે, અને તેની ચાવી વિશાળ આંતરમાળખાકીય અપગ્રેડેશન્સ અને કાર્બન-સઘન ઉદ્યોગોની મરામત હશે.

નિફ્ટી બંધ ૨૪,૨૧૩ ગયા સપ્તાહમાં ૨.૯૫ ટકા ના ઘટાડા સાથે ખરાબી જોવા મળી છે અને માસિક ચાર્ટમાં ૬.૮૫% નો ઘટાડો જોવા મળ્યો છે અલબત્ત માસિક ચાર્ટની બેરીશ રચના બની છે અને હવે ૨૪,૦૦૦ ની સપાટી તૂટે તો વધારે ખરાબી જોવા મળશે તો બીજી બાજુ કેન્ડલસ્ટીક ચાર્ટમાં અને બજેટ વખતની નીચી સપાટી તૂટી છે

હવે એવું કહી શકાય કે ૨૧૨૬૫ ની બોટમથી ૨૬,૪૦૨ ની સપાટી નું ફીબોનાચી કરેક્શન ૨૪૪૪૦ પાસે અને ત્યારબાદ ?૨૩,૮૩૩ જે ૫૦ ટકાનો ઘટાડો સૂચવે છે આમ માસિક અને સાપ્તાહિક ચાર્ટમાં અતિશય ખરાબીને કારણે હજી નવા નીચા લેવલ જોવા મળશે ટૂંકમાં સામનો કરવો



અથવા બોટમ ફિશિંગ કરવું યોગ્ય લાગતું નથી બજાર થાળે અને નીચા ભાવે ઘટતું અટકે તો જ ખરીદીનો વિચાર કરવો જ્યારે ઊંચામાં ૨૪,૪૬૦ કુદાવે તો ૨૫,૦૩૦ સુધીની જગ્યા બને છે. અલબત્ત છેલ્લા ઘટાડામાં ૨૫૦૦૩૦ થી ૨૪૦૬૮ સુધીની ઘટાડાની ચાલ સામે ફિબોનાચી લેવલ ઉછાળા માટે ૨૪,૪૩૫ તે પછી ૨૪,૫૪૦ અને ૨૪,૬૬૨ અને ૨૪,૮૨૪ ધ્યાનમાં રાખવી એક પછી એક તબક્કા કુદાવે આવે અને ૨૪,૮૦૦ ઉપર બંધ આપવામાં સફળ થાય તો બજાર પ્રવાહ બદલાવના મૂડમાં આવ્યું

નિફ્ટીમાં આવનારા દિવસોમાં મુરતના દિવસની ઉંચી સપાટી કુદાવે અને સાથે સાથે નવેમ્બરની શરૂઆતમાં પ્રારંભિક તેજી તરફી ચાલ જોવાય અને માસિક ખુલતા ભાવ કરતા ઉપર બંધ આપે તો તે સેક્ટરમાં અને જે તે કંપનીઓમાં લઈને વેપાર કરવાનું વિચારવું અને જો આ તેજીની ચાલ પકડાશે તો વધઘટે જાન્યુઆરીના પહેલા સપ્તાહ સુધી બજારમાં સુધારાની ચાલ જોવા મળે છે તેમ કહી શકાય તો નવી તેજી માટેનો માહોલ બનાવશે ટૂંકમાં માસિક દ્રષ્ટિએ ખૂબ જ મોટો ઘટાડો જોવાયો હોવાથી ઉછાળા આવે પણ ટકે નહીં. હું હજુ સુધી સ્ટોક ખરીદવા માટે ઉતાવળ કે ઉતાવળ કરીશ નહીં.

બેંક નિફ્ટી ૫૦૮૯૫ ગયા સપ્તાહમાં ૨.૭૦% ના ઘટાડા સાથે નરમાઈની ચાલ જોવા મળી છે અને સાથે સાથે ૫૪૬૪૦ ના મથાળા સામે ૫૨,૬૬૫ નું લોવર ટોપ બનતું જોવાયું અને તેને ધ્યાનમાં લેતા હવે પછીનો ઘટાડો આગલા ઘટાડાની સરખામણીએ સરખો આવવો જોઈએ તો તે મુજબ ૫૦૩૨૪૯ તે પછી ૪૯૫૨૩ અને ૪૮,૮૭૦ આ સપાટી પાસે ટેકો મળતો જોવાય. જ્યારે ઊંચામાં હવે ૫૧,૨૭૬ નજીકની પ્રતિકાર સપાટી સમજવી તેની ઉપર ચાલે તો જ ૫૧૨૨૬ જોવા મળી શકે ટૂંકમાં ઉછાળે વેચવાની આવતી જોવાશે. નક્કર તેજીના સંકેતો ના મળે ત્યાં સુધી આંધળુકીયા કરીને તેજી મ મંદીનો વેપાર કરવાથી સાવચેત રહેવું

વ્યક્તિગત સેક્ટરોમાં પ્રવાહ આ મુજબનો છે

નિફ્ટી મીડ કેપ ઇન્ડેક્સ બંધ ૧૩,૬૩૫ નિફ્ટી મિડકેપ માં પણ વ્યવસ્થિત રીતે કરેક્ટ થયું છે અને સાથે સાથે અગાઉની ૧૩,૧૨૯ મી બોટમ નીચે બંધ આપીને ખરાબી બતાવી છે. આરએસઆઈ ઈન્ડિકેટર પણ નવી નીચી સપાટી બતાવે છે આથી ઉછાળો આવે પણ ટકે નહીં અને વધઘટે નવી નીચી સપાટી જોવા મળે.

નિફ્ટી સર્વિસ સેક્ટર ઈન્ડેક્સ બંધ ૩૧,૭૭૮ ગયા સપ્તાહમાં ૧.૪૩ ટકાના ઘટાડા સાથે તાજેતરની નવી નીચી સપાટી જોવા મળી છે અને વજગાળાની ૩૧,૬૭૫ ની બોટમ નીચે બંધ આપીને નબળાઈ બતાવી છે આરએસઆઈ ઈન્ડિકેટર પણ નવી નીચી સપાટી બતાવતું હોવાથી અહીંયા પણ ઉછાળો આવી શકે પણ ટકે નહીં આમ આ બે ઈન્ડેક્સ વધારે પડતી નબળાઈ બતાડે છે

તો સાથે સાથે સેક્ટર વાઈઝ સૌથી વધારે ખરાબી નિફ્ટી માઇક્રો કેપ માં ૭.૯૯% નો ઘટાડો, આલ્ફા માં ૭.૬૭ ટકાનો ઘટાડો રિયાલિટીમાં ૭.૨૧% નો ઘટાડો, નિફ્ટી પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઇઝમાં ૭.૧૦% નો ઘટાડો, નિફ્ટી મેટલમાં ૭.૧૬ ટકાનો ઘટાડો અને નિફ્ટી ટુ ૫૦ માં ૬.૮૭ ટકા ના ઘટાડા સાથે આ પાંચ સેક્ટરમાં અગ્રેસર ખરાબી જોવા મળી છે. જેની સામે સમગ્ર બજારમાં એક પણ સેક્ટર સમ ખાવા પૂરતું પણ સારું બંધ આવેલ નથી આમ બજાર વ્યવસ્થિત રીતે મંદીનો વક્કર બેસી ગે

## નીચે મુજબના શેરોમાં ખાસ ટુકડે ટુકડે ખરીદી કરવી

| | |
|---|---|
| મેડી આસિસ્ટ હેલ્થકેર | ઓફસ |
| મેક્સ એસ્ટેટ | LTTS |
| શિવાલિક બિમેટલ | જેપી પાવર |
| બજાર શૈલી રિટેલ | જેએસપીએલ |
| એન્ડ્યુરન્સ ટેક | પોલીકેબ |
| ટાટા કોમ્યુનિકેશન્સ | જીઇ ટી એન્ડ ડી ઈન્ડિયા |
| એનટીપીસી | એસીસી |
| જમના ઓટો | રાણે હોલ્ડિંગ્સ |

**ગુજરાત ઇન્ડસ્ટ્રી પ્રિય વાચક બંધુ નીચે મુજબની કેટલીક કંપનીઓમાં ટૂંકાથી મધ્યમ ગાળા માટે નર્માઈનો પ્રવાહ શરૂ થયો છે અને ઉછાળે વેચવાની આવતી જોવાશે તો આ કંપનીઓમાં તમારી સગવડતા અનુસાર તેજી માંથી નીકળવાનું અથવા તો નવી ખરીદીથી દૂર રહેવાનું વિચારવું**

અદાની એન્ટરપ્રાઇઝ, અજંતા ફાર્મા, એલકેમ, એપીએલ લિમિટેડ, Blue Dart, કેન બેંક, સીએટ લિમિટેડ, દાલમિયા ભારત, ગ્રાસિમ, હોમ ફર્સ્ટ, આઈ સી આઈ પ્રુ, એફએસએલ, મેરી કો, પુના વાલા, સેફાયર, સિગ્નેચર, સન ફાર્મા અને વેસ્ટ લાઈફ આટલી કંપનીઓમાં ટૂંકા ગાળાનો પ્રવાહનો પ્રવાહ નર્માઈ તરફથી થયો છે અલબત્ત ઉછાળે હળવા થવો અથવા નવી ખરીદી માટે ચોક્કસ સંકેતોની રાહ જોવી

ઓછો. થયું છે તેમ કહી શકાય

**પેટીમ** બંધ ભાવ ૭૪૨ આ કંપનીમાં લિપસ્ટિંગ વખતે ૧૯૫૦ નો ભાવ જોવાયો હતો ત્યાંથી સતત ઘટતા ઘટતા નીચામાં ૫૨૧ ની બોટમ ત્યારબાદ ૪૩૮ ની બોટમ ત્યારબાદ ૩૧૮ ની બોટમ અને છેલ્લે ૩૧૦ ની બોટમ બનાવીને અગત્યનો તેજી તરફી શરૂઆત થઈ છે અને તે પછી હાલમાં ઘણા સમયથી ઉપરની પ્રતિકાર રેખાને પસાર કરીને રાઈઝીંગ ચેનલ માંથી ગયા સપ્તાહમાં તેજી તરફી બ્રેકઆઉટ આપ્યું છે

બજારમાં ૨૦૦૦ પોંઇટની ખરાબી સામે આમ સારો અને સંગીન બંધ અને તા પણ વધતા જતા વોલ્યૂમે સાથે. આમ ચોક્કસ પણે રોકાણ કરવા લાયક સભ્ય ગણી શકાય. ટૂંકાથી મધ્યમ ગાળા માટે પ્રવાહ તેજી તરફી બન્યો છે અને હવે મધ્યમથી લાંબા ગાળા માટે ઘટાડે રોકાણ કરવાનું વિચારી શકાય.

આ કંપનીમાં ખાસ ધ્યાન રાખવું અને સાથે સાથે તમારા ફાઈનાન્સ એડવાઈઝરની સલાહ લઈને ઈન્વેસ્ટમેન્ટનું આયોજન કરવું ફક્ત ચાર્ટ મુજબ જોવા જઈએ તો માસિક ચાર્ટ મુજબ ૭૮૧ ઉપર બંધ આવતા ૮૧૭ તે પછી ૮૭૫ અને ૯૭૦ ટૂંકા થી મધ્યમ ગાળા માટે જોવા મળશે અને જે દિવસે ૯૯૮ ઉપર બંધ આવશે તે પછી નવેસરથી તેજીનો માહોલ જોવા મળે તેવું ચાર્ટ ઉપરથી પ્રતિત થાય છે

નજીકમાં ૬૭૫ સ્ટાર પ્લસ રાખવો તેની નીચે બંધ આવે તો જ નબળાઈ જોવાશે

તાજેતરની એફપીઆઇ (FPI) નું વેચાણ એ કોઇ અજાણી હકીકત નથી, આમ એફપીઆઇ (FPI) નું વેચાણ ખરેખર શું છે અને તેની તીવ્રતા કેટલી છે તે અંગે ઊંડાણપૂર્વક ડૂબકી મારવી પડે . કેટલાક સેક્ટરોએ ડીઆઇઆઇની ખરીદી પાછળ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે, તો કેટલાકને એફપીઆઇ વેચવાલીના દબાણને કારણે ફટકો પડ્યો છે. ડીઆઈઆઈની ખરીદીએ એફપીઆઈના વેચાણને મહદ્ અંશે બેઅસર કરી દીધું છે, જેથી બજારો પરની એકંદર અસરમાં ઘટાડો થયો છે (કારણ કે તે માત્ર ૫ ટકા જ નીચે છે, જે અંદાજે ૯ અબજ ડોલરની વેચવાલી માટે હળવી પ્રતિક્રિયા જેવું લાગે છે) કૃપા કરીને ઉપરોક્ત મુદ્દાઓને પ્રકાશિત કરતા જોડાયેલ એક પેજર માં સમાવવાની તકલીફ લીધી છે.

| [illegible] | 2024 માં ચોખ્ખો પ્રવાહ ($ Mn) | | | | | | | | | | વળતર (%) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જાન્યુ | ફેબ્રુ | માર | એપ્રિલ | મે | જુન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે | ઓક્ટો | CYTD 24 સપ્ટે | 24 ઓક્ટો |
| ઓટો અને ઓટો Anc. | -249 | 668 | 194 | 134 | -483 | 208 | 735 | -284 | -251 | -967 | 45 | -8 |
| કેપિટલ ગુડ્સ 84 | | 471 | 456 | 436 | 722 | 334 | 589 | -37 | 477 | -101 | 31 | -6 |
| બાંધકામ | -35 | -542 | 97 | 34 | -322 | -326 | -183 | -90 | 131 | -205 | 48 | -9 |
| કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ | -127 | 134 | -162 | -208 | -91 | 10 | -22 | 562 | 446 | -101 | 35 | -7 |
| FMCG | -319 | -539 | 752 | -949 | -500 | -110 | 117 | 429 | 584 | -811 | 16 | -8 |
| નાણાકીય સેવાઓ | -3611 | -1202 | 417 | -1120 | -1029 | 1098 | -915 | -1431 | 3244 | -2768 | 14 | -4 |
| હેલ્થકેર | -44 | 627 | -114 | -85 | 19 | 395 | 605 | 695 | 792 | -283 | 40 | -3 |
| માહિતી ટેકનોલોજી | 540 | 265 | -200 | -1148 | -696 | -118 | 1407 | 481 | -145 | -324 | 17 | -2 |
| ધાતુઓ અને ખાણકામ | -196 | -81 | 145 | -29 | -114 | -358 | 874 | -450 | 138 | 26 | 28 | -8 |
| તેલ, ગેસ અને ઉપભોક્તા ઈંધણ | 417 | -427 | -275 | -284 | -666 | -316 | 194 | 144 | -77 | -1471 | 37 | -11 |
| શક્તિ | 298 | -178 | 3 | 511 | -360 | -312 | -455 | -123 | 202 | -304 | 49 | -8 |
| ટેલિકોમ | 318 | -474 | 960 | 993 | 133 | 952 | 375 | 246 | 230 | -191 | 38 | -7 |

EaseMyTrip.com
Take it Easy

TRAVEL Utsav

www.easemytrip.com

EaseMyTrip offers 'End to End' travel solutions including air tickets for more than 400 international and domestic airlines, hotel bookings for nearly 1 million hotels in India and abroad, cab booking with 4000+ cab operators, bus tickets with 2000+ bus operators, and railway tickets in India for all major cities.




Make your travel easy with a wide range of products and services.



## કંપની દિવસે ને દિવસે નવા અધિગ્રહણો થકી અનેકવિધ ક્ષેત્રોમાં તેની હાજરી મજબૂત કરી રહી છે

# ઈઝી ટ્રીપ પ્લાનર્સની બોનસ ઈશ્યુની જાહેરાત : ૧:૧ના ગુણોત્તરમાં બોનસ આપશે




EaseMyTrip.com, ભારતના અગ્રણી ઓનલાઈન ટ્રાવેલ ટેક્નોલોજી પ્લેટફોર્મ્સમાંની એક, ૧:૧ બોનસ ઈક્વિટી શેર ઈસ્યુને મંજૂરી આપી છે. આ નિર્ણય ૧૪ ઓક્ટોબરના યોજાયેલી બોર્ડ મીટિંગમાં લેવામાં આવ્યો હતો, જે ૨૦૨૨ માં બે સફળ બોનસ ઈશ્યુ બાદ ત્રીજી બોનસ ઈશ્યુ હશે. ૨૦૨૧માં લિસ્ટ થયેલી કંપની દ્વારા પાછલા ત્રણ વર્ષમાં આ ત્રીજી બોનસ ઈશ્યુ બનશે. અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૨ અને નવેમ્બર ૨૦૦૨માં અનુક્રમે ૧:૧ અને ૩:૧ના ગુણોત્તરમાં બોનસ શેર ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

મંજૂર કરાયેલ બોનસ ઈશ્યુ કંપનીના અનુસંધાનમાં કંપની ૩૧ માર્ચ, ૨૦૨૪માં રોજ ચોપડે ઉપલબ્ધ રૂ. ૩૯૭.૩૯ કરોડના રિઝર્વ ભંડોળમાંથી રૂ. ૧૭૭.૨૦ કરોડનો ઉપયોગ કરીને રૂ. ૧ની ફેસ વેલ્યુના ૧,૭૭,૨૦,૪૦,૬૧૮ નવા શેર ફાળવશે. બોનસ ઈશ્યુ કર્યા બાદ કંપનીની કુલ શેરમૂડી વધીને રૂ.૩૫૪.૪૦ કરોડ થશે.

### કંપની વિષે

કંપની ફ્લેગશિપ બ્રાન્ડ ''ઈઝ માય ટ્રીપ'' હેઠળ પ્રવાસ સંબંધિત ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક શ્રેણી ઓફર કરે છે. તે એરલાઈન ટિકિટ, હોટેલ અને હોલિડે પેકેજ, રેલ ટિકિટ, બસ ટિકિટ અને ટેક્સીઓ તેમજ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ, વિઝા પ્રોસેસિંગ અને પ્રવૃત્તિઓ અને આકર્ષણ માટેની ટિકિટો જેવી આનુષંગિક મૂલ્યવર્ધિત સેવાઓ સહિત અંતિમ-થી-અંત મુસાફરી ઉકેલો પણ પ્રદાન કરે છે. Easy Trip Planners(EMT) એ ભારતમાં ઓનલાઈન ટ્રાવેલ પોર્ટલમાં સૌથી ઝડપથી વિકસતી, ૨જી સૌથી મોટી અને એકમાત્ર નફાકારક કંપની છે. કંપની એરલાઈન ટિકિટ, હોટેલ અને હોલિડે પેકેજ, રેલ ટિકિટ અને બસ ટિકિટ સહિત એન્ડ-ટૂ-એન્ડ ટ્રાવેલ સોલ્યુશન્સ માટે પ્રવાસ-સંબંધિત ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક શ્રેણી ઓફર કરે છે. સમગ્ર ભારતમાં ૬૦,૦૦૦ નું સૌથી મોટું ટ્રાવેલ એજન્ટ નેટવર્ક ધરાવે છે. કંપની પાસે ત્રણ વિતરણ ચેનલો B2C, B2E અને B2B2C છે. હાલમાં તેનો ૯૦% થી વધુ બિઝનેસ B2C છે જ્યારે બાકીનામાં ટ્રાવેલ એજન્ટ અથવા કોર્પોરેટ બિઝનેસનો સમાવેશ થાય છે.

કંપની માર્ચ ૨૦૨૧માં પબ્લિક ઈશ્યુ લઈને આવી હતી અને ત્યારબાદ તેનો ટ્રેક રેકોર્ડ અદ્વિતીય રહ્યો છે. કંપનીએ સતત વિસ્તરણ યોજનાઓ અને તેના અનન્ય બીઝનેસ મોડેલ થકી એક અદ્વિતીય સેદેશી ઓનલાઈન ટ્રાવેલ એગ્રીગેટર તરીકે મોકાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કંપની ટ્રાવેલ સંબંધિત ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક શ્રેણી પ્રદાન કરે છે. કંપની એરલાઈન ટિકિટ, હોટલ અને હોલિડે પેકેજ, રેલ ટિકિટ, બસ ટિકિટ અને ટેક્સી તેમજ ટ્રાવેલ ઈન્સ્યોરન્સ, વિઝા પ્રોસેસિંગ તેમજ એક્ટીવીટી અને આકર્ષણ માટેની ટિકિટ જેવી આનુષંગિક મૂલ્યવર્ધિત સેવાઓ સહિત એન્ડ-ટૂ-એન્ડ ટ્રાવેલ સોલ્યુશન્સ પ્રદાન કરે છે.

કંપની ભારતની સૌથી ઝડપથી વિકસતી અને બીજા ક્રમની સૌથી મોટી ઓનલાઈન ટ્રાવેલ એજન્સી તરીકે સ્થિત છે અને ખાસ કરીને, આ ક્ષેત્રમાં એકમાત્ર નફાકારક કંપની છે. કંપની પ્રવાસ-સંબંધિત ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક



શ્રેણી પૂરી પાડે છે, જેમાં એરલાઈન ટિકિટ, હોટેલ અને હોલિડે પેકેજ, રેલ ટિકિટ અને બસ બુકિંગનો સમાવેશ થાય છે.

### PhonePe સાથે હોટેલ્સ બુકિંગ માટે ભાગીદારી

કંપનીએ હોટેલ્સ સેગમેન્ટને લોન્ચ કરવા માટે PhonePe સાથે વિશિષ્ટ ભાગીદારીમાં પ્રવેશ કર્યો છે. આ સહયોગ થકી PhonePe વપરાશકર્તાઓને લાખો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય હોટેલ્સમાં સીમલેસ એક્સેસ સાથે, વિશિષ્ટ ડીલ્સ અને વિશેષ ઑફર્સનો લાભ મળશે.હોટેલ બુકિંગ ઉપરાંત, EaseMyTrip PhonePe વપરાશકર્તાઓ માટે વ્યાપક મુસાફરી બુકિંગ અનુભવ બનાવવાનું લક્ષ્ય રાખીને પ્રવૃત્તિઓ અને કેબ્સ ઉમેરીને PhonePe પર તેની ઑફરિંગને વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે.

### EaseMyTrip દ્વારા એક્વિઝિશન અને વ્યૂહાત્મક ભાગીદારી

**સ્પ્રી હોસ્પિટાલિટી એક્વિઝિશન :** EaseMyTrip એ ભારતભરમાં હોટેલ્સ, રિસોર્ટ્સ, ક્લબહાઉસ અને ગેસ્ટ હાઉસ સહિત ૪૫ પ્રોપર્ટીમાં ૧,૨૦૦ રૂમ ધરાવતી હોસ્પિટાલિટી મેનેજમેન્ટ કંપની, સ્પ્રી હોસ્પિટાલિટી હસ્તગત કરી છે. સ્પ્રી આગામી પાંચ વર્ષમાં તેના પોર્ટફોલિયોને ૨૦૦ પ્રોપર્ટી સુધી વિસ્તારવાની યોજના ધરાવે છે.

**યોલોબસ એક્વિઝિશન :** યોલોબસ, એક પ્રીમિયમ ઈન્ટરસિટી બસ મોબિલિટી પ્લેટફોર્મ, EaseMyTrip ના પરિવહન ઓફરિંગને વધારવા માટે હસ્તગત કરવામાં આવ્યું હતું. ૩ લાખથી વધુ ગ્રાહકોએ YoloBus નો ઉપયોગ કર્યો છે, જે Tier-I થી Tier-II અને III શહેરોને જોડતા ૨૫૦ રૂટ પર કાર્ય કરે છે.

**Flybig સાથે વિશિષ્ટ ભાગીદારી :** EaseMyTrip એ Flybig, ભારતની સૌથી નવી પ્રાદેશિક એરલાઈન, Flybig સાથે તેના પ્લેટફોર્મ દ્વારા ટિકીટના વેચાણનું સંચાલન કરવા માટે વિશિષ્ટ કરાર કર્યો છે.

**સ્પાઈસજેટ સાથે એક્સક્લુઝિવ પાર્ટનરશીપ :** EaseMyTrip એ સ્પાઈસજેટની તમામ હોલિડે બુકિંગને પાવર આપવા માટે, બજેટ એરલાઈન, સ્પાઈસજેટ સાથે ખાસ ભાગીદારી કરી છે.

**JustDial સાથે ભાગીદારી :** JustDial માટે વિશિષ્ટ સેવા પ્રદાતા તરીકે, EaseMyTrip તેના પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવેલ તમામ ફ્લાઈટ બુકિંગને હેન્ડલ કરે છે.

**નૂતના એવિએશન એક્વિઝિશન :** FY23 માં, EaseMyTrip એ નૂતના એવિએશન કેપિટલમાં ૭૫% હિસ્સો હસ્તગત કર્યો હતો, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચાર્ટર સોલ્યુશન્સ પ્રદાન કરતી એવિએશન એસેટ ફાઈનાન્સિંગ અને લીઝિંગ કંપની છે.

**ઇકો હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ લિમિટેડ:** EaseMyTrip એ શેર સ્વેપ ડીલ દ્વારા ઈકો હોટેલ્સ અને રિસોર્ટ્સમાં ૧૩.૩૯% હિસ્સો મેળવ્યો, ત્યારબાદ ડિસેમ્બર ૨૦૨૩માં વધારાનો ૧૩% હિસ્સો મેળવ્યો.

**ગાઈડલાઈન ટ્રાવેલ હોલીડેઝ :** આ અગ્રણી ક્રૂઝ પ્રદાતામાં ૫૧% હિસ્સો મેળવ્યો છે, જે B2C અને B2B બંને સેગમેન્ટમાં કાર્યરત છે.

**ટ્રીપશોપ ટ્રાવેલ ટેક્નોલોજીસ :** TripShope માં ૫૧% હિસ્સો મેળવ્યો છે, જે કાશ્મીરમાં વ્યાપક B2B નેટવર્ક સાથે અગ્રણી ટ્રાવેલ સોલ્યુશન્સ પ્લેટફોર્મ છે.

**ડુક ટ્રાવેલ્સ :** Dook Travels માં ૫૧% હિસ્સો મેળવ્યો, જે મધ્ય એશિયા, તુર્કી, UAE અને ભારતમાં કાર્યરત છે.

**ETrav Tech Ltd. માં રોકાણ :** EaseMyTrip ૪.૯૪% હિસ્સો મેળવીને ETrav ટેકમાં રોકાણ કર્યું છે.

**જીવનાની ગ્રૂપની સાથે રેડિસન હોટલમાં ભાગીદારી:** EaseMyTrip, Jeewani Group સાથે મળીને, અયોધ્યામાં ૧૫૦ રૂમની Radisson Blu હોટેલનું સહ-વિકાસ કરી રહી છે. રામ મંદિરના બે કિલોમીટરની અંદર આવેલો આ ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ ૨૦૨૭માં શરૂ થવાની ધારણા છે.

### ભૌગોલિક વિસ્તરણ

FY24 ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, EaseMyTrip એ લુધિયાણા, જલંધર, દિલ્હી અને આગ્રામાં નવા ફ્રેન્ચાઈઝ સ્ટોર્સ ખોલીને ઉત્તર ભારતમાં તેની છાપ વિસ્તારી. વધુમાં, કંપનીની દુબઈ ઓફિસ આંતરરાષ્ટ્રીય વિસ્તરણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરીને નોંધપાત્ર વૃદ્ધિનો અનુભવ કરી રહી છે.

### AI ટેકનોલોજીનું એકીકરણ

H1FY24 માં, EaseMyTrip એ અદ્યતન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML) દ્વારા સંચાલિત ઈન-હાઉસ સ્માર્ટ વૉઈસ રેકગ્નિશન ટેક્નૉલૉજી રજૂ કરી, જે ગ્રાહકની ક્રિયાપ્રતિક્રિયા અને સપોર્ટ કાર્યક્ષમતામાં વધારો કરે છે.

### DuDigital સાથે સહયોગ

EaseMyTrip એ H1FY24 માં ડુડિજિટલ ગ્લોબલ લિમિટેડ સાથે વ્યૂહાત્મક ભાગીદારીમાં પણ પ્રવેશ કર્યો હતો. તેને પગલે વિઝા, પાસપોર્ટ અને ઓળખ વ્યવસ્થાપન સંબંધિત વહીવટી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવામાં આવશે.

### વીમા ક્ષેત્રમાં વૈવિધ્યકરણ

૨૪ જાન્યુઆરીના રોજ, EaseMyTrip એ EaseMyTrip ઈન્સ્યોરન્સ બ્રોકર પ્રાઈવેટ લિમિટેડ નામની સમર્પિત પેટાકંપનીની સ્થાપના કરીને વીમા ક્ષેત્રમાં પ્રવેશ કરીને તેના વ્યવસાયમાં વૈવિધ્યીકરણ કર્યું છે. આ નવું સાહસ કંપનીની સર્વિસ ઑફરિંગને વિસ્તૃત કરવા અને વીમા સોલ્યુશન્સ દ્વારા તેના પોર્ટફોલિયોને વધારવા તરફ એક વ્યૂહાત્મક પગલું દર્શાવે છે. આ વિસ્તરણને લીધે તેના પ્લેટફોર્મ પર કંપની અપસેલિંગ તેમજ ક્રોસ-સોલીંગની તકો મોનેટાઈઝ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે જે તેની આવકમાં સારો વધારો કરી શકે છે.

### નાણાકીય સ્થિતિ

EaseMyTrip એ INR ૨,૨૭૪.૫ કરોડની ગ્રોસ બુકિંગ રેવન્યુ (GBR) નોંધાવી છે, જે ૪.૧% વર્ષ-દર-વર્ષ (YoY) ઘટાડો દર્શાવે છે. જો કે, EBIT-DA વાર્ષિક ધોરણે ૩૪.૯% વધીને INR ૫૦.૬ કરોડ સુધી પહોંચ્યું છે. ઓપરેશન્સમાંથી કંપનીની આવક વાર્ષિક ધોરણે ૨૩.૦% વધી છે, જે INR ૧૫૨.૬ કરોડની છે. દરમિયાન, કરવેરા પછીનો નફો (PAT) INR ૩૨.૫ કરોડ હતો, જે ૨૪.૮% વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. EaseMyTrip ન્યૂનતમ માર્કેટિંગ ખર્ચ સાથે કાર્ય કરે છે, FY24 ના પહેલા ભાગમાં તેની આવકના માત્ર ૦.૯% માર્કેટિંગ માટે ફાળવે છે અને વધારાના ૩.૬% ડિસ્કાઉન્ટ પર. આ દુર્બળ અભિગમ હોવા છતાં, કંપની આશરે ૪% નો ઉંચો લુક-ટુ-બુક રેશિયો હાંસલ કરે છે, જે પ્લેટફોર્મ પર પૂર્ણ વ્યવહારોના વપરાશકર્તાઓના નોંધપાત્ર પ્રમાણ તરીકે મજબૂત રૂપાંતરણ દર દર્શાવે છે. EaseMyTrip ની આવક મુખ્યત્વે તેના એરલાઈન સેગમેન્ટ દ્વારા ચલાવવામાં આવે છે, જે તેની આવકમાં ૯૯.૯૭% ફાળો આપે છે. બાકીની આવક હોટેલ પેકેજો (૦.૨૪%) અને અન્ય સેવાઓ (-૦.૨૧%) વચ્ચે વહેંચવામાં આવી છે, જેમાં રેલ ટિકિટ, બસ ટિકિટ, ટેક્સી ભાડા અને આનુષંગિક મૂલ્ય-વર્ધિત સેવાઓનો સમાવેશ થાય છે. કંપનીએ છેલ્લા ૫ વર્ષોમાં ૪૯.૦% CAGR ના નફામાં સારો વધારો કર્યો છે કંપની ૩ વર્ષના ROE ૪૦.૬% સાથે ઈક્વિટી (ROE) ટ્રેક રેકોર્ડ પર સારું વળતર ધરાવે છે. ૨૫.૬ના પીઈ પર મળી રહેલા આ કંપની આગામી સમયમાં તેના વ્યુહાત્મક અધિગ્રહણ અને બજારમાં તેની ટોચના પ્લેયર્સ પૈકીની સ્થિતિને પગલે સારી વૃદ્ધિ દર્શાવી શકે છે. કંપનીના શેરનો ભાવ ૨૮.૯ આસપાસ છે અને ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૫૪ના સ્તરો બતાવ્યા બાદ હાલ ૨૮.૪ના ન્યૂનતમ સ્તરોની નજીક કામકાજ કરી રહ્યો છે. આ તબક્કે આ કંપની રોકાણ માટે ધ્યાનમાં રાખી શકાય.


Evexia
LIFECARE LIMITED
Leading Manufacturers Of Pharma Chemicals
May the diyas light lead you onto the road of growth and prosperity.
HAPPY
DIWALI
FESTIVAL OF LIGHTS
100
HAPPY Clients
200
Skilled Team
5000
Complete Job
5
Awards Win
The Company manufactures various petrochemical downstream products, such as special oils, special chemicals, petroleum sulphates and solvents for industrial applications, such as rubber, leather, ink and paint industries.
Evexia Lifecare Limited
Tundav, Savli, Vadodra, Gujarat, 391775
Call : 0265 236 1100 | info@evexialifecare.com

## નાનો પણ રાઈનો દાણો : મલ્ટીબેગર રિટર્ન આપતો શેર

# ઈવિક્સિયા લાઈફકેર લિમિટેડ : હેલ્થકેર ક્ષેત્રમાં વ્યૂહાત્મક અધિગ્રહણ સાથે વૈશ્વિક વિસ્તરણના પથ પર

Evexia LIFECARE LIMITED




વડોદરા સ્થિત,ફાર્માસ્યુટિકલ અને હેલ્થકેર સેક્ટરમાં હરણફાળ પ્રગતી કરી રહેલી ઈવિક્સિયા લાઈફકેર લિમિટેડે તેના વૈશ્વિક પદચિહ્નને વિસ્તારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. કંપનીએ આરોગ્યસંભાળ ઉદ્યોગમાં વૃદ્ધિ અને વૈવિધ્યકરણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો સંકેત આપતા બે મોટા વિકાસ સાથે મહત્વાકાંક્ષી વિસ્તરણની શરૂઆત કરી છે. ઈવિક્સિયા લાઈફકેરે એ પ્રખ્યાત ડાયગ્નોસ્ટિક્સ કંપની વિટ્ટલ'સ મેડિકેર પ્રાઈવેટ લિમિટેડમાં ૫૧% હિસ્સો હસ્તગત કરવા ટર્મ શીટ પર હસ્તાક્ષર કર્યા છે. આ સંપાદનનું મૂલ્ય રૂ.૩૫ કરોડ છે, જેના બાદ વિટ્ટલ'સ મેડિકેર ઈવિક્સિયા લાઈફકેરની પેટાકંપની બનશે. આ પગલું ડાયગ્નોસ્ટિક્સ સેક્ટરમાં તેની સ્થિતિને મજબૂત કરવા માટે કંપનીના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ સાથે સંરેખિત છે, જે ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો અને લાઈફકેર ઉત્પાદનોના ઉત્પાદન અને વેપારમાં તેની મુખ્ય કામગીરીને પૂરક છે. વિટ્ટલ'સ મેડિકેર પ્રાઈવેટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૨૫.૭ કરોડ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૬૬.૩ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૩૮.૫ કરોડની આવક સાથે નફાકારકતા અને સ્થિર આવક વૃદ્ધિનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે.

### પેટાકંપની દ્વારા યુએઈમાં વિસ્તરણ :

આ ઉપરાંત, ઈવિક્સિયા લાઈફકેરની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, ઈવિક્સિયા લાઈફકેર આફ્રિકા લિમિટેડે, UAE-સ્થિત ૧૦ અલગ અલગ કંપનીઓમાં રોકાણ કરવા માટે ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કંપનીઓ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે રૂ.૨૭૮.૮ કરોડનું સંયુક્ત વેચાણ ધરાવે છે અને તેઓ મેડિકલ ડાયગ્નોસ્ટિક્સ અને હેલ્થકેર સેવાઓમાં રોકાયેલી છે.

રૂ.૧૯૦ કરોડ (AED ૮.૩ કરોડ)ના રોકાણ સાથે, ઈવિક્સિયા લાઈફકેર આફ્રિકા નવા રચાયેલા સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV)માં ૫૧% હિસ્સો હસ્તગત કરશે. આ SPV દસ એલએલસીની કામગીરીને એકીકૃત કરશે, જેને પગલે યુએઈમાં એક મુખ્ય હેલ્થકેર જૂથ પર ઈવેક્સિયાનું નિયંત્રણ આવશે. અદ્યતન નિદાન સુવિધાઓ દ્વારા ઉચ્ચ ગુણવત્તાની તબીબી સંભાળ પૂરી પાડવા પર ભાર મૂકવા સાથે આ SPV ઈન્ટરનળ મેડિસીન, ગાયનેકોલોજી, કાર્ડિયોલોજી અને જનરલ મેડિસીન સહિતની વિશેષતાઓની વિશાળ શ્રેણી પૂરી પાડશે. સમગ્ર સંયુક્ત આરબ અમીરાતમાં આરોગ્યસંભાળ સેવાઓના વિસ્તરણ માટે આ SPV નિર્ણાયક ભૂમિકા ભજવશે.

બંને એક્વિઝિશન તેના હાલના બિઝનેસ પોર્ટફોલિયોને વધુ ઊંડો બનાવશે અને નવું વૈવિધ્યકરણ લાવશે. વિટ્ટલ'સ મેડિકેર હસ્તગત કરીને, કંપની તેની નિદાન ક્ષમતાઓને વધારી રહી છે, જે આધુનિક આરોગ્યસંભાળ સેવાઓનો એક મહત્વપૂર્ણ ઘટક છે. તેવી જ રીતે, ે છઈ માં રોકાણ અત્યાધુનિક હેલ્થકેર સોલ્યુશન્સ પહોંચાડવા પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરીને આંતરરાષ્ટ્રીય બજારોમાં



તેની હાજરીને મજબૂત બનાવે છે.

એસટીપી બે પ્રકારની હોય છે, ફિક્સ્ડ અને કેપિટલ એપ્રિસિયેશન. ફિક્સ્ડ પ્લાનમાં એક નિશ્ચિત રકમ નક્કી કરેલા મ્યુચ્યુઅલ ફંડમાં ટ્રાન્સફર થાય છે જ્યારે કેપિટલ એપ્રિસિયેશનમાં માત્ર વૃદ્ધિ પામેલી રકમ જ ઇક્વિટીમાં ટ્રાન્સફર થાય છે અને અગાઉ રોકેલી ઊચ્ચક રકમ સુરક્ષિત રહે છે. કેપિટલ એપ્રિસિયેશન વિકલ્પ માત્ર ગ્રોથ પ્લાન માટે જ હોય છે અને તેમાં ડિવિડન્ડ પ્લાન ઉપલબ્ધ નથી. અહીં હાલમાં ઉપલબ્ધ એસટીપી યોજનાઓની યાદી છે.

**એસટીપી માહિતી**

એસટીપીમાં એસઆઇપીની જેમ જ રોકાણકાર દ્વારા ઓછામાં ઓછી છ ટ્રાન્સફરની અનુમતિ હોવી જોઇએ. મોટાભાગના ફંડ માત્ર માસિક અને ત્રિમાસિક એસટીપી ધરાવે છે જ્યારે કેટલાક અઠવાડિક અને પખવાડિક એસટીપી પણ ધરાવે છે. એસટીપી શરૂ કરવા માટે અમુક લઘુત્તમ રકમના રોકાણની આવશ્યકતા હોય છે. જેમ કે કેટલાક ફંડમાં લઘુત્તમ રૂ. ૧ લાખના રોકાણ દ્વારા એસટીપી શરૂ કરી શકાય છે. આ પ્રકારના કેટલાક અંકુશો હોઇ શકે છે.- **જયદેવસિંહ ચુડાસમા, ઇન્વેસ્ટર પોઇન્ટ**



# લક્ઝરી હોમ કન્સ્ટ્રકશન ક્ષેત્રની અગ્રણી કંપની ગ્રોવી ઈન્ડીયાએ તાજેતરમાં પ્રથમવાર જાહેર કરેલ એક શેરે ત્રણ બોનસ શેર

**કંપની ૧ કરોડથી વધુ બોનસ શેરનું એલોટમેન્ટ કરશે : ૧૦ પૈસાનું આપેલ ડિવીડન્ડ : એક વર્ષમાં ૨૭૬ ટકાનું માતબર રિટર્ન આપતી કંપની**

GROVY
TOGETHER, WE GROW

૧૯૮૫માં દિલ્હીના ચાંદની ચોકના ધમધમતા બજારની વચ્ચે સ્થપાયેલ, ગ્રોવી ઈન્ડિયા લિમિટેડે રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને કન્સલ્ટન્સીમાં અગ્રણી તરીકે તેનું નામ સ્થાપિત કર્યું છે. બાંધકામ ઉદ્યોગના ક્ષેત્રમાં અતૂટ પ્રતિબદ્ધતા સાથે, કંપનીએ પરંપરાગત ધોરણોથી અલગ અસાધારણ રિયલ એસ્ટેટ પ્રોપર્ટીઝ વિકસાવવાની યાત્રા શરુ કરી હતી અને અત્યાર સુધીમાં દક્ષિણ દિલ્હીના માર્કેટમાં તેનું વિશિષ્ટ સ્થાન હાંસલ કર્યું છે. કુશળ ઈજનેરો, સ્વપ્નદ્રષ્ટા આર્કિટેક્ટ્સ, ઝીણવટભર્યા આયોજકો અને નવીન ડિઝાઈનરોનો સમાવેશ કરતી પ્રચંડ ટીમ સાથે સજ્જ, ગ્રોવીએ માત્ર નવા ધોરણો જ સ્થાપિત કર્યા નથી પણ 'બુટિક એપાર્ટમેન્ટ્સ' ની પણ પહેલ કરી છે. વિગતવાર ધ્યાન, અપ્રતિમ કારીગરી અને અવિરત શ્રેષ્ઠતા દ્વારા, ગ્રોવીએ વૈભવી જીવનના અનુભવોમાં ટ્રેન્ડસેટર તરીકે તેની પ્રતિષ્ઠા મેળવી છે.

કંપનીએ ગ્રેટર કૈલાશ, લાજપત નગર, હૌઝ ખાસ, સર્વોદય એન્ક્લેવ અને ઋષિકેશમાં બુટિક એપાર્ટમેન્ટ્સ, ફાર્મહાઉસ, મકાનો અને બિલ્ડર ફ્લોર વિકસાવ્યા છે અને એઆરઆઈએ લક્ઝરી અને ગ્રોવી ઓપ્ટિવા જેવી વાણિજ્યિક મિલકતો વિકસાવી છે.

કંપનીની કુશળતા રહેણાંક બાંધકામના ક્ષેત્રમાં ઝળકે છે, જે સમગ્ર દિલ્હી એનસીઆરમાં બુટિક એપાર્ટમેન્ટ્સ, ફાર્મહાઉસ, મકાનો અને બિલ્ડર ફ્લોરનો સમાવેશ કરતા તેના વિવિધ પોર્ટફોલિયોમાં છે. કોમર્શિયલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં પણ સેવાઓનો વિસ્તાર કરેલ છે અને આ ડોમેનમાં પ્રીમિયર બિલ્ડરો અને ડેવલપર્સમાંના એક તરીકે સેવા આપે છે. તેની સેવાઓ રિટેલથી લઈને વ્યાપારી સંસ્થાઓ સુધી ફેલાયેલી છે, જેમાં ફેક્ટરીઓ, IT કેમ્પસ, મિશ્ર-ઉપયોગ સંકુલ, મોલ, હોટેલ્સ, હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

## તાજેતરના ડેવલોપમેન્ટ

### ગોલ્ડન ગ્રોથ ફંડ સાથે સહયોગ

ગ્રોવી ઈન્ડિયા લિમિટેડે જાણીતા કેટેગરી ૨ ઓલ્ટરનેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (AIF) ગોલ્ડન ગ્રોથ ફંડ (GGF) સાથે વ્યૂહાત્મક સહયોગ કરેલ છે. આ ભાગીદારી કંપનીના ભાવિ પ્રોજેક્ટ્સને વધુ ઊંચાઈએ લઈ જવા માટે સજ્જ છે. ૪૦૦ કરોડના ભંડોળ સાથે ગોલ્ડન ગ્રોથ ફંડ, ખાસ કરીને દક્ષિણ દિલ્હી અને લ્યુટિયન્સ દિલ્હીના લક્ઝરી સેગમેન્ટ્સમાં રિયલ એસ્ટેટ વૈકલ્પિક રોકાણોમાં નિપુણતા ધરાવે છે.

### કંપનીના બીઝનેસ મોડલ

કંપની બાંધકામને લગતા દરેક પાસાં માટેની સેવાઓ પૂરી પાડે છે જેમાં જોઈન્ટ વેન્ચર અને ટર્નકી સેવાઓ એમ બે ભાગમાં તેને વહેંચી શકાય છે.

**જોઈન્ટ વેન્ચર & પર્ચેઝ** : કંપની આ મોડલ હેઠળ અન્ય પક્ષ સાથે સંયુક્ત સાહસ કરીને બાંધકામ કરે છે જેમાં જમીનના માલિકો, બિલ્ડર વગેરેનો સમાવેશ થાય છે.




**Market Cap : 108 Cr.**
**Current Price : 80.9**
**High / Low : 80.9 / 19.8**

**શેરમાં ઐતહાસિક વળતર**

૧ સપ્તાહ – ૧૫.૩૬%
૧૫ દિવસ – ૪૭.૧૫%
૧ મહિના – ૮૯.૦૮%
૬ મહિના – ૨૦૫.૭૫%
૧ વર્ષ – ૨૪૮.૧૭%
૩ વર્ષ – ૪૨૨.૩૭%
૫ વર્ષ – ૯૮૦.૬૫%

- **કંપની સતત પાંચ વર્ષથી ડિવિડન્ડ ચૂકવી રહી છે**
- **કંપની તાજેતરમાં જ એક્સ-બોનસ થયેલ છે અને હાલ ઉચ્ચતમ સ્તરો પર કામકાજ કરી રહી છે**
- **કંપનીએ ૩:૧ના ગુણોત્તરમાં બોનસ શેર ઈશ્યુ કર્યા હતા**
- **કંપનીના પ્રમોટર કુલ ઇક્વિટીમાં ૭૨.૫૮% હિસ્સો ધરાવે છે અને ત્રણ વર્ષથી હિસ્સો સ્થિર રહ્યો છે**
- **કંપનીએ ગોલ્ડન ગ્રોથ ફંડ (કેટેગરી II AIF) સાથે વ્યૂહાત્મક સહયોગ કર્યો છે**
- **જૂન ૨૦૨૪ના અંતે કુલ મિલકતો વધીને રૂ. ૩૫.૯૪ કરોડ થયેલ છે**

કંપનીની કુશળતા બાંધકામ માટે જરૂરી સંસાધનોનું આયોજન કરવામાં અને તેનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવામાં છે. તે આ મોડલ હેઠળ આઉટરાઈટ કન્સ્ટ્રકશન, કોલોબરેશન કન્સ્ટ્રકશન અને ટર્નકી કન્સ્ટ્રકશન એમ વિવિધ રીતે સેવાઓ પૂરી પાડે છે.

**આઉટરાઈટ કન્સ્ટ્રકશન** – કંપની સંપૂર્ણ પ્રોપર્ટીની ખરીદી કરે છે અને તેના પર વિકાસ અને બાંધકામ કરીને તેનું વેચાણ કરે છે.

**કોલોબરેશન કન્સ્ટ્રકશન** – આ પ્રકારના કરારમાં કંપની અમુક હિસ્સો ખરીદી કરે છે જેના અવેજમાં તે બાંધકામની સેવાઓ પૂરી પાડે છે.

**ટર્નકી કન્સ્ટ્રકશન** – આ કરાર અંતર્ગત કંપની બાંધકામ અને ડીઝાઇન વર્ક માટે અન્ય ડેવલોપર માટે કામ કરે છે અને તેની યોગ્ય ફિ થકી આવક મેળવે છે.

### ટર્નકી રિ-કન્સ્ટ્રકશન ઉકેલો

કંપની બાંધકામની સંપૂર્ણ જવાબદારી ઉઠાવે છે. અનુભવી નિષ્ણાતો દ્વારા કાચા માલની પ્રાપ્તિથી લઈને નવી પ્રોપર્ટી માટે ઈન્ટિરિયર બનાવવા સુધીની સમગ્ર પ્રક્રિયાની દેખરેખ રાખે છે.

કંપનીના બાંધકામ અને ડિઝાઇન નિષ્ણાતો દ્વારા દર્શાવવામાં આવેલ અસાધારણ કામગીરી મુખ્ય મેનેજમેન્ટ ટીમના અડગ નેતૃત્વને આભારી છે. વિવિધ કન્સ્ટ્રકશન ડોમેન્સ પર મજબૂત પકડ સાથે કંપની ગ્રાહકો અને ક્લાયન્ટ્સ બંને તરફથી સતત વખાણ મેળવે છે, કોમર્શિયલ અને રેસિડેન્શિયલ એમ બંને ક્ષેત્રોમાં સર્વોચ્ચ ટર્નકી પ્રોજેક્ટ્સ પહોંચાડવા માટે જાણીતી છે.

### ઓફર થતી સેવાઓ:

**રી-સ્કેલિંગ:** જગ્યાને અપસ્કેલ અથવા ડાઉનસ્કેલ કરવા માટે હાલની જગ્યાની પુનઃ ડિઝાઇન અને પુનઃ-ઓરિએન્ટેશન

**પુનઃવિકાસ:** ટર્નકી, સંપૂર્ણ અને સહયોગના ૩ બિઝનેસ મોડલ પર આધારિત જમીનની પુનઃસ્થાપના

**કોસ્ટ કન્સલ્ટન્સી:** કોસ્ટ પ્લાનિંગ, બજેટિંગ, બેન્ચ-માર્કિંગ અને વેલ્યુ જનરેશન

**આયોજન અને ડિઝાઇનિંગ:** પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી આયોજન અને ડિઝાઇનિંગમાં સહાય

**પ્રોપર્ટી શોર્ટલિસ્ટિંગ:** માર્કેટમાં વેચાણ અથવા ખરીદી માટે ઉપલબ્ધ પ્રોપર્ટીની યાદી કરવી

**ડિઝાઇન અને મટિરિયલ કન્સલ્ટન્સી:** પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી અને તેમની ડિઝાઇન અંગેની સલાહ

### ભાવિ આઉટલૂક

રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં અગ્રણી, ગુણવત્તા, નવીનતા અને ગ્રાહક સંતોષ માટે પ્રતિબદ્ધ છે. આગળ જોતાં, કંપની ઉચ્ચ-સંભવિત પ્રોજેક્ટ્સ દ્વારા દિલ્હીમાં તેની હાજરીને વિસ્તારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને સતત વૃદ્ધિ માટે તૈયાર છે. તેની મજબૂત બ્રાન્ડ અને વ્યાપક વિતરણ નેટવર્કનો લાભ ઉઠાવીને, ગ્રોવીનો હેતુ બજાર હિસ્સો વધારવા અને આવકમાં વૃદ્ધિ કરવાનો છે. ગોલ્ડન ગ્રોથ ફંડ સાથેના સહયોગથી પણ સારું પુશ મળી રહે તેમ છે.

સાનુકૂળ બજાર પરિસ્થિતિઓ સાથે સંરેખિત વ્યાપક વ્યૂહરચના સાથે, ગ્રોવી ઈન્ડિયા આગામી ક્વાટર્રમાં નોંધપાત્ર વૃદ્ધિ માટે સુસ્થિત છે. કંપની પાસે દક્ષિણ દિલ્હીના પોશ વિસ્તારમાં સારી પ્રોપર્ટીના બાંધકામ હાથ પર છે. કંપની પાસે ઘણો લાંબો અનુભવ છે અને તેના કાર્યક્ષેત્રમાં તે દક્ષિણ દિલ્હીની ટોચની બાંધકામ કંપની તરીકે સ્થાન પામે છે. દિલ્હીના પ્રોપર્ટી બાજરમાં હાલ ઘણા સારા કામકાજ થઈ રહ્યા છે અને કંપની પાસે સારા કામ હાથ પર છે.

## કંપનીના પ્રોજેક્ટ્સ

**કંપની હાલમાં ૧.૧૦ લાખ ચોરસ ફૂટ જેટલા વિસ્તારના પ્રોજેક્ટ્સ હાથ પર ધરાવે છે.**

| પ્રોજેક્ટ સ્થાન | બાંધકામ વિસ્તાર | પ્રોજેક્ટ સ્થિતિ | પ્રોજેક્ટ પ્રકાર |
|---|---|---|---|
| દક્ષિણ દિલ્હી | ૧૦,૦૦૦ ચોરસ ફૂટ | ઓન ગોઇંગ | રેસિડેન્શિયલ પ્રોજેક્ટ |
| દક્ષિણ દિલ્હી | ૧૫,૦૦૦ ચોરસ ફૂટ | ઓન ગોઇંગ | રેસિડેન્શિયલ પ્રોજેક્ટ |
| દક્ષિણ દિલ્હી | ૨૦,૦૦૦ ચોરસ ફૂટ | ઓન ગોઇંગ | રેસિડેન્શિયલ પ્રોજેક્ટ |
| દક્ષિણ દિલ્હી | ૨૦,૦૦૦ ચોરસ ફૂટ | પાઇપલાઇન | રેસિડેન્શિયલ પ્રોજેક્ટ |
| દક્ષિણ દિલ્હી | ૧૫,૦૦૦ ચોરસ ફૂટ | ઓન ગોઇંગ | રેસિડેન્શિયલ પ્રોજેક્ટ |
| દક્ષિણ દિલ્હી | ૨૦,૦૦૦ ચોરસ ફૂટ | ઓન ગોઇંગ | રેસિડેન્શિયલ પ્રોજેક્ટ |
| દક્ષિણ દિલ્હી | ૧૦,૦૦૦ ચોરસ ફૂટ | ઓન ગોઇંગ | રેસિડેન્શિયલ પ્રોજેક્ટ |

## મેનેજમેન્ટ પરિચય

### શ્રી પ્રકાશ જાલન - ચેરમેન

ગ્રોવી ઈન્ડિયા લિમિટેડના ચેરમેન શ્રી પીસી જાલાન ICAI (ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા)ના પ્રતિષ્ઠિત સભ્ય છે. કોમોડિટીઝ અને શેરબજારમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા નાણાકીય નિષ્ણાત, તેઓ વિશ્લેષણ, આંતરિક નિયંત્રણ માટે માળખું ગોઠવવા, વ્યવસાય પ્રણાલીનું સંચાલન સહિત કંપનીના તમામ નાણાકીય અને વ્યવસાયિક આયોજનનું નિદર્શન અને સંચાલન કરે છે.



શ્રી પીસી જાલાન, કંપની પાછળના વ્યક્તિ એક ગતિશીલ નેતા છે જેમણે ભારતીય બાંધકામ ઉદ્યોગને એક નવો પરિપ્રેક્ષ્ય આપ્યો છે. તેમના નેતૃત્વ હેઠળ, ગ્રોવી ઈન્ડિયા લિમિટેડે બિઝનેસમાં ઘણા સીમાચિહ્નો હાંસલ કર્યા છે. એક સક્રિય બિઝનેસમેન તરીકે તેમણે કંપનીનો મજબૂત પાયો બનાવ્યો છે. તેમણે સામાજિક કાર્યોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તે હાલમાં રોટરી ક્લબ દિલ્હીના સક્રિય સભ્ય અને પ્રમુખ (૨૦૧૯ - ૨૦૨૦) છે.

### શ્રી નિશિત જાલાન - CEO

BITS – પિલાની જેવી પ્રતિષ્ઠિત કોલેજમાંથી એન્જિનિયર, શ્રી નિશિત જાલાન ગ્રોવી ઈન્ડિયાના બાંધકામ, સ્થાપત્ય અને ખરીદી વિભાગના વડા છે. તે કંપનીની મજબૂત જાહેર છબી માટે પણ જવાબદાર છે, જેનો શ્રેય ઈમ્પ્રેશન મેનેજમેન્ટમાં તેમની કુશળતાને જાય છે. કંપનીના CEO હોવા સાથે, તેઓ વહીવટ, PR, કોર્પોરેટ છબી, પ્રચાર અને કલાને નિયંત્રિત કરતી મેનેજમેન્ટ ટીમમાં સક્રિયપણે સામેલ છે.



### શ્રી અંકુર જાલાન - CFO

શ્રી અંકુર જાલાને મણિપાલ યુનિવર્સિટીમાંથી ટેકનોલોજીમાં સ્નાતક થયા છે અને યુનિવર્સિટી ઓફ સેલફોર્ડમાંથી કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટમાં માસ્ટર્સ કર્યું છે. પ્રોજેક્ટની સધ્ધરતા અને અમલીકરણના નેતૃત્વ કરવામાં તેઓ મહત્વપૂર્ણ ભૂમિકા ધરાવે છે. શહેરી આયોજન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઊંડા જ્ઞાન સાથે તેઓ ક્લાયન્ટની માંગણીઓને ધ્યાનમાં લઇ પ્રોજેક્ટનું સુસંગત આયોજન કરે છે.



# VL ઈ-ગવર્નન્સ & આઈટી સોલ્યુશન્સ લિમિટેડ - 543958 / VLEGOV




VL ઈ-ગવર્નન્સ એન્ડ આઈટી સોલ્યુશન્સ લિમિટેડ એ વક્રાંગી લિમિટેડની પેટાકંપની છે, જે ઈ-ગવર્નન્સ સેવાઓ, IT/ITES સિસ્ટમ એકીકરણ, B2B ટ્રેડિંગ અને IT/ITES સાધનોના વેપારમાં વિશિષ્ટ છે. વ્યાપક અનુભવ અને અમલીકરણ ક્ષમતાઓ સાથે, કંપનીએ મોટા પાયે ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ્સ, લેન્ડ રેકોર્ડ ડિજિટાઈઝેશન અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે.કંપની વકરાંગી લિમિટેડમાંથી સ્કીમ ઓફ એરેન્જમેન્ટના ભાગરૂપે ડીમર્જ એન્ટીટી તરીકે લિસ્ટેડ થયેલ છે.

### ઇ-ગવર્નન્સ અને આઇટી/આઇટીઇએસ સેવાઓ

ફ્ન્ઈ-ગવર્નન્સ એન્ડ આઈટી સોલ્યુશન લિમિટેડ (અગાઉ વક્રાંગી લોજિસ્ટિક્સ લિમિટેડ) એ ભારતની સૌથી મોટી ઈ-ગવર્નન્સ પ્લેયર છે જે વિવિધ ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ્સ માટે સિસ્ટમ ઈન્ટિગ્રેટર અને એન્ડ-ટુ-એન્ડ સર્વિસ પ્રોવાઈડર તરીકે કાર્યરત છે. કંપનીને ભારતની ઈ-ગવર્નન્સ યોજના માટે સિસ્ટમ

### ઇ-ગવર્નન્સને વેગ આપવા એક મિશન મોડ અભિગમ

કંપની નેશનલ ઈ-ગવર્નન્સ પ્લાન હેઠળ ટાઈમ-બાઉન્ડ મિશન મોડ પ્રોજેક્ટ્સ (MMPs) ની શ્રેણી સફળતાપૂર્વક અમલમાં મૂકીને ભારતના ડિજિટલ પરિવર્તનમાં મોખરે રહી છે. આ પહેલોએ સરકારી પ્રક્રિયાઓને નોંધપાત્ર રીતે સુવ્યવસ્થિત કરી છે અને જાહેર સેવા વિતરણમાં સુધારો કર્યો છે.

સરકારની રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ યોજના હેઠળ વિવિધ સમય-બાઉન્ડ મિશન મોડ પ્રોજેક્ટ્સ (MMPs) ને સફળતાપૂર્વક અમલમાં મૂકવાનો મજબૂત ટ્રેક રેકોર્ડ સાબિત કર્યો છે.

આમાંના કેટલાક એમએમપી નીચે મુજબ છે

- ઉત્તર પ્રદેશમાં નોંધણી વિભાગ (જમીન અને મહેસૂલ રેકોર્ડ)નું કોમ્પ્યુટરાઇઝેશન
- ચૂંટણી પંચનું કોમ્પ્યુટરાઇઝેશન.
- UIDAI આધાર નોંધણી સેવાઓ
- રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર ડિજિટાઇઝેશન મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ પ્રોજેક્ટ (MCA-21)
- રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (RSBY)
- સ્માર્ટ કાર્ડ આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા (PDS)
- ઈન્સ્પેક્ટર જનરલ રજિસ્ટ્રેશન ઑફ સ્ટેમ્પ (IGRS)
- પાસપોર્ટ સેવાઓ (પાસપોર્ટ સેવા કેન્દ્ર)

આ ઉપરાંત કંપની B2B ટ્રેડિંગ, IT/ITES ઈક્વિપમેન્ટ ટ્રેડિંગ, IT હાર્ડવેર ઈક્વિપમેન્ટની કિટ ટ્રેડિંગ પ્રવૃત્તિઓ તેમજ B2B ટ્રેડિંગ પ્રવૃત્તિઓમાં પણ કાર્યરત છે

### ફિલિપાઈન્સ સરકાર માટે લેન્ડ રેકોર્ડ ડિજીટાઈઝેશન

કંપનીએ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક ચલાવીને વૈશ્વિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. ફિલિપાઈન્સની સરકાર માટે હાથ ધરવામાં આવેલી સીમાચિહ્નરૂપ લેન્ડ રેકોર્ડ ડિજિટાઈઝેશન પહેલ એ મુખ્ય ઉદાહરણ છે. આ વ્યાપક પ્રોજેક્ટમાં જમીનના રેકોર્ડનું ડિજિટાઇઝેશન સામેલ હતું, જેનો ઉદ્દેશ્ય પારદર્શિતા વધારવા, સુલભતામાં સુધારો કરવા અને દેશમાં જમીન વ્યવસ્થાપન પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત બનાવવાનો હતો.

### બિઝનેસ સ્ટ્રેટેજી અપડેટઃ ઈ-ગવર્નન્સ અને આઈટી સોલ્યુશન્સ બિઝનેસ

કંપની તેની વ્યવસાયિક વ્યૂહરચના અને આંતરિક પ્રક્રિયાઓને તેના ભાવિ વૃદ્ધિના રોડમેપ સાથે સંરેખિત કરવા માટે તેના વ્યવસાયને રિ-વેમ્પિંગ કરી રહી છે.

કંપનીએ મજબૂત પ્રમાણપત્રો અને પ્રોજેક્ટ ક્ષમતાઓ બનાવી છે અને તેના કારણે તે મોટા પાયે બહુવિધ સ્થાનીય સરકારી તેમજ ખાનગી પ્રોજેક્ટ્સ માટે બિડ કરવા પાત્ર છે, જેનો લાભ ઉઠાવીને નવા આવનારા મોટા પાયાના સરકારી પ્રોજેક્ટ્સ માટે બિડ કરવાની યોજના ધરાવે છે, જેનાથી ભવિષ્યમાં મજબૂત વિકાસ રોડમેપ સક્ષમ બનશે.

VL E-GOVERNANCE & IT SOLUTIONS LIMITED

કંપની સેમિકન્ડક્ટર ડિઝાઇન, એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ અને ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને એરોસ્પેસ, સંરક્ષણ, જેવા બહુવિધ ઉદ્યોગ ક્ષેત્રોમાં પણ તકોનું અન્વેષણ કરી રહી છે

કંપની તેની લાસ્ટ માઈલ ક્ષમતાઓનો લાભ લેવા માટે માસ્ટર ફ્રેન્ચાઈઝી અને વકરાંગી કેન્દ્ર નેટવર્કના લાભ સાથે અનેક તકો પણ સતત શોધી રહી છે.



કંપનીએ વર્ષોથી મોટા પાયે ક્ષેત્રીય સ્તરના સરકારી પ્રોજેક્ટ્સનો અમલ કરવા માટે બહોળો અનુભવ અને મજબૂત અમલ ક્ષમતાઓ બનાવી છે. કંપની આ અનુભવનો લાભ ઉઠાવશે અને નવા આગામી મોટા પાયે સરકારી પ્રોજેક્ટ્સ માટે બિડ કરવાની યોજના ધરાવે છે, જેનાથી ભવિષ્યમાં મજબૂત વૃદ્ધિનો રોડમેપ સક્ષમ બનશે.

કંપની વિવિધ ઉત્પાદનોના મ્રમ વિતરણની શોધ અને મૂલ્યાંકન પણ કરી રહી છે અને માસ્ટર ફ્રેન્ચાઇઝી અને કેન્દ્ર નેટવર્કનો લાભ લેતા આ છેલ્લા માઇલ પ્રોજેક્ટ્સના અમલીકરણ દ્વારા વક્રાંગી લિમિટેડની છેલ્લી માઇલ એક્ઝિક્યુશન ક્ષમતાઓનો પણ લાભ લેવા માટે જરૂરી કામકાજ કરી રહી છે.

### ડિજીટલ લેન્ડ રેકોર્ડમાં કંપનીનો અનુભવ

કંપનીએ પહેલાથી જ ૨૦ મિલિયન લેન્ડ ડીડને ડીમટીરિયલાઇઝ કરવા માટે ફિલિપાઈન્સ લેન્ડ ટાઇટલીંગ કોમ્પ્યુટરાઇઝેશન પ્રોજેક્ટ હાથ ધર્યો હતો અને સમગ્ર ફિલિપાઇન્સમાં ૧૬૮ રજિસ્ટ્રાર ઑફ ડીડ્સ ઑફિસો માટે પેપરલેસ ડિજિટલ રેકોર્ડ કરવાનું કામ પૂરું પાડ્યું હતું.

### સંભવિત ઇ-ગવર્નન્સ બિઝનેસ તક

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા ૧૦૦-દિવસના એજન્ડા હેઠળ એક અગ્રતા સુધારા તરીકે જમીનના રેકોર્ડના ડિજિટાઈઝેશન પર કામ કરી રહી છે. સરકાર પ્રસ્તાવિત યોજના માટે શરૂઆતમાં રૂ. ૧,૦૩૫ કરોડ ફાળવી શકે છે જે ૨૦૨૬ ના અંત સુધીમાં તમામ જમીનના રેકોર્ડનું ડિજિટાઇઝેશન પૂર્ણ કરવા માંગે છે, જે જમીન સંપાદન પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં અને પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવામાં મદદ કરે છે.

કંપનીએ વર્ષોથી મોટા પાયે ક્ષેત્રીય સ્તરના સરકારી પ્રોજેક્ટ્સનો અમલ કરવા માટે બહોળો અનુભવ અને મજબૂત અમલ ક્ષમતાઓ બનાવી છે. કંપની રાષ્ટ્રવ્યાપી ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ્સ હાથ ધરવા માટે સંસાધનો, અનુભવ અને બેન્ડવિડ્થ ધરાવતી કેટલીક કંપનીઓમાંની એક છે અને ભારતમાં લેન્ડ રેકોર્ડ અને આધુનિકીકરણ કાર્યક્રમનું ડિજિટાઈઝેશનમાં રોકાયેલી છે.

સરકાર આગામી સમયમાં 'લેન્ડ રેકોર્ડ ડિજિટાઈઝેશન' અને મહેસૂલ અદાલતો અને નોંધણી કચેરીઓ જેવી વિવિધ સંસ્થાઓના સંકલનને અમલમાં મૂકવા પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ભારતમાં લેન્ડ રેકોર્ડ ડિજિટાઈઝેશન પ્રોગ્રામ મલ્ટી- બિલિયન ડોલરની તક છે જે જમીનના ટ્રાન્સફર, ખરીદી, વેચાણ અને માલિકીને સરળ અને પારદર્શક બનાવશે. તે એક બટનના ક્લિક પર જમીનના ખરીદદારોને માલિકીના રેકોર્ડની તપાસ કરવામાં સક્ષમ બનાવશે.

સમગ્ર ફિલિપાઈન્સ દેશ અને ઉત્તર પ્રદેશના છ જિલ્લાઓમાં જમીનના રેકોર્ડનું ડિજિટાઈઝેશન સફળતાપૂર્વક અમલમાં મૂક્યા પછી, કંપની રાષ્ટ્રવ્યાપી લેન્ડ રેકોર્ડ ડિજિટાઈઝેશન પ્રોગ્રામ હાથ ધરવા માટે સંસાધનો, અનુભવ અને બેન્ડવિડ્થ ધરાવતી જૂજ કંપનીઓમાંની એક છે.

સરકાર હાલમાં ડિજીટલ પર ખૂબ ફોકસ કરી રહી છે અને લેન્ડ રેકોર્ડને ડિજીટલ કરવા પાછળ અનેક યોજના પણ લાવી રહી છે, પ્રોપર્ટી કાર્ડ જેવો એક કોન્સેપ્ટ પણ લાવી છે જે ડીજીટલાઈઝેશનને જ આભારી છે.આમ, ભારતની ભૂગોળને જોતા અને તેના કરોડો રેકોર્ડ ડિજીટલ કરવા પાછળનું બજેટ બિલીયન ડોલરની તકો ઉભી કરે છે જેને ટેપ કરવા માટે કંપની સજ્જ છે અને અગ્રણી ખેલાડી તરીકે ઉભરશે.

### HETLમાં ૨૬% ઇક્વિટી હિસ્સાના સંપાદન ડિફેન્સમાં એન્ટ્રી

કંપનીએ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે સંયુક્ત સાહસ HAL-Edgewood Technologies Private Limited (HETL) માં ૨૬% ઈક્વિટી હિસ્સો મેળવવા માટે એજવુડ વેન્ચર્સ એલએલસી, યુએસએ સાથે ટર્મ શીટ પર હસ્તાક્ષર કર્યા છે. આ વ્યૂહાત્મક સંપાદન કંપનીના ઉડ્ડયન, એરોસ્પેસ, સંરક્ષણ અને સેટેલાઇટ ટેક્નોલોજી જેવા ઉચ્ચ તકનીકી ક્ષેત્રોમાં પ્રવેશને ચિહ્નિત કરે છે, જે USD ૧૫ બિલિયનથી વધુની બજાર તક રજૂ કરે છે. HETL અદ્યતન ટેકનોલોજી સોલ્યુશન્સમાં નિષ્ણાત છે, જેમાં મિરાજ-૨૦૦૦, જગુઆર, હોક-૧૩૨, અને Su-30MKI જેવા એરક્રાફ્ટ માટે કસ્ટમાઇઝ કરી શકાય તેવા મિશન કોમ્પ્યુટરનો સમાવેશ થાય છે. તેણે ર્ઘ્ઈ એવિએશન અને એલ્બીટ ઈઝરાયેલ જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા માન્યતા પ્રાપ્ત નિકાસ સંભવિતતા સાથે "વિશ્વનું શ્રેષ્ઠ મિશન કમ્પ્યુટર" વિકસાવ્યું છે. HETL નું નેક્સ્ટ જનરેશન ઓપન સિસ્ટમ આર્કિટે-ક્ચર મિશન કોમ્પ્યુટર (OSAMC), ભારતમાં સંપૂર્ણપણે ડિઝાઇન અને વિકસિત, આયાત અવેજીમાં એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરે છે અને "મેક-ઇન-ઈન્ડિયા" મંજૂરી પ્રાપ્ત કરતી વખતે પેટન્ટ (પેટન્ટ નંબર ૩૦૨૧૭૭) કરવામાં આવી છે. આ રોકાણ કંપનીને ઉડ્ડયન અને સંરક્ષણ પ્રોજેક્ટ માટે હાઇ-ટેક ઇલેક્ટ્રોનિક્સ અને સિસ્ટમ્સની ડિઝાઇન, વિકાસ અને ઉત્પાદનમાં ભાવિ વૃદ્ધિ માટે સ્થાન આપે છે.

### નાણાકીય પરિસ્થિતિ

કંપની વકરાંગી લિમિટેડ સાથેના ડિમર્જર તરીકે લિસ્ટ થયેલી છે અને વકરાંગીના શેરધારકોને ૧:૧૦ના ગુણોત્તરમાં શેર આવંટન કરવામાં આવ્યા હતા. કંપની હાલમાં ૧૦૬ કરોડની ઈક્વિટી (રૂ.૧૦ ફેસવેલ્યુ) સાથે રૂ. ૨૩૪૨ કરોડના રિઝર્વ ભંડોળ ધરાવે છે, ચોપડે દેવું પણ ઘણું ઓછુ છે. કંપનીએ આવકમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો હતો, જે ક્વાર્ટર-ઓન-ક્વાર્ટર (QoQ) આધારે ૨૧૯.૨% વધ્યો હતો. વધુમાં, કર પછીના નફા (PAT) એ ૩૨.૫% QoQ ની નક્કર વૃદ્ધિ દર્શાવી છે. વેચાણ રૂ. ૭.૯૯ કરોડ રહ્યું હતું અને નફો ૮૧ લાખ રહ્યો હતો.

કંપની પાસે ઘણા પ્રોજેક્ટ માટેના કામકાજ હાથ પર છે અને તેને લીધે ભાવી રોકડ પ્રવાહની સ્થિતિ મજબૂત જણાય છે. કંપનીમાં લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન (એલઆઈસી) ૬% જેટલો હિસ્સો ધરાવે છે. કંપનીના મેનેજમેન્ટ પાસે ઈ-ગવર્નન્સ ક્ષેત્રમાં બહોળો અનુભવ છે અને ભૂતકાળમાં અનેક મોટા પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય સ્તર પર પાર પાડ્યા છે.

જે રીતે ડિજીટલ ઈન્ડિયાની પહોચમાં સતત વધારો થઇ રહ્યો છે તેમ કંપની આ અભિગમ થકી વધુ ને વધુ ધંધો મેળવે તેમ જણાય છે. ભવિષ્યમાં ઉંચી આવક વૃદ્ધિ જોઈ શકાય છે અને સ્ટોલ રી-રેટિંગ થઇ શકે છે. હાલના ભાવ પર શેર ફેઈર વેલ્યુ કહી શકાય તેમ છે, ઉચ્ચતમ સ્તરોથી કરેક્ટ થઈને હાલ સારી ટેરેટરીમાં કામકાજ કરી રહ્યો છે. શેરમાં આ ભાવ પર રોકા મધ્યમ ગાળે સારા વળતર આપી શકે તેમ છે.

કંપનીના શેર હાલ ૧૫૦ આસપાસ કામકાજ કરી રહ્યા છે, ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૧૮૧ અને નીચામાં ૨૯.૨ના ભાવ જોવાયા છે. પાછલાં છ મહિનામાં શેરમાં ૧૨૧.૯૭% અને ૧ વર્ષમાં ૩૮૫.૩૧%ની મજબૂત તેજી જોવા મળી છે.

## કંપનીએ બિલાસપુરમાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રે એન્ટ્રી કરી છે અને રૂ. ૨૦૦ કરોડના રોકાણ કરી રહી છે

# સિંધુ ટ્રેડલિંકસ લિમિટેડ : અનેકવિધ ક્ષેત્રમાં પગપેસારો કરીને વિકાસની હરણફાળ ભરવા સજ્જ બનેલ કંપની




સિંધુ ટ્રેડ લિંક્સ લિમિટેડ મુખ્યત્વે પરિવહન લોજિસ્ટિક્સ અને સહાયક સેવાઓ સાથે સંકળાયેલી છે. કંપની તેની પેટાકંપનીઓ દ્વારા મીડિયા, ઓવરસીઝ કોલ માઈનિંગ, બાયોમાસ આધારિત પાવર જનરેશન વગેરે જેવા વૈવિધ્યસભર વ્યવસાયોમાં પણ સંકળાયેલી છે. કંપની ટ્રાન્સપોર્ટેશન, મીડિયા, ઈન્વેસ્ટમેન્ટ અને ફાઈનાન્સ, પેટ્રોલ પંપ ઓપરેશન્સ, પાવર ડિસ્ટ્રિબ્યુશન અને એન્જિનિયરિંગ પ્રોજેક્ટ્સ અને કોલસાના વિદેશી માઈનિંગ અને ટ્રેડિંગના વ્યવસાયમાં સંકળાયેલી છે.

### બિઝનેસ સેગ્મેન્ટ

**લોજિસ્ટિક્સ -** કંપની પાસે ૨૦૦ ટિપર અને ૧૦૦ લોડરનો કાફલો છે અને તે કાચા/ધોતા કોલસાના પરિવહનના સંચાલનમાં સામેલ છે. નાણાકીય વર્ષ ૨૩ સુધીમાં, કંપની ૬૦૦ ટિપર્સ અને લોડર્સનું સંચાલન કરી રહી છે જેમાં લીઝ અને જોડાયેલ ટિપર્સનો સમાવેશ થાય છે.

**પેટ્રોલ પંપ-** કંપની કોરબાના ધતુરા ગામમાં ''ઝન્નો પેટ્રોલ પંપ ચલાવે છે. કંપની પાસે વિવિધ વિસ્તારોમાં IOCL ના ડેપોથી પેટ્રોલ પંપ સુધી બળતણના પરિવહન માટે ટેક્રો છે.

અન્ય વિવિધ સાત કંપનીઓના મર્જરથી કંપનીને ધિરાણનો વ્યવસાય વારસામાં મળ્યો છે. કંપની પાસે હરિયાણા, છત્તીસગઢ અને દિલ્હીમાં જમીન અને મકાન છે જેના પર કંપનીને ભાડાની આવક મળે છે.

### કંપનીની સબસિડરી

સિંધુ ટ્રેડ લિંક્સ લિમિટેડ એ ૮ કંપનીઓનું એક જૂથ છે જે તેમના ડોમેન્સમાં અગ્રણી રહી છે. અગાઉ, કંપની મોટાભાગે NBFC કામગીરીમાં સામેલ હતી અને તેમાં પણ તે ઘણી સફળ રહી હતી. જો કે, કંપનીએ કંપનીઓના જૂથમાં જોડાવાનું નક્કી કર્યું, અને પછી તેણે તેનું NBFC લાઈસન્સ સરન્ડર કર્યું અને સમૂહનો એક અભિન્ન ભાગ બની ગયો.

**પરમ મિત્ર રિસોર્સીસ Pte. લિમિટેડ :** હાલમાં, પરમ મિત્ર રિસોર્સિસ મોટાભાગે વિદેશી કોલ માઈનિંગ પ્રોજેક્ટ્સમાં રોકાયેલ છે. ચાર ખાણોના સંચાલનની જવાબદારીઓ સાથે, કંપની પૂર્વ કાલીમંતનમાં ૧.૫ અબજ ટનથી વધુ અનામતને ઍક્સેસ આપવાનું નિયંત્રણ કરી રહી છે. કંપનીએ તાજેતરમાં પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં ખાણનું સંચાલન કરતી કંપની સાથે ખાણ વહીવટી કરાર કર્યો છે. સહયોગ દર વર્ષે ૩ મિલિયન ટન ઉત્પાદન માટે કામ કરી રહ્યું છે. કોલસા માટે મલ્ટિ-ડાયમેન્શનલ માર્કેટિંગ અને એન્ડ-યુઝર વ્યૂહરચના બનાવવામાં કંપની સફળ છે. વૈશ્વિક સ્તરે આવનારા પ્રોજેક્ટ્સમાં બહુવિધ ખાણો માટે તે જ ઉત્પાદક બનશે, એક ટૂંક સમયમાં ઈન્ડોનેશિયામાં શરૂ થવાની સંભાવના છે.

**હરિ ભૂમિ કોમ્યુનિકેશન્સ પ્રાઇવેટ લિમિટેડ (HBCL):** કંપની મોટાભાગે રાષ્ટ્રીય હિન્દી દૈનિક "હરી ભૂમિ" ના પ્રકાશન અને પરિભ્રમણમાં બહુવિધ સ્થળોએ રોકાયેલ છે. હાલમાં, દરરોજ રાયપુર અને બિલાસપુર (છત્તીસગઢમાં), ભોપાલ અને જબલપુર (મધ્ય પ્રદેશમાં), દિલ્હી એનસીઆર અને હરિયાણામાં જોઈ લાઈવ છે. વધુમાં, HBCL 3 હિન્દી ન્યૂઝ ટીવી ચેનલો પણ ચલાવે છે, જેમ કે - INH 24X7, જનતા ટીવી, અને જનતા ટીવી (ઉત્તર પ્રદેશ/ઉત્તરાખંડ). આ ઉપરાંત કંપની haribhoomi.com, jantatv.com, inhnews.in ના નામે કંપનીના ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મનું પણ સંચાલન કરે છે.

**ઇન્ડસ બેસ્ટ મેગા ફૂડ પાર્ક પ્રાઇવેટ લિમિટેડ**

છત્તીસગઢમાં રાયપુરની નજીક, બેમટા-સરોરા નામના ગામમાં સ્થિત, ઈન્ડસ બેસ્ટ મેગા ફૂડ પાર્ક પ્રાઈવેટ લિમિટેડ એ એક પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ છે જે સમગ્ર ફૂડ પ્રોસેસિંગ વેલ્યુ ચેઈનને આવરી લેવા માટે એક વિશિષ્ટ પ્લેટફોર્મ બનાવવા અને પ્રદાન કરવા માટે તૈયાર છે. ઈન્ડસ બેસ્ટ મેગા ફૂડ પાર્ક પ્રાઈવેટ લિમિટેડ સાથેની મેગા ફૂડ પાર્ક સ્કીમ "ક્લસ્ટર" અભિગમ પર આધારિત છે અને સારી રીતે વ્યાખ્યાયિત કૃષિ અને બાગાયતી ઝોનમાં અત્યાધુનિક સસ્ટેનન્સ સેટ-અપ બનાવવાની આગાહી કરે છે. તેમાં પ્રાથમિક પ્રક્રિયા કેન્દ્રો, સંગ્રહ કેન્દ્રો, કેન્દ્રીય પ્રક્રિયા કેન્દ્રો અને કોલ્ડ ચેઈનનો સમાવેશ થાય તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટમાં ફૂડ પ્રોસેસિંગ કાઉન્ટર સ્થાપવા માટે વ્યવસાયો માટે ૩૦-૩૫ સંપૂર્ણ વિકસિત પ્લોટ્સનો પ્રસ્તાવ પણ છે.

**સુધા બાયો પાવર પ્રાઇવેટ લિમિટેડ (SBPL):** સુધા બાયો પાવર પ્રાઈવેટ લિમિટેડ એ અમારા સમૂહમાં આવનારી સંભાવના છે જે મોટાભાગે બાયોમાસ-આધારિત પાવર જનરેશનના ક્ષેત્રમાં રોકાયેલ છે. હાલમાં, કંપની છત્તીસગઢ રાજ્યના બિલાસપુરમાં 10MW ના બાયોમાસ-આધારિત પ્લાન્ટના નિર્માણ અને સંચાલન સાથે સંકળાયેલી છે. આ પ્રોજેક્ટ છત્તીસગઢ સ્ટેટ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (CSPDCL) સાથે PPA મોડલ પર આધારિત છે.

### ક્લાયન્ટ્સ

કંપનીના ક્લાયન્ટ્સમાં એસીબી (ઈન્ડિયા) લિમિટેડ, મંગલ સ્પોન્જ એન્ડ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ, મારુતિ ક્લીન કોલ એન્ડ પાવર લિમિટેડ, એમબી પાવર લિમિટેડ, નોવા આયર્ન એન્ડ સ્ટીલ લિમિટેડ, સાઈ કૃપા લોજિસ્ટિક્સ, સૈનિક માઈનિંગ એન્ડ એલાઈડ સર્વિસ લિમિટેડ અને સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડનો સમાવેશ થાય છે.

કુલ ૧.૫ મિલિયન ચોરસ ફૂટ વિકાસની સંભાવનાઓ સાથેના રિઅલ એસ્ટેટ ટાઉનશીપ પ્રોજેક્ટ્સ થકી રૂ. ૫૫૦ કરોડની આવકો આવનારા વર્ષોમાં સંભવિત છે

### રિઅલ એસ્ટેટ ક્ષેત્રે વિસ્તરણ : બિલાસપુરમાં ટાઉનશીપનો વિકાસ

સિંધુ ટ્રેડ લિંક્સ લિમિટેડ બિલાસપુર, છત્તીસગઢમાં મિશ્ર-ઉપયોગની ટાઉનશિપ વિકસાવી રહી છે. બિલાસપુર " સિટી ઓફ ફેસ્ટીવલ" તરીકે જાણીતું છે અને સ્માર્ટ સિટી મિશન માટે પસંદ કરાયેલા ૧૦૦ શહેરોમાં સામેલ છે. સૂચિત ટાઉનશિપ આશરે ૫૩ એકરમાં ફેલાયેલી છે, જેમાં કંપની લગભગ ૪૭ એકરની માલિકી ધરાવે છે અને વધારાની ૧૬ એકર માટે ભાગીદારી કરેલ છે. આ પ્રોજેક્ટમાં રેસિડેન્શિયલ પ્લોટેડ ડેવલપમેન્ટ્સ, ગ્રુપ હાઉસિંગ, રિટેલ શોપિંગ મોલ અને આવશ્યક સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. આ સાઈટની કુલ વિકાસની સંભાવના લગભગ ૧.૫ મિલિયન સ્ક્વેર ફૂટ છે. આગામી તબક્કામાં ભવિષ્યમાં વિલા અને એપાર્ટમેન્ટના વેચાણની તકો પણ રહેલી છે. પ્રારંભિક સ્તરે પ્લોટેડ જમીનના વેચાણ સાથે શરૂઆત થશે. વર્તમાન મિલકત દરોના આધારે આ વિકાસથી અંદાજિત રૂ.૫૫૦ કરોડ આવકની સંભાવના છે. સિંધુ ટ્રેડ લિક્સ લિમિટેડ આંતરિક ઉપાર્જન અને કન્સ્ટ્રક્શન ફન્ડિંગ દ્વારા લગભગ રૂ. ૨૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે.

### પ્રમોટરને પેટા-કંપનીના શેરનું વેચાણ

કંપનીએ પેટાકંપની મેસર્સ હરિ ભૂમિ કોમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડના ૨૫,૭૦,૭૦૦ ઈક્વિટી શેરનું વાજબી બજાર મૂલ્ય પર ડિસઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું, જેના પરિણામે કંપનીને વેચાણથી કુલ રૂ.૫૭.૭૩ કરોડની રોકડ ચોપડે મળી રહેશે જે આગામી ગ્રોથ માટે તેની મૂડીની જરૂરિયાતો પૂરી પાડશે અને બાહ્ય દેવાં પરની નિર્ભરતામાં ઘટાડો કરશે.

કંપનીએ FY25 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મજબૂત નાણાકીય કામગીરી દર્શાવી છે, FY24 ના Q1 ની તુલનામાં મુખ્ય મેટ્રિક્સમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. આવક ૨૬.૯% વધીને રૂ.૪૪૨.૦૪ કરોડથી વધીને રૂ.૫૬૦.૯૬ કરોડે પહોંચી છે. એબીટડા' ૫૫.૨% વધીને કુલ રૂ.૧૪૬.૯૮ કરોડ થયો, જે અગાઉના વર્ષમાં રૂ.૯૪.૭ કરોડ હતો. એબીટડા' માર્જિન ૨૧.૪૨% થી ૪૭૮ બેસિસ પોઈન્ટ્સનો વધારો, ૨૬.૨% થયો. કર પછીનો નફો (PAT) પ્રભાવશાળી ૧૪૩.૭% વધીને રૂ.૭૧.૪૯ કરોડ થયો, જે FY24 ના Q1 માં રૂ.૨૯.૩૩ કરોડ હતો. PAT માર્જિન વધીને ૧૨.૭૪% થયું હતુ.

નાણાકીય વર્ષ ૨૦૨૪ માં, કંપનીએ મજબૂત વૃદ્ધિ દર્શાવવાનું ચાલુ રાખ્યું હતું, જેમાં નાણાકીય વર્ષ ૨૩ માં રૂ.૧,૩૩૪.૫૨ કરોડથી આવક ૩૭.૬% વધીને રૂ.૧,૮૩૬.૨૩ કરોડ થઈ હતી. FY24 માટે એબીટડા રૂ.૨૮૭.૩૬ કરોડ નોંધવામાં આવ્યું હતું, જે FY23 માં રૂ.૨૦૮.૫૧ કરોડથી ૩૭.૮% નો વધારો દર્શાવે છે. ચોખ્ખા નફામાં પણ નોંધપાત્ર વૃદ્ધિ સાથે જે FY23 માં રૂ.૪૧.૯૮ કરોડની સરખામણીમાં ૧૪૧.૩% વધીને રૂ.૧૦૧.૨૮ કરોડ થયો હતો. કંપનીએ તેના દેવાના સંચાલનમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં ટૂંકા ગાળાના ઋણ રૂ.૭૫૪.૩૧ કરોડથી નાટ્યાત્મક રીતે ૫૯.૫% ઘટીને રૂ.૩૦૫.૪ કરોડ થઈ ગયા છે. આ ઘટાડો સુધારેલ તરલતા અને મજબૂત નાણાકીય સ્થિતિ દર્શાવે છે. લાંબા ગાળાના ઋણમાં પણ ૧૯.૫% ઘટાડો થયો છે, જે રૂ.૮૮૨.૯૯ કરોડથી ઘટીને રૂ.૭૧૦.૫૭ કરોડ થયો છે. કંપની પાસે મજબૂત બીઝનેસ છે અને આવનારા સમયમાં નવી પેટા-કંપનીઓના સમાયોજન થકી અનેકગણું વધારો પરિણામોમાં જોઈ શક્ય છે. પ્રમોટર હિસ્સો ૭૪.૯૭% સાથે અકબંધ છે અને કંપનીના પરિણામો સુધારા પર છે.ચોપડે જંગી રૂ. ૧૩૪૨ કરોડના રિઝર્વ સાથે રૂ. ૧૯૧ કરોડના રોકાણો અને રૂ. ૧૦૮ કરોડની રોકડ નોંધાયેલી છે. દેવામાં ધીરે ધીરે ઘટાડો થઈ રહ્યો છે અને કંપનીના સુધરેલા પરિણામો પણ મજબૂતી પ્રદાન કરી રહ્યા છે. વર્તમાન સ્તરો પર આ કંપની રોકાણ માટે ધ્યાનમાં રાખી શકાય.

**જૂન ૨૦૨૪ સુધીનું આવક વર્ગીકરણ (સ્ટેન્ડઅલોન)**

ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક્સ: ૭૮.૩૦%
ઓઈલ અને લ્યુબ્રિકન્ટ્સ: ૮.૫૧%
વ્યાજ અને અન્ય આવક: ૬.૮૪%
ઓઇલ ડ્રિલિંગ: ૬.૧૮%
ફાયનાન્સ ઓપરેશન્સ: ૦.૧૭%

**નાણાકીય પરિણામો (કન્સોલિડેટ) (કરોડ રૂ.માં)**

| Particulars | Q1FY25 | Q1FY24 | % Change |
|---|---|---|---|
| Revenue | 560.96 | 442.04 | 26.90% |
| એબીટડા | 146.98 | 94.7 | 55.21% |
| એબીટડા Margin | 26.20% | 21.42% | 478 bps |
| PAT | 71.49 | 29.33 | 143.74% |
| PAT Margin | 12.74% | 6.64% | 610 bps |
| **Particulars** | **FY24** | **FY23** | **% Change** |
| Revenue | 1836.23 | 1334.52 | 37.59% |
| એબીટડા | 287.36 | 208.51 | 37.82% |
| એબીટડા Margin | 15.65% | 15.62% | 3 bps |
| PAT | 101.28 | 41.98 | 141.26% |
| PAT Margin | 5.52% | 3.15% | 237 bps |
| Short Term Borrowing | 305.4 | 754.31 | -59.51% |
| Long Term Borrowing | 710.57 | 882.99 | -19.53% |

# વકરાંગી લિમિટેડ દ્વારા વકરાંગી કેન્દ્ર નેટવર્કમાં પ્રાઈવેટ લેબલ એપેરલ લાઈન લોન્ચ સાથે નવા સેગ્મેન્ટમાં એન્ટ્રી




વકરાંગી લિમિટેડે તેના વ્યાપક વકરાંગી કેન્દ્ર નેટવર્કમાં પાયલોટ તબક્કા દ્વારા તેની પોતાની ખાનગી લેબલ એપેરલ લાઈન શરૂ કરી છે, જેમાં ફ્રેન્ચાઈઝી અને માસ્ટર ફ્રેન્ચાઈઝી બંને ચેનલોનો સમાવેશ થાય છે. આ પાયલોટની સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, વકરાંગી દેશભરમાં પહેલને સ્કેલ કરવાની યોજના ધરાવે છે. નવા એપેરલ કલેક્શનમાં વિવિધ પ્રસંગો માટે અનુકૂળ ટ્રેન્ડી, આરામદાયક અને પોસાય તેવી શૈલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને પુરૂષોના કપડાંની વિવિધતા આપવામાં આવી છે. આ પ્રક્ષેપણ ઉચ્ચ-ગુણવત્તાવાળા કાપડ, આધુનિક ડિઝાઈન અને સ્પર્ધાત્મક કિંમતો સાથે વ્યાપક ગ્રાહક આધાર સુધી પહોંચવાના કંપનીના ધ્યેયને સમર્થન આપે છે.

કંપનીના નવનિયુક્ત ચેરપર્સન દિવ્યા નંદવાનાએ આ લોંચના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, “અમે અમારા ખાનગી લેબલ ઓફરિંગ્સ રજૂ કરવા માટે રોમાંચિત છીએ, જે માત્ર અમારા ઉત્પાદન પોર્ટફોલિયોને વૈવિધ્ય બનાવે છે પરંતુ ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં મુખ્ય સક્ષમ તરીકે અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. વિતરણ ઈકોસિસ્ટમ. અમારા મજબુત વકરાંગી કેન્દ્ર પ્લેટફોર્મનો ઉપયોગ કરીને, અમે સ્પર્ધાત્મક અને પોસાય તેવા ભાવો જાળવી રાખીને, ઓછા બજારોમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનોની સીમલેસ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકીએ છીએ."

### વકરાંગી લિમિટેડ વિશે

૧૯૯૦ માં સ્થાપિત, વકરાંગી લિમિટેડ (BSE કોડઃ ૫૧૧૪૩૧; NSE કોડઃ VAKRANGEE) એ ભારતના સૌથી મોટા લાસ્ટ-માઈલ ડિસ્ટ્રિબ્યુશન પ્લેટફોર્મ્સમાંનું એક છે, જે સમગ્ર ભારતમાં હાજરી સાથે ભૌતિક અને ડિજિટલ બંને ઈકોસિસ્ટમને એકીકૃત કરે છે. વકરાંગી ગ્રામીણ, અર્ધ-શહેરી અને શહેરી વિસ્તારોમાં નાણાકીય, સામાજિક અને ડિજિટલ સમાવેશને સમર્થન આપતી બેંકિંગ, નાણાકીય સેવાઓ, ATM, વીમા, ઈ-ગવર્નન્સ, ઈ-કોમર્સ અને લોજિસ્ટિક્સ સેવાઓની વાસ્તવિક સમયની ઍક્સેસ પ્રદાન કરે છે. વકરાંગી કેન્દ્રો, કંપનીના ભૌતિક આઉટલેટ્સ, સેવાઓની શ્રેણી માટે "વન-સ્ટોપ શોપ" તરીકે સેવા આપે છે, જ્યારે મ્રફ્રક્રિંઈફ્રજઅ મોબાઈલ સુપર એપ તેના ડિજિટલ પ્લેટફોર્મ તરીકે તેની ફિઝીકલ અને ડિજીટલ એમ બંને જગ્યા પર હાજરી સુનિશ્ચિત કરે છે.

વકરાંગી કેન્દ્રો હાલમાં બેંકિંગ, વીમા, એટ-ીએમ, ઈ-કોમર્સ, ઈ-ગવર્નન્સ અને કુલ હેલ્થકેર સોલ્યુશન્સ જેવી સેવાઓ પ્રદાન કરે છે, જેનો ઉદ્દેશ્ય "અબ પુરી દુનિયા પડોસ મેં"ની નવી બ્રાન્ડ ફિલસૂફી હેઠળ સમગ્ર ભારતમાં ભૌતિક અને ઓનલાઈન બંને રીતે વિશ્વસનીય, સર્વગ્રાહી સુવિધા સ્ટોર ચેઈન બનવાનો છે.

**૨૦૩૦ સુધીમાં, કંપની ઓછામાં ઓછા ૧૫,૦૦૦ એટીએમ સહિત ૩ લાખથી વધુ આઉટલેટ્સ સંચાલન કરવાનું લક્ષ્ય રાક્ષે છે.**

**USD 1 બિલિયનનું આવક સાથે USD ૧૫૦ બિલિયનથી વધુના ગ્રોસ ટ્રાન્ઝેક્શન મૂલ્યનો લક્ષ્ય**

**નોન-કેશ-આધારિત બેંકિંગ અને ડિજિટલ સેવાઓના વિસ્તરણ**




વકરાંગી ડિજિટલ પેમેન્ટ અપનાવવાના વધતા વલણને અનુરૂપ, બિન-રોકડ-આધારિત બેંકિંગ સોલ્યુશન્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ શિફ્ટને પહોંચી વળવા માટે, કંપની તેના પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ કરી રહી છે જેથી વધુ ડિજિટલ બેંકિંગ અને ચુકવણી વિકલ્પોનો સમાવેશ થી શકે. તેની વ્યૂહાત્મક પહેલના ભાગરૂપે, વકરાંગી ભાગીદારી અને નવી સેવા ઓફરિંગ પણ વિકસાવી રહી છે.

### વિઝન ૨૦૩૦ના મહત્વકાંક્ષી માઈલસ્ટોન સર કરવા મેનેજમેન્ટમાં ફેરફાર

એક વ્યૂહાત્મક પગલાના ભાગરૂપે વકરાંગી લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ચેરમેન તરીકે દિવ્યા નંદવાના, મેનેજિંગ ડિરેક્ટર તરીકે વેદાંત નંદવાના અને અમ્મીત સબરવાલને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ગ્રુપ CEO તરીકે નિમણૂકને મંજૂરી આપી છે. નવું મેનેજમેન્ટ, જેમાં દિવ્યા નંદવાના, વેદાંત નંદવાના અને અમ્મીત સબરવાલનો સમાવેશ થાય છે, તે ટેક્નોલોજી આધારિત નવીનતા, વ્યૂહાત્મક ફાઈનાન્સ અને ટકાઉપણું-કેન્દ્રિત વૃદ્ધિ વ્યૂહરચનાઓનું મજબૂત મિશ્રણ લાવે છે. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ફાઈનાન્સ અને વ્યૂહાત્મક સંચાલનમાં તેમની સંયુક્ત નિપુણતા તેમને વકરાંગીના વિસ્તરણ લક્ષ્યોને આગળ વધારવા અને કંપનીના વિઝન ૨૦૩૦ સાથે સંરેખિત કરીને તેના લાસ્ટ-માઈલ વિતરણ ક્ષમતાઓને વધારવા માટે સ્થાન આપે છે.

વકરાંગી લિમિટેડ સમગ્ર ભારતમાં તેની પહોંચ વિસ્તારવાનું લક્ષ્ય ધરાવે છે. તેમનો ધ્યેય માસ્ટર ફ્રેન્ચાઈઝીની નિમણૂક કરીને દેશના દરેક જિલ્લામાં હાજરી આપવાનો છે. આ માસ્ટર ફ્રેન્ચાઈઝીઓ રોજ-બ-રોજની કામગીરીની દેખરેખ રાખવા, હાલની ફ્રેન્ચાઈઝીઓને ટેકો આપવા અને નવી ભરતી કરવા માટે જવાબદાર રહેશે. ૨૦૩૦ સુધીમાં, વકરાંગી ૩૦૦,૦૦૦ આઉટલેટ્સ અને ૧૫,૦૦૦ ATMના નેટવર્કની કલ્પના કરે છે. આ વિસ્તરણથી આવકમાં $1 બિલિયન અને ગ્રોસ ટ્રાન્ઝેક્શન મૂલ્યમાં $150 બિલિયનથી વધુની આવક થવાની ધારણા છે.



### પ્રાદેશિક બજરમાં અને રેવન્યુ વિઝિબિલિટી

દેશના વિસ્તરતા બેંકિંગ નેટવર્ક દ્વારા સંચાલિત ATM ઈન્સ્ટોલેશન અને રિપ્લેસમેન્ટ માટેની ભારતની વધતી માંગનો લાભ ઉઠાવવા માટે વકરાંગી સારી સ્થિતિમાં છે. તેણે અંદાજે ૨.૫ લાખ એટીએમ ઈન્સ્ટોલ કર્યા છે અને ૨૦,૦૦૦ થી વધુ એટીએમના અનુમાનિત ઉમેરા સાથે, વકરાંગીએ આવકની દૃશ્યતા સુનિશ્ચિત કરીને ૩,૦૦૦ થી વધુ એટીએમની મજબૂત ઓર્ડર બુક બનાવી છે. વિન્ડોઝ ૭ થી વિન્ડોઝ ૧૦ માં શિફ્ટિંગ ને લીધે બેંકિંગ સેક્ટર રિફ્રેશ સાયકલ આગામી ૧૮ થી ૨૪ મહિનામાં લગભગ ૮૦,૦૦૦ ATM માં અપગ્રેડશનની જરૂરીયાત ઉભી કરે તેવી અપેક્ષા છે, જે વૃદ્ધિની અધિક સંભાવનાઓમાં ઉમેરો કરશે.

### ટેકનોલોજીકલ એજ અને રેગ્યુલેટરી સપોર્ટ

એક દાયકાથી વધુના વિકાસ અને સંસોધન થકી વકરાંગીએ એટીએમ અને કેશ ડિસ્પેન્સર ટેક્નોલોજીમાં ૯ પેટન્ટ અને આઈપી ધરાવતો મજબૂત પોર્ટફોલિયો બનાવ્યો છે. તેના ઉત્પાદનોને સમગ્ર ભારતમાં મોટી બેંકો દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને આફ્રિકા જેવા આંતરરાષ્ટ્રીય બજારોમાં માન્યતા પ્રાપ્ત થયેલ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ઈન્ટરબેંક ફીમાં વધારા સહિત રેગ્યુલેટરી સપોર્ટે ATM ડિપ્લોયમેન્ટની નાણાકીય સદ્ધરતામાં વધુ સુધારો કર્યો છે. વધુમાં, ફરજિયાત ATM હાર્ડવેર અને સોફ્ટવેર સુરક્ષા અપડેટ્સ વધારાના આવકના પ્રવાહો માટે તકો પૂરી પાડી રહ્યું છે.

### વૈશ્વિક તકો અને અંદાજિત આવક વૃદ્ધિ

૨૦૨૦માં $20.2 બિલિયનનું મૂલ્ય ધરાવતું વૈશ્વિક ATM માર્કેટ ૨૦૨૭ સુધીમાં ૮.૧૨% ની CAGR પર ઉભરતી અર્થવ્યવસ્થાઓની વધતી માંગ સાથે વૃદ્ધિ પામે તેવા અંદાજ છે. વકરાંગીનું IP-આધારિત રિમોટ ATM મોનિટરિંગ ટૂલ, 'PERFO' ક્રોસ-પ્લેટફોર્મ સોલ્યુશન ઓફર કરે છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૦% CAGR સાથે સોફ્ટવેર ક્ષેત્રમાં કંપનીના વિકાસને વેગ આપે છે. આગળ જોતાં, વકરાંગી FY2028 સુધીમાં 8x આવક વૃદ્ધિ અને 50x PAT વૃદ્ધિની અપેક્ષા રાખે છે, જે વાર્ષિકી-સંચાલિત AMC વ્યવસાય અને તેના IP સોફ્ટવેર સેગમેન્ટમાં મજબૂત નફાકારકતા દ્વારા સમર્થિત છે.

### વકરાંગી FY2028 સુધીમાં 8x આવક વૃદ્ધિ અને 50x PAT વૃદ્ધિની અપેક્ષા રાખે છે

### BharatEasy મોબાઇલ સુપર એપ

વકરાંગીએ BharatEasy મોબાઈલ સુપર એપ રજૂ કરી છે જે ગ્રાહકોને અનુકૂળ સેવાઓ ઘરે બેઠા પૂરી પાડવા માટે રચાયેલ એક વ્યાપક ડિજિટલ પ્લેટફોર્મ છે. આ એપ કંપનીના O2O (ઓનલાઈન ટુ ઓફલાઈન) સેવા મોડેલમાં સંક્રમણને ચિહ્નિત કરે છે. કંપનીએ હાલમાં “BharatEasy” મોબાઈલ સુપર એપ આધારિત બિઝનેસ પ્લેટફોર્મનું અપગ્રેડેડ બીટા ટ્રાયલ વર્ઝન લોન્ચ કર્યું છે. મોબાઈલ સુપર એપ પ્લેટફોર્મ એક છત્ર હેઠળ વિવિધ ઉપભોક્તા ઉત્પાદનો અને સેવાઓ ઓફર કરશે.

Q1 FY2024-25 માટે, કંપનીએ મુખ્ય નાણાકીય મેટ્રિક્સમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. આવકમાં વર્ષ-દર-વર્ષ (YoY) ૬.૬% નો વધારો થયો છે, જ્યારે કર પછીનો નફો (PAT) ૩૫૩.૫% YoY, અને રોકડ નફામાં ૩૮.૦% રૂરૂ વધારો થયો છે. ગ્રોસ ટ્રાન્ઝેક્શન વેલ્યુ (GTV) ક્વાર્ટરમાં ૩.૨ કરોડથી વધુ વ્યવહારો સાથે રૂ. ૧૪,૦૮૬.૩ કરોડને વટાવી ગઈ છે. આવક અને નફાકારકતાએ YoY અને ક્વાર્ટર-ઓવર-ક્વાર્ટર (QoQ) બંનેમાં સુધારો દર્શાવ્યો છે, જે નેટવર્ક વિસ્તરણ અને ઓપરેશનલ કાર્યક્ષમતા દ્વારા સંચાલિત છે જે માર્જિનમાં વધારો કરવાનું ચાલુ રહેવાની અપેક્ષા છે.

**વ્યૂહાત્મક વિકાસઃ** વોર્ટેક્સ એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડનું સંપાદન પૂર્ણ થતા કંપનીની ક્ષમતાઓને વધુ મજબૂત બની છે. એપેરલ અને રિટેલ સેગમેન્ટમાં ખાનગી અને વ્હાઈટ-લેબલ ઉત્પાદનો રજૂ કરવાની યોજનાઓ ચાલી રહી છે.

**ફ્રેન્ચાઇઝ નેટવર્ક વિસ્તરણઃ** માર્ચ ૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ જિલ્લા કવરેજના લક્ષ્યાંક સાથે ઓન-ગ્રાઉન્ડ ઓપરેશનલ સપોર્ટને પ્રોત્સાહન આપવા અને ફ્રેન્ચાઈઝ વૃદ્ધિને માટે ૩૦ રાજ્યોના ૫૦૪ જિલ્લાઓમાં માસ્ટર ફ્રેન્ચાઈઝીની નિમણૂક કરવામાં આવી છે.


NATUREWINGS HOLIDAYS LTD.
A BSE LISTED COMPANY BSE
An ISO 9001:2015 Certified
NatureWings
www.naturewings.com
BHUTAN
NORTH EAST
SIKKIM/DARJEELING
KASHMIR/LADAKH
Most respected and trusted DMC for Bhutan, Arunachal Pradesh, Sikkim, Darjeeling, Silk Route, Sandakphu, Kashmir, Ladakh, North East, Andaman, Sri Lanka, Dubai, Maldives etc.
Nature Wings - "India's Most Preferred Travel Tourism Brand" - Awarded by UBM India
The Best Himalayan Destination Management Company in India
wish you Happy Diwali
Mona Sanghvi- 9875448857
Maneesh Kumar- 9748609505
Mumbai Office
Workafella, Cw9- CW10 AK Estate, Besides Radisson Blu Hotel SV Road Goregaon West Mumbai - 400062
We have a branch office in KOLKATA, GUWAHATI, BHUTAN & DELHI


RADHE
25 Years Experience
1200 Happy Families
20 Successful Projects
400000
sq. ft. Space Developed
Happy Diwali
FESTIVAL GREETING
CALL US : +91 (079) 26583381
info@radheinfra.com | www.radhedevelopers.com
RADHE ABODE
Radhe Acres, Block No. 220, 226 & 227, B/h. Applewoods
Township, Shela, Sanand, Ahmedabad, Gujarat - 380058 INDIA.

# આર્વી ડેનિમ્સ એન્ડ એક્સપોર્ટ્સ લિમિટેડ : દેવાના બોજ નીચે દબાયેલી આ કંપનીમાં ઓપન ઓફર નવા પ્રાણ ફૂંકશે

**ટર્નઅરાઉન્ડ સ્ટોરી** | **અમદાવાદ સ્થિત યુવા ઉદ્યોગ-સાહસિક જૈમીન ગુપ્તા ઓપન ઓફર થકી બહુમતી હિસ્સો ખરીદશે**

aarvee DENIMS & EXPORTS LTD. An ISO 9001:2008 Certified Company




પુરુષો માટેની અગ્રણી ફેશન બ્રાન્ડ બાર્સેલોનાના સ્થાપક જૈમિન ગુપ્તાએ ગુજરાત સ્થિત એક સુસ્થાપિત કંપની આરવી ડેનિમ્સ એન્ડ એક્સપોર્ટ્સમાં વ્યૂહાત્મક રીતે બહુમતી હિસ્સો હસ્તગત કર્યો છે. જૈમીન ગુપ્તાએ, રોકાણકારો તારાચંદ અગ્રવાલ અને ક્યુમિન ઈન્ડસ્ટ્રીઝ સાથે મળીને, આરવી ડેનિમ્સના ૧.૪૨ કરોડ શેર ખરીદ્યા છે. કંપનીમાં તેઓના ઈક્વિટી હિસ્સાનો ભાગ થ્રેસહોલ્ડ કરતાં વધી જવાને પગલે નિયમનો આધીન ઓપર ઓફર ટ્રીગર થયેલ છે.

આ સંપાદન જૈમીન ગુપ્તાના કાપડ ઉદ્યોગમાં વિસ્તરી રહેલા પ્રભાવને દર્શાવે છે. આરવી ડેનિમ્સે પુષ્ટિ કરી હતી કે તેના બોર્ડે ગુપ્તા અને તેના સહ-રોકાણકારો, અગ્રવાલ અને ક્યુમિન ઈન્ડસ્ટ્રીઝને ૧.૪૨ કરોડ શેર ટ્રાન્સફર કરવાની સુવિધા આપતા શેર ખરીદી કરારના અમલને મંજૂરી આપી હતી. આ નોંધપાત્ર સંપાદન હવે ખરીદદારોને કંપનીની ઈક્વિટીના ૨૬% નું પ્રતિનિધિત્વ કરતા ૬૦.૯૯ લાખ સુધીના શેરની ખરીદી માટે આરવીના જાહેર શેરધારકોને ઓપન ઓફર કરવા માટે બંધાયેલા છે.

ઓપર ઓફરમાં જૈમીન ગુપ્તા ઉપરાંત તારાચંદ અગ્રવાલ અને ક્યુમિન ઈન્ડસ્ટ્રીઝ સંયુક્ત રીતે કંપનીમાં બહુમતી હિસ્સો હસ્તગત કરશે. ઓપર ઓફર રૂ. ૪૧ પ્રતિ શેરના ભાવ પર મૂકવામાં આવેલ છે. આ ઓફરમાં રોકાણકારો તેમના શેર વેચાણ કરી શકાશે. ઓપન ઓફર ઓક્ટોબર ૩૧થી શરુ થશે જે ૧૪ નવેમ્બર સુધી ખુલ્લી રહેશે.

આ એક્વિઝિશન પગલું ભારતીય ડેનિમ અને ફેશન ઉદ્યોગમાં ગુપ્તાના સ્થાનને મજબૂત કરે છે એટલું જ નહીં પરંતુ મુખ્ય ટેક્સટાઇલ કંપનીઓમાં સ્થાનો મજબૂત કરવામાં રોકાણકારોની વધતી જતી રુચિને પણ પ્રકાશિત કરે છે.

### આર્વી ડેનિમ વિષે

૧૯૮૮ માં સ્થાપિત, આરવી ડેનિમ્સ એન્ડ એક્સપોર્ટ્સ ડેનિમ અને નોન-ડેનિમ કાપડના ઉત્પાદન અને વિતરણમાં વિશેષતા ધરાવતા ટેક્સટાઈલ ઉદ્યોગમાં એક નોંધપાત્ર ખેલાડી તરીકે સ્થિત છે. કંપની પાસે વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ છે, જે તેને યાર્ન સ્ટેજથી લઈને ફિનિશ્ડ ફેબ્રિક સુધી ડેનિમ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીનું ઉત્પાદન કરવા સક્ષમ છે. આરવી ડેનિમ્સ તેના પોતાના ઈન-હાઉસ યાર્ન ઉત્પાદન એકમોનું સંચાલન કરે છે, મુખ્યત્વે કેપ્ટિવ વપરાશ માટે, અને તેના ડેનિમ ઉત્પાદનોની વિવિધ માંગને પહોંચી વળવા સ્થાનિક બજારોમાંથી મેળવેલા યાર્ન સાથે તેને પૂરક બનાવે છે. વધુમાં, કંપની સ્થાનિક બજારમાં સરપ્લસ યાર્નનું વેચાણ કરે છે.

### બિઝનેસ ડિવીઝનઃ

**કોટન ફાઇબરઃ** કંપની ઉચ્ચ-ગુણવત્તાવાળા ડેનિમ કાપડના ઉત્પાદન માટે કોર્સર કોટન ફાઇબરનો ઉપયોગ કરે છે. આ કોટન, જે ૫ થી ૨૦ ના કાઉન્ટમાં સ્પિનિંગ માટે સક્ષમ છે, તે ગુજરાત અને કર્ણાટક જેવા ભારતીય રાજ્યોમાંથી તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે યુએસએ, બ્રાઝિલ, આર્જેન્ટિના અને પાકિસ્તાન જેવા દેશોમાંથી મેળવવામાં આવે છે. કંપનીની વાર્ષિક કપાસની પ્રાપ્તિ USD ૪૦ મિલિયનથી વધુ છે, જે ૧૬૦,૦૦૦ થી ૧૭૦,૦૦૦ ગાંસડીઓ જેટલી થાય છે જે પ્રત્યેકનું વજન લગભગ ૧૬૫ કિલો છે.

**ટેક્ષ્ચરાઇઝ્ડ યાર્નઃ** કંપની પોલિએસ્ટર યાર્નનું પણ ઉત્પાદન કરે છે, જેનો ઉપયોગ ડેનિમ કાપડના ઉત્પાદનમાં થાય છે. આ તેના ડેનિમ ઉત્પાદનોની ગુણવત્તા અને વૈવિધ્યતાને વધારવામાં મુખ્ય ઘટક તરીકે સેવા આપે છે

**કોટન યાર્નઃ** આરવી ડેનિમ્સ તેના ડેનિમ અને નોન-ડેનિમ બોટમ વેર ફેબ્રિક્સ બંનેના ઇન-હાઉસ ઉત્પાદન માટે કોટન યાર્નનું ઉત્પાદન કરે છે. કંપની તેની પ્રોડક્ટ ઓફરિંગમાં સુગમતા સુનિશ્ચિત કરીને, ૫જ થી ૨૦જ સુધીના કાઉન્ટનું ઉત્પાદન કરે છે.

**નોન-ડેનિમ ફેબ્રિક્સઃ** કંપની કોર્ડરોય, ૧૦૦% કોટન ટ્વીલ્સ, કોટન સ્ટ્રેચ, કેનવાસ, ડોબી ડિઝાઇન, વર્ટિકલ સ્લબ, ક્રોસ-હેચ અને હેરિંગબોન્સ સહિત નોન-ડેનિમ બોટમ-વેઈટ ફેબ્રિક્સની પ્રીમિયમ શ્રેણી ઓફર કરે છે. આ કાપડ આંતરરાષ્ટ્રીય ફેશન બજારની માંગને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવે છે.

**ગ્રીન એનર્જીઃ** કંપની ૨૦.૫ મેગાવોટ વિન્ડ પાવરના ઇન્સ્ટોલેશન સાથે ગ્રીન એનર્જી જનરેશનમાં પણ રોકાયેલી છે.

### ઉત્પાદન સુવિધાઓ

આરવી ડેનિમ્સ ત્રણ અદ્યતન ઉત્પાદન પ્લાન્ટ ચલાવે છે. પ્રથમ વિજય ફાર્મ, નારોલ ખાતે સ્થિત છે, જેમાં એક સંકલિત સ્પિનિંગ, વીવિંગ અને પ્રોસેસિંગ વિભાગ છે. બીજો પ્લાન્ટ, નારોલમાં પણ આવેલું છે, જે વણાટ અને પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ત્રીજી સુવિધા મટોડામાં સ્થિત એક સમર્પિત સ્પિનિંગ વિભાગ છે. આ પ્લાન્ટ્સ ઉપરાંત, આરવી ડેનિમ્સ કચ્છ, ગુજરાતમાં કેપ્ટિવ એનર્જીના ઉપયોગ માટે પાંચ પવનચક્કી ચલાવે છે. કંપનીની વાર્ષિક ઉત્પાદન ક્ષમતામાં ૩૪,૦૦૦ ટન કોટન સ્પિનિંગ, ૧૧,૨૦૦ ટન ટેક્ષ્ચરાઈઝિંગ, ૯૦ મિલિયન મીટર સાઈઝિંગ, ૮૧ મિલિયન મીટર વણાટ અને ૮૫ મિલિયન મીટર ફેબ્રિક ફિનિશિંગનો સમાવેશ થાય છે. કંપની ૩૯,૦૦૦ મેટ્રિક ટન યાર્ન (ઓપન એન્ડ, રિંગ અને PTY યાર્ન સહિત) અને ૧૮ મિલિયન મીટર નોન-ડેનિમ બોટમ વેર ફેબ્રિકનું ઉત્પાદન પણ કરે છે.

### ભૌગોલિક પહોંચ અને ગ્રાહક આધાર

આરવી ડેનિમ્સ યુનાઈટેડ સ્ટેટ્સ, લેટિન અમેરિકા, યુરોપ, તુર્કી, ઈજિપ્ત, યુએઈ અને બાંગ્લાદેશ જેવા મુખ્ય બજારો સહિત ૧૦ થી વધુ દેશોમાં તેના ઉત્પાદનોની નિકાસ કરે છે. કંપનીની વૈવિધ્યસભર ભૌગોલિક પદચિહ્ન મુખ્ય વૈશ્વિક બજારોમાં તેની હાજરીને સુનિશ્ચિત કરે છે, જે તેને ઉચ્ચ-ગુણવત્તાવાળા કાપડના વિશ્વસનીય સપ્લાયર બનાવે છે. આરવી ડેનિમ્સ એચએન્ડએમ, વીએફ કોર્પોરેશન, કેરેફોર, પ્રાઈમાર્ક, એમજીબી, નેક્સ્ટ, જેક એન્ડ જોન્સ અને ટેસ્કો સહિત વિશ્વની કેટલીક અગ્રણી ફેશન અને રિટેલ બ્રાન્ડ્સને સેવા આપે છે.

### દેવાની સ્થિતિ અને પરિણામોમાં ઘટાડો

FY2020 થી કંપનીની કુલ ઓપરેટિંગ આવક ઘટી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માં કુલ ઓપરેટિંગ આવક રૂ. ૫૬૪.૬૮ કરોડ જે નાણાકીય વર્ષ ૨૪માં રૂ. ૮૪.૭૩ કરોડ રહી હતી. શરૂઆતમાં COVID-19 ને કારણે અને ત્યારબાદ રશિયા યુક્રેન યુદ્ધને કારણે યુએસએ અને યુરોપમાં નિકાસમાં ઘટાડાથી કંપનીની નાણાકીય કામગીરી પર પ્રતિકૂળ અસર થઈ હતી. ટોપલાઇનમાં ઘટાડો અને કોટન કેન્ડીના કાચા માલના ભાવમાં થયેલા વધારાને કારણે કંપનીને FY24માં રૂ. ૪૪.૬૨ કરોડની ચોખ્ખી ખોટ અને FY23માં રૂ. ૬૯.૩૧ કરોડ ની ચોખ્ખી ખોટ થઇ હતી. આ પ્રતિકૂળ પરિસ્થિતિ અને દેવાના સ્તરોને લીધે મોટાભાગની આવક વ્યાજ ખર્ચ સંતોષવામાં વપરાતી હતી જેને કારણે કંપનીના પરિણામો નબળા રહ્યા છે. કંપનીએ તેની અસ્કામયતોના વેચાણ થકી દેવાની સારી એવી ચૂકવણી પણ કરી છે, ૨૦૨૧માં દેવું રૂ. ૪૩૨ કરોડ હતું જે માર્ચ ૨૦૨૪ મુજબ ૨૭૭ કરોડ રહ્યું છે.



જૈમિન ગુપ્તા

### વ્યૂહાત્મક રીતે એકમોનું વેચાણ

તેની વ્યૂહાત્મક પુનઃરચનાના ભાગરૂપે આરવી ડેનિમ્સે FY22 માં કુલ રૂ. ૧૭.૦૨ કરોડની વિચારણા માટે ૭ મેગાવોટની સંયુક્ત ક્ષમતા સાથે તેની બાકીની પાંચ પવનચક્કીઓના વેચાણને મંજૂરી આપી હતી. અગાઉ, કંપનીએ કામગીરીને સુવ્યવસ્થિત કરવાના પ્રયાસોના ભાગરૂપે ૧૩.૫ મેગાવોટની કુલ ક્ષમતા ધરાવતી નવ પવનચક્કીઓનું વેચાણ કર્યું હતું. વધુમાં સપ્ટેમ્બર ૨૦૨૧માં કંપનીએ અમદાવાદમાં સ્થિત તેના સ્પિનિંગ યુનિટના વેચાણને મંદીના વેચાણની ચિંતા તરીકે મંજૂરી આપી હતી, જે તેના બિઝનેસ ઓપરેશન્સને ઑપ્ટિમાઇઝ કરવા પર તેના ધ્યાનને વધુ પ્રતિબિંબિત કરે છે.

### જૈમિન ગુપ્તાઃ મિડાસ ટચ એન્ટરપ્રેન્યોર

જૈમિન ગુપ્તા, ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા ઉદ્યોગસાહસિક, તેમના મિડાસ ટચ માટે જાણીતા છે, જે નાના પાયાના સાહસોને સમૃદ્ધ સાહસોમાં ફેરવે છે. બાર્સેલોનાના સ્થાપક અને CEO તરીકે, ભારતની સૌથી ઝડપથી વિકસતી મેન્સવેર બ્રાન્ડ્સમાંની એકમાં જૈમિનની સફર ૨૦ વર્ષની નાની ઉંમરે શરૂ થઈ જ્યારે તેણે ૨૦૧૫માં સ્ટીચ ટેક્સટાઈલની સ્થાપના કરી. તેમની આતુર વ્યાપાર કુશળતા અને વ્યૂહાત્મક દૂરંદેશીથી કંપનીને ૧૦૮ કરોડ રૂપિયાની આવક હાંસલ કરવામાં મદદ મળી હતી. તેમના નેતૃત્વ દ્વારા, બાર્સેલોનાએ ૧૨૫ વિશિષ્ટ બ્રાન્ડ આઉટલેટ્સ (EBOs) અને ૩,૦૦૦ થી વધુ મલ્ટિ-બ્રાન્ડ આઉટલેટ્સ (MBOs) ના મજબૂત નેટવર્ક સાથે સમગ્ર ભારતમાં તેની છાપ વિસ્તારી છે. ત્યાં જ ન અટકતા, જૈમિને ભારતના અસંગઠિત છૂટક ક્ષેત્રને સુવ્યવસ્થિત કરવા માટે એક B2B એપ લોન્ચ કરી, અને ઉદ્યોગમાં પરિવર્તનશીલ બળ તરીકેની તેમની ભૂમિકાને વધુ મજબૂત બનાવી છે. જૈમિન વિરુ રિટેલ પ્રાઈવેટ લિમિટેડમાં ડિરેક્ટર તરીકે પણ સેવા આપે છે, જે સુપ્રસિદ્ધ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગની બ્રાન્ડ "VS" સાથે સંયુક્ત સાહસ છે, જે આગળ ધંધાને નવી ઊંચાઈએ લઈ જવાની તેમની ક્ષમતા દર્શાવે છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી B.Com અને ATIRA ખાતે વિશિષ્ટ ટેક્સટાઈલ અભ્યાસ સાથે, જૈમીનનું ઉંડાણપૂર્વકનું ઉદ્યોગ જ્ઞાન અને અવિરત ઉત્સાહ સાથે બિઝનેસ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવા કાર્યરત છે. આર્વી ડેનિમમાં તેમના તાજેતરના અધીગ્ર્હ વિષે તેઓ જણાવે છે કે," વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા રાષ્ટ્ર તરીકે, ભારત એપેરલ બ્રાન્ડ્સ માટે એક વિશાળ તક રજૂ કરે છે. બાર્સેલોનાના ૧૨૫ ફ્રેન્ચાઇઝી સ્ટોર્સ અને એક મજબૂત B2B પ્લેટફોર્મ સાથે અમે આ વિકસતા બજારને ટેપ કરવા માટે સારી રીતે તૈયાર છીએ. આરવી ડેનિમ્સ અને એક્સપોર્ટ્સમાં હિસ્સો ખરીદવાનો તાજેતરનો સંપાદન ટેક્સટાઈલ ઉદ્યોગમાં અમારા વ્યૂહાત્મક વિસ્તરણને વધુ વિસ્તૃત કરે છે. આ સંપાદન અમને ગુણવત્તાની સુસંગતતા સુનિશ્ચિત કરવા અને ઉત્પાદન પર નિયંત્રણ વધારવા માટે પરવાનગી આપે છે, જે અમને પશ્ચિમી-શૈલીના વસ્ત્રોની વધતી માંગને પહોંચી વળવા માટે સ્થાન આપે છે. આખરે, આ પગલું વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ ફેશન અને ટેક્સટાઈલ પાવરહાઉસ બનાવવાના અમારા વિઝનને રેખાંકિત કરે છે, જે એપેરલ માર્કેટમાં ભારતની અપાર સંભાવનાને ઉઠાવવા માટે તૈયાર છે"

# મુક્કા પ્રોટીન્સ લિમિટેડ : (૫૪૪૧૩૫) : CMP ૪૨

## મુક્કા પ્રોટીન્સ એક્વીઝેશન અને વિસ્તરણ માટે પ્રેફરન્સ શેરો દ્વારા રુ.૯૮ કરોડ એકત્ર કર્યા : કંપનીના પ્રમોટર્સ ફંડનોમોટો હિસ્સો રોકાણ કરશે

### કંપની બોર્ડે શેર દીઠ રૂ. ૫૦ના ભાવે પ્રેફરન્શિયલ ધોરણે ૧.૯ કરોડ કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂને મંજૂરી આપી : પ્રમોટર્સની કંપનીના વિકાસ પ્રત્યે વિશ્વાસ અને પ્રતિબદ્ધતા: લગભગ રૂ. ૬૦ કરોડનું રોકાણ કરશે




ભારતની સૌથી મોટી ફિશ મિલ્સ અને ઈન્સેક્ટ મિલ્સ ઉત્પાદક અને પ્રાણી પ્રોટીન ઉદ્યોગમાં અગ્રણી, મુક્કા પ્રોટીન્સ લિમિટેડે બોર્ડ મીટીંગમાં રૂ.૯૮ કરોડના પ્રેફરન્શિયલ ઈશ્યૂની મંજૂરીની જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક પગલું મુક્કા પ્રોટીનને તેના ચાલુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સંપાદન અને વિસ્તરણના પ્રયાસોમાં મદદ કરશે, વૈશ્વિક બજારમાં તેની સ્થિતિને વધુ મજબૂત બનાવશે. ભંડોળનો નોંધપાત્ર હિસ્સો પ્રમોટર અને પ્રમોટર જૂથમાંથી આવશે, જે કંપનીની મજબૂત વૃદ્ધિ વ્યૂહરચના પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

પ્રેફરન્શિયલ ઈશ્યૂમાં શેર દીઠ રૂ.૫૦ના દરે ૧.૯૬ કરોડ સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થશે, જે કુલ રૂ.૯૮ કરોડ છે. આ કિંમતમાં રૂ.૧ની ફેસ વેલ્યુ પર શેર દીઠ રૂ.૪૯નું પ્રીમિયમ શામેલ છે. મુક્કા પ્રોટીન્સ ઉત્પાદન ક્ષમતાઓને વધારવા અને ખાસ કરીને ફિશમીલ અને ઈન્સેક્ટ મીલ સેક્ટરમાં ટકાઉ અને ઉચ્ચ-ગુણવત્તાવાળા પ્રોટીન સોલ્યુશનની વધતી જતી વૈશ્વિક માંગને પહોંચી વળવા માટે આ વધારાની મૂડીનો ઉપયોગ કરશે.

મુક્કા પ્રોટીન્સના પ્રમોટર્સે ઈક્વિટી શેરની પ્રેફરન્શિયલ એલોટમેન્ટ દ્વારા રૂ. ૬૦ કરોડની મૂડી માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ નોંધપાત્ર નાણાકીય સમર્થનનો ઉપયોગ કંપનીની નાણાકીય સ્થિતિને મજબૂત કરવા, દેવું ઘટાડવા અને મુખ્ય ઓપરેશનલ સુધારાઓને ભંડોળ આપવા માટે કરવામાં આવશે.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના નિયમનકારી માળખાના અનુપાલનમાં કલંદન મોહમ્મદ હરિસ, કલંદન મોહમ્મદ આરિફ અને કલંદન મોહમ્મદ અલ્થાફ તેમજ અન્ય બિન-પ્રમોટર રોકાણકારો સહિતના મુખ્ય પ્રમોટરોને ઈક્વિટી શેર ફાળવવામાં આવશે. એકત્ર કરાયેલી મૂડીને ઓપરેશનલ ક્ષમતા વધારવા, પ્રોડક્ટ લાઈનના વિસ્તરણ અને બજારમાં કંપનીની સ્થિતિને મજબૂત કરવા સંભવિત રીતે નવા વ્યવસાયો હસ્તગત કરવા માટે વહન કરવામાં આવશે.

#### વૃદ્ધિ અને વિસ્તરણ યોજનાઓ

મુક્કા પ્રોટીનની મૂડીમાં વધારો અને પ્રેફરન્શિયલ ઈશ્યુ એક વિશાળ, સારી રીતે સંરચિત વિસ્તરણ યોજનાના ભાગરૂપે કરવા જઈ રહી છે. કંપની તેના ઉચ્ચ-ગુણવત્તાવાળા સી-ફૂડ અને એનીમલ ફિડ્સ ઉત્પાદનોની વધતી જતી માંગનો અનુભવ કરી રહી છે, જેના કારણે મોટી ઉત્પાદન ક્ષમતા અને વધુ વિતરણ ચેનલોની જરૂરિયાત ઉભી થઈ છે.

પ્રેફરન્શિયલ ઈશ્યૂ દ્વારા એકત્ર કરાયેલ ભંડોળનો ઉપયોગ ઉચ્ચ ઉત્પાદન અને વધુ સારી કાર્યક્ષમતાને સક્ષમ કરીને હાલની ઉત્પાદન સુવિધાઓને વિસ્તૃત કરવા, જ્યાં સીફૂડ ઉત્પાદનોની માંગ વધી રહી છે તેવા નવા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો ખાસ કરીને દક્ષિણપૂર્વ એશિયા અને આફ્રિકામાં વિસ્તાર કરવા માટે.



ઉત્પાદનની ગુણવત્તા વધારવા અને કચરો ઘટાડવા માટે અદ્યતન પ્રોસેસિંગ ટેકનોલોજીમાં રોકાણ કરવા તેમજ પર્યાવરણીય જવાબદારી પ્રત્યે કંપનીની પ્રતિબદ્ધતાને જાળવી રાખવા માટે ટકાઉ ઉકેલો વિકસાવવા માટે કરવામાં આવશે.

વધુમાં, મુક્કા પ્રોટીન્સ ઉત્પાદન વૈવિધ્યકરણમાં નવીનતા લાવવા અને તેના ફીડ ઉત્પાદનોના પોષક મૂલ્યમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેના સંશોધન અને વિકાસ પ્રયાસો વધારવાની યોજના ધરાવે છે.

CEO કલંદન મોહમ્મદ હરિસે જણાવ્યું, "મુક્કા પ્રોટીન્સ માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે. નવી મૂડીના ઈન્ફ્યુઝન સાથે, અમે અમારી કામગીરીને વિસ્તૃત કરવા, અમારી ક્ષમતાઓને વધારવા અને અમારા વધતા ગ્રાહક આધારને ઉચ્ચ-સ્તરના ઉત્પાદનો પ્રદાન કરવાનું ચાલુ રાખવા માટે સારી સ્થિતિમાં છીએ. અમારી વિસ્તરણ યોજના માત્ર અમારી ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા વિશે જ નથી પરંતુ વૈશ્વિક પદચિહ્નને વિસ્તૃત કરવા અને ટકાઉપણું અને નવીનતાના માર્ગને આગળ વધારવા માટે પણ છે."

#### કંપની વિષે

મુક્કા પ્રોટીન્સ લિમિટેડ એ પ્રાણી પ્રોટીન કંપની છે, જે મુખ્યત્વે ફિશ મીલ, ફિશ ઓઈલ અને ફિશ સોલ્યુબલ પેસ્ટના ઉત્પાદનમાં તેમજ એનિમલ ફૂડ સેગમેન્ટમાં બ્લેક સોલ્જર ફલાય (BSF) ઈન્સેક્ટ મીલ જેવા વૈકલ્પિક પ્રોટીન વિકસાવવામાં રોકાયેલ છે. ઉદ્યોગમાં લગભગ ૫ દાયકાના સમૃદ્ધ અનુભવ સાથે, કંપનીનું ધ્યેય ફિશમીલ બિઝનેસને વિસ્તૃત કરીને તેમજ ઝડપથી વધતી જતી માંગને પહોંચી વળવા પ્રોટીનના વૈકલ્પિક સ્રોતો વિકસાવીને ભારતની ખાદ્ય સુરક્ષામાં મોટા પાયે યોગદાન આપવાનું છે.. કંપનીએ ઈન્સેક્ટ મિલ્સ ઉત્પાદન ક્ષમતાઓને વધારવા માટે પણ મજબૂત ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને તે રીતે એનીમલ પ્રોટીન અને એક્વા ફીડ ઉદ્યોગના સંપૂર્ણ સ્પેક્ટ્રમમાં મુખ્ય ખેલાડી તરીકે ઉભરી આવે છે. કંપની NQA, UKAS મેનેજમેન્ટ સિસ્ટમ્સ દ્વારા GMP , Halal, HACCP, EIA, MPEDA, IFFO, ISO 9001:2015, ISO 22000:2018 પ્રમાણિત કંપની જેવા આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો ધરાવે છે.

**અગ્રણી ફિશ મીલ મેન્યુફેક્ચરર** : કંપની ભારતીય ફિશ પ્રોટીન ઉદ્યોગમાં મુખ્ય ખેલાડી છે, જે દેશના ફિશ મિલ્સ અને ફિશ ઓઈલના ઉત્પાદનમાં ૨૫-30% યોગદાન આપે છે.

**ભૌગોલિક હાજરી** : કંપની બહેરીન, બાંગ્લાદેશ, ચિલી, ઈન્ડોનેશિયા, મલેશિયા અને વધુ સહિત ૧૦ થી વધુ દેશોમાં નિકાસ કરીને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સેવા આપે છે. H1 FY24 માં, ૬૮% વેચાણ નિકાસમાંથી આવ્યું હતું, બાકીના ૩૨% સ્થાનિક વેચાણનો હિસ્સો રહ્યો હતો.

**કાચા માલનું સોર્સિંગ** : કંપની સ્થાનિક માછીમારો પાસેથી પેલેજિક માછલી, તેનો પ્રાથમિક કાચો માલ મેળવે છે. આ માછલીઓનો ઉપયોગ ફિશ મિલ્સ, ઓઈલ અને સોલ્યુબલ પેસ્ટ બનાવવા માટે થાય છે. તે તેની વિદેશી પેટાકંપની, ઓશન એક્વાટિક પ્રોટીન થકી પણ ફિશ મિલ્સની પણ આયાત કરે છે.

**પ્રોડક્ટ એપ્લિકેશન** : ફિશ ઓઈલનો ઉપયોગ સાબુ ઉત્પાદન, ચામડાની ટેનિંગ, પેઈન્ટ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ઉદ્યોગોમાં થાય છે. વધુમાં, માછલીના તેલમાંથી મેળવેલ ઓમેગા-૩ પોષક તત્વોથી ભરપૂર આહાર પૂરક તરીકે પણ ખાસી લોકપ્રિયતા મેળવી રહ્યું છે.

**ઉત્પાદન સુવિધાઓ:** કંપની છ ઉત્પાદન એકમો ચલાવે છે જેમાં ચાર ભારતમાં અને બે ઓમાનમાં સ્થિત છે. તે સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં ૧૧૫,૦૫૦ ટીપીએ ફિશ મીલ, ૧૬,૯૫૦ ટીપીએ ફિશ ઓઈલ અને ૨૦,૩૪૦ ટીપીએ ફિશ સોલ્યુબલ પેસ્ટની ઉત્પાદન ક્ષમતા સાથે ત્રણ સંમિશ્રણ અને પાંચ સ્ટોરેજ સુવિધાઓનું સંચાલન કરે છે.

**વિસ્તરણ યોજનાઓ:** કંપનીનો હેતુ કાચા માલસામાનની સરળ પહોંચ સુનિશ્ચિત કરવા માટે ભારતના પૂર્વીય દરિયાકાંઠાના રાજ્યોમાં નવા ઉત્પાદન એકમો સ્થાપીને વિસ્તરણ કરવાનો છે.

**અન્ય ઉત્પાદનો** : ફિશ મિલ્સ અને ઓઈલ ઉપરાંત, કંપની તેના સહયોગી, EPPL દ્વારા ઈન્સેક્ટ મિલ્સ અને ઈન્સેક્ટ ઓઈલનું ઉત્પાદન કરે છે. H1 FY24 માં, ઉલ્લાલ ફિશ મીલ અને ઓઈલે વેચાણમાં ૮.૭૩%, મેંગલોર ફિશ મીલ અને ઓઈલ ૪.૦૨%, પેસિફિક મરીન પ્રોડક્ટ્સ ૧.૧૯%, અને પ્રોગ્રેસ ફ્રોઝન અને ફિશ સ્ટરિલાઈઝેશન ૬.૫૫% યોગદાન આપ્યું હતું.

કંપનીએ નાણાકીય વર્ષ ૨૫ ના Q1 માં ૩૭% ની આવકમાં ઘટાડો હોવા છતાં મજબૂત નાણાકીય અહેવાલ આપ્યો હતો. વેચાણ રૂ. ૧૭૨.૫ કરોડ, નફો ૧૯.૨૫% વધીને રૂ. ૫.૨૬ કરોડ. EBITDA રૂ. ૧૬.૭૯ કરોડ, માર્જિન ૯.૭% સાથે. ચોખ્ખા નફાના માર્જિનમાં નોંધપાત્ર સુધારો થયો છે, જે વર્ષ-દર-વર્ષ ૧.૬૨% થી વધીને ૩.૦૪% થઈ ગયો છે. FY24 માટે, કંપનીએ રૂ. ૧,૩૮૦ કરોડ અને ચોખ્ખો નફો રૂ. ૭૪ કરોડ નોંધાવ્યો છે જયારે, ઓપરેટિંગ નફો રૂ. ૧૦૫ કરોડ રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં, કંપનીએ નફામાં નોંધપાત્ર ૧૨૩% CAGR અને વેચાણ ૩૨% CAGRના દર પર વૃદ્ધિ જાળવી રાખી છે. રીટર્ન ઓન ઈક્વિટી (RoE) અને રીટર્ન ઓન કેપિટલ એમ્પ્લોઈડ (RoCE) અનુક્રમે ૨૫.૬% અને ૧૮.૮% હતા. નક્કર બેલેન્સ શીટ સાથે, કંપની પાસે રૂ. ૩૬૬ કરોડનું રિઝર્વ અને રૂ. ૩૧ કરોડના રોકાણો સાથે રૂ. ૧૨૭ કરોડના રોકડ સમકક્ષ છે ચોપડે નોંધાયેલા છે.

કંપનીનો પબ્લિક ઈશ્યુ માર્ચ ૨૦૨૪માં મૂડીબજારમાં પ્રવેશ્યો હતો અને જેમાં કંપનીએ રૂ. ૨૨૪ કરોડનું ભંડોળ એકઠું કર્યું હતું. ઈશ્યુમાં રૂ. ૨૮ના ભાવ પર શેર ઈશ્યુ કરવામાં આવ્યા હતા જેનું લિસ્ટિંગ રૂ. ૪૪ના ભાવ અપર જોવા મળ્યું હતું. રૂ.૧ની ફેસવેલ્યુ ધરાવતા આ શેરના ભાવ હાલમાં રૂ. ૪૩ આસપાસ પ્રવર્તી રહ્યા છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૫૬.૬ અને નીચામાં ૩૦ના સ્તરો સુધી ભાવ જોવાયા છે.


WINNY®
**Disclaimer:** This is for educational purposes only. Before investing, please consult with your financial advisor. We are not SEBI-registered Advisors. Though all efforts have been made to compile inputs after detailed research, please do your own research. WE ARE NOT RESPONSIBLE FOR ANY KIND OF PROFIT OR LOSS. INVEST 100% AT OWN RISK OR SIMPLY AVOID, Disclosures: Author or Analyst is not SEBI registered. At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm representing, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.















# ડૉ. ધામીના સંવત ૨૦૮૧ માટે રોકાણના નવ-રત્નો

## દિવાળી પિક્સ ૨૦૨૩ની ભલામણોનું પ્રદર્શન - વિશ્લેષણ



ડૉ. બ્રિજેશ ધામી રાજકોટ

| ક્રમ | સ્ટોક | પ્રવર્તમાન ભાવ (૦૨-૧૧-૨૩ના રોજ) | સૂચવેલ લક્ષ્ય | ઉચ્ચ ભાવ (તારીખ) | વળતર (%) |
|---|---|---|---|---|---|
| ૧ | મહારાષ્ટ્ર સીમલેસ લિ. | ૭૨૭.૧ | ૮૫૦ | ૧૦૯૭.૦૦ (૩૦/૦૧/૨૪) | ૫૦.૯૦% |
| ૨ | ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિ. | ૨૩૪૮.૫૫ | ૨૯૫૦ | ૮૪૮૦.૦૦ (૧૬/૦૯/૨૪) | ૨૬૧.૧૫% |
| ૩ | ફેઝ થ્રી લિમિટેડ | ૪૭૮ | ૬૫૦ | ૫૮૪.૪૦ (૧૩/૦૮/૨૪) | ૨૨.૨૦% |
| ૪ | ઇન્ડિયન મેટલ્સ એન્ડ ફેરસ એલોય લિમિટેડ | ૪૩૯.૦૫ | ૫૫૦ | ૮૮૦.૦૦ (૧૧/૦૬/૨૪) | ૧૦૦.૫૦% |
| ૫ | સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ લિ. | ૧૫૨૧.૨ | ૨૦૫૦ | ૨૯૮૯.૦૦ (૨૨/૦૮/૨૪) | ૯૬.૫૫% |
| ૬ | સંઘવી મૂવર્સ લિમિટેડ | ૭૩૪.૧ | ૯૦૦ | ૧૪૯૪.૯૫ (૧૬/૦૫/૨૪) | ૧૦૩.૬૦% |
| ૭ | કિંગફા સાયન્સ એન્ડ ટેકનો. | ૨૩૦૦.૦૫ | ૨૭૫૦ | ૩૭૩૪.૪૫ (૧૨/૦૯/૨૪) | ૬૨.૩૫% |
| ૮ | જિંદાલ સો લિમિટેડ | ૪૪૧.૪૫ | ૫૫૦ | ૭૫૯.૯૦ (૩૦/૦૯/૨૪) | ૭૨.૩૫% |
| ૯ | ગરવારે હાઇ-ટેક ફિલ્મ્સ લિ. | ૧૪૭૯.૫૫ | ૧૮૫૦ | ૪૨૧૮.૦૦ (૧૫/૧૦/૨૪) | ૧૮૫.૨૦% |

સીડીએસએલ, સંઘવી મૂવર્સ અને જિંદાલ સો માટેના સર્વકાલીન ઉચ્ચ ભાવ સરળ સંદર્ભ માટે તેના પ્રિ-બોનસ અને પ્રી-સ્પ્લિટ ભાવ પર આધારિત છે.

### ગાલા પ્રિસિઝન એન્જી. લિ. (૫૪૪૨૪૪)

**માર્કેટ કેપ** - રૂ. ૧૧૮૯ કરોડ
**શેરદીઠ કમાણી** – રૂ. ૧૭.૬૩ (કન્સો. માર્ચ ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં) **પીઈ** – ૫૩.૨૬ (ઈન્ડસ્ટ્રી પીઈ – ૪૯.૩૭)**ફેસવેલ્યુ** – રૂ. ૧૦ **પ્રમોટર હોલ્ડીંગ** – ૫૫.૪૪%

ગાલા પ્રિસિઝન એન્જિનિયરિંગ ઉચ્ચ-ટેન્સિલ ફાસ્ટનર્સ, ડિસ્ક અને સ્ટ્રીપ સ્પ્રિંગ્સ, કોઇલ અને સર્પાકાર સ્પ્રિંગ્સ અને વેજ લૉક વૉશર્સ જેવા પ્રિસિઝન કમ્પોનન્ટના ડિઝાઇન અને ઉત્પાદન કરવામાં રોકાયેલી છે. તેના મુખ્ય ક્લાયન્ટ્સમાં OEMs, ટિયર-૧ સપ્લાયર્સ અને રિન્યુએબલ એનર્જી, ઔદ્યોગિક એપ્લિકેશન્સ અને મોબિલીટી સહિત વિવિધ ઉદ્યોગોમાં ચેનલ પાર્ટનર્સનો સમાવેશ થાય છે. ગાલાના ઉત્પાદનો આંતરરાષ્ટ્રીય ધોરણો જેમ કે જર્મન ડીઆઈએન સાથે સમરૂપ છે અને ગ્રાહકની ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા માટે કસ્ટમાઈઝ કરી તૈયાર કરી શકાય છે. કંપની જર્મની, ડેનમાર્ક, ચીન, ઈટાલી, બ્રાઝિલ, યુ.એસ., સ્વીડન અને સ્વિટ્ઝર્લેન્ડ સહિત ૨૫ થી વધુ દેશોમાં કામગીરી સાથે વિશ્વભરમાં ૧૭૫ થી વધુ ગ્રાહકોને સેવા આપે છે. આંતરરાષ્ટ્રીય બજારોમાંથી વેચાણ કુલ આવકમાં આશરે ૪૦% હિસ્સો ધરાવે છે. ગાલા તેના યુરોપિયન ગ્રાહકોને ટેકો આપવા માટે ફ્રેંકફર્ટ, જર્મનીમાં પ્રાદેશિક કાર્યાલય પણ ચલાવે છે. કંપની વાલમ-વડાગલ, SPICOT, શ્રીપેરુમ્બુદુર, તમિલનાડુમાં નવી સુવિધા સાથે તેની ઉત્પાદન ક્ષમતાઓનું વિસ્તરણ કરી રહી છે, જે વિશિષ્ટ ફાસ્ટનિંગ સોલ્યુશન્સનું ઉત્પાદન કરવા માટે સમર્પિત હશે. ૩૦ વર્ષથી વધુના અનુભવ સાથે, કંપનીની નિપુણતા ટૂલ ડિઝાઇન અને ડેવલપમેન્ટ, મટીરીયલ સાયન્સ, હીટ ટ્રીટમેન્ટ અને સરફેસ એન્જીનીયરીંગમાં વ્યાપેલી છે. કંપની લિન મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ પર ભાર મૂકે છે અને ભૂલો ઘટાડવા અને ઉત્પાદકતા સુધારવા માટે સેમી-ઓટોમેશન અને ઓટોમેશન ટેક્નોલોજીમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે. **અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૧૨૭૫ના ભાવ અપેક્ષિત છે.

### સ્ટરલિંગ ટૂલ્સ લિમિટેડ (૫૩૦૭૫૯)

**માર્કેટ કેપ** – રૂ. ૨૦૦૯ કરોડ
**શેરદીઠ કમાણી** – રૂ. ૧૬.૮૫ (કન્સો. જૂન ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં) **પીઈ** – ૩૩.૦૯ (ઈન્ડસ્ટ્રી પીઈ – ૩૩.૦૬)
**ફેસવેલ્યુ** – રૂ. ૨ **પ્રમોટર હોલ્ડીંગ** – ૬૫.૭૭%

૧૯૭૯ માં સ્થપાયેલ સ્ટર્લિંગ ટૂલ્સ લિમિટેડ, ભારત, યુએસએ, યુરોપ, દક્ષિણ અમેરિકા અને મધ્ય પૂર્વમાં મુખ્ય ઓઈએમ ને ફાસ્ટનર્સની વિશાળ શ્રેણી પૂરી પાડતી વિશ્વસનીય સપ્લાયર છે. કંપની એક મજબૂત માર્કેટ પોઝિશન ધરાવે છે, જે તેની ઓપરેશનલ ચોકસાઇ અને ઈન્ટીગ્રીટી માટે જાણીતી છે. તે એક વ્યાપક પ્રોડક્ટ પોર્ટફોલિયો ઓફર કરે છે જેમાં સ્ટાન્ડર્ડ, ચેસિસ અને સ્પેશિયલ એન્જિન ફાસ્ટનર્સનો સમાવેશ થાય છે, જે તમામ મુખ્ય ઓટોમોટિવ બ્રાન્ડ્સની જરૂરિયાતોને સંતોષે છે. ભારતના સૌથી મોટા ઓટોમોટિવ ફાસ્ટનર ઉત્પાદકોમાંના એક હોવાની સાથોસાથ, સ્ટર્લિંગ ટૂલ્સ દેશના વિકસતા ઇલેક્ટ્રિક વ્હિકલ (ઈવી) સેક્ટરમાં મોટર કંટ્રોલ યુનિટ્સ (MCUs)ના પણ અગ્રણી સપ્લાયર પણ છે. ઉદ્યોગમાં ૪૪-વર્ષના સમૃદ્ધ અનુભવ સાથે, કંપની પાંચ ઉત્પાદન સુવિધાઓનું સંચાલન કરે છે. ૨૦૨૧ માં, સ્ટર્લિંગે સ્ટર્લિંગ જીટેક ઇ-મોબિલિટી લિમિટેડ (SGM) ની સ્થાપના કરી હતી, જે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. તે ઈવી બજાર માટે અત્યાધુનિક ઉકેલો પ્રદાન કરે છે અને ૨-વ્હીલર, ૩-વ્હીલર અને કોમર્શિયલ વ્હિકલ ઉત્પાદકો માટે MCU ની વૈવિધ્યસભર અને વ્યાપક શ્રેણી ઓફર કરીને ઉભરતી ગ્રીન મોબિલિટી સ્પેસમાં તકોનો લાભ ઉઠાવવા સુસ્થિત છે.

**અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૯૮૫ ના ભાવ અપેક્ષિત છે.

### ઈન્ટરઆર્ક બિલ્ડીંગ પ્રોડક્ટ્સ લિ. (૫૪૪૨૩૨)

**માર્કેટ કેપ** – રૂ. ૨૮૧૧ કરોડ
**શેરદીઠ કમાણી** – રૂ. ૫૧.૮૪ (કન્સો. માર્ચ ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં) **પીઈ** – ૩૨.૫૮ (ઈન્ડસ્ટ્રી પીઈ – ૪૩.૮૩)
**ફેસવેલ્યુ** – રૂ. ૧૦ **પ્રમોટર હોલ્ડીંગ** – ૫૩.૨૬%

૧૯૮૩માં સ્થપાયેલ ઈન્ટરઆર્ક બિલ્ડીંગ પ્રોડક્ટ્સ લિમિટેડની શરૂઆત ભારતના હાઈ-એન્ડ મેટલ ઈન્ટિરિયર પ્રોડક્ટ્સ માર્કેટમાં પ્રવેશ સાથે થઇ હતી, જેમાં મેટલ સીલિંગ અને બ્લાઈન્ડ્સથી લઈને મેટલ રૂફિંગ અને પ્રી-એન્જિનિયર બિલ્ડીંગ્સ (PEBs) સુધીના સોલ્યુશન્સ ઓફર કરી રહી હતી. ઉદ્યોગમાં ૪૦ વર્ષના બહોળા અનુભવ સાથે કંપની સ્ટીલ સ્ટ્રક્ચર્સના ઈન્સ્ટોલેશન અને ઈરેક્શન માટે ડિઝાઇન, એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ અને ઑન-સાઇટ પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં સંકલિત ક્ષમતાઓ સાથે, પ્રી-એન્જિનિયર્ડ સ્ટીલ કન્સ્ટ્રક્શન સોલ્યુશન્સના ભારતના અગ્રણી ટર્નકી પ્રદાતાઓમાંનું એક બની છે. કંપની તેના ભાગીદારો સાથે મળીને મોટા ઔદ્યોગિક, વ્યાપારી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ટેકો આપવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ઈન્ટરઆર્ક ભારતમાં ૧૪૧,૦૦૦ મેટ્રિક ટન પ્રતિ વાર્ષિક (MTPA) ની એકંદર ક્ષમતા સાથે, ઈન્ટિગ્રેટેડ PEB ખેલાડીઓમાં બીજા ક્રમની સૌથી મોટી સ્થાપિત ક્ષમતા ધરાવે છે. ૧૯૯૩ માં, કંપનીએ TRACDEK બ્રાન્ડ હેઠળ તેની મેટલ રૂફિંગ અને ક્લેડીંગ સિસ્ટમ્સ લોન્ચ કરી હતી. ૨૦૦૦ સુધીમાં, કંપનીએ ગ્રેટર નોઇડામાં તેની પ્રથમ PEB ઉત્પાદન સુવિધા સ્થાપી અને ત્યારબાદ ૨૦૦૫માં ઉત્તરાખંડમાં પંતનગર પ્લાન્ટ, ૨૦૦૭માં તમિલનાડુ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી II, ૨૦૦૮માં ઉત્તરાખંડમાં કિછા મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી અને ૨૦૦૯માં તમિલનાડુ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી IIની સ્થાપના કરીને દેશભરમાં તેના ઉત્પાદન એકમોનો ફેલાવો કરેલ છે. ૨૦૧૧ માં કંપનીએ તેના પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ એવા દિલ્હી એરપોર્ટ માટે રૂફિંગ અને શીટિંગનું કામ પૂર્ણ કર્યું હતું. ૨૦૨૧ સુધીમાં, તેણે તેની કિછા સુવિધા ખાતે વિસ્તરણ હાથ ધર્યું હતું. ઈન્ટરઆર્ક સમગ્ર ભારતમાં મુખ્ય ઔદ્યોગિક, વ્યાપારી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં બહુમૂલ્ય ફાળો આપવા માટે ઈન્ડસ્ટ્રી લીડર્સ સાથે સતત કાર્યરત રહી છે. **અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૨૩૫૦ ના ભાવ અપેક્ષિત છે.

### વ્રજ આયર્ન એન્ડ સ્ટીલ લિ.(૫૪૪૨૦૪)

**માર્કેટ કેપ** – રૂ. ૭૮૩ કરોડ **શેરદીઠ કમાણી** – રૂ. ૧૭.૪૧ (કન્સો. માર્ચ ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં) પીઈ – ૧૩.૬૫ (ઇન્ડસ્ટ્રી પીઈ – ૪૬.૭૭)
**ફેસવેલ્યુ** – રૂ. ૧૦ **પ્રમોટર હોલ્ડીંગ** – ૭૪.૯૫%

વ્રજ આયર્ન એન્ડ સ્ટીલ લિમિટેડ, જે અગાઉ ફિલ ઈસ્પાત પ્રાઈવેટ લિમિટેડ તરીકે જાણીતી હતી, તે ગોપાલ સ્પોન્જ એન્ડ પાવર પ્રાઈવેટ લિમિટેડ (GSPPL) રાયપુરની પેટાકંપની તરીકે સ્ટીલ અને પાવર ક્ષેત્રમાં કામકાજ ધરાવે છે. કંપની છત્તીસગઢમાં રાયપુર અને બિલાસપુર સ્થિત બે ઉત્પાદન એકમોનું સંચાલન કરે છે અને તેણે મધ્ય ભારતમાં એક અગ્રણી આયર્ન અને સ્ટીલ ઉત્પાદક તરીકે સ્થાન મેળવ્યું છે. તેને સંલગ્ન સેગમેન્ટ્સમાં વૈવિધ્યીકરણ કરવાની સાથે, વ્રજ આયર્ન એન્ડ સ્ટીલ હાલમાં તેની ઉત્પાદન ક્ષમતા અને કેપ્ટિવ પાવર પ્લાન્ટનું વિસ્તરણ પણ કરી રહી છે. કંપનીના અત્યાધુનિક ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ્સ ડીઆરઆઈ યુનિટ, ઇલેક્ટ્રિક આર્ક ફર્નેસ (ઇએએફ), કન્ટીન્યુઅસ બિલેટ કાસ્ટિંગ મિલ, હાઇ-સ્પીડ રોલિંગ મિલ, માઇક્રોપ્રોસેસર-આધારિત ઉત્પાદન તકનીકો અને વ્યાપક ગુણવત્તા ખાતરી અને પરીક્ષણ પ્રયોગશાળાઓ જેવી સુવિધાઓથી સજ્જ છે. કંપનીના ઉચ્ચ-ગુણવત્તાવાળા આયર્ન અને સ્ટીલ ઉત્પાદનોનો સમગ્ર ભારતમાં સ્ટ્રક્ચરલ હેતુઓ માટે વ્યાપકપણે ઉપયોગ થાય છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં, વ્રજ આયર્ન અને સ્ટીલની મધ્યવર્તી અને અંતિમ ઉત્પાદનો માટે પ્રતિ વર્ષ ૨,૩૧,૬૦૦ ટનની કુલ સ્થાપિત ક્ષમતા હતી. જેમાં સ્જી બિલેટના ૫૭,૬૦૦ ટન પ્રતિ વર્ષનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ કંપનીની રોલિંગ મિલો દ્વારા TMT બારના ઉત્પાદન માટે કરવામાં આવે છે. રોલિંગ મિલની વધારાની ઉત્પાદન ક્ષમતા ૫૪,૦૦૦ ટન પ્રતિ વર્ષ છે. કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં સ્પોન્જ આયર્ન, રૂ બાર, સ્જી બિલેટ્સ અને બાય-પ્રોડક્ટ્સ જેમ કે ડોલોચર, પેલેટ્સ અને પિગ આયર્નનો સમાવેશ થાય છે, જે ઔદ્યોગિક ગ્રાહકો અને અંતિમ વપરાશકારો બંનેને જરૂરિયાતો પૂરી પાડે છે. **અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૨૩૫૦ ના ભાવ અપેક્ષિત છે.

### બોરોસિલ સાયન્ટીફીક લિ. (૫૪૪૧૮૪)

**માર્કેટ કેપ** – રૂ. ૧૬૩૩ કરોડ **શેરદીઠ કમાણી** – રૂ. ૨.૬૫ (કન્સો. માર્ચ ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં)
**પીઈ** – ૬૯.૩૨ (ઇન્ડસ્ટ્રી પીઈ – ૨૮.૬૧) **ફેસવેલ્યુ** – રૂ. ૧
**પ્રમોટર હોલ્ડીંગ** – ૬૭.૯૨%

“બોરોસિલ”, ઈન્ડસ્ટ્રીમાં સૌથી મજબૂત અને સૌથી જૂના નામોમાંનું એક, સમૃદ્ધ વારસો અને નવીનતા માટે આગવી પ્રતિષ્ઠા ધરાવે છે જે તેને અન્યોથી અલગ પાડે છે. કંપની તેના પોતાના ઉલ્લેખમાં જણાવે છે કે, "અમારો વારસો મોટા પ્રમાણમાં બોલે છે, અમારી નવીનતા અમને અલગ પાડે છે અને અમારા ઉકેલો વિજ્ઞાનના ભવિષ્યને સક્ષમ બનાવે છે." ૪,૫૦૦થી વધુ વિશિષ્ટ ઉત્પાદનોના પોર્ટફોલિયો સાથે, બોરોસિલ સંશોધન, વિકાસ અને ઉત્પાદન પ્રક્રિયાઓને સમર્થન આપીને, નવીનતા સાથે શ્રેષ્ઠ પરિણામો માટે ઉંચી શાખ ધરાવે છે. બજારમાંમાં ૬૦ વર્ષથી વધુની મજબૂત હાજરી સાથે, બોરોસિલે ૬૫થી વધુ સેલ્સ એમ્બેસેડર, ૧૫૦થી વધુ ચેનલ પાર્ટનર્સ અને ૯૦થી વધુ દેશોમાં નિકાસ સાથે એક વ્યાપક નેટવર્ક ઉભું કર્યું છે. કંપની સમગ્ર ભારતમાં ચાર ઉત્પાદન સ્થળોનું સંચાલન કરે છે જેમાં ૪,૦૦૦થી વધુ પ્રયોગશાળાને લગતા ઉત્પાદો ઓફર કરે છે. બોરોસિલની પ્રાથમિક ઉત્પાદન સુવિધા ગુજરાતના ભરૂચમાં આવેલી છે, જ્યાં તેઓ છેલ્લા છ દાયકાની મુખ્ય વિશેષતા અને કંપનીની ઓળખ સમા કાચનાં વાસણોનું ઉત્પાદન કરે છે.નાશિક સુવિધામાં ૨૯ વર્ષથી ફાર્માસ્યુટિકલ પેકેજિંગ માટે કાચની શીશીઓ અને એમ્પ્યુલ્સનું ઉત્પાદન કરે છે. આ ઉપરાંત, બરોડા સ્થિત ગોયલ સાયન્ટિફિક ગ્લાસવર્ક્સ લિમિટેડના સંપાદન થકી ઇન્ડસ્ટ્રીઅલ પ્રોસેસ રિએક્ટર અને મોટા, જટિલ કાચના આર્ટિકલ્સના ઉત્પાદનમાં બોરોસિલની ક્ષમતાઓ વધુ મજબૂત બની છે. બોરોસિલ સાયન્ટિફિક ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં જીવન રક્ષક (લાઈફ સેવિંગ) દવાઓ માટે પ્રાથમિક પેકેજિંગ સામગ્રી એવી યુએસપી ટાઈપના ગ્લાસ એમ્પૂલ્સ અને ટ્યુબ્યુલર ગ્લાસ શીશીઓના ભારતના અગ્રણી ઉત્પાદકોમાંનું એક છે. તેના પ્રીમિયમ પેકેજિંગ સોલ્યુશન્સ કડક નિયમનો અને ધોરણોનું પાલન કરીને જટિલ દવાઓ (ક્રિટીકલ મેડિસીન) માટે ઉચ્ચતમ સ્તરનું રક્ષણ સુનિશ્ચિત કરે છે.તેણે ટોચની ફાર્માસ્યુટિકલ કંપનીઓ, આર એન્ડ ડી પ્રયોગશાળાઓ અને શૈક્ષણિક, તબીબી અને વૈજ્ઞાનિક સંસ્થાઓ સાથે ગાઢ વ્યાપારી સંબંધ વિકસાવ્યા છે અને ઉચ્ચ નામના મેળવી છે. **અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૩૦૦ ના ભાવ અપેક્ષિત છે.

અનુસંધાન આગળના પાને....

**અનુસંધાન પાછળના પાનાનું...**

## દિપ ઈન્ડસ્ટ્રીઝ લિ. (૫૪૩૨૮૮)

**માર્કેટ કેપ** – રૂ. ૩૦૬૧ કરોડ
**શેરદીઠ કમાણી** – રૂ. ૨૦.૨૭ (કન્સો. જૂન ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં) **પીઈ** – ૨૩.૬૦ (ઈન્ડસ્ટ્રી પીઈ – ૯.૦૯)
**ફેસવેલ્યુ** – રૂ. ૫ **પ્રમોટર હોલ્ડીંગ** – ૬૩.૪૯%

દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ઉર્જા ક્ષેત્રે અગ્રણી સેવા પ્રદાતા છે, જે એર અને ગેસ કમ્પ્રેશન સર્વિસીસ, ડ્રિલિંગ અને વર્કઓવર સર્વિસીસ અને ગેસ ડીહાઈડ્રેશન સહિતના ઉકેલોની શ્રેણીમાં વિશેષતા ધરાવે છે. કંપની સંકલિત પ્રોજેક્ટ મેનેજમેન્ટ સેવાઓમાં કુશળતા પણ પ્રદાન કરે છે, જે તેને તેલ અને ગેસ ક્ષેત્રની કામગીરી માટે એક વ્યાપક ઉકેલ પ્રદાતા બનાવે છે. કંપનીએ તેલ અને ગેસ કામગીરીમાં વિવિધ જરૂરિયાતો માટે "વન-સ્ટોપ સોલ્યુશન" તરીકે સ્થાન મેળવ્યું છે, જે રેન્ટલ અને ચાર્ટર્ડ-હાયર ધોરણે સાધનો અને સેવાઓ ઓફર કરે છે. ભારતીય અને વૈશ્વિક તેલ અને ગેસ બજારો બંનેને સેવા આપવા વ્યૂહાત્મક રીતે સ્થિત, કંપની ઈંધણ-કાર્યક્ષમ, ઉદ્યોગની માંગને અનુરૂપ આધુનિક સાધનો પ્રદાન કરે છે. કંપની ઉચ્ચ કુશળ ટેકનિકલ સ્ટાફ ધરાવે છે જે શ્રેષ્ઠ સેવાઓ સાથે ઉચ્ચ ગુણવત્તાના ધોરણોનું પાલન કરે છે.

કંપનીની મુખ્ય ઓફરિંગ્સમાં ડ્રિલિંગ અને વર્કઓવર સર્વિસીસ, સંકલિત પ્રોજેક્ટ મેનેજમેન્ટ, એર અને ગેસ કમ્પ્રેશન, તેમજ ગેસ ડિહાઈડ્રેશન, કન્ડીશનીંગ અને પ્રોસેસિંગનો સમાવેશ થાય છે.
**અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૬૭૫ ના ભાવ અપેક્ષિત છે.

## HPL ઈલેક્ટ્રિક & પાવર લિ. (૫૪૦૧૩૬)

**માર્કેટ કેપ** – રૂ. ૩૪૨૪ કરોડ
**શેરદીઠ કમાણી** – રૂ. ૮.૩૫ (કન્સો. જૂન ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં) **પીઈ** – ૬૩.૮૦ (ઈન્ડસ્ટ્રી પીઈ – ૯૯.૨૪)
**ફેસવેલ્યુ** – રૂ. ૧૦ **પ્રમોટર હોલ્ડીંગ** – ૭૨.૬૬%

૧૯૯૨માં સ્થપાયેલ HPL ઈલેક્ટ્રીક એન્ડ પાવર લિમિટેડ મીટરિંગ સોલ્યુશન્સ, સ્વિચગિયર્સ, ન્ઈઢ લાઈટિંગ, વાયર અને કેબલ્સ, સોલર સોલ્યુશન્સ અને મોડ્યુલર સ્વિચ સહિત પાંચ મુખ્ય વર્ટિકલ્સમાં મજબૂત હાજરી સાથે ભારતમાં વિદ્યુત ઉપકરણોની અગ્રણી ઉત્પાદક છે. બેકવર્ડ ઈન્ટીગ્રેશન ક્ષમતાઓ સાથે, કંપની પ્રોડક્ટ ડિઝાઈન અને ડેવલપમેન્ટ, કમ્પોનન્ટ ડિઝાઈન, ટૂલ મેન્યુફેક્ચરિંગ અને કમર્શિયલ પ્રોડક્શનનું સંચાલન કરે છે.

કંપની એક સુસ્થાપિત બ્રાન્ડ અને ભારતના ઈલેક્ટ્રિકલ ઉદ્યોગમાં ચાર દાયકાથી વધુનો બહોળો અનુભવ ધરાવે છે. કંપનીની પ્રોડક્ટ્સ ISI, CE અને KEMA જેવા પ્રમાણપત્રો સાથે ભારતીય અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરે છે.

કંપની ભારતની વિકસતી વિદ્યુત માંગ (ઈલેક્ટ્રિસિટી ડિમાન્ડ)ને પહોંચી વળવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નોંધનીય રીતે, કંપની ભારતમાં ઈલેક્ટ્રોનિક એનર્જી મીટર્સમાં સૌથી મોટો બજાર હિસ્સો ધરાવે છે અને તે ઉદ્યોગમાં સૌથી વધુ વ્યાપક મીટર પોર્ટફોલિયોમાંનો એક ઓફર કરે છે.

કંપની સાત અત્યાધુનિક ઉત્પાદન સુવિધાઓ, બે R&D કેન્દ્રો, ૯૦ શાખાઓ અને પ્રતિનિધિ કચેરીઓ, ૨૧ વેરહાઉસનું સંચાલન કરે છે અને ૧૦૦ ઈશ્ઢ એન્જિનિયરો સહિત ૧,૧૦૦ કર્મચારીઓનું કાર્યબળ ધરાવે છે. કંપની સમગ્ર ભારતમાં ૯૦૦થી વધુ ડીલરો અને વિતરકોનું નેટવર્ક ધરાવે છે. કંપનીએ એશિયા, આફ્રિકા, યુરોપ, યુકે અને ભારતીય ઉપખંડમાં વૈવિધ્યસભર ગ્રાહક આધાર માટે તેના ઉત્પાદનોની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા વધારવા પર સતત ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તે તેના વિદેશી લોજિસ્ટિક્સ ભાગીદારો દ્વારા ૪૨ થી વધુ દેશોમાં ઉચ્ચ ગુણવત્તાની ઈજનેરી માલની નિકાસ કરે છે.

ક્ષમતાના સંદર્ભમાં, કંપનીના વાર્ષિક ઉત્પાદનમાં મીટરિંગ અને સિસ્ટમ્સમાં ૧૧ મિલિયન યુનિટ્સ, સ્વીચગિયર્સમાં ૧૬ મિલિયન યુનિટ્સ, વાયર અને કેબલ્સમાં ૧૯૪ મિલિયન મીટર અને લાઈટિંગ સાધનોમાં ૨૬ મિલિયન યુનિટ્સનો સમાવેશ થાય છે. FY23 મુજબ, કુલ આવકમાં મીટરિંગ અને સિસ્ટમ્સ સેગમેન્ટનો હિસ્સો આશરે ૫૩% હતો, જ્યારે ગ્રાહક અને ઔદ્યોગિક સેગમેન્ટનો ૪૭% ફાળો રહ્યો હતો.

પરંપરાગત ઈલેક્ટ્રોનિક મીટરથી સ્માર્ટ મીટરમાં થઈ રહેલા પરિવર્તન ભારતમાં HPL માટે નોંધપાત્ર વૃદ્ધિની સંભાવના પ્રદાન કરે છે. રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS), નેશનલ સ્માર્ટ ગ્રીડ મિશન (NSGM), અને ઈન્ટિગ્રેટેડ પાવર ડેવલપમેન્ટ સ્કીમ (IPDS) જેવી પહેલને અંતર્ગત ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને મજબૂત કરવા અને નુકસાન ઘટાડવા માટે સ્માર્ટ મીટરિંગની જરૂર છે. દેશભરમાં ૨૫-૩૦ કરોડ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાની સરકારની યોજના રૂ.૬૦,૦૦૦ કરોડથી વધુના બજાર કદ સાથે કંપની માટે નોંધપાત્ર તક રજૂ કરે છે. **અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૭૭૫ ના ભાવ અપેક્ષિત છે.

## ન્યુક્લિયસ સોફટવેર એક્સપોર્ટ્સ લિ. (૫૩૧૨૦૯)

**માર્કેટ કેપ** – રૂ. ૩૨૮૪ કરોડ
**શેરદીઠ કમાણી** – રૂ. ૬૩.૯૧ (કન્સો. જૂન ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં)
**પીઈ** – ૧૯.૫૨ (ઈન્ડસ્ટ્રી પીઈ – ૩૩.૫૨)
**ફેસવેલ્યુ** – રૂ. ૧૦ **પ્રમોટર હોલ્ડીંગ** – ૭૩.૬૦%

ન્યુક્લિયસ સૉફટવેર એક્સપોર્ટ્સ ૧૯૮૬થી બેંક્િંગ અને નાણાકીય સેવાઓ ઉદ્યોગ (BFSI)ને નવીન સોફટવેર સોલ્યુશન્સ પહોંચાડવામાં અગ્રેસર રહી છે. છેલ્લા બે દાયકાઓમાં, કંપનીએ રિટેલ બેંક્િંગ, કોર્પોરેટ બેંક્િંગ, કેશ મેનેજમેન્ટ, ઈન્ટરનેટ બેંકિંગ અને ક્રેડિટ કાર્ડ મેનેજમેન્ટને આવરી લેતા સોલ્યુશન્સની વિશાળ શ્રેણી વિકસાવી છે. તેની ફ્લેગશીપ પ્રોડક્ટ "FinnOne" રિટેલ બેંકિંગ માટે એક વ્યાપક સ્યુટ છે જે ગ્રાહક સંપાદન, લોન મેનેજમેન્ટ, વસૂલાત, થાપણો અને સિક્યોરિટીઝ ફાઈનાન્સ માટેના મોડ્યુલ ઓફર કરે છે.

ન્યુક્લિયસ સોફટવેરના વ્યાપક પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ગ્રાહક સંપાદન સિસ્ટમ, લોન મેનેજમેન્ટ સિસ્ટમ, કલેક્શન, જનરલ લેજર, સિક્યોરિટીઝ ફાઈનાન્સ, લીડ મેનેજમેન્ટ, ગ્રાહક સેવા, પાવર પે, કોલેટરલ મેનેજમેન્ટ અને સેન્ટ્રલ લાયબિલિટી સિસ્ટમનો સમાવેશ થાય છે. વધુમાં, કંપની વેબ-આધારિત ઈસ્લામિક ફાઈનાન્સિંગ પ્રોડક્ટ પણ ઓફર કરે છે. "FinnOne" સ્યુટ કોર્પોરેટ, રિટેલ, જીસ્ઈ ઓપરેશન્સ અને ઈસ્લામિક બેંક્િંગ ક્ષેત્રોને ઉકેલો પૂરા પાડે છે, જ્યારે અન્ય મુખ્ય પ્રોડક્ટસમાં રોકડ વ્યવસ્થાપન માટે "CASH@Will", ઈન્ટરનેટ બેંક્િંગ માટે "BankOn^a" અને ક્રેડિટ કાર્ડ વ્યવસાયો માટે "PowerCard"નો સમાવેશ થાય છે.

ન્યુક્લિયસ સૉફટવેરની આવકને પ્રોડક્ટ્સ વિભાગ, જેમાં સોફટવેર સોલ્યુશન્સ, લાઈસન્સિંગ, પ્રોડક્ટ કસ્ટમાઈઝેશન અને ટેકનિકલ સપોર્ટની આવકનો સમાવેશ થાય છે; અને પ્રોજેક્ટ્સ એન્ડ સર્વિસ ડિવિઝન, જે સોફટવેર ડેવલપમેન્ટ, ડેટા માઈગ્રેશન, કન્સલ્ટિંગ અને સંબંધિત સેવાઓમાંથી આવક પેદા કરે છે એમ બે વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. ૫૦થી વધુ દેશોમાં ભાગીદારીઓ સાથે, ન્યુક્લિયસ સોફટવેર વિશ્વભરમાં ૨૦૦થી વધુ નાણાકીય સંસ્થાઓ સાથે સહયોગ કરેલ છે. કંપની પેટાકંપનીઓ અને શાખા કચેરીઓ દ્વારા અંદાજે ૧૦ દેશોમાં સ્થાનિક હાજરી સ્થાપિત કરાયેલી છે પણ સપોર્ટ અને ઈમ્પલિમેન્ટેશન સેન્ટ્રલી કરવામાં આવે છે. જાપાન, ઓસ્ટ્રેલિયા અને સિંગાપોર જેવા પસંદગીના પ્રદેશોમાં કંપની સેલ્સ અને સપોર્ટ ઉપરાંત લોકલ સોફટવેર ડેવલપમેન્ટમાં પણ સામેલ છે. ન્યુક્લિયસ સૉફટવેર પાસે પાંચ ખંડોમાં ફેલાયેલા ૧,૭૮૨ કર્મચારીઓનું મજબૂત કાર્યબળ છે. તેના ક્લાયન્ટ બેઝમાં સિટીબેંક દ્ઘછ, જનરલ મોટર્સ ફાઈનાન્સિયલ કંપની, HDFC બેંક, ICICI બેંક, યુનાઈટેડ ઓવરસીઝ બેંક, એક્સિસ બેંક, SBI, બજાજ ફાઈનાન્સ, યસ બેંક, મહિન્દ્રા રૂરલ હાઉસિંગ ફાઈનાન્સ, અમીરાત NBD બેંક અને ફર્સ્ટ અબુ ધાબી બેંક જેવી અગ્રણી નાણાકીય સંસ્થાઓનો સમાવેશ થાય છે. કંપનીના મોટાભાગના માર્કી ગ્રાહકો ૨૦ વર્ષથી ન્યુક્લિયસ સોફટવેર સાથે જોડાયેલા છે. **અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૧૯૦૦ ના ભાવ અપેક્ષિત છે.

## સૂર્યા રોશની લિમિટેડ (૫૦૦૩૩૬ )

**માર્કેટ કેપ** – રૂ. ૭૩૧૫ કરોડ
**શેરદીઠ કમાણી** – રૂ. ૩૩.૩૧ (કન્સો. જૂન ૨૦૨૪ના રોજ પૂર્ણ થતા પાછલાં બાર મહિનામાં)
**પીઈ** – ૨૦.૧૮ (ઈન્ડસ્ટ્રી પીઈ – ૪૦.૨૨)
**ફેસવેલ્યુ** – રૂ. ૫ **પ્રમોટર હોલ્ડીંગ** – ૭૩.૬૦%

૧૯૭૩માં સ્થાપિત સૂર્યા રોશની, સ્ટીલ ટ્યુબના ઉત્પાદક તરીકે શરૂ થઈ હતી અને ત્યારથી તે ભારતની સૌથી મોટી સ્ટીલ પાઈપ અને લાઈટિંગ કંપનીઓમાંની એક બની છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વેચાણ રૂ.૭,૯૯૭ કરોડ સુધી પહોંચવા સાથે, સૂર્ય રોશની વિશ્વભરના ૫૦થી વધુ દેશોમાં નિકાસ કરતી ઉદ્યોગ સમૂહ તરીકે સ્થિત છે. કંપનીની ધ સૂર્યા અને પ્રકાશ સૂર્યા બ્રાન્ડ તેની ગુણવત્તા, નવીનતા અને અત્યાધુનિક ટેકનોલોજી માટે ખ્યાતનામ છે.

કંપની ગુજરાત, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા અને ઉત્તરાખંડ સહિત સમગ્ર ભારતમાં વ્યૂહાત્મક રીતે સ્થિત છ અદ્યતન ઉત્પાદન સુવિધાઓનું સંચાલન કરે છે. સૂર્યા રોશનીની નવિનતા પ્રત્યેની પ્રતિબદ્ધતા નોઈડામાં તેના અત્યાધુનિક સૂર્ય ટેકનોલોજી એન્ડ ઈનોવેશન સેન્ટર (STIC)માં જોઈ શકાય છે, જે લાઈટિંગ સંશોધન અને વિકાસ પર કેન્દ્રિત અત્યાધુનિક સુવિધા છે. આ મજબૂત મેન્યુફેક્ચરિંગ નેટવર્ક અને નવીનતા પ્રત્યેનું સમર્પણ ઉદ્યોગમાં સૂર્યા રોશનીની લિડરશીપને મજબૂત બનાવે છે. ભારતમાં ERW GI પાઈપોના ટોચના ઉત્પાદક અને ૫૦થી વધુ દેશોમાં ઈઈઉ પાઈપોના અગ્રણી નિકાસકાર તરીકે, કંપની બ્લેક પાઈપ સેગમેન્ટમાં ટોચના ત્રણ ખેલાડીઓમાં સ્થાન ધરાવે છે. કંપની સમગ્ર ભારતમાં ૨૧,૦૦૦થી વધુ ડીલર નેટવર્ક ધરાવે છે અને ૧૨.૭૬ લાખ મેટ્રિક ટન પ્રતિવર્ષ ની કુલ ક્ષમતા સાથે સ્ટ્રક્ચરલ, GI, API ગ્રેડ, સર્પાકાર પાઈપ્સ, બ્લેક પાઈપ્સ અને ઝઈ સ્ટ્રીપ્સ સહિત વિવિધ પ્રોડક્ટ રેન્જ ઓફર કરે છે. મૂલ્ય વર્ધિત ઉત્પાદનો કંપનીના વોલ્યુમ શેરના ૪૫% હિસ્સો ધરાવે છે, જે ૨૫૦થી વધુ વિતરકો દ્વારા સમર્થિત છે.

સૂર્યા રોશનીએ ક્રોસ-કન્ટ્રી લાઈન પાઈપ્સ અને સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) પર ધ્યાન કેન્દ્રિત કરીને ઓઈલ અને ગેસ ટ્રાન્સમિશન પાઈપ સેગમેન્ટમાં ૧૦% બજાર હિસ્સો મેળવ્યો છે. કંપનીએ વોટર ટ્રાન્સમિશનને વિકાસની ચાવીરૂપ તક તરીકે ઓળખીને ૨૭,૫૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારને આવરી લેતી સવલતો સાથે સેલ્મર્સ, નેધરલેન્ડની વિશ્વ કક્ષાની 3LPE કોટિંગ મશીનરીમાં રોકાણ કર્યું છે. API પાઈપો માટે મજબૂત ઓર્ડર બુક અને EIL અને Mecon જેવા મોટા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ પાસેથી માન્યતા સાથે, સૂર્યા રોશની GI અને બ્લેક પાઈપ્સ સહિત ERW પાઈપોના સૌથી મોટા નિકાસકાર તરીકે સ્થાન ધરાવે છે.

કંપનીએ LED ઉત્પાદનો માટે ભારતની સૌથી મોટી ઉત્પાદન ક્ષમતામાંની એક સાથે પરંપરાગત લાઈટિંગ સોલ્યુશન્સમાંથી સફળતાપૂર્વક આધુનિક LED લાઈટિંગ સેક્ટરમાં અગ્રણી બનવા તરફ વિકાસ કર્યો છે. સૂર્યા રોશનીએ ફેન્સ (પંખા) સાથે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેગમેન્ટમાં પણ વિસ્તરણ કર્યું છે અને ધીમે ધીમે હોમ એપ્લાયન્સિસનો મજબૂત પોર્ટફોલિયો બનાવ્યો છે.

લાઈટિંગ સેક્ટરમાં, સૂર્યા રોશની આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ અને ઝારખંડ સહિતના વિવિધ રાજ્યોમાં અગ્રણી છે અને તે ભારતની ટોચની ગ્રાહક લાઈટિંગ બ્રાન્ડ્સમાંની એક તરીકે ઓળખાય છે. ૩,૦૦,૦૦૦ આઉટલેટ્સ, ૩૦૦ ઙ્લ્જ અને ૨,૫૦૦ DSPsના વિતરણ નેટવર્ક સાથે, કંપનીએ ફાસ્ટ-મૂવિંગ ઈલેક્ટ્રિકલ ગુડ્સ (FMEG) સેક્ટરમાં પોતાને એક ઉભરતા ખેલાડી તરીકે સ્થાન આપ્યું છે.સૂર્યા રોશનીએ "સૂર્યા" નામ હેઠળ સતત જાહેરાતો અને પ્રમોશનલ પ્રવૃત્તિઓ દ્વારા મજબૂત બ્રાન્ડ ઈક્વિટી બનાવી છે. કંપનીએ અર્ધ-શહેરી અને ગ્રામીણ બજારો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેના વ્યાપક વિતરણ નેટવર્કનો લાભ લીધો છે અને સેકેન્ડરી ડિમાન્ડ જનરેશનને પ્રાથમિકતા આપતા મજબૂત ડીલર સંબંધોને સ્થાપ્યા છે. પ્રોફેશનલ લાઈટિંગ અને સ્માર્ટ લાઈટિંગ સોલ્યુશન્સમાં સફળ પ્રવેશ સાથે,કંપનીએ FMEG કેટેગરીમાં ફેન્સ (પંખા) અને હોમ એપ્લાયન્સિસ સહિત નોંધપાત્ર પ્રગતિ કરી છે અને સમગ્ર ભારતમાં એક વ્યાપક સર્વિસ નેટવર્કની સ્થાપના કરી છે.
**અંગત મંતવ્ય :** અમારા અભ્યાસ મુજબ, આવનારા વર્ષમાં ૧૦૫૦ ના ભાવ અપેક્ષિત છે.

**અસ્વીકરણ:** આ લેખમાં આપવામાં આવેલી માહિતી ફક્ત શૈક્ષણિક અને માહિતીના હેતુઓ માટે જ છે. કોઈપણ સ્ટોક અથવા સિક્યોરિટીઝ ખરીદવા કે વેચવા માટેના મંતવ્ય નાણાકીય સલાહ અથવા ભલામણ તરીકે માનવામાં આવતું નથી. સામગ્રી ફક્ત અભ્યાસ અને જ્ઞાન-વહેંચણી હેતુઓ માટે શેર કરવામાં આવી છે. આ લેખમાં આપેલી માહિતીના આધારે લેવામાં આવતી કોઈપણ ક્રિયા-પ્રતિક્રિયાઓ વ્યક્તિની પોતાની પસંદગી અને જવાબદારીની છે. લેખક-મુદ્રક-પ્રકાશક આવી ક્રિયાઓના પરિણામે થતા કોઈપણ નુકસાન અથવા નફા માટે કોઈ જવાબદારી ધરાવતા નથી.આ લેખ શેરબજારના વિશ્લેષણના શોખ તરીકે શેર કરવામાં આવ્યો છે અને તે વ્યાવસાયિક નાણાકીય અથવા રોકાણ સલાહની રચના કરતું નથી. લેખક રજિસ્ટર્ડ નાણાકીય વિશ્લેષક હોવાનો દાવો કરતા નથી અને પ્રસ્તુત માહિતીનો અર્થ એવો ન કરવો જોઈએ. વાચકોએ રોકાણના કોઈપણ નિર્ણયો લેતા પહેલા તેમના નાણાકીય સલાહકાર પાસે પરામર્શ કરવું અને પોતાનું સંશોધન કરવું હિતાવહ અને સલાહભર્યું છે.આ લેખની સામગ્રીના આધારે વ્યક્તિઓ દ્વારા લેવામાં આવેલા કોઈપણ પ્રકારના નિર્ણય માટે લેખક-પ્રકાશક-મુદ્રક સામે કોઈ કાનૂની કાર્યવાહી સંબોધવામાં આવશે નહીં.તમારા રોકાણના માટે શુભેચ્છાઓ.

## રૂ. ૧ લાખ કરોડ કરતા વધુના ભંડોળ સાથે વિતેલું વર્ષ પ્રાઈમરી બજારના ઈતિહાસમાં સુવર્ણકાળ બની રહ્યું

# સંવત ૨૦૮૦ની વારિ એનર્જીના પબ્લીક ઈશ્યુમાં સૌથી વધુ રીટેઈલ અરજી ભરણાં સાથે વિક્રમી વિદાઈ : કુલ ૮૭ લાખ કરતા વધુ રિટેઈલ અરજીઓ થઈ

## પ્રાયમરી માર્કેટની ખાટી-મીઠી

## દિવાળી વેકશન બાદ સ્વિગીનો પબ્લિક ઈશ્યુ લાભ પાંચમ આસપાસ અપેક્ષિત કંપનીએ બજારની વોલેટિલિટીને પગલે વેલ્યુએશન ઘટાડી હોવાના અહેવાલો

### ૨૦૨૪ અર્ધ-વાર્ષિક ગાળામાં ૨૨૭ પબ્લિક ઈશ્યુ સાથે ભારતીય પ્રાઈમરી માર્કેટ વિશ્વમાં મોખરે રહ્યું : ૮૦% ઈશ્યુઓમાં રોકાણકારોને લિસ્ટિંગ ગેઈન્સ, ૧૩ ઈશ્યુઓમાં મલ્ટીબેગર વળતર મળ્યું : શાપોરજી પાલોનજી ગ્રૂપના એફકોન્સ ઈન્ફ્રાના પબ્લિક ઈશ્યુમાં નિસ્તેજ વલણ : આવનરા વર્ષમાં એસએમઈ સ્પેસમાં કડક નિયમનોના પગલે ક્વોલીટી ઈશ્યુનું પ્રમાણ વધશે

## પ્રાયમરી માર્કેટની ભિતરમાં

સેકેન્ડરી બજારમાં જોવા મળી રહેલી વ્યાપક વેચવાલી અને મંદીના માહોલ વચ્ચે પણ ભારતના પ્રાઈમરી બજારો તેનું મજબૂત વલણ જાળવી રહ્યા છે. વીતેલા સપ્તાહમાં આવેલા વારિ એનર્જીના પબ્લિક ઈશ્યુમાં રોકાણકારો દ્વારા રેકોર્ડ અરજીઓ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે હ્યુન્ડાઈના તાજેતરના જ ઈશ્યુમાં જ્યાં રીટેઈલ હિસ્સો પૂરું ભરણું પણ પ્રાપ્ત કરી શક્યો ન હતો. તેવી સ્થિતિમાં પણ વારિ એનર્જીના પબ્લિક ઈશ્યુમાં રીટેઈલ રોકાણકારો તરફથી ગજબ પ્રતિસાદ રહ્યો હતો. કુલ ૮૮ લાખ જેટલી રીટેઈલ અરજી પ્રાપ્ત થઈ હતી જે હાલમાં કોઈ પણ ઈશ્યુને મળેલી સૌથી વધુ રીટેઈલ અરજી બની છે. પ્રાઈમરી માર્કેટમાં રીટેઈલ રોકાણકારો તરફથી હ્યુન્ડાઈના બહુ અપેક્ષિત ઈશ્યુને મળેલા જાકરા બાદ વધુ એક ઈશ્યુમાં પણ તેવા જ હાલ થઈ રહ્યા છે. શાપોરજી પાલોનજી ગ્રૂપની એફકોન્સ ઈન્ફ્રાના ઈશ્યુને પણ પ્રથમ દિવસે મોળો પ્રતિસાદ સાંપડ્યો છે અને માત્ર ૧૪% જ ભરણું જોવા મળ્યું છે.

પ્રાઈમરી બજારમાં સંવત ૨૦૮૦માં પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો હતો, જે હાઇ-પ્રોફાઈલ પબ્લિકની મોટી શ્રેણી અને મજબૂત માર્કેટ ડેબ્યુ દ્વારા સંચાલિત હતું, નાના આંચકાઓ આવવ છતાં રોકાણકારોના હકારાત્મક સેન્ટિમેન્ટને લીધે વર્ષ દરમિયાન અડગ રહ્યું છે. નોંધનીય છે કે, આ સંવતમાં ૧૩ IPO મલ્ટિબેગર્સ બન્યા છે, જેમાં મોટીસન્સ જ્વેલર્સ નોંધપાત્ર ૪૪૪% વળતર સાથે અગ્રણી રહ્યું છે. ૧૦૦% થી વધુ વળતર આપતા અન્ય IPOમાં ડોમ્સ ઈન્ડસ્ટ્રીઝ, જ્યોતિ CNC ઓટોમેશન, ટાટા ટેક્નોલોજીસ, સેક્રો, ભારતી હેક્સાકોમ, સૂરજ એસ્ટેટ ડેવલપર્સ, પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝ અને ડિફ્યુઝન એન્જિનિયર્સનો સમાવેશ થાય છે. પ્રોટીન ઈ-ગોવ ટેક્નોલોજીસ અને પ્રીમિયર એનર્જી, એક્ઝિકોમ ટેલી સિસ્ટમ્સ અને KRN હીટ એક્સ્ચેન્જરના ઈશ્યુ પણ આકર્ષણ જણાવ્યું હતું. આ શેરોએ લિસ્ટિંગ દિવસથી રોકાણકારોની સંપત્તિમાં બમણો વધારો કરેલ છે. આ સંવતમાં મૂડીબજારમાં પ્રવેશેલા ૭૬ ઈશ્યુથી, લગભગ ૮૦% સ્ટ્રાઈક રેટ છે સાથે પોઝીટીવ લિસ્ટિંગ ગેઈન્સ જોવા મળ્યા હતા તેમાંથી ૬૦ હાલમાં ઓફર કિંમત કરતાં ઉપર ટ્રેડ કરી રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઉત્તરાર્ધ માટે ઈશ્યુ પાઈપલાઇન મજબૂત દેખાય છે, જેમાં ૨૬ કંપનીઓ રૂ.૭૨,૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી રહી છે, જેને સેબીની મંજૂરી મળી ચૂકી છે. લગભગ રૂ.૮૯,૦૦૦ કરોડ એકત્ર કરવા માગતી વધારાની ૫૫ કંપનીઓ નિયમનકારી મંજૂરીની રાહ જોઈ રહી છે. માર્ચ ૨૦૨૫ સુધીમાં નવો વિક્રમ સ્થાપવાની અપેક્ષા સાથે, આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ઈશ્યુ થકી મેળવેલું ભંડોળ રૂ.૧ લાખ કરોડની પાર પહોચ્યું છે.બજારમાં અસ્થિરતા અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, રોકાણકારોનો વિશ્વાસ મજબૂત પ્રાઈમરી માર્કેટ પ્રત્યે મજબૂત રહેવાની વકી છે. નક્કર પાઈપલાઈન, ઉચ્ચ રોકાણકારોની માંગ અને પ્રમોટરો અને રોકાણકારો બંને તરફથી આશાવાદ સાથે, પ્રાઈમરી બજારનો અંદાજ આવનારા વર્ષ માટે આશાસ્પદ દેખાઈ રહ્યો છે. વૈશ્વિક સ્તરે પણ IPO માર્કેટમાં ભારતીય પ્રાઈમરી બજારોએ ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવી છે. ૨૦૨૪ના પ્રથમ આઠ મહિનામાં કુલ ઈ૧૨.૨ બિલિયનના ૨૨૭ ઈશ્યૂ સાથે તે ટોચની પોઝીશન પર રહ્યું છે.

ફૂડ ડિલિવરી જાયન્ટ સ્વિગી તેના આગામી ઈશ્યુ માટે તેની વેલ્યુએશન અપેક્ષાઓને સમાયોજિત કરી રહી છે અને હવે તેનું લક્ષ્ય $12.5 બિલિયનથી $13.5 બિલિયનની રેન્જનું છે. આ સુધારેલું લક્ષ્ય તેના અગાઉના ઈ૧૫ બિલિયનના વેલ્યુએશન ધ્યેયથી ૧૦-૧૬%ના ઘટાડાને દર્શાવે છે. અપેક્ષિત IPO, નવેમ્બરમાં ઈ૧.૪ બિલિયન એકત્ર કરવા માટે સુયોજિત છે, હ્યુન્ડાઈ ઈન્ડિયાના તાજેતરના ડેબ્યૂ પછી, આ વર્ષે ભારતની બીજી સૌથી મોટી પબ્લિક ઓફર હશે. લાભપાંચમ બાદ આ ઈશ્યુ મૂડીબજારમાં પ્રવેશી શકે તેમ જણાઈ રહ્યું છે જેમાં રીટેઈલ હિસ્સો ૧૦% રહેશે. ન્યૂ-એજ ટેકનોલોજી કંપનીના ઈશ્યુ શેરબજારમાં તેજીના સેન્ટિમેન્ટના પુનરુત્થાનને કેપિટલાઈઝ કરી રહ્યા છે. ૨૦૨૧ બાદ ઈશ્યુ ભંડોળ ઊભું કરવા માટેનું આ શ્રેષ્ઠ વર્ષ બની રહ્યું છે, જેમાં આજની તારીખમાં લગભગ રૂ.૧૫,૦૦૦ કરોડ ઊભા થયા છે.

એસએમઈ ઈશ્યુઓએ ૨૦૨૪માં મેઈનબોર્ડ ઈશ્યુને પાછળ છોડી દીધા છે અને જે પરંપરાગત મેઈનબોર્ડના 30% ની સરખામણીમાં ૪૫% નું સરેરાશ વળતર દર્શાવ્યું છે. જોકે, એસએમઈ ઈશ્યુને લઈને વીતેલા વર્ષમ નિયમનકારો તરફથી અનેકવિધ જોગવાઈ પણ અમલી કરવામાં આવેલ છે. એનએસઈ દ્વારા ફ્રી કેશ ફલો હોય તેવી કંપનીને જ મંજૂરી આપવામાં આવી રહી છે. તો બીજી તરફ બીએસઈ વધુ ને વધુ ડ્યુ ડીલીજન્સ કરી રહ્યું છે. સેબી દ્વારા પણ અનેકવાર એક્સચેન્જને ચેતવણી આપવામાં આવી હતી. જીસ્ઈ દ્વારા ઈશ્યુની ગુણવત્તા અંગેની ચિંતા અને ઉલ્લંઘનના વધતા જતા કિસ્સાઓ વચ્ચે, સ્ટોક એક્સચેન્જોએ ઇન્વેસ્ટમેન્ટ બેક્કર્સને પ્રારંભિક જાહેર ઓફર માટે દસ્તાવેજો ફાઇલ કરતા પહેલા સ્ક્રુટિની અને ગ્રાઉન્ડ ચેક વધારવા નોંધ કરી છે. આ ઉપરાંત વિશેષ રીતે બીએસઈમાં છેલ્લા ત્રણ-ચાર મહિનાથી ઈશ્યુંઓની મંજૂરી મેળવવામાં વિલંબ થઇ રહ્યા છે. બીએસઈમાં એક મોટા કક્ષાના અધિકારીની સેવા નિવૃત્તિ બાદ એક સાથે ડઝન એક લોકોના રાજીનામા આવ્યા હતા અને હાલ બીએસઈના લિસ્ટિંગ ડીપાર્ટમેન્ટના સ્ટાફની તંગીને લીધે દસ્તાવેજો પ્રોસેસ કરવમાં જરૂર કરતાં વધુ સમય લાગી રહ્યો છે.

ભારતનું સૌથી મોટું સ્ટોક એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE), હાલમાં તેની પબ્લિક લિસ્ટિંગ યોજનાઓ સાથે આગળ વધવા માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) પાસેથી ક્લિયરન્સની રાહ જોઈ રહ્યું છે. NSEની પ્રારંભિક જાહેર ઓફર ૨૦૧૬ માં તેની પ્રારંભિક ફાઈલિંગથી વિલંબનો સામનો કરી રહી છે, પુનઃ અરજી માટે SEBI પાસેથી મંજૂરીની જરૂર છે. એક્સચેન્જે અમુક હાઇ-સ્પીડ ટ્રેડર્સને તેના કો-લોકેશન સર્વર્સની અયોગ્ય ઍક્સેસ આપી હોવાના આક્ષેપો સાથે સંકળાયેલા કેટલાક કેસોને કારણે નિયમનકારે શરૂઆતમાં NSEની લિસ્ટિંગ યોજનાઓ અટકાવી દીધી હતી. ત્યારબાદ તે બાબતે સંતોષકારી ઉકેલ આવ્યો છે અને એનએસઈ દ્વારા લિસ્ટિંગ માટેના પ્લાનની પ્રક્રિયા આગળ વધી રહી છે. ૨૦૨૫ના વર્ષમાં આ બહુ-અપેક્ષિત પબ્લિક ઈશ્યુ મૂડીબજારમાં પ્રવેશ કરે તેવી વકી છે.

### ટેન્ડર ઓફર બાયબેક

| ક્રમ | કંપનીનું નામ | ઈશ્યુ તારીખ | રેકોર્ડ ડેટ | બાયબેક ભાવ | ચાલુ ભાવ | ઈશ્યુ સાઈઝ (રૂ.કરોડમાં) | ઈશ્યુ સાઈઝ (શેરમાં ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એડવાનસા એન્ટરપ્રાઈઝિસ લિ. | ૦૫ – ૧૧ નવેમ્બર | ૧૪ ઓક્ટો. | રૂ. ૬૦ | રૂ. ૬૬.૩ | ૨૭.૦૦ | ૦૫ નવેમ્બર |
| ૨ | ઉશાંતિ કલર કેમ લિ. | ૦૪ – ૨૫ નવેમ્બર | ૧૧ ઓક્ટો. | રૂ.૫૫ | રૂ. ૫૭ | ૨.૯૪ | ૧૮ નવેમ્બર |
| ૩ | આર્ક ફાઈનાન્સ લિ. | ૨૧ ઓક્ટો.-૧૮ નવે. | ૧૦ ઓક્ટો. | રૂ.૧.૨૦ | રૂ. ૨.૧૦ | ૪૮.૪૮ | ૧૮ નવેમ્બર |
| ૪ | થિંકિંક પિક્ચર્સ લિ. | ૦૪ – ૨૨ નવેમ્બર | ૧૮ ઓક્ટો. | રૂ.૧.૫ | રૂ. ૨.૮૫ | ૪૮.૮૯ | ૧૮ નવેમ્બર |
| ૫ | IGC ઇન્ડસ્ટ્રીઝ લિ. | ૦૪ – ૧૮ નવેમ્બર | ૧૮ ઓક્ટો. | રૂ.૧૩ | રૂ. ૧૫.૮ | ૪૨.૨૨ | ૧૨ નવેમ્બર |
| ૬ | હિંડવેર હોમ ઇનોવેશન લિ. | ૦૭ – ૨૨ નવેમ્બર | ૨૫ ઓક્ટો. | રૂ.૨૨૦ | રૂ. ૩૩૨.૯ | ૨૪૯.૭૦ | ૧૮ નવેમ્બર |
| ૭ | ડિલીજન્ટ ઇન્ડસ્ટ્રીઝ લિ. | ૧૧ – ૨૫ નવેમ્બર | ૨૪ ઓક્ટો. | રૂ.૩.૬ | રૂ. ૪.૨૫ | ૪૯.૪૦ | ૧૮ નવેમ્બર |
| ૮ | DMR હાઈડ્રોએન્જીન્યરીંગ & ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિ. | ૧૪ નવે.– 0૩ ડિસે. | ૨૨ ઓક્ટો. | રૂ.૧૪૦ | રૂ. ૧૪૩ | ૨.૬૬ | ૨૫ નવેમ્બર |
| ૯ | બેલા કાસા ફેશન & રિટેઈલ લિ. | 30 ઓક્ટો.-૧૪ નવે. | ૧૯ ઓક્ટો. | રૂ.૨૬૧ | રૂ. ૫૪૧ | ૪૯.૯૧ | ૦૮ નવેમ્બર |
| ૧૦ | ક્રેટો સિસ્કોન લિ. | ૨૪ ઓક્ટો.-૧૨ નવે. | ૧૧ ઓક્ટો. | રૂ.૧ | રૂ.૧.૩૩ | ૪૭.૦૪ | ૦૬ નવેમ્બર |
| ૧૧ | એશિયન પેટ્રોપ્રોડક્ટ્સ એન્ડ એક્સપોર્ટ્સ લિ. | ૧૧ – ૨૫ નવેમ્બર | 30 ઓક્ટો. | રૂ. ૧૦ | રૂ. ૨૩.૧૦ | ૪૯.૪૦ | ૠ૭ |
| ૧૨ | શણગાર ડેકોર લિ. | ૦૮ નવે. – ૦૬ ડિસે. | ૨૮ ઓક્ટો. | રૂ.૫.૭૬ | રૂ.૮.૧૫ | ૪૯.૩૫ | ૨૯ નવેમ્બર |
| ૧૩ | મરક્યુરી ટ્રેડલિંક લિ. | ૦૭ નવે. – ૦૫ ડિસે. | ૨૪ ઓક્ટો. | રૂ.૪૪.૯૫ | રૂ.૫૧.૬ | ૪૮.૯૫ | ૨૯ નવેમ્બર |
| ૧૪ | PMC ફિનકોર્પ લિ. | ૦૭ – ૧૯ નવે. | ૨૫ ઓક્ટો. | રૂ.૨.૭૫ | રૂ.૫ | ૪૮.૯૬ | ૧૨ નવેમ્બર |

### પાછલાં સપ્તાહના લિસ્ટિંગ

| કંપની | ઈશ્યુ | લિસ્ટિંગ | લિસ્ટિંગ | પ્રતિ લોટ | લિસ્ટિંગ દિવસ | લિસ્ટિંગ | વર્તમાન |
|---|---|---|---|---|---|---|---|
| હ્યુન્ડાઈ મોટર્સ ઇન્ડિયા લિમિટેડ | ૧૯૬૦ | ૧૯૩૪ | (૧.33%) | (૧૮૨) | ૧૯૭૦ / ૧૮૦૭ | ૧૮૧૯.૬૦ | ૧૮૪૪ |
| **એસએમઈ** | | | | | | | |
| ફ્રેશેરા એગ્રો એક્સપોર્ટ્સ લિમિટેડ | ૧૧૬ | ૧૩૫ | ૧૬.૩૮% | રૂ. ૨૨,૮૦૦ | ૧૪૧ / ૧૨૮.૨૫ | ૧૩૪.૭૦ | ૧૨૮ |
| લક્ષ્ય પાવરટેક લિમિટેડ | ૧૮૦ | ૩૪૨ | ૯૦% | રૂ. ૧,૨૯,૬૦૦ | ૩૫૯.૧૦ / ૩૪૨ | ૩૫૯.૧૦ | ૩૨૪.૧૦ |

### NCD ઈશ્યુ

| કંપનીનું નામ | ઈશ્યુ તારીખ | ઈશ્યુ સાઈઝ બેઇઝ (cr) | ઈશ્યુ સાઈઝ શેલ્ફ (cr) | ફેસવેલ્યુ | ન્યૂનતમ લોટ/મૂલ્ય | કૂપન રેટ (રીટેલ) | રેટિંગ |
|---|---|---|---|---|---|---|---|
| ઈન્ડેલ મની લિમિટેડ | ૨૧ ઓક્ટો. – ૦૪ નવે. | રૂ.૭૫ | રૂ.૧૫૦ | રૂ.૧૦૦૦ | 10 NCD / 10000 | 10.00%- 12.00% | CRISIL BBB / STABLE |
| મુથૂટ મીની ફાઈનાન્સયર્સ લિમિટેડ | 30 ઓક્ટો. – ૧૩ નવે. | રૂ.૧૦૦ | રૂ.૧૫૦ | રૂ.૧૦૦૦ | 10 NCD / 10000 | 8.50%- 10.00% | CARE A-/ STABLE |

## મોટા ઈશ્યુ (રૂ. ૫૦ કરોડથી વધુ)

| કંપનીનું નામ | ઈશ્યુ ભાવ (શેર દીઠ) | ઈશ્યુનું કદ (રૂ. કરોડ) | રાઇટ્સ ઇશ્યૂ રેશિયો | વર્તમાન ભાવ | ઇશ્યૂ ભાવ સામે વળતર (%) |
|---|---|---|---|---|---|
| જિયોજીત ફાય.સર્વિસીસ લિ | ૫૦ | ૨૦૦ | ૦૧:૦૬ | ૧૩૩.૬૫ | ૧૬૭.30% |
| જયકે એન્ટરપ્રાઇઝ લિમિટેડ | ૨૫ | ૧૪૬.૧૪ | ૦૧:૦૧ | ૧૩૬.૮૩ | ૪૪૭.3૨% |
| ઓરિએન્ટ ગ્રીન પાવર | ૧૩ | ૨૫૦ | ૧૦:૫૧ | ૧૯.૧૩ | ૪૭.૧૫% |
| ટાટા કન્ઝ્યુમર | ૮૧૮ | ૨૯૯૭.૭૬ | ૦૧:૨૬ | ૧૦૧૬.૪૫ | ૨૪.૨૬% |
| SAR ટેલિવેન્ચર લિમિટેડ | ૨૦૦ | 300 | ૦૧:૦૧ | ૨૯૭.૪૫ | ૪૮.૭3% |
| SEPC લિમિટેડ | ૧૩ | ૨૦૦ | ૦૬:૫૫ | ૨૬.૮૯ | ૧૦૬.૮૫% |
| શોભા લિમિટેડ | ૧૬૫૧ | ૨૦૦૦ | ૦૬:૪૭ | ૧૭૦૪.૫૫ | 3.૨૪% |
| સોલારા એક્ટિવ ફાર્મા સાયન્સ | 3૭૫ | ૪૪૯.૯૫ | ૦૧:03 | ૮૨3.૮૫ છે | ૧૧૯.૬૯% |
| IIFL ફાયનાન્સ લિ | 300 | ૧૨૭૧.૮3 | ૦૧:૦૯ | ૪3૬.૧૫ | ૪૫.3૮% |
| સાકુમા એક્સપોર્ટ્સ લિ. | ૨૫.3 | ૧૯૯.૮3 | 3૪:3૮:૦૦ | ૪.૧૭ | -૮3.૫૨% |
| શિવ સિમેન્ટ લિ. | ૪૦ | ૪૦૦ | ૨૦:3૯ | ૪૪.૨૨ | ૧૦.૫૫% |
| જ્યોતિ સ્ટ્રક્ચર્સ લિ. | ૧૫ | ૧૭૪.૬3 | ૦૬:3૭ | 30.૬૮ | ૧૦૪.૫3% |
| હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન | ૨૧ | 3૫૦ | ૧૪:૫૮ | ૪૦.૧૯ | ૯૧.3૮% |
| દક્ષિણ ભારતીય બેંક | ૨૨ | ૧૧૫૧ | ૦૧:૦૪ | ૨૪.૯૧ | ૧3.૨3% |
| ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇ. | ૧૫૦ | 3૬૯3.૪ | ૦૧:૦૨ | ૧૪૨.૧ | -૫.૨૭% |
| સુકાની લિ | ૧૯૪ | ૧૯૯.૧૮ | ૦૧:૧૦ | ૫૪૨.3૫ | ૧૭૯.૫૬% |
| ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૧૮૧૨ | 3૯૯૯.૮ | ૦૮:૫૯ | ૨૭૧૮.૮ | ૫૦.૦૪% |
| લોયડ્સ એન્જિ. લિમિટેડ | ૧૫.૫ | ૯૮.3૭ | ૦૧:૧૭ | ૭૯.૨૪ | ૪૧૧.૨3% |
| મિત્તલ લાઇફ સ્ટાઇલ લિ. | ૨ | ૨૯.૫૯ | ૦૧:૦૨ | ૨.૦૧ | ૦.૫૦% |
| સહાના સિસ્ટમ લિમિટેડ | ૮૯૦ | ૪૮.૮૭ | ૦૧:૧૫ | ૧૧૭૮.૫ | 3૨.૪૨% |
| પર્પલ ફાઇનાન્સ લિ | ૪૦ | ૪૪.૮૨ | ૦૧:03 | ૫૬.૨૭ | ૪૦.૬૮% |
| તિલક વેન્ચર્સ લિ | ૨.૨ | ૪૯.03 | ૦૧:૦૧ | ૪.૦૭ | ૮૫.૦૦% |
| નર્મદા એગ્રોબેઝ લિમિટેડ | ૧૫ | 3૬.૫૮ | ૦૯:૦૫ | ૧૫.૪૮ | 3.૨૦% |
| રેપિડ ઇન્વેસ્ટમેન્ટ્સ લિ. | ૧૦૦ | ૮.૪ | ૨૫:3૯:૦૦ | ૧૨૭.૨૫ | ૨૭.૨૫% |
| શ્રીવરી સ્પાઇસેસ એન્ડ ફૂડ્સ | ૧૭૫ | ૨૫ | ૦૧:૦૫ | ૨૬૬.૬૫ | ૫૨.3૭% |
| એડવિક કેપિટલ લિ | ૨.૫ | ૪૯.૯૫ | ૧૪:30 | ૨.૫ | ૦.૦૦% |
| A B ઇન્ફ્રાબિલ્ડ લિમિટેડ | ૧૮ | ૯.૯૫ | ૦૧:૦૮ | ૮૯.૬ | 3૯૭.૭૮% |
| સિનર્જી ગ્રીન ઇન્ડસ્ટ્રીઝ લિ | 3૨૫ | ૪૫.૯૨ | ૦૧:૧૦ | 3૭૯.૯૫ | ૧૬.૯૧% |
| ગણેશ ઈકોવર્સ લિમિટેડ | 3૫ | ૪૬.૯૫ | ૦૬:૦૫ | ૪૯.3૫ | ૪૧.૦૦% |
| સાધના નાઈટ્રોકેમ લિમિટેડ | ૬.૦૬ | ૪૯.૯૧ | ૦૧:03 | ૫૨.૭૧ | ૭૬૯.૮૦% |
| પટેલ ઈન્ટિ. લોજિસ્ટિક્સ લિ. | ૧૮ | ૯ | ૦૯:૪3 | ૨૨.૨૬ | ૨3.૬૭% |
| ઓરિએન્ટલ ટ્રાઈમેક્સ લિ. | ૧૧ | ૪૮.૫૧ | 03:૦૨ | ૧૧.૭૨ | ૬.૫૫% |
| એમેરાલ્ડ લેઝર લિ | ૧૨.૫ | ૧૨.૫૨ | ૦૨:૦૧ | ૧૨૮.૨ | ૯૨૫.૬૦% |
| વર્ધમાન પોલિટેક્સ લિ. | ૬ | ૪૯.૮૪ | ૦૭:૨3 | ૧૦.૮૭ | ૮૧.૧૭% |
| ડ્યુકોન ઈન્ફ્રાટેકનોલોજીસ | ૭ | ૪૫.૪૯ | ૦૧:૦૪ | ૮.૦૯ | ૧૫.૫૭% |
| અક્ષર સ્પિનટેક્ષ લિ | ૧ | ૪૮.૭૫ | ૧3:૦૮ | ૧.૧૫ | ૧૫.૦૦% |
| Sru સ્ટીલ્સ લિ | ૧૦ | ૪૭.૯૫ | ૦૪:૦૧ | ૭.૦૨ | -૨૯.૮૦% |
| આધુનિક એન્જિ.પ્રોજેક્ટ્સ | ૪૦ | ૪૯.૪૪ | ૦૪:૦૧ | ૬૫.૭૮ | ૬૪.૪૫% |
| ધ્યાની ટ્રેડવેન્ચર્સ લિમિટેડ | ૨3 | ૨૯.3૭ | 03:૦૧ | ૧૮.૨૪ | -૨૦.૭૦% |
| અટલ રિયલટેક લિમિટેડ | ૭ | ૨૫.૯ | ૦૧:૦૨ | ૯.૯૨ | ૪૧.૭૧% |
| વિન્ની ઓવરસીઝ લિમિટેડ | ૨ | ૪૬.૫૨ | ૦૧:૦૧ | ૨.૦૮ | ૪.૦૦% |
| એ.એફ. એન્ટરપ્રાઇઝ લિ | ૧૦ | ૨૧.૧૭ | 03:૦૨ | ૧૯.૪ | ૯૪.૦૦% |
| સ્વિસ મિલિટરી કન્ઝ્યુ. ગુડ્સ | ૧૨.૫ | ૪૯.૧૫ | ૦૧:૦૫ | ૪૦.3૪ | ૨૨૨.૭૨% |
| વિશ્વપ્રભા વેન્ચર્સ લિ | 3૨ | ૪.૪૯ | ૦૯:૧૧ | ૫૫ | ૭૧.૮૮% |
| લુહારુકા મીડિયા એન્ડ ઇન્ફ્રા | 3 | ૨૮.૧૨ | ૦૧:૦૧ | 3.૮૮ | ૨૯.33% |
| શ્રીડસ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | ૧૮ | 3૬.૦૨ | ૦૫:03 | ૨૬.૧૭ | ૪૫.3૯% |
| નિર્માણ એગ્રી જેનેટિક્સ | ૨3૯ | ૪૮.૯૭ | ૧૧:3૨ | 33૮.૨૫ | ૪૧.૫3% |
| GACM ટેક્નોલોજીસ લિમિટેડ | ૧ | 3૪.03 | ૦૧:૦૧ | ૦.૭૪ | -૨૬.૦૦% |
| ઈન્ડોઈન્ડ એનર્જી લિમિટેડ | ૨૨.૫ | ૪૮.3 | ૦૧:૦૫ | ૨૨.૧3 | -૧.૬૪% |
| ગ્લોબસિક્યોર ટેક્નોલોજીસ | ૪૦ | ૨૭.33 | 03:૦૪ | ૪3.૮૫ | ૯.૬૨% |
| શરત ઈન્ડસ્ટ્રીઝ લિ. | 3૧ | ૪૮.૧૮ | ૧3:૨૦ | ૪૫.૧૮ | ૪૫.૭૪% |
| સૂરજ ઇન્ડસ્ટ્રીઝ લિ. | ૬૫ | ૧૯.૪૮ | ૦૭:30 | ૬3.૨૭ | -૨.૬૬% |
| લેશા ઇન્ડસ્ટ્રીઝ લિ. | ૨.૮ | ૪૯.૨૮ | ૦૮:૦૫ | ૧.૭૯ | -3૬.૦૭% |
| ઇન્વેન્ચર ગ્રોથ-સિક્યોરિટીઝ | ૨.33 | ૪૮.૯3 | ૦૧:૦૪ | ૨.3૧ | -૦.૮૬% |
| નંદની ક્રિએશન લિમિટેડ | 30 | ૧૫.૯૮ | ૧૦3:૪૪:૦૦ | 3૮.૦૭ | ૨૬.૯૦% |
| ભંડારી હોઝિયરી એક્સપોર્ટ્સ | ૬.૨૬ | ૪૮.૧૯ | ૧૫:3૨ | ૬.૭ | ૭.03% |

## મોટા ઈશ્યુ (રૂ. ૫૦ કરોડથી વધુ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રેષ્ઠા ફિનવેસ્ટ લિ | ૨ | ૪૮ | ૧૨:૨૯ | ૦.૭૪ | -૬3.૦૦% |
| મિટકોન કન્સલ્ટન્સી એન્ડ એન્જિનિયરિંગ | ૭૬ | 3૨.૨3 | ૦૬:૧૯ | ૧૨૮.૬૨ | ૬૯.૨૪% |
| ક્ષિતિજ પોલિલાઇન લિમિટેડ | ૬.૪ | ૨૫.૯3 | ૦૪:૦૫ | ૭.3૫ | ૧૪.૮૪% |
| સ્પ્રાઈટ એગ્રો લિમિટેડ | ૧3.૪ | ૪૪.૮૭ | ૦૧:૧૫ | ૧૨.૯૬ | -3.૨૮% |
| ગુજરાત ટૂલરૂમ લિ. | ૮ | ૪૮.૮૯ | ૧૧:૧૦ | ૧૨.૯3 | ૬૧.૬3% |
| નાકોડા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ | ૨૫ | ૧૨.૭3 | ૦૪:૧૦ | 3૯.૧૨ | ૫૬.૪૮% |
| ઇન્ટિગ્રા એસેન્શિયા લિમિટેડ | 3.૨૫ | ૪૯.૯3 | ૨૧:૫૯ | 3.3૪ | ૨.૭૭% |
| VSF પ્રોજેક્ટ્સ લિમિટેડ | ૫૦ | ૪૯.33 | 03:૦૨ | ૫૪.૭૪ | ૯.૪૮% |
| મંગલમ ગ્લોબલ એન્ટરપ્રાઇઝ | ૨૦ | ૪૧.૨ | ૦૧:૦૭ | ૨૬.૦૮ | 30.૪૦% |
| ડીએસજે લર્નિંગ લિમિટેડ | ૧ | ૬.૮૧ | ૦૭:૦૯ | ૫.૯૭ | ૪૯૭.૦૦% |
| વિજી ફાયનાન્સ લિ | ૧.૫ | ૯ | ૦૮:૧૧ | ૨.૮3 | ૮૮.૬૭% |
| આઈએફએલ એન્ટરપ્રાઈઝ | ૧ | ૪૯.૫3 | ૧૯૯:૪૦:૦૦ | ૧.૦૭ | ૭.૦૦% |
| ફ્રેક્લિન ઇન્ડસ્ટ્રીઝ લિ | 3.૫૮ | 3૮.૮3 | 03:૦૧ | ૧.૮૯ | -૪૭.૨૧% |
| અજુની બાયોટેક લિમિટેડ | ૫ | ૪3.૮૧ | ૦૧:૦૧ | ૭.૪૫ | ૪૯.૦૦% |
| ખુબસુરત લિ | ૧ | 3૪.૯૬ | ૫૦:૧૯:૦૦ | ૦.૮ | -૨૦.૦૦% |
| સંગિનીતા કેમિકલ્સ લિમિટેડ | ૧૮ | ૧૫.૫૪ | ૦૧:૦૨ | ૧૫.૨૪ | -૧૫.33% |
| બનાસ ફાયનાન્સ લિ. | ૧૦ | ૪૮.૦૫ | ૦૧:૦૧ | ૯.૯૫ | -૦.૫૦% |
| બિલવિન ઇન્ડસ્ટ્રીઝ લિ | 3૪ | ૭.૨૪ | ૦૧:૦૧ | ૪૮.૯૯ | ૪૪.૦૯% |
| આશાપુરી ગોલ્ડ ઓર્નામેન્ટ | ૮૫ | ૪૮.૭૫ | ૦૧:03 | ૯ ૫3.૮૫% | |
| યુગ ડેકોર લિ | ૧૦ | 3.૬ | ૦૧:૦૨ | 3૮.૬૪ | ૨૮૬.૪૦% |
| અશ્નૂર ટેક્સટાઇલ મિલ્સ લિ. | ૨૦ | ૬.3૭ | ૦૧:૦૪ | ૪૯.૯૫ | ૧૪૯.૭૫% |
| સોભાગ્ય મર્ચન્ટાઈલ લિ. | ૨૧ | ૧૭.૧૪ | 3૪:૦૧:૦૦ | ૧૨૪.૭૬ | ૪૯૪.૧૦% |
| સવાણી ફાયનાન્સિયલ્સ લિ. | ૧૭.૫ | ૪૯.૫ | ૦૭:૦૧ | ૧૮.૯૨ | ૮.૧૧% |
| વીએમએસ ઇન્ડસ્ટ્રીઝ લિ. | 3૫ | ૨૮ | ૧૭:33 | ૪૮.૦૨ | 3૭.૨૦% |
| Scanpoint Geomatics Ltd. | ૫ | ૪૯.૪ | ૬૭:૪૭:૦૦ | ૯.૨૫ | ૮૫.૦૦% |
| TIL લિ. | ૧૦ | ૪૯.૦૮ | ૨૮:૧૦:૦૦ | 3૬૧ | 3૫૧૦.૦૦% |
| આયકોટ હાઇટેક ટૂલરૂમ લિ. | ૭ | ૯.૯૪ | ૦૭:03 | ૧૭.૬૯ | ૧૫૨.૭૧% |
| એએ પ્લસ ટ્રેડલિંક લિ | ૧૮ | ૨૯.3૯ | ૦૨:૦૧ | ૧૭.૬૫ | -૧.૯૪% |
| માર્કોબેન્ઝ વેન્ચર્સ લિમિટેડ | ૧૦ | ૧૪.૪ | 03:૦૧ | ૧૪.૭૧ | ૪૭.૧૦% |
| સ્પેક્ટ્રમ ફૂડ્સ લિ | ૨૦ | 3૮.૭૯ | ૦૪:૦૧ | ૨૭.૬૪ | 3૮.૨૦% |
| સાવકા બિઝનેસ મશીન લિ. | ૧ | ૪૫.૭૬ | ૦૪:૦૧ | ૦.૫૮ | -૪૨.૦૦% |
| મિશ્તાન ફૂડ્સ લિ | ૧૫ | ૪૯.૮૨ | ૦૧:3૧ | ૧3.૭૨ | -૮.૫3% |
| બાલકૃષ્ણ પેપર મિલ્સ લિ | ૨૧ | ૪૫.૧૧ | ૦૨:૦૧ | ૨૫.3૬ | ૨૦.૭૬% |
| ટિએરા એગ્રોટેક લિ | ૫૦ | ૪૮.૪૭ | ૦૧:૦૫ | ૬૪.૧૮ | ૨૮.3૬% |
| અરુણજ્યોતિ બાયો વેન્ચર્સ લિ | ૨૦ | 33.૧3 | ૦૮:૦૧ | ૧૨૮.૯૫ | ૫૪૪.૭૫% |
| વેલેન્સિયા ન્યુટ્રીશન લિ | ૨૬ | ૨૧.૭૮ | ૧૫:૧૦ | ૫૬.૨૫ | ૧૧૬.3૫% |
| મર્ક્યુરી ટ્રેડ લિંક્સ લિ. | ૪૦ | ૯.૯ | ૧૦:૦૧ | ૭૬.3૫ | ૯૦.૮૮% |
| ગ્લોબ ટેક્સટાઈલ્સ | 3 | ૪૯ | ૦૧:૦૧ | ૪.૫૧ | ૫૦.33% |
| સિલ્ગો રિટેલ લિમિટેડ | ૨૫ | ૨૫.૬૮ | ૦૧:૦૧ | ૪૫.૦૧ | ૮૦.૦૪% |
| દિપના ફાર્માકેમ લિ. | ૧૦ | ૧૨.૯૭ | ૧3:૧૨ | ૭.૭ | -૨3.૦૦% |
| એફોર્ડેબલ રોબોટિક એન્ડ ઓટોમેશન | ૪૫૦ | ૪૮ | ૫3:૧૯:૦૦ | ૭૭૯.3૫ | ૭3.૧૯% |
| મિત્સુ કેમ પ્લાસ્ટ લિ | ૧૪૪ | ૨૧.૭3 | ૦૧:૦૮ | ૧3૪.૧ | -૬.૮૮% |
| મંગલમ ઈન્ડસ્ટ્રીયલ ફાઈનાન્સ | 3.૯૫ | ૪૮.૯૪ | ૨3:૪3 | 3.૨૮ | -૧૬.૯૬% |
| નાગ્રીકા એક્સપોર્ટ્સ લિ. | ૨૦ | 3૭.૫ | 03:૦૨ | 3૭.૫ | ૮૭.૫૦% |
| એડ્રોઇટ ઇન્ફોટેક લિમિટેડ | ૧૫ | ૪૮.૭૫ | 03:૦૨ | ૨033.33% | |
| મેગ્નમ વેન્ચર્સ લિમિટેડ | ૫૪ | ૪૮.૯૨ | ૦૨:૧૧ | ૪૬.૪3 | -૧૪.૦૨% |
| ઈન્ડિયન ઈન્ફોટેક એન્ડ સોફ્ટવેર | ૧.૬ | ૪૧.૮3 | ૧3:૫૦ | ૧.3 | -૧૮.૭૫% |
| યાર્ન સિન્ડિકેટ લિ. | ૨૭ | ૪૮.૬ | ૧3:૫૦ | ૪૧.૦૫ | ૫૨.૦૪% |
| ક્વેસ્ટ સોફ્ટેક (ઈન્ડિયા) | 30 | ૪૮ | ૦૮:૦૫ | ૪૬.૫૮ | ૫૫.૨૭% |
| શ્રી અજીત પલ્પ એન્ડ પેપર | ૮૦ | ૨૮.૫૭ | ૦૨:03 | ૨૦૬.૦૫ | ૧૫૭.૫૬% |
| શરણમ ઇન્ફ્રાપ્રોજેક્ટ-ટ્રેડિંગ | ૧ | ૭ | ૦૭:૦૫ | ૦.૭૮ | -૨૨.૦૦% |
| જેનફાર્મસેક લિમિટેડ | ૧.૭૫ | ૪૮.૪૫ | ૦૧:૦૧ | ૨.૮૫ | ૬૨.૮૬% |
| ઇન્ડ રિન્યુએબલ એનર્જી લિ | ૨૧ | ૨૫.૪3 | ૦૪:૦૧ | ૧૨.૫૮ | -૪૦.૧૦% |
| લા ટિમ મેટલ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ | ૮.૫ | 3૭.૫3 | ૦૧:૦૨ | ૧૫.3૮ | ૮૦.૯૪% |
| અસિત સી. મહેતા ફાયનાન્સિયલ સર્વિસીસ | ૧3૭.૪ | ૪૯.૮૮ | ૧3૬:૨૦:૦૦ | ૧૫3.3 | ૧૧.૫૭% |
| SEPC લિમિટેડ | ૧3 | ૪૯.૯ | ૦૧:3૬ | ૨૬.૮૯ | ૧૦૬.૮૫% |
| એરપેસ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | ૧ | ૧૦.૫૧ | ૧૦:03 | ૫૫.૭૬ છે | ૫૪૭૬.૦૦% |
| ગ્લોબલ સ્પેસ ટેક્નોલોજીસ લિ | ૧૨ | ૨૭.૫ | ૦૨:૦૧ | ૧૮.૫ | ૫૪.૧૭% |

## Shreni Sharesના ઈશ્યુનું પ્રદર્શન

| કંપની | ઈશ્યુ પ્રકાર | ઈશ્યુનું કદ (રૂ. કરોડ) | ભરણું (ગણું) | ઈશ્યુ ભાવ | લિસ્ટિંગ દિવસે ભાવ | લિસ્ટિંગ ગેઇન | વર્તમાન ભાવ | એકંદરે લાભ |
|---|---|---|---|---|---|---|---|---|
| રેપિડ વાલ્વ્સ ઈન્ડિયા લિમિટેડ | એસએમઈ | ૩૦.૪૧ | ૧૭૬.૦૬ | ૨૨૨ | ૩૦૯.૩૫ | ૩૯.૩૫% | ૩૦૭ | ૩૮.૨૯% |
| પિક્ચર પોસ્ટ સ્ટુડિયો લિમિટેડ | એસએમઈ | ૧૮.૭૨ | ૨૬૬.૬ | ૨૪ | ૩૧.૫ | ૩૧.૨૫% | ૩૧.૫૫ | ૩૧.૪૬% |
| ધારીવાલકોર્પ લિમિટેડ | એસએમઈ | ૨૫.૧૫ | ૧૭૪.૯૫ | ૧૦૬ | ૧૪૨.૫ | ૩૪.૪૩% | ૧૫૦ | ૪૧.૫૧% |
| દ્રશ્ય વિઝટેક લિમિટેડ | એસએમઈ | ૨૫.૧૫ | ૨૧૯.૪૫ | ૮૭ | ૧૭૩.૫૫ | ૯૯.૪૮% | ૧૫૬.૮ | ૮૦.૨૩% |
| ઇફ્વા ઇન્ફ્રા એન્ડ રિસર્ચ લિમિટેડ | એસએમઈ | ૫૧.૨૭ | ૩૧૩.૬૫ | ૮૨ | ૧૬૩.૫૫ | ૯૯.૪૫% | ૨૩૬.૧૫ | ૧૮૭.૯૯% |
| વિસામન ગ્લોબલ સેલ્સ લિમિટેડ | એસએમઈ | ૧૬.૦૫ | ૪૨.૨ | ૪૩ | ૪૭.૩૫ | ૧૦.૧૨% | ૪૦.૦૫ | -૬.૮૬% |
| જીએસએમ ફોઇલ્સ લિમિટેડ | એસએમઈ | ૧૧.૦૧ | ૨૫૭.૩ | ૩૨ | ૩૩.૬ | ૫% | ૮૫.૦૫ | ૧૬૫.૭૮% |
| ક્વેસ્ટ લેબોરેટરીઝ લિમિટેડ | એસએમઈ | ૪૩.૧૬ | ૮૫.૨૬ | ૯૭ | ૧૪૭.૩૫ | ૫૧.૯૧% | ૯૭ | ૦% |
| સિલ્કફ્લે પોલિમ ઈન્ડિયા લિમિટેડ | એસએમઈ | ૧૮.૧૧ | ૩૯.૩ | ૫૨ | ૫૮.૭ | ૧૨.૮૮% | ૮૩.૪૫ | ૬૦.૪૮% |
| રીફ્રેક્ટરી શેપ્સ લિમિટેડ | એસએમઈ | ૧૮.૬ | ૨૫૫.૦૮ | ૩૧ | ૭૮.૭૫ | ૧૫૪.૦૩% | ૧૧૧ | ૨૫૮.૦૬% |
| યશ ઓપ્ટિક્સ એન્ડ લેન્સ લિમિટેડ | એસએમઈ | ૫૩.૧૫ | ૪૨.૧૭ | ૮૧ | ૯૨.૭ | ૧૪.૪૪% | ૮૮ | ૮.૬૪% |
| ગેબ્રિયલ પેટ સ્ટ્રેપ્સ લિમિટેડ | એસએમઈ | ૮.૦૬ | ૨૪૬.૨ | ૧૦૧ | ૧૨૦.૭૫ | ૧૯.૫૫% | ૧૧૫ | ૧૩.૮૬% |
| DelaPle લિમિટેડ | એસએમઈ | ૪૬.૦૮ | ૧૭૭.૮ | ૧૯૨ | ૩૨૪.૪૫ | ૬૮.૯૮% | ૨૩૫ | ૨૨.૪૦% |
| AIK પાઇપ્સ એન્ડ પોલિમ લિમિટેડ | એસએમઈ | ૧૫.૦૨ | ૪૩.૫૭ | ૮૯ | ૧૦૫ | ૧૭.૯૮% | ૧૩૬.૩ | ૫૩.૧૫% |
| નેટ એવન્યુ ટેક્નોલોજીસ લિમિટેડ | એસએમઈ | ૧૦.૨૫ | ૫૧૧.૨૧ | ૧૮ | ૩૯.૯ | ૧૨૧.૬૭% | ૧૩.૮ | -૨૩.૩૩% |
| સ્વસ્થિક પ્લાસ્કોન લિમિટેડ | એસએમઈ | ૪૦.૭૬ છે | ૧૫.૪૩ | ૮૬ | ૧૨૬.૧ | ૪૬.૬૩% | ૭૩.૫૧ | -૧૪.૫૨% |

| કુલ ભંડોળ ઊભું કર્યું | સરેરાશ લિસ્ટિંગ ગેઇન | સરેરાશ ભરણું | સરેરાશ એકંદર લાભ | ઈશ્યુની સંખ્યા | હકારાત્મક લિસ્ટિંગ |
|---|---|---|---|---|---|
| ૪૩૦.૯૫ કરોડ | ૪૮.૫૬% | ૧૫૭.૬૪x | ૪૫.૯૨% | ૧૬ | ૧૬ |

## GYR કેપિટલ એડવાઈઝર્સના ઈશ્યુનું પ્રદર્શન

| કંપની | ઈશ્યુ પ્રકાર | ઈશ્યુનું કદ (રૂ. કરોડ) | ભરણું (ગણું) | ઈશ્યુ ભાવ | લિસ્ટિંગ દિવસે ભાવ | લિસ્ટિંગ ગેઇન | વર્તમાન ભાવ | એકંદરે લાભ |
|---|---|---|---|---|---|---|---|---|
| Afcom હોલ્ડિંગ્સ લિમિટેડ | એસએમઈ | ૭૩.૮૩ | ૩૦૩.૦૩ | ૧૦૮ | ૨૧૫.૪૫ | ૯૯.૪૯% | ૫૩૦.૨૫ | ૩૯૦.૯૭% |
| સથલોખર સિનર્જીસ E&C ગ્લોબલ લિમિટેડ | એસએમઈ | ૯૨.૯૩ | ૨૧૧.૧૩ | ૧૪૦ | ૨૪૭ | ૭૬.૪૩% | ૩૯૩.૫ | ૧૬૬.૭૯% |
| એસ એ ટેક સોફ્ટવેર ઈન્ડિયા લિમિટેડ | એસએમઈ | ૨૩.૦૧ | ૬૨૧.૨૫ | ૫૯ | ૧૧૭.૭ | ૯૯.૪૯% | ૧૩૬.૭૫ | ૧૩૧.૭૮% |
| પેટ્રો કાર્બન એન્ડ કેમિકલ્સ લિમિટેડ | એસએમઈ | ૧૧૩.૧૬ | ૯૨.૦૧ | ૧૭૧ | ૩૧૫ | ૮૪.૨૧% | ૨૩૯.૬ | ૪૦.૧૨% |
| મેડિકમેન ઓર્ગેનિક્સ લિમિટેડ | એસએમઈ | ૧૦.૫૪ | ૯૯૩.૫૬ છે | ૩૪ | ૧૪૪.૭ | ૩૨૫.૫૯% | ૫૫ | ૬૧.૭૬% |
| HOAC ફૂડ્સ ઇન્ડિયા લિમિટેડ | એસએમઈ | ૫.૫૪ | ૨૦૧૩.૬૪ | ૪૮ | ૧૩૯.૬૫ | ૧૯૦.૯૪% | ૧૨૦ | ૧૫૦% |
| એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડ | એસએમઈ | ૯૬.૨૯ | ૧૪૪.૪૪ | ૧૪૭ | ૨૭૯.૩ | ૯૦% | ૨૪૯.૮ | ૬૯.૯૩% |
| નમન ઇન-સ્ટોર ઇન્ડિયા લિમિટેડ | એસએમઈ | ૨૫.૩૫ | ૩૦૯.૦૩ | ૮૯ | ૧૧૮.૭૫ | ૩૩.૪૩% | ૨૦૦ | ૧૨૪.૭૨% |
| કૌરા ફાઇન ડાયમંડ જ્વેલરી લિમિટેડ | એસએમઈ | ૫.૫ | ૭૩૩.૦૧ | ૫૫ | ૭૮.૬૩ | ૪૨.૯૬% | ૪૯ | -૧૦.૯૧% |
| થાઈ કાસ્ટિંગ લિ | એસએમઈ | ૪૭.૨ | ૩૭૫.૪૩ | ૭૭ | ૧૯૫.૧૫ | ૧૫૩.૪૪% | ૧૬૫ | ૧૧૪.૨૯% |
| મેપોઝર લિમિટેડ | એસએમઈ | ૨૦.૨૬ | ૯૮૭.૪૭ | ૩૩ | ૧૩૭.૭૫ | ૩૧૭.૪૨% | ૯૯.૯ | ૨૦૨.૭૩% |
| કે સી એનર્જી એન્ડ ઇન્ફ્રા લિમિટેડ | એસએમઈ | ૧૫.૯૩ | ૧૦૫૨.૪૫ | ૫૪ | ૨૩૯.૪ | ૩૪૩.૩૩% | ૨૭૮.૭૫ | ૪૧૬.૨૦% |
| ટ્રાઇડેન્ટ ટેકલેબ્સ લિમિટેડ | એસએમઈ | ૧૬.૦૩ | ૭૬૩.૩ | ૩૫ | ૧૦૩.૦૫ | ૧૯૪.૪૩% | ૬૭૨.૨ | ૧૮૨૦.૫૭% |

| કુલ ભંડોળ ઊભું કર્યું | સરેરાશ લિસ્ટિંગ ગેઇન | સરેરાશ ભરણું | સરેરાશ એકંદર લાભ | ઈશ્યુની સંખ્યા | હકારાત્મક લિસ્ટિંગ |
|---|---|---|---|---|---|
| ૫૪૫.૫૭ કરોડ | ૧૨૨.૦૫% | ૩૩૧.૪૫x | ૨૦૧.૮૮% | ૧૩ | ૧૩ |

## ફાસ્ટ ટ્રેક ફિન્સેકના ઈશ્યુનું પ્રદર્શન

| કંપની | ઈશ્યુ પ્રકાર | ઈશ્યુનું કદ (રૂ. કરોડ) | ભરણું (ગણું) | ઈશ્યુ ભાવ | લિસ્ટિંગ દિવસે ભાવ | લિસ્ટિંગ ગેઇન | વર્તમાન ભાવ | એકંદરે લાભ |
|---|---|---|---|---|---|---|---|---|
| ગજાનંદ ઇન્ટરનેશનલ લિમિટેડ | એસએમઈ | ૨૦.૬૫ | ૧૫.૨૭ | ૩૬ | ૩૯.૯ | ૧૦.૮૩% | ૨૨ | -૩૮.૮૯% |
| અંબે લેબોરેટરીઝ લિમિટેડ | એસએમઈ | ૪૪.૬૮ | ૧૭૩.૧૮ | ૬૮ | ૮૯.૨૫ | ૩૧.૨૫% | ૬૧.૭ | -૯.૨૬% |
| અકીકો ગ્લોબલ સર્વિસીસ લિમિટેડ | એસએમઈ | ૨૩.૧૧ | ૩૪.૯૬ | ૭૭ | ૯૩.૩૫ | ૨૧.૨૩% | ૭૯.૯ | ૩.૭૭% |
| એન્સર કોમ્યુનિકેશન્સ લિમિટેડ | એસએમઈ | ૧૬.૧૭ | ૭.૨૯ | ૭૦ | ૭૦.૧ | ૦.૧૪% | ૨૮૫.૫ | ૩૦૭.૮૬% |

| કુલ ભંડોળ ઊભું કર્યું | સરેરાશ લિસ્ટિંગ ગેઇન | સરેરાશ ભરણું | સરેરાશ એકંદર લાભ | ઈશ્યુની સંખ્યા | હકારાત્મક લિસ્ટિંગ |
|---|---|---|---|---|---|
| ૧૦૪.૬૧કરોડ | ૧૬.૫૭% | ૮૫.૮૩x | ૧૨૬.૭૦% | ૪ | ૪ |

## હોલાની કન્સલ્ટન્ટ્સના ઈશ્યુનું પ્રદર્શન

| કંપની | ઈશ્યુ પ્રકાર | ઈશ્યુનું કદ (રૂ. કરોડ) | ભરણું (ગણું) | ઈશ્યુ ભાવ | લિસ્ટિંગ દિવસે ભાવ | લિસ્ટિંગ ગેઇન | વર્તમાન ભાવ | એકંદરે લાભ |
|---|---|---|---|---|---|---|---|---|
| KRN હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિ. | મેઈનબોર્ડ | ૩૪૧.૯૫ | ૨૧૩.૪૧ | ૨૨૦ | ૪૭૮.૪૫ | ૧૧૭.૪૮% | ૪૫૦.૭ | ૧૦૪.૮૬% |
| બ્રેસ પોર્ટ લોજિસ્ટિક્સ લિમિટેડ | એસએમઈ | ૨૪.૪૧ | ૬૫૭.૮૧ છે | ૮૦ | ૧૬૭.૫૫ | ૧૦૯.૪૪% | ૧૧૧ | ૩૮.૭૫% |
| રાજપુતાના ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | એસએમઈ | ૨૩.૮૮ | ૩૭૬.૪૧ | ૩૮ | ૭૫.૮ | ૯૯.૪૭% | ૮૬.૫૫ | ૧૨૭.૭૬% |
| સિગ્નોરિયા ક્રિએશન લિમિટેડ | એસએમઈ | ૯.૨૮ | ૬૬૬.૩૨ | ૬૫ | ૧૩૭.૫૫ | ૧૧૧.૬૨% | ૧૨૭.૦૫ | ૯૫.૪૬% |
| પૂર્વ ફ્લેક્સીપેક લિમિટેડ | એસએમઈ | ૪૦.૨૧ | ૪૨૧.૭૮ | ૭૧ | ૨૪૭ | ૨૪૭.૮૯% | ૨૨૩.૬૫ | ૨૧૫% |
| મોટિસન્સ જ્વેલર્સ લિમિટેડ | મેઈનબોર્ડ | ૧૫૧.૦૯ | ૧૭૩.૨૩ | ૫૫ | ૧૦૧.૧૮ | ૮૩.૯૬% | ૨૯૯.૨ | ૪૪૪% |

| કુલ ભંડોળ ઊભું કર્યું | સરેરાશ લિસ્ટિંગ ગેઇન | સરેરાશ ભરણું | સરેરાશ એકંદર લાભ | ઈશ્યુની સંખ્યા | હકારાત્મક લિસ્ટિંગ |
|---|---|---|---|---|---|
| ૫૯૦.૮૨ કરોડ | ૧૨૮.૨૭% | ૨૪૯.૩૮x | ૧૪૫.૪૦% | ૬ | ૬ |

## પાછલા સપ્તાહનાં કયા ઈસ્યુ કેટલા ભરાયા

**પ્રિમીયમ પ્લાસ્ટ લિમિટેડ**

લિડ મેનેજર – ખાંડવાલા સિક્યુરીટીઝ

| કેટેગરી | ભરણું (ગણું) |
|---|---|
| QIB | ૬.૭૪ |
| HNI | ૧૯.૫૬ |
| રીટેઈલ | ૬૫.૩૭ |
| કુલ | ૩૮.૮૭ |

કુલ અરજી-૪૯,૭૪૩

**દાનીશ પાવર લિમિટેડ**

લિડ મેનેજર – હેમ સિક્યુરીટીઝ

| કેટેગરી | ભરણું (ગણું) |
|---|---|
| QIB | ૧૦૪.૭૯ |
| HNI | ૨૭૫.૯૨ |
| રીટેઈલ | ૭૯.૮૮ |
| કુલ | ૧૨૬.૫૫ |

કુલ અરજી-૪,૫૫,૧૬૮

**યુનાઈટેડ હીટ ટ્રાન્સફર લિમિટેડ**

લિડ મેનેજર –સ્વસ્તિકા ઇન્વેસ્ટમાર્ટ

| કેટેગરી | ભરણું (ગણું) |
|---|---|
| QIB | ૨૬.૫૬ |
| HNI | ૧૨૪.૭૨ |
| રીટેઈલ | ૯૮.૯૩ |
| કુલ | ૮૩.૭૦ |

કુલ અરજી-૮૩,૬૯૮

**OBSC પરફેક્શન લિમિટેડ**

લિડ મેનેજર – યુનિસ્ટોન કેપિટલ

| કેટેગરી | ભરણું (ગણું) |
|---|---|
| QIB | ૧૦.૨૦ |
| HNI | ૨૫.૮૭ |
| રીટેઈલ | ૧૬.૨૦ |
| કુલ | ૧૬.૫૬ |

કુલ અરજી-૨૯,૬૧૭

**ઉષા ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ★**

લિડ મેનેજર – નાર્નોલિયા ફાઈનાન્સિયલ યુનિસ્ટોન કેપિટલ

| કેટેગરી | ભરણું (ગણું) |
|---|---|
| QIB | ૧.૦૭ |
| HNI | ૩.૨૬ |
| રીટેઈલ | ૪.૭૨ |
| કુલ | ૩.૩૭ |

કુલ અરજી-૧૨,૧૨૨

★ઈશ્યુ ચાલુ છે

**વારિ એનર્જીઝ લિમિટેડ**

લિડ મેનેજર – એક્સિસ કેપિટલ, IIFL સિક્યુરીટીઝ જેફરીઝ ઇન્ડિયા નોમુરા ફાઈનાન્સિયલ SBI કેપિટલ માર્કેટ્સ ઇન્ટેન્સીવ ફિસ્કલ

## Beeline કેપિટલ એડવાઈઝર્સના ઈશ્યુનું પ્રદર્શન

| કંપની | ઈશ્યુ પ્રકાર | ઈશ્યુનું કદ (રૂ. કરોડ) | ભરણું (ગણું) | ઈશ્યુ ભાવ | લિસ્ટિંગ દિવસે ભાવ | લિસ્ટિંગ ગેઇન | વર્તમાન ભાવ | એકંદરે લાભ |
|---|---|---|---|---|---|---|---|---|
| SD રિટેલ લિમિટેડ | એસએમઈ | ૬૪.૯૮ | ૯૭.૦૮ | ૧૩૧ | ૧૫૦.૯ | ૧૫.૧૯% | ૧૪૨.૫ | ૮.૭૮% |
| માચ કોન્ફરન્સ અને ઇવેન્ટ્સ લિમિટેડ | એસએમઈ | ૧૨૫.૨૮ | ૧૯૬.૭ | ૨૨૫ | ૨૯૫.૫૫ | ૩૧.૩૬% | ૨૩૩.૩૫ | ૩.૭૧% |
| ઈન્ડિયન ફોસ્ફેટ લિમિટેડ | એસએમઈ | ૬૭.૩૬ | ૨૬૭.૮૯ | ૯૯ | ૧૭૮.૭ | ૮૦.૫૧% | ૧૦૭.૧ | ૮.૧૮% |
| પોઝિટ્રોન એનર્જી લિમિટેડ | એસએમઈ | ૫૧.૨૧ | ૪૧૪.૮૬ છે | ૨૫૦ | ૪૯૮.૭૫ | ૯૯.૫૦% | ૩૫૬.૭૫છે | ૪૨.૭૦% |
| આશાપુરા લોજિસ્ટિક્સ લિમિટેડ | એસએમઈ | ૫૨.૬૬ | ૧૮૫.૭૫ | ૧૪૪ | ૧૭૫.૭૫ | ૨૨.૦૫% | ૧૧૦.૫ | -૨૩.૨૬% |
| V.L.Infraprojects Limited | એસએમઈ | ૧૮.૫૨ | ૬૩૬.૧૭ | ૪૨ | ૮૩.૭૫ | ૯૯.૪૦% | ૬૨.૯ | ૪૯.૭૬% |
| સતી પોલી પ્લાસ્ટ લિમિટેડ | એસએમઈ | ૧૭.૩૬ | ૪૯૯.૧૩ | ૧૩૦ | ૨૫૯.૩૫ | ૯૯.૫૦% | ૧૯૫ | ૫૦% |
| ડીંડીગુલ ફાર્મ પ્રોડક્ટ લિમિટેડ | એસએમઈ | ૩૪.૮૩ | ૨૦૨.૩૫ | ૫૪ | ૧૦૭.૭૩ | ૯૯.૫૦% | ૭૦ | ૨૯.૬૩% |
| યુનાઈટેડ કોટફેબ લિમિટેડ | એસએમઈ | ૩૬.૨૯ | ૧૦૭.૧૬ | ૭૦ | ૭૮.૭૫ | ૧૨.૫૦% | ૪૬.૬૫ | -૩૩.૩૬% |
| બીકન ટ્રસ્ટીશીપ લિમિટેડ | એસએમઈ | ૩૨.૫૨ | ૪૬૫.૨ | ૬૦ | ૯૪.૫ | ૫૭.૫૦% | ૧૧૨ | ૮૬.૬૭% |
| રુલ્કા ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ | એસએમઈ | ૨૬.૪ | ૬૭૬.૮૩ | ૨૩૫ | ૪૯૮.૭૫ | ૧૧૨.૨૩% | ૩૭૫.૬૫ | ૫૯.૮૫% |
| પિયોટેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | એસએમઈ | ૧૪.૪૭ | ૧૦૭.૪૪ | ૯૪ | ૧૧૪.૩ | ૨૧.૬૦% | ૬૨.૬૮ | -૩૩.૩૨% |
| વિન્સોલ એન્જિનિયર્સ લિમિટેડ | એસએમઈ | ૨૩.૩૬ | ૬૮૨.૧૪ | ૭૫ | ૩૮૩.૨૫ | ૪૧૧% | ૨૯૭.૬૫ | ૨૯૬.૮૭% |
| એમ્ફોર્સ ઓટોટેક લિમિટેડ | એસએમઈ | ૫૩.૯ | ૩૬૪.૩૭ | ૯૮ | ૧૯૫.૫૧ | ૯૯.૫૦% | ૧૦૨.૧ | ૪.૧૮% |
| ગ્રીનહીટેક વેન્ચર્સ લિમિટેડ | એસએમઈ | ૬.૩ | ૭૬૯.૯૫ છે | ૫૦ | ૯૯.૭૫ છે | ૯૯.૫૦% | ૮૩.૭૫ | ૬૭.૫૦% |
| TAC ઇન્ફોસેક લિમિટેડ | એસએમઈ | ૨૯.૯૯ | ૪૨૨.૦૩ | ૧૦૬ | ૩૦૪.૫ | ૧૮૭.૨૬% | ૭૬૦ | ૬૧૬.૯૮% |
| કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિમિટેડ | એસએમઈ | ૧૮૯.૫ | ૨૯.૫ | ૧૪૪ | ૨૧૦ | ૪૫.૮૩% | ૬૧૩.૭ | ૩૨૬.૧૮% |
| પ્રથમ ઈંઝ પ્રોજેક્ટ્સ લિમિટેડ | એસએમઈ | ૩૬ | ૧૭૮.૫૪ | ૭૫ | ૧૧૮.૯૫ | ૫૮.૬૦% | ૩૩.૧ | ૨૧૦.૮૦% |
| વી આર ઇન્ફ્રાસ્પેસ લિમિટેડ | એસએમઈ | ૨૦.૪ | ૯૩.૪૧ | ૮૫ | ૮૭.૪ | ૨.૮૨% | ૩૩૧.૮ | ૨૯૦.૩૫% |
| રૂદ્ર ગેસ એન્ટરપ્રાઇઝ લિમિટેડ | એસએમઈ | ૧૪.૧૬ | ૩૫૦.૭૫ છે | ૬૩ | ૧૨૫.૬૮ | ૯૯.૪૯% | ૧૫૯.૯૫ | ૧૫૩.૮૯% |
| ફોનબોક્સ રિટેલ લિમિટેડ | એસએમઈ | ૨૦.૩૭ | ૬૫૯.૪૨ છે | ૭૦ | ૨૧૦ | ૨૦૦% | ૧૭૩.૯૫ | ૧૪૮.૫૦% |
| કોન્સ્ટેલેક એન્જિનિયર્સ લિમિટેડ | એસએમઈ | ૨૮.૭ | ૩૪૧.૮ | ૭૦ | ૨૨૦.૫ | ૨૧૫% | ૧૬૬.૮૫ | ૧૩૮.૩૬% |
| ઓસ્ટ્રેલિયન પ્રીમિયમ સોલર (ઈન્ડિયા) લિ. | એસએમઈ | ૨૮.૦૮ | ૪૬૪.૧૯ | ૫૪ | ૧૪૭ | ૧૭૨.૨૨% | ૫૩૭.૯૫ | ૮૯૬.૨૦% |
| ઈન્ડિફ્રા લિમિટેડ | એસએમઈ | ૧૪.૦૪ | ૭.૨૧ | ૬૫ | ૬૮.૪ | ૫.૨૩% | ૩૦.૦૫ | -૫૩.૭૭% |
| બેન્ચમાર્ક કમ્પ્યુટર સોલ્યુશન્સ લિમિટેડ | એસએમઈ | ૧૨.૨૪ | ૪૮૪.૪૯ | ૬૬ | ૭૭.૧૨ | ૧૬.૮૫% | ૫૦.૫ | -૨૩.૪૮% |
| શીતલ યુનિવર્સલ લિમિટેડ | એસએમઈ | ૨૩.૮ | ૧૭૯.૨ | ૭૦ | ૭૫.૪ | ૭.૭૧% | ૬૨.૯ | -૧૦.૧૪% |

| કુલ ભંડોળ ઊભું કર્યું | સરેરાશ લિસ્ટિંગ ગેઇન | સરેરાશ ભરણું | સરેરાશ એકંદર લાભ | ઈશ્યુની સંખ્યા | હકારાત્મક લિસ્ટિંગ |
|---|---|---|---|---|---|
| ૧૦૪૨.૭૨ કરોડ | ૮૫.૧૫% | ૨૫૩.૬૭x | ૧૦૮.૭૪% | ૨૬ | ૨૬ |

## નાર્નોલિયા ફાયનાન્સિયલ સર્વિસીસના ઈશ્યુનું પ્રદર્શન

| કંપની | ઈશ્યુ પ્રકાર | ઈશ્યુનું કદ (રૂ. કરોડ) | ભરણું (ગણું) | ઈશ્યુ ભાવ | લિસ્ટિંગ દિવસે ભાવ | લિસ્ટિંગ ગેઇન | વર્તમાન ભાવ | એકંદરે લાભ |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્રણિક લોજિસ્ટિક્સ લિમિટેડ | એસએમઈ | ૨૨.૪૭ | ૨૧૮.૦૨ | ૭૭ | ૮૨.૯૫ છે | ૭.૭૩% | ૯૧.૪ | ૧૮.૭૦% |
ફોરેન ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ એ ચોથી વખત આઉટફ્લોમાં ઈ૧૦ બિલિયન માર્કને વટાવ્યુ છે, છતાં આ સરેરાશ માર્કેટ કેપિટલાઈઝેશનના માત્ર ૦.૨% છે, જે પાછલા વર્ષોમાં માર્કેટ કેપમાં નોંધપાત્ર વૃદ્ધિને કારણે તુલનાત્મક સમયગાળામાં સૌથી ઓછી અસર છે. જો કે આ તાજેતરનું વેચાણ એક મહિનાની અંદર કેન્દ્રિત થયું છે, જેને પરિણામે બજારનો ઘટાડો આટલા મોટા આઉટફ્લો સામે નોંધપાત્ર રીતે નજીવો રહ્યો છે. દરમિયાન, સ્થાનિક રોકાણકારોએ ધીમે ધીમે તેમનો હિસ્સો વધાર્યો છે, જે FII હોલ્ડિંગને ૧૧ વર્ષની નીચી સપાટીએ ધકેલી દે છે કારણ કે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ ભારતીય કંપનીઓમાં રેકોર્ડ ભાગીદારી હાંસલ કરે છે. રોકડ બજારમાં $૧૦ બિલિયનથી વધુનું વેચાણ કરવા છતાં, શોર્ટ ડેરિવેટિવ પોઝિશન અગાઉના સ્તરોની નજીક ક્યાંય નથી. મીડિયા અહેવાલોમાં વારંવાર ભારતીય બજારોમાં વેચવાલી એફઆઈઆઈ દ્વારા ચીનમાં થઈ રહેલ ભંડોળની પુનઃ ફાળવણી દર્શાવી રહ્યા છે. જો કે, આ દાવો તાજેતરના પ્રદર્શન સાથે વિરોધાભાસી છે. શાંઘાઈ અને હેંગસેંગ બંને સૂચકાંકો તેમના ઓક્ટોબરના ઉચ્ચ સ્તરેથી ૧૧% થી વધુ ઘટ્યા છે, જ્યારે ભારતનું બજાર માત્ર ૭.૮% ઘટ્યું છે. અમેરિકામાં વ્યાજદરમાં વધારો થવાને કારણે FII ઊભરતાં બજારોમાંથી વધુને વધુ દૂર થઈ રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૪ના મધ્યથી, ભારતીય બજારોમાં તાજેતરના ઘટાડાને અનુરૂપ યુએસ ૧૦-વર્ષ યિલ્ડ ૬૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો થયો છે. વિદેશી રોકાણકારો અમેરિકાની ચૂંટણી પૂર્વે ઈમર્જીંગ બજારમાં તેમના રોકાણો ઘટાડીને સેફ એસેટ્સ એવા અમેરિકી બોન્ડમાં લગાવી રહ્યા છે. આ વેચવાલી માટે મહત્વપૂર્ણ કારણ હાલ પ્રતીત થઈ રહ્યું છે.

આવનારા વર્ષની વાત કરીએ તો, ગ્લોબલ ઈકોનોમિક લેન્ડસ્કેપ હાલ નોંધપાત્ર પરિવર્તન દાખવી રહ્યું છે. યુએસ ફેડરલ રિઝર્વના તાજેતરના વ્યાજ દરમાં કાપ થકી સંભવિત ગ્લોબલ ઈઝીંગનો તબક્કો સેટ કર્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ તટસ્થ વલણ અપનાવીને પ્રતિક્રિયા આપી છે, ત્યારે નજીકના ભવિષ્યમાં સંભવિત રેટ કટ પણ અપેક્ષિત છે. ભારતીય અર્થતંત્ર આ વૈશ્વિક પ્રવાહોથી લાભ મેળવવા માટે સારી સ્થિતિમાં છે. સાનુકૂળ ચોમાસું અને સુધારેલી કૃષિ સંભાવનાઓએ ગ્રામીણ વપરાશને વેગ આપ્યો છે અને મજબૂત રવિ પાક માટે સ્ટેજ સેટ કર્યો છે. FY૨૫ માટે આરબીઆઈની ૭.૨% વૃદ્ધિની આગાહી આ સકારાત્મક દષ્ટિકોણને રેખાંકિત કરે છે. ભારત માટે લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ અકબંધ છે પરંતુ વર્તમાન મૂલ્યાંકન મર્યાદિત અપસાઈડ ઓફર કરે છે. રોકાણકારોએ વાજબી મૂલ્યાંકન સાથે ગુણવત્તાયુક્ત શેરો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. શિસ્તબદ્ધ "બાય ઓન ડીપ્સ" વ્યૂહરચના વધુ ઉન્નત વળતર આપી શકે તેમ જણાઈ રહ્યું છે. વ્યાજબી ભાવે વૃદ્ધિ અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરીને બોટમ અપ સ્ટોક પીકિંગ આગામી એક વર્ષમાં સંતોષકારક વળતર આપવા માટે ચાવીરૂપ બની રહેશે. અનેક વૈશ્વિક અને પ્રાદેશિક કારણો વચ્ચે બજારમાં ભારે વોલેટિલિટી જોવા મળે અને તે સમયે કરેલા રોકાણ ઉત્તમ વળતર આપી શકે તેમ છે. ગ્રોથ સ્ટોકથી વેલ્યુ સ્ટોક તરફ વાળવાનો સમય આવી ગયો છે. વોર્ન બફેટ અને બેન્જામીન ગ્રાહમ જેવા વેલ્યુ ઈન્વેસ્ટીંગની થીઅરી હવે આવનારા સમયમાં પ્રેક્ટીકલી કામ કરતી જોવા મળે એવું સ્પષ્ટપણે માનવું છે.

મારા અંગત મત મુજબ, ભારતમાં એસએમઈ ક્ષેત્રમાં ઉંચી ગ્રોથ સ્ટોરી ધરાવતી કંપનીઓ આવનારા સમયમાં સારા મૂલ્યાંકન પણ મળી રહેશે. એસએમઈ ક્ષેત્રના કંપનીઓ પાછલાં વર્ષમાં સારી વૃદ્ધિ દર્શાવી રહી છે. લિસ્ટેડ એસએમઈ મોટી કંપનીઓ કરતાં મૂડી ખર્ચ (કેપેક્સ) વૃદ્ધિની મજબૂત ગતિ દાખવી રહી છે. મ્જીઈ ૨૦૦ કંપનીઓમાં ૬3%ના કેપેક્સ વધારાની સરખામણીમાં FY૧૮ થી એસએમઈ માટે મૂડીખર્ચ ૮૭% વધ્યો છે. પેન્ડેમિક બાદ, એસએમઈ વર્તમાન નાણાકીય વર્ષના ઊર માં વાર્ષિક ધોરણે ૪૦% વૃદ્ધિ હાંસલ કરતા રોકાણમાં તીવ્ર પુનઃપ્રાપ્તિ નોંધી છે. વધુમાં નાણાકીય વર્ષ ૨૦૧૮થી એસએમઈના નેટ બ્લોકનું મૂલ્ય BSE ૨૦૦ કંપનીઓમાં જોવા મળેલી ૫૦% વૃદ્ધિ ની સામે ૬૭% પહોચ્યું છે. મોટી કંપનીમાં વળતરની એક મર્યાદા હોય છે જયારે એસએમઈ તેના નાણા બેઝ પર વૃદ્ધિની સંભાવનાઓ દર્શાવે છે. એસએમઈમાં રોકાણ કરતાં પહેલાં જાણી લેવું કે આ સ્ટોકમાં ઘણી વાર તરલતા માર્યાદિત હોય છે. મંદીના દબાણો વચ્ચેના ગાળામાં શેર સામાન્ય રીતે ૨૫-30% કરેક્ટ થતા હોય છે, નુકસાનમાં ટકી રહેવાની ક્ષમતા હોય તેવા રોકાણકારો એ જ એસએમઈમાં પૈસા રોકવા જોઈએ. આ વખતે અહી શેરની ભલામણ રૂપે એસએમઈ સ્પેસમાં લિસ્ટેડ એવી કંપનીઓ આપવામાં આવેલી છે.

આપ સર્વે ને દિવાળીના પર્વની અને નૂતન વર્ષ સંવત ૨૦૮૧ની શુભેચ્છાઓ !

**હર્ષદીપ હોર્ટિકો લિ.(BSE-SME: 544105)**

**વર્તમાન ભાવ – રૂ. ૭૪.૨**

**૫૨ સપ્તાહના સ્તરો – ૮૬ / ૩૯**

**માર્કેટ કેપ – રૂ. ૧૨૦ કરોડ**

**ફેસવેલ્યુ - રૂ.૧૦ બૂકવેલ્યુ – રૂ. ૨૩.૧**

**શેરદીઠ કમાણી – રૂ. ૪.૦૭ પીઈ – ૧૮.૨**

**ROCE / ROE – ૫૦.૧% / ૩૫.૨%**

હર્ષદીપ હોર્ટિકો લિમિટેડ પોટ્સ અને પ્લાન્ટર્સની (છોડના કુંડા) ડિઝાઈન અને ઉત્પાદનમાં રોકાયેલી છે. કંપની મોટાભાગે અસંગઠિત એવા હોર્ટીકલ્ચર સેક્ટરમાં કામકાજ કરી છે જ્યાં તેને પોતાની જાતને પાયોનિયર તરીકે સ્થાપિત કરી છે. કંપની પ્લાસ્ટિક ઈન્ડોર પ્લાન્ટર્સ, આઉટડોર પ્લાન્ટર્સ, ઈલ્યુમિનેટેડ પ્લાન્ટર્સ, ડેકોરેટિવ પ્લાન્ટર્સ, રોટો મોલ્ડેડ પ્લાન્ટર્સ, ફાઈબર રિઈનફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP) પ્લાન્ટર્સ, ઈકો સિરીઝ જેવા વિવિધ પ્રકારના પોટ્સ અને પ્લાન્ટર્સની સાથે ગાર્ડન હોસ પાઈપ અને વોટર કેન જેવા સંબંધિત એસેસરીઝના ઉત્પાદન તેમજ ટ્રેડીંગ કરે છે. તાજેતરમાં, કંપનીએ રોટો મોલ્ડેડ આઉટડોર ફર્નિચરના ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો છે. તેના વ્યાપક પોર્ટફોલિયોમાં ૨,૨૦૦ SKUની મજબૂત ઈન્વેન્ટરી સાથે વિવિધ પોટ્સ, પ્લાન્ટર્સ અને એસેસરીઝની ૫૦૦ થીવધુ અનન્ય વેરાઈટીનો સમાવેશ થાય છે. કંપની હૈદરાબાદ, કોલકાતા, ચંદીગઢ અને વિશાખાપટ્ટનમમાં સ્થિત ચાર ડિસ્ટ્રિબ્યુશન હબ સાથે દિલ્હી, પુણે અને રાજમુન્દ્રીમાં ત્રણ રિટેલ આઉટલેટ્સ પણ ધરાવે છે. વધુમાં કંપની મુખ્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન અને ફ્લિપકાર્ટ દ્વારા ઓનલાઈન હાજરી પણ ધરાવે છે જ્યાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને પ્રોડક્ટના રીવ્યુ પણ અમારી ચેનલ ચેકમાં સારા જણાયા છે. કંપની તેના ઉત્પાદોની નિકાસ માટે પણ જરૂરી તકોનું મૂલ્યાંકન કરી રહી છે, હાલ વેચાણમાં નિકાસ હિસ્સો માત્ર ૨% છે. તેના નોંધપાત્ર ગ્રાહ-કોમાં અદાણી, ટાટા, ઝેપ્ટો, રાહેજા ડેવલપર્સ, ધ ઓબેરોય ગ્રૂપ, ઈન્ફોસીસ, લોઢા ગ્રૂપ, ઉગાઓ, હિરાનંદાની, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને રૂસ્તમજી સહિતના અગ્રણી ઉદ્યોગસમૂહ શામેલ છે. કંપનીના પરિણામો ઘણા આકર્ષક જણાઈ રહ્યા છે.

અનુસંધાન આગળના પાને....

અનુસંધાન પાછળના પાનાનું...

નાણાકીય વર્ષ ૨૦૨૪માં કંપનીએ રૂ. ૪૮.૨૨ કરોડના વેચાણ સામે રૂ. ૬.૫૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, રૂ. ૮.૬૩ કરોડના એબીટડા સાથે એબીટડા માર્જીન્સ ૧૭.૮૯% રહ્યા છે. જયારે ચોખ્ખા નફાના માર્જીન ૧૩.૫૩% જેટલા રહ્યા છે. બેલેન્સ શીટ પર દેવું શૂન્ય છે, ઈશ્યુ ભંડોળ થકી દેવાની ચૂકવણી કરેલ છે. વળતર ગુણોત્તર પણ મજબૂત જણાઈ રહ્યા છે. કંપની આવનારા સમયમાં નવા વિસ્તરણ કરી રહી છે અને તેની હાજરીમાં વધારો કરી રહી છે. પુણે પ્લાન્ટના વિસ્તરણ થકી તાજેતરમાં ૧૨,૦૦૦ ચોરસ ફૂટનો ઉમેરો થયો છે. જેને થકી ૩.૫ લાખ કિગ્રાની વાર્ષિક ક્ષમતા સાથે નવી પ્રોડક્ટ લાઈન, શેડ નેટનું ઉત્પાદન થશે. ઓગસ્ટ ૨૦૨૪માં, કંપનીએ વ્યૂહાત્મક વિસ્તરણ પહેલને મંજૂરી આપી હતી, જેમાં હૈદરાબાદ અને અમદાવાદમાં નવા શોરૂમ અને કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને તેલંગાણામાં સેવાની પહોંચ વધારવા માટે બેંગલુરુ વેરહાઉસનો સમાવેશ થાય છે. હર્ષદીપ હોર્ટિકોએ રોટો-મોલ્ડેડ ગાર્ડન ફર્નિચર અને વધારાના શેડ નેટ ઉત્પાદનોની સાથે, ચોખાની ભૂકી અને નેચરલ ફાઈબર્સ જેવી ટકાઉ સામગ્રીમાંથી તૈયાર કરાયેલા પ્લાન્ટર્સની ઈકો સિરીઝ શરૂ કરીને તેના ઉત્પાદન પોર્ટફોલિયોને પણ વિસ્તાર્યો છે. તાજેતરમાં જ અદાણી દ્વારા સંચાલિત મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે રૂ.૮૬ લાખ અને મેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે રૂ.૨૧ લાખના ઓર્ડર સહિતના ઓર્ડર્સ મળ્યા છે. વૈશ્વિક સ્તરે બાગાયત પ્રદર્શનમાં સક્રિય ભાગીદારીઓ અને મધ્ય પૂર્વ, આફ્રિકા, યુરોપ અને યુએસએ જેવા મુખ્ય બજારોમાં વૃદ્ધિને લક્ષ્યાંકિત કરીને ત્રણની અંદર નિકાસ યોગદાન ૫% થી ૧૦% થી વધુ બમણું કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. બાગાયત ઉદ્યોગ ૨૦૩૦ ૭.૪% CAGR (૨૦૨૧-૨૦૩૦) ના દરે વૃદ્ધિ પામે તેવી વકી છે. દેશમાં વધી રહેલી આવક અને આકાંક્ષાને પગલે નોન-ડિસ્ક્રીશનરી ખર્ચમાં સારો વધારો થઈ રહ્યો છે ત્યારે સુશોભન અને ગૃહ-શોભા સાથે સંકળાયેલી આ કંપનીના આવકમાં પણ સારી વૃદ્ધિ અપેક્ષિત છે. પ્રમાણમાં નાની ઈક્વિટી કેપિટલ પર માત્ર ૧૮.૨ના પીઈ પર મળી રહેલા આ શેરમાં મધ્યમગાળા માટે સલાહભર્યું રહેશે.

**ઔરંગાબાદ ડિસ્ટીલરી લિ. (NSE- SME: AURDIS)**

વર્તમાન ભાવ – રૂ. ૨૮૮
૫૨ સપ્તાહના સ્તરો – ૩૭૬ / ૧૭૧
માર્કેટ કેપ – રૂ. ૨૯૫ કરોડ
ફેસવેલ્યુ - રૂ.૧૦ બૂકવેલ્યુ – રૂ. ૮૪.૮
શેરદીઠ કમાણી – રૂ. ૨૦.૩ પીઈ – ૧૪.૧
ROCE / ROE – ૨૪.૯% / ૨૭.૨%
માર્કેટ કેપ / સેલ્સ – ૨.૨૬

ઔરંગાબાદ ડિસ્ટિલરી લિમિટેડ ડિસ્ટિલરી વેરિઅન્ટ્સના ઉત્પાદનના વ્યવસાયમાં રોકાયેલી છે. કંપની મોલાસીસ આધારિત ડિસ્ટિલરી ચલાવે છે જ્યાં તે પીએલસી આધારિત નિસ્યંદન કરે છે અને સ્પિરિટનું ઉત્પાદન કરે છે જેમાં ૯૫% આલ્કોહોલ કન્ટેન્ટ (બાય નેચર) હોય છે અને રેકટીફિકેશન પ્રક્રિયા દ્વારા આલ્કોહોલનું ઉત્પાદન પણ કરે છે. કંપનીનું એકમ વાલચંદનગર, મહારાષ્ટ્ર ખાતે સ્થિત છે જેની ૧૮૦ લાખ લિટરની ક્ષમતા છે. કંપની રેક્ટિફાઈડ સ્પિરિટ, ડેનેચર્ડ સ્પિરિટ, એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ અને પોટાશ સહિત બિન-પીવાલાયક આલ્કોહોલનું ઉત્પાદન કરે છે, જે ફાર્માસ્યુટિકલ્સ, સૌંદર્ય પ્રસાધનો, ફ્રેગરન્સ, ખાતર, પશુ આહાર અને રસાયણ જેવા ક્ષેત્રોમાં ઉપયોગમાં લેવાય છે. કંપની તેની પ્રોડક્ટ ઓફરિંગને વિસ્તૃત કરવા અને મૂલ્ય નિર્માણને વધારવા માટે ઈથેનોલ ઉત્પાદનમાં વિસ્તરણ પણ કર્યું છે. ૨૦૧૯ માં, ઔરંગાબાદ ડિસ્ટિલરી લિમિટેડ (ADL) એ અદ્યતન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ ટેક્નોલોજી રજૂ કરી હતી. ડિસ્ટિલરી ફલુઅન્ટનો અસરકારક રીતે ઉપયોગ કરીને, કંપની એ નોંધપાત્ર વ્યાવસાયિક લાભો હાંસલ કર્યા છે અનેબે મૂલ્યવાન આડ-પેદાશો એવી પોટાશ ખાતર અને ડી-પોટાશ વિનાસના ઉત્પાદનને સક્ષમ બનાવ્યું છે. એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ પ્રોડકશનની આડપેદાશ, સ્પેન્ટ વોશને ખાતર, પશુ આહાર અને રિયુઝેબલ વોટરમાં રૂપાંતરિત કરવાની કંપનીએ સારી તકનીક વિકસાવી છે. જેને પગલે વધારની આવકના સ્રોત પણ ઉભા થયા છે. કંપનીએ તેની વાલચંદનગર સાઈટ પર ૧ મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ પણ સ્થાપ્યો છે જે કેપ્ટીવ જરૂરીયાત સંતોષે છે. કંપનીના નાણાકીય પરિણામો ઘણા સ્વસ્થ જણાઈ રહ્યા છે. કંપનીએ પાછલાં ૫ વર્ષમાં ૧૯%ના ઝછર્ય્ઈ દરે વેચાણ વૃદ્ધિ અને ૨૬% CAGR દરે નફામાં વૃદ્ધિ નોંધાવી છે. રીટર્ન ઓન ઈક્વિટી ટ્રેક રેકોર્ડ પણ સરેરાશ ૨૫% કરતાં વધુ રહ્યો છે. કંપનીના તેના માલની રોકડમાં અથવા ઘણી નજીવી ક્રેડીટ આપી રહી હોય તેવું તેના ઘણા નીચા દેવાદાર દિવસો (૬ દિવસ) પરથી જોઈ શકાય છે. પરિણામો સતત વૃદ્ધિ દર્શાવી રહ્યા છે અને ચોપડે રૂ. ૭૯ કરોડના રિઝર્વ ભંડોળ નોંધાયેલા છે. રૂ. ૮ કરોડની નાની ઈક્વિટી પર શેરદીઠ કમાણી ૨૦.૩ જેટલી છે. કંપનીએ તાજેતરમાં જ ૧:૪ના ગુણોત્તરમાં બોનસ ઈશ્યુ કર્યા હતા અને હાલ એક્સ-બોનસ ટ્રેડ થઈ રહી છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૪.૮૨%ની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ.૨૦.૯૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. વેચાણમાં પણ ૧૦.૨૪% વૃદ્ધિ જોવા મળી હતી. એબીટડા અંદાજે રૂ. ૩૫ કરોડ રહ્યો હતો અને ૨૭.૪૮%ના માર્જીન દર્શાવે છે. પાછલા વર્ષે ફિડસ્ટોકની અનઉપલબ્ધતા તેમજ સુગર ક્રશિંગમાં રહેલા સરકારી નિયમનોને લીધે ભાવમાં ઘણી વધ-ગત હતી જેથી માર્જીન્સ થોડા ઘટ્યા છે. જોકે, ઈથેનોલ બ્લેન્ડિંગમાં કંપનીની વિસ્તરણ અને વધી રહેલી ઈથેનોલ બ્લેન્ડિંગ લીમીટ જેવા કારણો વચ્ચે પરિણામો સુધારા પામે તેમ છે. માત્ર ૧૪.૧ના નજીવા પીઈ પર ઉપલબ્ધ આ કંપની તેના પીયર્સની સરખામણી રોકાણની સારી તક જણાઈ રહી છે. કંપનીના શેરમાં પાછલા એક વર્ષમાં ૭૬.૮૬% તેજી જોવાઈ છે અને આવનારા વર્ષમાં પણ તેજીની ગતિ પકડી રાખે તેમ જણાય છે. બ્રોડર માર્કેટમાં કરેકશનને પગલે સેલ-ઓફમાં નીચા સ્તરો ૨૩૦-૨૫૦ની વચ્ચે એકઠા કરવામાં ઓછા જોખમે ઊંચું વળતર અપેક્ષિત.

**ABS મરીન સર્વિસીસ લિ.**
**(NSE - SME: ABSMARINE)**

વર્તમાન ભાવ – રૂ. ૨૧૨
૫૨ સપ્તાહના સ્તરો – ૪૨૫ / ૧૯૦
માર્કેટ કેપ – રૂ. ૫૨૧ કરોડ
ફેસવેલ્યુ - રૂ.૧૦ બૂકવેલ્યુ – રૂ. ૫૦.૪
શેરદીઠ કમાણી – રૂ. ૯.૮૭ પીઈ – ૨૧.૪
ROCE / ROE – ૨૦% / ૨૩%

ABS મરીન સર્વિસીસ લિમિટેડ શિપ મેનેજમેન્ટ, વેસેલ ઓનરશીપ, દરિયાઈ સેવાઓ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં રોકાયેલી છે. કંપની પાંચ જહાજોની માલિકી ધરાવે છે, લાંબા ગાળાના ચાર્ટર પર એક જહાજ ધરાવે છે અને ૩૬ વધારાના જહાજોનું સંચાલન કરે છે. તેની ફલીટમાં તેલ અને ગેસ ઉદ્યોગ માટે બે આધુનિક ઓફશોર જહાજો અને ભારતના બંદર ક્ષેત્રને ટેકો આપતા ત્રણ હાર્બર જહાજોનો સમાવેશ થાય છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં, એબીએસ મરીન સરકારી સંસ્થાઓ, જાહેર અને ખાનગી કંપનીઓ અને પોર્ટ ઓથોરોટી માટે ૧૨ જહાજોનું સંચાલન કરે છે. તે ૨૪ જહાજો માટે ક્રૂ મેનેજમેન્ટ સેવાઓ પણ પૂરી પાડે છે, જેમાં ઓઈલ ટેક્ર્સ, ગેસ કેરિયર્સ, બલ્ક કેરિયર્સ, પેસેન્જર જહાજો અને હાઈ-સ્પીડ જહાજોનો સમાવેશ થાય છે. કંપની શિપ વેચાણ અને ખરીદી, ડ્રાય ડોક સર્વિક્સ અને સિંગલ પોઈન્ટ મૂરિંગ (SPM) સેવાઓ સહિત દરિયાઈ સેવાઓની વિશાળ શ્રેણી ઓફર કરે છે. જહાજના ક્ષેત્રમાં વિશાળ અનુભવ સાથે કંપની તેઓ જહાજના નિરીક્ષણ અને મૂલ્યાંકનો દ્વારા ગ્રાહકોને તેના ખરીદ વેચાણ અંગે માર્ગદર્શન આપે છે. ABS દર પાંચ વર્ષે આવશ્યક ડ્રાય-ડોકિંગનું સંચાલન કરે છે જે સલામતી, ગુણવત્તા અને ખર્ચ નિયંત્રણની ખાતરી આપે છે. સિંગલ પોઈન્ટ મૂરિંગ (SPM) સેવાઓ વિશ્વસનીય નિરીક્ષણ, સમારકામ અને જાળવણી સાથે ટેક્રની કામગીરીમાં મદદ કરે છે. કંપની કેટરિંગ, હાઉસકીપિંગ અને વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં કુશળતા સાથે તેની કામગીરીનું વિસ્તરણ પણ કરી રહી છે. વધુમાં, બંદર સેવાઓમાં પાઈલોટ બોટનો ઉપયોગ કરીને જહાજના પાઈલોટેજ, સુરક્ષા બોટ સાથે પેટ્રોલિંગ, ઓઈલ સ્પિલ રિસ્પોન્સ અને સાધનોની જાળવણી, બંદર સેવાઓ માટે ફાયર ટેન્ડર અને અગ્નિશામક કર્મચારીઓની જોગવાઈ અને બંદર ટગનું સંચાલન અને સંચાલનનો સમાવેશ થાય છે. મુખ્ય આવક જહાજની માલિકી (૭૧%) અને સંચાલન (૨૦%) અને બાકીની મરીન અને બંદર સેવાઓમાંથી આવે છે. કંપનીએ ડાયનેમિક તાજેતરમાં જ ડાયનેમિક પોઝિશનિંગ (DP2) ઑફશોર સપોર્ટ વેસેલ ખરીદવા માટે કરાર કર્યો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા ભાગમાં તેના ફલીટમાં ઉમેરો કરશે તેવી અપેક્ષા છે. વધુમાં, આત્મનિર્ભર ભારત અભિયાન અને IRS/IACS માર્ગદર્શિકા હેઠળ નવી બાંધેલી, હાઈ-સ્પીડ ૨૦-નોટ પેટ્રોલિંગ બોટ પ્રદાન કરવા માટે ચેન્નાઈ પોર્ટ ઓથોરિટી સાથે ચાર્ટર પાર્ટી કરાર પણ કરેલ છે. આ પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટનું મૂલ્ય આશરે રૂ.૧૦.૨૩ કરોડ છે. આ નવા વિકાસ થકી તેની વિસ્તરણ યોજના આગળ ધપાવશે. કંપની આંતરિક ઉપાર્જન ધિરાણ અને પબ્લિક ઈશ્યુ થકી મેળવેલા ભંડોળના મિશ્રણથી રૂ.૧૨૭ કરોડમાં ૧૦ વર્ષ જૂનું ઑફશોર સપોર્ટ વેસલ હસ્તગત કરવાની યોજના ધરાવે છે. આ વેસલ કંપનીની આવનારા સમયની આવકમાં મોટો વધારો કરી શકે તેમ છે. કંપનીએ મે મહિનામાં જ પબ્લિક ઈશ્યુ થકી રૂ. ૯૬.૨૯ કરોડનું ભંડોળ એકઠું કરેલ છે. તેના પબ્લિક ઈશ્યુમાં પણ ભારે પ્રતિસાદ જોવા મળ્યો હતો. એક્રર બુકમાં તે સમયે એચડીએફસી બેક્રને શેર ફળવાયા હતા. ફંડામેન્ટલ પર વાત કરીએ તો કંપનીએ અનેક મેટ્રિક્સ પર સતત વૃદ્ધિ દર્શાવી છે. ચોખ્ખા નફાના માર્જીન્સ પાછલા વર્ષના ૯.૨%ના સ્તરોથી વધીને ૧૮.૮% થયેલ છે. એબીટડા માર્જીન્સ નાણાકીય વર્ષ ૨૦૨૪ના અંતે ૩૦.૯% રહ્યા છે. ઓપરેટીંગ કેશ ફલો સતત પોઝીટીવ રહ્યો છે અને વર્કિંગ કેપિટલ મેનેજમેન્ટ પણ ઉત્કૃષ્ટ જણાઈ રહ્યું છે. કંપની સતત મૂડીખર્ચ કરી રહી છે જે તેના ઈન્વેસ્ટિંગ કેશ ફલો પરથી જોઈ શકાય છે. શેર ઉપરમાં ૪૨૫ના ભાવ પર પહોચ્યા બાદ હાલ મોટું કરેકશન બતાવીને ૨૧૨ આસપાસ કામકાજ કરી રહ્યો છે. માત્ર ૨૧.૫ના પીઈ પર કામકાજ કરી રહ્યો છે. , કંપની પાસે અનેકવિધ મોટા ક્લાયન્ટ્સ છે અને ભવિષ્યમાં સારી ઓર્ડરની દશ્યતા જણાય છે. ઓએનજીસી પૂર્વીય સમુદ્રીકાંઠામાં તેનું સંસોધન કરી રહી છે જે વેસલ્સની માંગમાં વધારો કરશે તેમ છે જેને લીધે કંપનીને સારો ફાયદો અપેક્ષિત છે. પોર્ટ ટ્રાફિકના ડેટામાં પણ મરીન ક્ષેત્રમાં ઉંચી માંગની પુષ્ટિ થાય છે. મરીન અને પોર્ટ ક્ષેત્ર પર આવનારા સમયમાં સારા સરકારી તેમજ ખાનગી કેપેક્સ અપેક્ષિત છે જે કંપનીની સેવાઓની માંગમાં વધારો કરે તેવા પરિબળ છે. હાલના સ્તરો પર આ શેર વેલ્યુ બાઈંગ જણાઈ રહ્યો છે. પોર્ટફોલીઓમાં આ શેર રાખી શકાય તેમ છે. અનેકગણું વળતર અપેક્ષિત.

**સિલિકોન રેન્ટલ લિ.(BSE- SME: ૫૪૩૬૧૫)**

વર્તમાન ભાવ – રૂ. ૨૬૬
૫૨ સપ્તાહના સ્તરો – ૨૯૦ / ૧૪૪
માર્કેટ કેપ – રૂ. ૨૭૩ કરોડ
ફેસવેલ્યુ - રૂ.૧૦ બૂકવેલ્યુ – રૂ. ૬૧.૨
શેરદીઠ કમાણી – રૂ. ૧૨.૬ પીઈ – ૨૧.૩
ROCE / ROE – ૨૯.૨% / ૨૨.૬%

સિલિકોન રેન્ટલ સોલ્યુશન્સ લિમિટેડ (SRSL) કમ્પ્યુટર, સોફ્ટવેર, એસેસરીઝ અને વિવિધ ટેક પેરિફેરલ્સ સહિત આઈટી સાધનોના વેપાર અને રેન્ટલમાં રોકાયેલી છે. આઈટી સાધનોના આઉટસોર્સિંગ પ્રદાતા તરીકે, તે લેપટોપ, ડેસ્કટોપ, પ્રિન્ટર, સર્વર અને અન્ય સાધનો જેવા કે સીસીટીવી કેમેરા, પ્રોજેક્ટર અને સ્ટોરેજ ઉપકરણો માટે ભાડા અને પરત કરી શકાય તેવી બંને શરતો પર ભાડા વિકલ્પોની વ્યાપક શ્રેણી ઓફર કરે છે. કંપની આઈટી સાધનોનું વેચાણ પણ કરે છે અને કેટ કેબલિંગ, સર્વર સેટઅપ, ફાયરવોલ્સ અને સીસીટીવી ઈન્સ્ટોલેશન સહિત ફુલ-સર્વિસ નેટવર્કિંગ પ્રોજેક્ટ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. કંપનીએ ૨૫૦ સ્થાનો પર ૩૫,૦૦૦ થી વધુ ટેક એસેટનું સંચાલન કર્યું છે, ૧,૦૦૦ ગ્રાહકોને સેવા આપી છે. ભાડાની અવધિ એક દિવસથી ૪૮ મહિના સુધીની હોય છે. ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત છે. તેની નાણાકીય વર્ષ ૨૦૨૪ની ૯૮% આવક તેના ટોચના પાંચ ફાળો આપતા રાજ્યોમાંથી આવે છે, જેમાં મહારાષ્ટ્ર અગ્રણી છે. તેના વૈવિધ્યસભર ગ્રાહકો લોજિસ્ટિક્સ, બીપીઓ, ફાર્માસ્યુટિકલ્સ, ઈ-કોમર્સ, શિક્ષણ, આઈટી, વીમા, સંશોધન, મીડિયા અને મનોરંજન જેવા ઉદ્યોગોમાં ફેલાયેલા છે. મુખ્ય ગ્રાહકોમાં ટાટા મોટર્સ, રિલાયન્સ, મહિન્દ્રા, ગ્રેબ અ ગ્રબ, બેવકૂફ, એપિસેન્ટર,માઈન્ડટ્રી,સિઆટ, સિસ્કો વગેરેનો સમાવેશ થાય છે. ઘણી વખત કંપનીઓ અનેક કારણોસર ખરીદી કરવાને ઈક્વિપમેન્ટ બદલે ભાડે લેવાનુંપસંદ કરે છે. રેન્ટ વિ. બાયની ડિબેટ આજકાલ ઘણી ચર્ચાઓ જગાવી રહી છે. મોટી કંપનીઓમાં કમ્પ્યુટર કે અન્ય સંબંધિત વસ્તુઓની મોટા પ્રમાણમાં જરૂર પડતી હોય છે. ભાડા ઉપર તે લેવાને લીધે મૂડી ખર્ચની જરૂરિયાતને ઓછી થાય છે. કંપનીઓ માટે આને લીધે કેપેક્સને બદલે ઓપેક્સ વધે છે જે તેને બજેટીંગ માટે જરૂરી ફલેક્સીબલિટી આપે છે. વધુમાં, ભાડે લેવાને લીધે કંપનીઓને સાધનોની સેવા અને જાળવણીના બોજમાંથી મુક્તિ મળે છે. ભાડાના ખર્ચને ઓપરેશનલ ખર્ચ તરીકે વર્ગીકૃત કરી શકાય છે, જે ટેક્સ પ્લાનિંગ હેતુઓ માટે ખર્ચા મજરે મેળવવાનું સરળ બનાવે છે. હાલમાં આઈટી ઈક્વિપમેન્ટ રેન્ટલ માટેં કુલ માર્કેટ રૂ. ૧૦૦ કરોડ જેટલું છે. જે મોટાભાગે અસંગઠિત છે તેમાં સિલિકોન રેન્ટલ એક સ્થાપિત ખેલાડી તરીકે મજબૂત સ્થિતિ ધરાવે છે. માર્કેટ પોટેન્શિયલ જોઈએ તો એક મોકાના OEM કોર્પોરેટ સમૂહો અને ધંધાદારીઓને વાર્ષિક ૬ લાખ લેપટોપનું વેચાણ કરે છે. આવા પાંચ OEM બજારમાં છે તો કુલ અંદાજે ૨૫-૩૦ લાખ આઈટી ઈક્વિપમેન્ટનું વેચાણ થાય છે. જો સરેરાશ એક પીસની કિમત ૩૦ હજાર પણ પકડો તો રૂ. ૯૦૦૦ કરોડનો બીઝનેસ છે. આ વાર્ષિક માર્કેટ છે, આઈટી ઈક્વિપમેન્ટ સરેરાશ ૨-૩ વર્ષનો લાઈફસ્પાન ધરાવે છે. આ ૯૦૦૦ કરોડના બીઝનેસ સામે હજુ રેન્ટલ બીઝનેસ તેના એક ટકા જેટલો પણ નથી. આ ક્ષેત્રમાં મોટો ગેપ છે જે અમૂલ્ય તક આ ક્ષેત્રમાં પ્રદાન કરે છે. કંપની ટાયર ૨ અને ટાયર ૩ શહેરોને ટાર્ગેટ કરીને તેના ગ્રાહક આધારને વિસ્તારવાની યોજના ધરાવે છે. આ વ્યૂહરચનાનો હેતુ નાના શહેરોમાં મજબૂત પગપેસારો સ્થાપિત કરવાનો છે જ્યાં કોર્પોરેશનો વધુને વધુ ઓફિસો સ્થાપી રહ્યા છે. વધુમાં, કંપની તેના હાલના બિઝનેસ-ટુ-બિઝનેસ (B2B) રેન્ટલ માર્કેટને પૂરક બનાવવા માટે બિઝનેસ-ટુ-કન્ઝ્યુમર (B2C) મોડલ વિકસાવવા માગે છે.તેના માટે એર કંડિશનર જેવા વ્હાઈટ ગુડ્સ, તેમજ ૩ઢ પ્રિન્ટર, રોબોટિક સાધનો

અનુસંધાન આગળના પાને....

# BUY BACK

| કંપનીનું નામ | બાયબેકનું કદ (રૂ. કરોડમાં) | બાયબેક ભાવ | વર્તમાન ભાવ | બાયબેક ભાવ સામે વળતર |
|---|---|---|---|---|
| ઈન્સેક્ટીસાઈડ (ઇન્ડિયા) લિ. | ૫૦ | ૧૦૦૦ | ૮૦૭.૫ | -૧૯.૨૫% |
| જય કોર્પ લિ. | ૧૧૭.૭૮ | ૪૦૦ | ૩૫૯.૭ | -૧૦.૦૮% |
| એરેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. | ૭.૦૨ | ૧૯૫ | ૧૭૩ | -૧૧.૨૮% |
| આરતી ડ્રગ્સ લિ. | ૫૯.૮૫ | ૯૦૦ | ૪૯૪.૫ | -૪૫.૦૬% |
| લેડરઅપ ફાઈનાન્સ લિ. | ૧૧ | ૪૪ | ૬૮.૨૭ | ૫૫.૧૬% |
| ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. | ૦ | ૧૨૦૦ | ૧૦૪૩.૫ | -૧૩.૦૪% |
| ન્યુક્લિયસ સોફ્ટવેર એક્સપોર્ટ્સ લિ. | ૭૨.૩૫ | ૧૬૧૫ | ૧૨૩૩.૧૫ | -૨૩.૬૪% |
| વેઈઝમેન લિ. | ૫.૮૪ | ૧૬૦ | ૧૨૯.૫ | -૧૯.૦૬% |
| ઈન્ડિયન ટોનર્સ એન્ડ ડેવલપર્સ લિ. | ૨૦.૬૨ | ૪૫૦ | ૨૯૩.૦૫ | -૩૪.૮૮% |
| KDDL લિ | ૮૮ | ૩૭૦૦ છે | ૨૭૮૧.૫૫ | -૨૪.૮૨% |
| ટેક્નોક્રાફ્ટ ઇન્ડસ્ટ્રીઝ | ૧૩૦ | ૪૫૦૦ | ૩૦૬૨.૮ | -૩૧.૯૪% |
| સુપ્રજીત એન્જિનિયરિંગ લિ. | ૧૧૨.૫ | ૭૫૦ | ૫૦૩.૧૫ | -૩૨.૯૧% |
| ફ્ન્જી ફાઈનાન્સ લિ. | ૧૨૫.૪ | ૩૮૦ | ૪૧૨.૩૫ | ૮.૫૧% |
| મયુર યુનિકોટર્સ લિ. | ૪૦ | ૮૦૦ | ૬૦૯.૬૫ છે | -૨૩.૭૯% |
| સિમ્ફની લિમિટેડ | ૭૧.૪ | ૨૫૦૦ | ૧૭૦૦.૫૫ | -૩૧.૯૮% |
| AIA એન્જિનિયરિંગ લિ. | ૫૦૦ | ૫૦૦૦ | ૪૧૧૨.૯૫ | -૧૭.૭૪% |
| ચમનલાલ સેટિયા એક્સપોર્ટ્સ લિ. | ૬૦.૨૪ | ૩૦૦ | ૩૧૭ | ૫.૬૭% |
| ધાનુકા એગ્રીટેક લિમિટેડ | ૧૦૦ | ૨૦૦૦ | ૧૪૯૧.૮ | -૨૫.૪૧% |
| સવિતા ઓઈલ ટેક્નોલોજીસ લિ. | ૩૬.૪૫ | ૬૭૫ | ૫૨૫.૧૫ | -૨૨.૨૦% |
| ઝઈઈછ સેનિટરીવેર લિમિટેડ | ૧૩૦ | ૧૨૦૦૦ | ૭૬૬૯.૫૫ | -૩૬.૦૯% |
| TTK પ્રેસ્ટિજ લિ. | ૨૦૦ | ૧૨૦૦ | ૮૭૮.૪૫ | -૨૬.૮૦% |
| નવનીત એજ્યુકેશન લિમિટેડ | ૧૦૦ | ૨૦૦ | ૧૩૫.૯ | -૩૨.૦૫% |
| ઇન્ડસ ટાવર્સ લિમિટેડ | ૨૬૪૦ | ૪૬૫ | ૩૭૫ | -૧૯.૩૫% |
| વેલસ્પન લિવિંગ લિમિટેડ | ૨૭૮.૪૩ | ૨૨૦ | ૧૬૦.૦૫ | -૨૭.૨૫% |
| ઓરોબિંદો ફાર્મા લિમિટેડ | ૭૫૦ | ૧૪૬૦ | ૧૪૫૮.૮ | -૦.૦૮% |
| ઈકલર્ક્સ સર્વિસીસ લિમિટેડ | ૩૮૫ | ૨૮૦૦ | ૨૯૨૯.૫૫ | ૪.૬૩% |
| બજાજ કન્ઝ્યુમર કેર લિમિટેડ | ૧૬૬.૪૯ | ૨૯૦ | ૨૨૫.૪ | -૨૨.૨૮% |
| ગોદાવરી પાવર એન્ડ ઇસ્પાત લિ. | ૩૦.૧ | ૧૪૦૦ | ૧૯૩.૫ | -૮૬.૧૮% |
| ચેવિઓટ કંપની લિમિટેડ | ૩૧.૫ | ૧૮૦૦ | ૧૨૭૫.૮૫ | -૨૯.૧૨% |
| શારદા મોટર ઇન્ડસ્ટ્રીઝ લિ | ૧૮૫ | ૧૮૦૦ | ૨૧૪૫.૮૫ | ૧૯.૨૧% |
| આનંદ રાઠી વેલ્થ લિમિટેડ | ૧૬૪.૬૫ | ૪૪૫૦ છે | ૧૪૨.૪૫ | -૬.૯૧% |
| અજંતા ફાર્મા લિમિટેડ | ૨૮૫ | ૨૭૭૦ | ૩૧૪૦.૧૫ | ૧૩.૩૬% |
| ટીપ્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | ૩૭.૧૯ | ૬૨૫ | ૭૭૪.૭ | ૨૩.૯૫% |
| ફ્રેશટ્રોપ ફ્રુટ્સ લિમિટેડ | ૩૩.૬૯ | ૧૭૫ | ૧૪૮.૫૫ | -૧૫.૧૧% |
| ગરવારે ટેકનિકલ ફાઈબર્સ લિ. | ૧૯૯.૫ | ૩૮૦૦ | ૪૩૦૨.૬૫ છે | ૧૩.૨૩% |
| દ્વારકેશ સુગર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | ૩૧.૫ | ૧૦૫ | ૬૭.૬૮ | -૩૫.૫૪% |
| શેરવાની ઇન્ડસ્ટ્રીયલ સિન્ડિકેટ લિ | ૬.૮૩ | ૫૧૦ | ૫૪૧.૫૫ | ૬.૧૯% |
| બજાજ ઓટો લિમિટેડ | ૪૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૫૦૦.૫૫ | ૫.૦૧% |
| કાવેરી સીડ કંપની લિ | ૩૨૫ | ૭૨૫ | ૮૮૭.૫ | ૨૨.૪૧% |
| ઝાયડસ લાઈફસાયન્સ લિમિટેડ | ૬૦૦ | ૧૦૦૫ | ૧૦૦૫.૨ | ૦.૦૨% |
| ઓર્બિટ એક્સપોર્ટ્સ લિમિટેડ | ૧૫ | ૨૫૦ | ૧૯૧.૪ | -૨૩.૪૪% |
| રાજૂ એન્જિનિયર્સ લિમિટેડ | ૧૯.૭૯ | ૨૧૦ | ૩૬૩.૦૫ | ૭૨.૮૮% |
| આર્નોલ્ડ હોલ્ડિંગ્સ લિમિટેડ | ૧૩.૨૩ | ૨૧ | ૫૪.૦૫ | ૧૫૭.૩૮% |
| ચંબલ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિ. | ૭૦૦ | ૪૫૦ | ૪૮૬.૭૫ | ૮.૧૭% |
| ધામપુર સુગર મિલ્સ લિ | ૩૦ | ૩૦૦ | ૨૦૨.૦૫ | -૩૨.૬૫% |
| એલિગન્ટ માર્બલ્સ એન્ડ ગ્રેની ઇન્ડસ્ટ્રીઝ | ૨૬.૮૩ | ૩૮૫ | ૨૫૨.૫ | -૩૪.૪૨% |
| એસએમ ઓટો સ્ટેમ્પિંગ લિમિટેડ | ૩.૬ | ૬૦ | ૪૨.૬૫ | -૨૮.૯૨% |
| સોમાની સિરામિક્સ લિમિટેડ | ૧૨૫ | ૮૫૦ | ૬૮૧.૬૫ | -૧૯.૮૧% |
| SIS લિમિટેડ | ૯૦ | ૫૫૦ | ૩૯૨.૫ | -૨૮.૬૪% |
| ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ | ૧૭૦૦૦ | ૪૧૫૦ | ૪૦૨૦ | -૩.૧૩% |
| ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ | ૬૫૨.૮૧ | ૭૭૦ | ૬૩૩.૫ | -૧૭.૭૩% |
| | ૩૦૮૬૪.૫૯ | | | |

અનુસંધાન પાછળના પાનાનું...

અને ડ્રોન જેવી નવીન તકનીકોના રેન્ટલમાં સાહસ કરીને તેની પ્રોડક્ટ ઓફરિંગ પણ વુંસ્તૃત કરી રહી છે. કંપની ઓર્ગેનાઈઝ સ્પેસમાં ટોચની કંપનીઓમાંની એક છે જેને લીધે બજારમાં તેને સ્પર્ધાત્મક લાભ મળી રહે. કંપનીના પરિણામો પણ ઉત્કૃષ્ટ જણાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૬૩ કરોડના વેચાણ સામે રૂ. ૧૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પાછલા વર્ષની સરખામણી પર વેચાણમાં ૭૪% અને નફામાં ૧૮.૧% વૃદ્ધિ જોવા મળી છે. રૂ. ૧૦ કરોડની ઈક્વિટી પર ૫૩ કરોડના રિઝર્વ અને ૫.૮૫ કરોડની કેશ ચોપડે નોંધાયેલી છે. ૬૧.૨ની બૂકવેલ્યુ છે અને વળતર ગુણોત્તર પણ મજબૂતી દર્શાવે છે. પાછલા ત્રણ વર્ષમાં વેચાણ અને ચોખ્ખો નફો અનુક્રમે ૬૬% અને ૬૮% ઝછય્ઈ પર વૃદ્ધિ પામ્યો છે. કંપનીનો કાર્યકારી રોકડ પ્રવાહ સતત હકારાત્મક રહ્યો છે અને વર્ષ-દર-વર્ષ વૃદ્ધિ પામી રહ્યો છે. દેવાના સ્તરો પણ ઘણા આરામદાયક જણાય છે, દેવાં ઈક્વિટી ગુણોત્તર ૦.૦૯ છે. કંપનીની રૂ. ૧૨.૫૬ની શેરદીઠ કમાણી સામે સ્ટોક ૨૧.૩ના પીઈ પર ઉપલબ્ધ છે, આ શેરમાં ઘટાડે એકઠા કરવાની સલાહ રહેશે. ૨૧૫-૨૪૦ની રેન્જમાં ખરીદી કરી શકાય, મધ્યમગાળે આકર્ષક વળતર મળી રહે.

## કોન્ટોર સ્પેસ લિ. (NSE- SME: KONTOR)

**વર્તમાન ભાવ** – રૂ. ૧૨૭ **૫૨ સપ્તાહના સ્તરો** – ૨૦૦ / ૫૯.૬

**માર્કેટ કેપ** – રૂ. ૭૮.૫ કરોડ **ફેસવેલ્યુ** - રૂ.૧૦ બૂકવેલ્યુ – રૂ. ૩૫.૬

**શેરદીઠ કમાણી** – રૂ. ૩.૧૬ **પીઇ** – ૪૦.૩ ROCE / ROE – ૧૮.૪% / ૧૪.૬%

કોન્ટોર સ્પેસ લિમિટેડ (KSL), સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ ભારતની પ્રથમ કો-વર્કિંગ સ્પેસ પ્રદાતા, વાણિજ્યિક જગ્યાઓ ભાડે આપવા અને તેનું સંચાલન કરવામાં નિષ્ણાત છે, જે પ્રતિ-સીટ આધારે આધુનિક, ફ્લેક્સિબલ વર્કસ્પેસ સોલ્યુશન્સ ઓફર કરે છે. કંપનીનું બીઝનેસ મોડેલ વ્યાપારી જગ્યાઓ ભાડે આપીને અને તેનું સંચાલન કરીને સ્પેસ-એઝ-એ-સર્વિસ પૂરી પાડવાનું છે. કંપની મિલકત ખરીદે છે અને/અથવા ભાડા પર મિલકત લે છે, એક અથવા બહુવિધ ક્લાયન્ટને તેમની વર્કસ્પેસની જરૂરિયાતો માટે અથવા તેમની જરૂરિયાતો અનુસાર પ્રતિ-સીટના આધારે તે જ આપ્યા વિના પેટા-ભાડા/પેટા-લીઝ પર આપે છે. બિઝનેસ મોડલને અનુરૂપ પ્રોપર્ટીને કસ્ટમાઇઝ કરવા માટે ફિટ-આઉટમાં રોકાણ કરે છે અને રિનોવેટ કરે છે અને વ્યવસાયિક જરૂરિયાતો જેમ કે ફર્નિચર, વર્ક-ડેસ્ક, ઓપન વર્ક એરિયા, કેબિન, મીટિંગના સંદર્ભમાં કામકાજની જરૂરિયાતો, કોન્ફરન્સ રૂમ અને અન્ય સુવિધાઓ અનુસાર પ્રોપર્ટીનું આધુનિકીકરણ કરે છે. થાણે, પુણે, ફોર્ટ, અને BKC (મુંબઈ), અંધેરી અને મહાપેમાં ૬ મુખ્ય સ્થળોમાં ફેલાયેલી કોન્ટોર સ્પેસ ૯૬,૩૦૦ ચોરસ ફૂટથી વધુ કો-વર્કિંગ સ્પેસ મેનેજ કરે છે અને ૨,૪૦૦ થી વધુ સીટ ધરાવે છે.થાણેમાં અંદાજે ૭૩૦ સીટ, પુણેમાં ૩૦૦ સીટ, ફોર્ટમાં ૬૦ સીટ અને BKCમાં ૧૨૦ સીટ ધરાવે છે. નવા કેન્દ્રોમાં ૫૦૦ સીટ સાથે અંધેરી, ૪૦૦ સીટ સાથે મહાપે અને BKCમાં વધારાની ૫૦ સીટનો સમાવેશ થાય છે. થાણે ૯૦%, પુણે ૮૫% તથાફોર્ટ અને મ્દ્રઝમાં ૧૦૦% ઓક્યુપન્સી દર સાથે મજબૂત ઓપરેશનલ કામગીરી દેખાઈ રહી છે. જુલાઈમાં અંધેરી ખાતેના ૫૦૦ બેઠકોની બેઠક ક્ષમતા નવા કેન્દ્રમાં કામગીરી પ્રથમ દિવસથી ૭૫% ની પ્રભાવશાળી ઓક્યુપન્સી સાથે શરુ થઇ હતી. તાજેતરમાં, કંપનીએ અંધેરીની MIDCમાં એક સંપૂર્ણ સ્વતંત્ર બિલ્ડીંગ લીઝ પર આપવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ (LOI) એક્ઝિક્યુટ કર્યું છે, જેમાં ચાલુ નાણાકીય વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં કામગીરી શરૂ થવાની અપેક્ષા છે. આ વ્યૂહાત્મક વિસ્તરણ કંપનીને તેના બિલ્ટ-ટુ-સુટ, મેનેજડ ઓફિસ ક્લાયંટને પૂરી કરવા સુસ્થિત કરશે, આ ૫ સ્ટ્રક્ચર આશરે ૧,૦૦૦ ભાડાપાત્ર સીટ સમાવવાની ક્ષમતા ધરાવે છે. H2 FY24 માટે, કંપનીએ રૂ.૧.૮૯ કરોડના EBITDA સાથે રૂ.૬.૩૮ કરોડની આવક નોંધાવી હતી, જે ૨૯.૫૯% ના EBITDA માર્જિનનું પ્રતિનિધિત્વ કરે છે. કર પછીનો નફો (PAT) રૂ.૦.૯૯ કરોડ હતો, જે ૧૫.૪૭% ના PAT માર્જિન અને રૂ.૨.૦૩ ની શેર દીઠ કમાણી (EPS) હાંસલ કરે છે. સંપૂર્ણ FY24 માટે, કંપનીએ રૂ.૩.૯૭ કરોડના EBITDA સાથે રૂ.૧૧.૦૩ કરોડની આવક ઊભી કરી, પરિણામે EBITDA માર્જિન ૩૫.૯૭% થયું હતું. વર્ષ માટે PAT રૂ.૧.૯૫ કરોડ હતો, જેમાં PAT માર્જિન ૧૭.૬૬% અને EPS રૂ.૪.૦૨ હતું. કંપની સારી અનેક મેટ્રિક્સ પર સારી વૃદ્ધિ દર્શાવી રહી છે. કંપનીમાં પ્રમોટર હિસ્સો ૭૧.૫૦% છે. કંપની આવનારા વર્ષોમાં અનેક મોટા વિસ્તરણની યોજના ધરાવે છે જેને પગલે નાણાકીય સ્થિતિ વધુ મજબૂત બનશે. ચોપડે રૂ. ૭.૫ કરોડની રોકડ સાથે સરવૈયું પણ મજબૂત છે. શેરમાં ઘટાડે ખરીદી કરવી સલાહભરી રહેશે. કો-વર્કિંગ સ્પેસના વધી રહેલા વ્યાપ વચ્ચે રિઅલ એસ્ટેટ સેક્ટરના આ વિશિષ્ટ પેટા-પ્રકારમાં રોકાણ માટે આ કંપની સારી તક પૂરી પાડે છે.







# સંવત ૨૦૮૧ બ્રોકરેજ પિક્સ

## નિર્મલ બંગ

| કંપનીનું નામ | ભલામણ | લક્ષ્યાંક | ઉપર % |
|---|---|---|---|
| આર્ચીન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૬૪૩ | ૮૨૩ | ૨૮% |
| ફિનોટેક્સ કેમિકલ લિ. | ૪૦૨ | ૪૮૩ | ૨૦% |
| ફાઈવ સ્ટાર બિઝનેસ ફાઈનાન્સ લિ. | ૮૭૨ | ૧૧૬૫ | ૩૪% |
| ગરવારે હાઈ-ટેક ફિલ્મ્સ લિ. | ૩૮૫૮ | ૪૮૦૦ | ૨૪% |
| જ્યોતિ રેઝિન્સ એન્ડ એડહેસિવ્સ લિ. | ૧૪૭૦ | ૧૭૮૬ | ૨૧% |
| L&T ટેકનોલોજી સર્વિસ લિ. | ૫૨૫૮ | ૬૨૨૩ | ૧૮% |
| મેકપાવર સીએનસી મશીન્સ લિ. | ૧૨૧૫ | ૧૮૦૦ | ૪૮% |
| REC લિ. | ૫૨૯ | ૭૭૬ | ૪૭% |
| સાઈ સિલ્ક (કલામંદિર) લિ. | ૧૬૬ | ૨૮૧ | ૬૯% |
| ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર | ૮૧૫ | ૧૦૭૦ | ૩૧% |

## સીસ્ટમેટીક્સ ગ્રુપ

| કંપનીનું નામ | ભલામણ | લક્ષ્યાંક | ઉપર % |
|---|---|---|---|
| PNB હાઉસિંગ ફાયનાન્સ લિ | ૯૩૩ | ૧,૩૩૩ | ૪૩% |
| શ્રીરામ પ્રોપર્ટીઝ લિ | ૧૧૭ | ૧૫૨ | 30% |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ | ૫૩૯ | ૭૦૦ | 30% |
| વન ૯૭ કોમ્યુનિકેશન્સ લિ | ૬૯૬ | ૯૦૦ | ૨૯% |
| પ્રોટીઅન eGov ટેક્નોલોજીસ લિ | ૧,૯૩૨ | ૨,૪૫૯ | ૨૭% |
| જીએમઆર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ | ૮૬ | ૧૦૮ | ૨૫% |
| લેમન ટ્રી હોટેલ્સ લિ | ૧૨૬ | ૧૫૫ | ૨૩% |
| નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ | ૨૨૪ | ૨૭૫ | ૨૩% |
| ઝોમાટો લિ | ૨૭૦ | ૩૨૦ | ૧૮% |
| જશ એન્જિનિયરિંગ લિ | ૨,૫૮૦ | ૩,૦૦૦ | ૧૬% |

## જેએમ ફાઇનાન્સિયલ્સ

| સ્ટોક | ભલામણ ભાવ | લક્ષ્યાંક | અપસાઈડ (%) |
|---|---|---|---|
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ૨૭૪૫ | ૩૫૦૦ | ૨૮% |
| પાવર ગ્રીડ કોર્પોરેશન | ૩૨૮ | ૩૮૩ | ૧૭% |
| બજાજ ફાઈનાન્સ | ૭૨૦૯ | ૮૫૫૨ છે | ૧૯% |
| ICICI લોમ્બાર્ડ | ૨૦૯૦ | ૨૪૫૦ | ૧૭% |
| જિંદાલ સ્ટીલ એન્ડ પાવર | ૯૮૦ | ૧૧૫૦ | ૧૭% |
| રાષ્ટ્રીય એલ્યુમિનિયમ | ૨૨૫ | ૨૬૪ | ૧૭% |
| ગ્રેવિટા ઈન્ડિયા | ૨૫૪૧ | ૩૦૬૮ | ૨૧% |
| મેક્રોટેક ડેવલપર્સ (લોઢા) | ૧૨૦૦ | ૧૪૮૦ | ૨૩% |
| ઓલેક્ટ્રા ગ્રીનટેક | ૧૭૨૫ | ૨૨૦૦ | ૨૮% |

## IDBI કેપિટલ

| સ્ટોક | ભલામણ ભાવ | લક્ષ્યાંક | અપસાઈડ (%) |
|---|---|---|---|
| APL એપોલો ટ્યુબ્સ લિ | ૧૫૫૯ | ૧૯૬૪ | ૨૬% |
| સિટી યુનિયન બેંક લિ | ૧૫૩ | ૨૦૦ | ૩૧% |
| ડીએલએફ લિ | ૮૫૯ | ૧૦૭૫ | ૨૫% |
| જ્યુપિટર વેગન લિ | ૫૨૪ | ૬૮૦ | 30% |
| નિયોજેન કેમિકલસ લિ | ૨૦૭૬ | ૨૮૭૧ | ૩૮% |
| ટાટા મોટર્સ લિ | ૮૯૪ | ૧૧૬૨ | 30% |

## બોનાન્ઝા પિક્સ

| કંપનીનું નામ | ભલામણ | લક્ષ્યાંક | ઉપર % |
|---|---|---|---|
| ત્રિવેણી ટર્બાઈન લિ. | ૭૭૩ | ૧૦૫૭ | ૩૭ |
| હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિ | ૭૩૫ | ૯૨૩ | ૨૬ |
| પાવર મેક પ્રોજેક્ટ્સ લિ. | ૩૨૩૩ | ૩૯૯૦ છે | ૨૩ |
| ઈન્ડિયા ગ્લાયકોલ્સ લિ. | ૧૩૮૫ | ૧૭૦૦ | ૨૩ |
| ન્યુજેન સોફ્ટવેર | ૧૨૪૪ | ૧૫૦૪ | ૨૧ |

## એક્સિસ કેપિટલ

| કંપનીનું નામ | ભલામણ | લક્ષ્યાંક | ઉપર % |
|---|---|---|---|
| ગ્રેવિટા ઈન્ડિયા લિ | ૨૧૭૪ | ૩૦૦૦ | ૩૮% |
| અરવિંદ સ્માર્ટસ્પેસ લિ | ૭૮૯ | ૧૦૮૫ | ૩૭% |
| આઈનોક્સ વિન્ડ લિ | ૨૦૬ | ૨૭૦ | ૩૧% |
| કેપીઆઈટી ટેક્નોલોજીસ લિ | ૧૬૯૦ | ૨૧૫૦ | ૨૭% |
| એચજી ઈન્ફ્રા એન્જિનિયરિંગ લિ | ૧૩૩૫ | ૧૭૦૦ | ૨૭% |
| એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિ | ૬૩૯ | ૮૦૦ | ૨૫% |
| લ્યુપિન લિ | ૨૧૩૨ | ૨૬૦૦ | ૨૨% |
| ધ ઈન્ડિયન હોટેલ્સ કંપની લિ | ૬૫૬ | ૮૦૦ | ૨૨% |
| યુનો મિંડા લિ | ૯૨૪ | ૧૦૯૦ | ૧૮% |

## આનંદ રાઠી ટેક્નિકલ પિક્સ

| કંપની | સંચય ઝોન | સરેરાશ કિંમત | સ્ટોપલોસ | લક્ષ્યાંક ૧ |
|---|---|---|---|---|
| IFCI | ૬૧ - ૫૬ | ૫૮.૫ | ૪૪ | ૮૦ |
| IRB | ૬૦-૫૫ | ૫૭.૫ | ૪૩ | ૭૯ |
| JWL | ૫૨૫ -૪૯૫ | ૫૧૦ | ૩૯૦ | ૭૦૦ |
| HINDZINC | ૫૨૦ - ૪૮૦ | ૫૦૦ | ૩૮૦ | ૬૮૦ |
| TATATECH | ૧૦૮૦ - ૧૦૪૦ | ૧૦૬૦ | ૮૬૫ | ૧૩૬૦ |
| GRSE | ૧૭૮૦ - ૧૭૦૦ | ૧૭૪૦ | ૧૩૦૦ | ૨૪૨૫ |
| BEML | ૩૯૦૦ - ૩૭૦૦ | ૩૮૦૦ | ૨૯૭૫ | ૪૮૦૦ |

## શેરખાન

| કંપની | ભલામણ ભાવ (રૂ.) | RoE (%) FY25E | RoE (%) FY26E |
|---|---|---|---|
| એલાઈડ બ્લેન્ડર્સ | ૩૩૨ | ૧૦.૫ | ૧૪.૯ |
| બજાજ ફિનસર્વ | ૧,૮૨૧ | ૧૮.૯ | ૧૯.૧ |
| ભારતી એરટેલ | ૧,૭૦૭ | ૨૪.૭ | ૨૯.૮ |
| કેપલિન પોઈન્ટ | ૧,૯૨૬ | ૧૯ | ૧૮ |
| ડાબર ઈન્ડિયા | ૫૭૧ | ૩૭ | ૩૧.૭ |
| ડી ડેવલપમેન્ટ એન્જિ. | ૨૫૧ | ૧૫.૯ | ૧૬.૪ |
| હાઈ-ટેક પાઈપ્સ | ૧૮૫ | ૧૧.૧ | ૧૪.૭ |
| હુડકો | ૨૧૫ | ૧૪.૨ | ૧૬.૧ |
| એલ એન્ડ ટી | ૩,૫૭૬ | ૧૬.૧ | ૧૬.૬ |
| માસ્ટેક | ૩,૦૧૮ | ૧૬.૩ | ૧૬.૭ |
| પાવર ગ્રીડ કોર્પોરેશન | ૩૩૨ | ૧૮.૫ | ૧૯.૨ |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ૨,૭૧૮ | ૯ | ૮ |
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | ૮૨૦ | ૧૬.૫ | ૧૫.૧ |
| સનટેક રિયાલિટી | ૫૯૨ | ૬.૯ | ૮ |
| ટાટા મોટર્સ | ૯૧૦ | ૨૩.૪ | ૨૨.૯ |

## કેડિયા એડવાઈઝર્સ

| કંપની | એન્ટ્રી | લક્ષ્ય | અપસાઈડ % |
|---|---|---|---|
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | ૭૯૫ | ૧૨૪૦ | ૫૬% |
| ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ | ૧૬૬૦ | ૨૫૦૦ | ૫૧% |
| ફાઈવ સ્ટાર બિઝનેસ ફાય. | ૮૪૫ | ૧૨૫૦ | ૪૮% |
| પ્રાજ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | ૭૫૦ | ૧૧૦૦ | ૪૭% |
| કમ્પ્યુટર એજ મેનેજમેન્ટ | ૪૪૮૦ | ૬૫૦૦ | ૪૫% |
| મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝ | ૧૩૩ | ૧૯૦ | ૪૩% |
| નાલ્કો | ૨૨૫ | ૩૨૦ | ૪૨% |
| ગરવેર ટેકનિકલ ફાઈબર્સ | ૪૧૦૦ | ૫૭૦૦ | ૩૯% |
| દેવયાની ઈન્ટરનેશનલ | ૧૬૮ | ૨૨૫ | ૩૪% |
| ડિવિસ લેબોરેટરીઝ | ૫૮૫૦ | ૭૬૦૦ | 30% |

## અરિહંત કેપિટલ

| કંપનીનું નામ | ભલામણ | લક્ષ્યાંક | ઉપર % |
|---|---|---|---|
| એજીઆઈ ગ્રીનપેક લિ | ૮૯૭ | ૧૭૩૪ | ૯૩% |
| મેઘમણી ઓર્ગેનિક્સ લિ | ૧૦૦ | ૧૯૫ | ૯૬% |
| સ્ટાયરિનિક્સ પર્ફોર્મન્સ મટિરિયલ્સ | ૨૪૬૬ | ૩૦૦૦ | ૨૨% |
| એલિકોન કાસ્ટલોય લિ | ૧૨૨૧ | ૧૬૦૪ | ૩૧% |
| લક્ષ્મી ઓર્ગેનિક્સ ઈન્ડસ્ટ્રીઝ લિ | ૨૫૪ | ૪૫૨ | ૭૮% |
| સારેગામા ઈન્ડિયા લિ | ૫૦૫ | ૬૨૫ | ૨૪% |
| શીલા ફોમ લિ | ૮૫૦ | ૨૬૧૪ | ૨૦૮% |
| મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિ | ૨૮૮૭ | ૩૩૩૪ | ૧૫% |
| સનટેક રિયલ્ટી લિ | ૫૫૫ | ૯૦૦ | ૬૨% |
| મહિન્દ્રા લાઈફસ્પેસ ડેવલપર્સ | ૫૦૦ | ૭૫૫ | ૫૧% |
| પ્રોટીન eGov ટેક્નોલોજીસ | ૧૮૪૬ | ૨૮૮૦ | ૫૬% |
| HDFC બેંક લિ | ૧૭૧૪ | ૨૦૦૨ | ૧૭% |
| પિરામલ એન્ટરપ્રાઈઝ લિ | ૧૦૨૫ | ૨૪૪૫ | ૧૩૮% |
| હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ | ૧૮૪૭ | ૨૩૪૫ | ૨૭% |
| દાલમિયા ભારત લિ | ૧૮૦૪ | ૨૩૯૪ | ૩૩% |

## જિયોજીત ફાઇનાન્શિયલ ફંડામેન્ટલ્સ

| કંપનીનું નામ | CMP | માર્કેટ કેપ (Cr.) | ૫ વર્ષની આવક વૃદ્ધિ (CAGR |
|---|---|---|---|
| એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ | ૯૩૩ | ૪૪,૩૬૬ | ૧૫.૦૦% |
| બાટા ઈન્ડિયા | ૧૪૫૦ | ૧૮,૬૩૭ | ૩.૫૦% |
| ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ | ૧૧૧૪ | ૧,૧૦,૨૫૪ | ૧૬.૦૦% |
| LTI માઈન્ડટ્રી | ૬૪૬૦ | ૧,૯૧,૩૩૩ | ૩૦.૦૦% |
| ટાટા એલેક્સી | ૭,૪૭૨ | ૪૬,૫૩૩ | ૧૫.૦૦% |
| TTK પ્રેસ્ટીજ | ૮૭૪ | ૧૧,૯૭૪ | ૧૧.૧૦% |
| બજાજ ફાયનાન્સ★ | ૭૦૧૩ | ૪,૩૪,૧૦૮ | ૨૯.૩%★ |
| મોલ્ડ ટેક પેકેજિંગ | ૭૩૨ | ૨,૪૩૩ | ૧૩.૦૦% |
| એશિયન પેઈન્ટ્સ | ૩૦૭૧ | ૨,૯૪,૫૨૨ | ૧૫.૦૦% |
| સન ફાર્મા | ૧,૮૯૮ | ૪,૫૫,૨૬૩ છે | ૧૧.૦૦% |

★ નફામાં વૃદ્ધિ

## HDFC સિક્યોરિટીઝ

| કંપનીનું નામ | સેક્ટર | ખરીદીની રેન્જ | લક્ષ્ય |
|---|---|---|---|
| બેંક ઓફ ઈન્ડિયા | બેંકો - જાહેર ક્ષેત્ર | રૂ. ૯૬-૧૦૬ | રૂ. ૧૩૨ |
| જેકે લક્ષ્મી સિમેન્ટ | સિમેન્ટ | રૂ. ૭૩૮-૮૧૯ | રૂ. ૯૩૬ |
| જ્યોતિ લેબ્સ લિ | પર્સનલ કેર | રૂ. ૪૮૦-૫૩૩ | રૂ. ૬૦૦ |
| એલ એન્ડ ટી ફાય. | નાણા-રોકાણ | રૂ. ૧૫૩-૧૭૦ | રૂ. ૨૧૯ |
| નેશનલ એલ્યુ.લિ | એલ્યુમિનિયમ | રૂ. ૧૯૮-૨૨૦ | રૂ. ૨૭૦ |
| નવીન ફ્લોરિન ઈન્ટર. | રસાયણો | રૂ. ૩૦૫૯-૩૩૯૬ | રૂ. ૩૯૪૮ |
| એનસીસી લિ | બાંધકામ | રૂ. ૨૭૩-૩૦૩ | રૂ. ૩૬૩ |
| PNB હાઉસિંગ | ફાયનાન્સ | રૂ. ૮૯૩-૯૯૧ | રૂ. ૧૧૬૦ |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ | રિફાઈનરી | રૂ. ૨૪૪૭-૨૭૧૬ | રૂ. ૩૨૪૩ |
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | બેંકો - જાહેર ક્ષેત્ર | રૂ. ૭૩૩-૮૧૩ | રૂ. ૯૬૦ |

## ફિલિપ કેપિટલ

| કંપની | ભલામણ ભાવ | સપોર્ટ | લક્ષ્ય |
|---|---|---|---|
| એબીબી | ૮૭૮૩ | ૭૦૦૦/૫૫૦૦ | ૧૧૨૫૦/ ૧૩૫૦૦ |
| એન્જલ વન | ૩૧૧૪ | ૨૭૫૦/૨૨૫૦ | ૩૫૦૦/૪૦૦૦ |
| BEL | ૨૮૮ | ૨૪૦/૨૦૦ | ૩૪૦/૪૨૦ |
| CAMS | ૪૭૪૨ | ૪૦૦૦/૩૫૦૦ | ૫૪૦૦ / ૬૫૦૦ |
| ડીએલએફ | ૮૭૮ | ૭૮૦ / ૬૬૦ | ૧૦૮૦ / ૧૨૬૦ |
| હિન્દાલ્કો | ૭૫૬ | ૬૨૦/૫૨૦ | ૯૨૦/૧૦૬૦ |
| HDFC લાઈફ | ૭૪૩ | ૬૬૦/૫૪૦ | ૮૨૦/૯૫૦ |
| હેમિસ્ફીયર પ્રોપર્ટી | ૧૯૬ | ૧૬૦/૧૨૦ | ૨૪૦/૩૨૦ |
| મેનકાઈન્ડ ફાર્મા | ૨૬૪૭ | ૨૨૦૦/૧૯૦૦ | ૩૨૦૦ / ૩૬૫૦ |
| એમ્ફેસીસ | ૩૦૯૫ | ૨૬૦૦/૨૨૦૦ | ૩૪૦૦/૩૮૦૦ |

## પ્રભુદાસ લીલાધર

| કંપની | ભલામણ | લક્ષ્યાંક | અપસાઈડ (%) |
|---|---|---|---|
| એબીબી લિમિટેડ | ૮૭૫૦ | ૧૨૩૦૦ | ૪૧% |
| ભારત ઈલેક્ટ્રીકલ | ૨૮૪ | ૪૨૬ | ૫૦% |
| ભેલ | ૨૫૪ | ૩૯૦ | ૫૪% |
| એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ | ૪૯૭ | ૭૪૦ | ૪૯% |
| જીએમડીસી લિ | ૩૫૮ | ૫૪૪ | ૫૨% |
| GRSE | ૧૭૫૦ | ૨૭૭૦ | ૫૮% |
| HSCL | ૬૧૯ | ૯૦૦ | ૪૫% |
| KPIT ટેક | ૧૭૮૫ | ૨૫૦૦ | ૪૦% |
| એનટીપીસી | ૪૨૩ | ૫૯૦ | ૩૯% |
| ટાટા મોટર્સ | ૯૦૭ | ૧૨૨૫ | ૩૫% |

## આદિત્ય બિરલા કેપિટલ

| સ્ટોક | ભલામણ | લક્ષ્યાંક | અપસાઈડ (%) |
|---|---|---|---|
| CCL પ્રોડક્ટ્સ | ૬૪૮ | ૮૫૦ | ૩૧% |
| સિયાન્ટ ડીએલએમ | ૬૯૨ | ૯૦૦ | 30% |
| ફેડરલ બેંક | ૧૯૫ | ૨૪૦ | ૨૩% |
| JSW એનર્જી | ૬૭૭ | ૯૦૦ | ૩૩% |
| કિસ્ટોન રિયલ્ટર | ૭૩૦ | ૯૫૦ | 30% |
| લેમન ટ્રી હોટેલ | ૧૨૩ | ૧૬૦ | 30% |
| શ્રીરામ પિસ્ટન | ૨૨૨૫ | ૨૮૦૦ | ૨૬% |
| વરુણ બેવરેજીઝ | ૫૮૯ | ૭૫૦ | ૨૭% |
| યથાર્થ હોસ્પિટલ | ૬૩૦ | ૮૫૦ | ૩૫% |

## શેર ઇન્ડિયા

| કંપની | ભલામણ | લક્ષ્ય | અપસાઈડ % |
|---|---|---|---|
| નિપ્પોન લાઈફ એએમસી | ૬૯૭ | ૮૫૦ | ૨૨% |
| શારદા મોટર્સ | ૨૧૪૩ | ૨૬૨૦ | ૨૨% |
| TATA પાવર | ૪૬૨ | ૫૬૫ | ૨૨% |
| યથાર્થ હોસ્પિટલ્સ | ૬૩૬ | ૭૯૫ | ૨૫% |
| ઝેન ટેક્નોલોજીસ | ૧૯૧૦ | ૨૩૦૦ | ૨૦% |
| અદાણી પોર્ટ્સ | ૧૪૧૦ | ૧૮૫૦ | ૩૧% |
| એચજી ઈન્ફ્રા એન્જિ. | ૧૪૭૪ | ૧૮૮૦ | ૨૮% |
| લેમન ટ્રી હોટેલ | ૧૨૭ | ૧૬૫ | 30% |
| જિંદાલ સો | ૩૬૧ | ૪૭૦ | 30% |
| ગ્રાન્યુલ્સ | ૬૦૮ | ૭૭૦ | ૨૭% |

## SBI સિક્યોરિટીઝ

| કંપની | ભલામણ | લક્ષ્ય | અપસાઈડ % |
|---|---|---|---|
| કોલ ઈન્ડિયા | ૪૯૨ | ૫૯૩ | ૨૧% |
| મેક્રોટેક ડેવલપર્સ (લોઢા) | ૧૧૬૧ | ૨૫૦૦ | ૧૧૫% |
| ભારતી હેક્સાકોમ | ૧૫૦૭ | ૧૭૪૭ | ૧૬% |
| ગ્લેક્સોસ્મિથક્લાઈન ફાર્મા | ૨૬૫૯ | ૩૧૯૫ | ૨૦% |
| નિપ્પોન લાઈફ એએમસી | ૭૦૨ | ૮૨૫ | ૧૮% |
| ન્યુજેન સોફ્ટવેર ટેક્નોલોજીસ | ૧૨૫૮ | ૧૪૭૫ | ૧૭% |
| ટીટાગઢ રેલ સિસ્ટમ્સ | ૧૧૯૭ | ૧૫૧૦ | ૨૬% |
| પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ | ૬૧૭ | ૭૩૫ | ૧૯% |
| અરવિંદ ફેશન | ૬૦૧ | ૭૨૫ | ૨૧% |
| કિલબર્ન એન્જિનિયરિંગ | ૪૩૧ | ૫૩૨ | ૨૩% |

# મ્યુચ્યલ ફંડ વિશે માર્ગદર્શન

વિપુલ ગાંધી - (Patron Financials) +91 9825024577



હું છેલ્લા ત્રણ દાયકાથી સ્ટોક માર્કેટ સાથે સંકળાયેલો છું. અને મારા અનુભવ પ્રમાણે રોકાણકર્તાઓને માર્ગદર્શન આપવા માટે ઘણા સેમિનાર અને વેબિનાર કર્યા છે, પ્રથમ વસ્તુ જે મને ધ્યાનમાં આવે છે અને જે મને આશ્ચર્યમાં મૂકે છે તે છે કે તેઓને નથી ખબર કે તેઓ કેમ રોકાણ કરી રહ્યા છે અને તેમનું લક્ષ્ય શું છે. તેથી જ્યારે પણ હું કોઈ નવા રોકાણકર્તા સાથે મળું છું, ત્યારે મને પ્રથમ વાત કરવી ગમે છે તે છે રોકાણ કરવાનો ઉદ્દેશ.

**"શરૂઆત એક કારણથી કરો"**

મિડિયા અને મિત્રો દ્વારા શેર બજારમાંના ફેરફારોના વાતાવરણને જોઈને લોકો પ્રેરિત થાય છે. લોકો રોકાણ કરીને વધારાની આવક મેળવવા માંગે છે, પરંતુ તે સહેજ સમજી લેતા નથી કે રિસ્ક પણ હોય છે. કેટલાક લોકો બીજાના અનુભવોને આધારે અથવા તેમના અનુભવી લોકોની સલાહ પર રોકાણ કરે છે, જે ખોટી પણ બની શકે છે. ઘણા લોકોને બજારના નિયમો અને ધોરણો વિશે પૂરતી જાણકારી નથી, જેના કારણે તેઓ રોકાણ કરવાનું શરૂ કરે છે, પરંતુ તે કેવી રીતે કામ કરે છે તે નથી સમજતા. વિશ્વસનીય માર્ગદર્શન અને યોગ્ય શીખણું એ શેર બજારમાં સફળ રોકાણ માટે જરૂરી છે.




**"તમારો માઇન્ડસેટ સ્પષ્ટ રાખો"**

લોકો માટે પોતાનું માઇન્ડસેટ સ્પષ્ટ રાખવું ખૂબ જ અહમ છે કે તેઓ શેર બજારમાં કેમ રોકાણ કરી રહ્યા છે. સમજદારી અને સ્પષ્ટતા સાથે રોકાણ કરવાથી લોકો વધુ સારાં પરિણામો મેળવી શકે છે.

શેર બજારમાં બે પ્રાથમિક પ્રકારના રોકાણ છેઃ ડાયરેક્ટ ઇક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડ્સ . જો તમે નવીન છો અને શેર બજારને વધુ સારી રીતે સમજતા નથી, તો મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ એક સુવર્ણ તક હોઈ શકે છે.

**"મ્યુચ્યુઅલ ફંડ્સ કેમ?"**

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતા, એક વ્યાવસાયિક મેનેજર તમારા પેસા સંચાલિત કરે છે, જે માર્કેટના રક્ષણમાં જાણકારી ધરાવે છે. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરીને, તમે વિવિધ કંપનીઓ અને ઉદ્યોગોમાં તમારા પેસા વિભાજિત કરી શકો છો, જે રિસ્ક ઘટાડે છે. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવું સરળ છે. તમે નાનો રકમથી પણ શરૂ કરી શકો છો અને કયું ફંડ પસંદ કરવું તે માટે મદદ મેળવો છો.

મ્યુચ્યુઅલ ફંડનો મુખ્ય ઉદ્દેશ્ય એસેટ એલોકેશન અને ડાઇવર્સિફિકેશન છે. આ બંને ઘટકોએ રોકાણને વધુ સુરક્ષિત અને આવક વધારવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી છેઃ

રોકાણ વરૂણ ત્રણ મુખ્ય ખંભાઓ પર ઊભું છેઃ વેલ્થ ક્રીએશન, વેલ્થ પ્રોટેક્શન, અને રિટાયરમેન્ટ પ્લાનિંગ. જો આ ત્રણેય બાબતો યોગ્ય રીતે આયોજિત છે, તો તમે તમને આર્થિક રીતે સ્વતંત્ર માનજો.

**વેલ્થ ક્રીએશન :** આમાં રોકાણ દ્વારા પૈસાનું વધારવું, જેમ કે શેર બજાર, મ્યુચ્યુઅલ ફંડ અને રિયલ એસ્ટેટમાં રોકાણ.લાંબા ગાળામાં સંપત્તિ વધારવી અને નાણાકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવી. જેઓને સંપત્તિ સર્જન વિશે કોઈ જાણકારી નથી, તેમના માટે SIP મુખ્ય કી છે.

**"SIP એક સ્માર્ટ ચોઇસ છે"**

સુરુઆતના રોકાણકાર માટે, SIP (સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન) નો ઉપયોગ કરવો એક સ્માર્ટ ચોઇસ છે. પ્રથમ વખત રોકાણકારોને SIP એ નાણાંકીય જોખમને ઘટાડવા અને મોંઘવારી સામે રક્ષણ મેળવવા માટે એક ઉત્તમ સાધન છે.

SIP માં, તમે દર મહિને નક્કી કરેલી રકમ રોકાણ કરો છો, જે બજારના ઉંચા-નીચા પર અસર કરે છે. આ રીતે, તમે રોકાણના ખર્ચને સમાન રાખી શકો છો.

નિયમિત રીતે રોકાણ કરીને, તમારું નાણાંનું મૂલ્ય વધારવાની તક મળે છે, જે વધતી જતી કિંમતો સામે રક્ષણ આપે છે. SIP દ્વારા, તમે અલગ-અલગ મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ કરી શકો છો, જે રોકાણને વધુ સુરક્ષિત બનાવે છે. લાંબા ગાળામાં, શેર બજાર સામાન્ય રીતે મોંઘવારીના દરથી આગળ વધે છે.

અહીં મુખ્ય શબ્દ છે "લાંબા ગાળાનું". ઉદાહરણ તરીકે, તમે ૧ કરોડ રૂપિયા નિવૃત્તિ માટે એકઠા કરવા માંગો છો, જે ૨૦ વર્ષ પછી છે, તો તમે દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા રોકાણ કરવાનો નિર્ણય લો. જો તમે ૧૫% વળતર મેળવો છો, તો તમારી નિવૃત્તિ સમયે ૧.૪૭ કરોડ રૂપિયા એકઠા થઈ શકે. ૧૫★૧૫★૧૫નો પ્રખ્યાત નિયમ પણ તમને ૧ કરોડની સંપત્તિ બનાવવા માટે મદદ કરે છેઃ ૧૫૦૦૦ SIP, ૧૫ વર્ષ માટે, અને ૧૫% વળતર. આ કમ્પાઉન્ડિંગની શક્તિ છે.

આલ્બર્ટ આઇન્સ્ટાઇન બરાબર કહે છે, "કમ્પાઉન્ડિંગ એ દુનિયાનું આઠમું અજાયબું છે".

SIPનું મુખ્ય લક્ષણ એ છે કે તમારે બજારના સમયને નક્કી કરવાની જરૂર નથી, અને તે સંપૂર્ણપણે તણાવમુક્ત છે, કારણ કે નિષ્ણાત ફંડ મેનેજર તમારા પૈસાને વૃદ્ધિ કરવા માટે કામ કરે છે. તેથી, "શું ખરીદવું અને ક્યારે ખરીદવું" જેવા સવાલો દૂર થઈ જાય છે.

"જો પૈસા ઊંચા ભાવ પર રોકાયેલા હોય તો શું?" આ સવાલનો જવાબ રૂપિયા ખર્ચ સરેરાશ (રૂપી કોસ્ટ એવરેજિંગ) ના ખ્યાલ દ્વારા મળે છે, એટલે કે, તમારે દર મહિને નિયમિત રોકાણ કરવાનું છે, જે વિવિધ સ્તરે કરવામાં આવે છે, અને તેનાથી તમારા રોકાણને સરેરાશ કરવામાં મદદ મળે છે.

જો તમારી આવકમાં વધારો થાય છે, તો SIP (સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન)માં ટોપ-અપ કરવું એક મજબૂત નાણાકીય વ્યૂહ છે. આવક વધતાં, તમારું રોકાણ વધારવા માટેનું આ એક ઉત્તમ સમય છે. વધારે મૂડી મૂકી લેવાને કારણે, તમારું નફો પણ વધે છે.

હવે, તમારા લક્ષ્યો અને રિસ્ક પ્રોફાઇલને ધ્યાનમાં રાખીને, તમારે SIP માટે ફંડની કેટેગરી પસંદ કરવી પડશે. મુખ્યત્વે મ્યુચ્યુઅલ ફંડમાં ત્રણ કેટેગરી છેઃ ઇક્વિટી, ડેટ, અને હાઇબ્રિડ. ઇક્વિટીમાં ૧૦૦% સ્ટોક્સ હોય છે, જ્યારે ડેટમાં સરકારી સિક્યોરિટીઝ, ટી-બિલ્સ, કોમર્શિયલ પેપર વગેરે હોય છે, અને હાઇબ્રિડ એ બંનેનું મિશ્રણ છે. તમારા લક્ષ્યો, જોખમ પ્રોફાઇલ, અને સલાહકારની મદદથી, તમે રોકાણ માટે યોગ્ય ફંડ પસંદ કરો. લાંબા ગાળામાં, ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ શ્રેષ્ઠ પસંદગી છે. તેમાં લગભગ ૧૧ અલગ પ્રકારની સબ-કેટેગરીઓ હોય છે.

લાર્જકેપ, મિડકેપ, સ્મોલકેપ, ફ્લેક્સીકેપ, અને મલ્ટીકેપ આ કેટેગરીઓમાંથી કેટલીક છે. યોગ્ય વિવિધીકરણ સાથે પસંદગી કર્યા પછી, તમારા પોર્ટફોલિયાના સમયસર પુનઃસંતુલન (રીબેલેન્સિંગ) કરવું મહત્વપૂર્ણ છે. આ SIPનો મૂળભૂત ખ્યાલ છે.

SIP સાથે, તમને STP(સિસ્ટેમેટિક ટ્રાન્સફર પ્લાન) અને SWP (સિસ્ટેમેટિક વિથડ્રોલ પ્લાન) ના લાભો અને તે શું છે તે સમજવું પણ જરૂરી છે. આ મ્યુચ્યુઅલ ફંડના વિવિધ ઉપાયો છે, જે રોકાણકર્તાઓને તેમની નાણાકીય યોજનાઓને વધુ સુગમ અને અસરકારક રીતે નિર્વહિત કરવા માટે મદદ કરે છે. આ ત્રણેયનું પોતાના આગલા છે અને એકબીજાને પૂરક બનાવે છે.

**"કેમ STP કરવું જોઈએ?"**

STP (સિસ્ટેમેટિક ટ્રાન્સફર પ્લાન) એ એક નાણાકીય સાધન છે જે રોકાણકારોને એક ફંડમાંથી બીજા ફંડમાં નિયમિત રીતે રકમ ટ્રાન્સફર કરવાની તક આપે છે. STP દ્વારા, તમે એક્સપોઝરને ઓછું કરીને જોખમનો વિભાજન કરી શકો છો. જો તમારા મુખ્ય રોકાણમાં તીવ્ર ઉલટાવ આવે, તો તમે તેને બીજા ફંડમાં સ્થાનાંતરિત કરી શકો છો. STP પ્રક્રિયા સરળ છે, અને તમને નિયમિત રૂપે ફંડમાં ફેરફાર કરવાનો બોજો લેવાનો નથી.

સ્ટોક માર્કેટમાં ઊંચી અસ્થિરતાના સમયમાં, રોકાણકર્તાઓ STP દ્વારા તેમના નાણાંને ડેબ્ટ ફંડ અને મની માર્કેટ સાધનો જેવા વધુ સુરક્ષિત રોકાણ યોજનાઓમાં ટ્રાન્સફર કરી શકે છે. આ એક રોકાણકર્તાને તેના નાણાકીય સ્રોતોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની તક આપે છે, જ્યારે સાથે સાથે સ્થિર પરત પણ પ્રાપ્ત થાય છે

**વેલ્થ પ્રોટેક્શન :** આમાં તમારા રોકાણો અને સંપત્તિઓને સંરક્ષિત કરવાની તકનીકો, જેમ કે વીમા, ડાઇવર્સિફિકેશન અને ખતરા નાબૂદ કરવા માટેના વ્યૂહો. આર્થિક જોખમોને ઘટાડવું અને દુર્ઘટના કે આવકમાં ઘટાડાને કારણે નાણાંની સુરક્ષા સુનિશ્ચિત કરવી.

જીવન વીમા એક્ટિવ જીવનમાં તમારે મળતી આવકની સરખામણીમાં એક વિકલ્પ તરીકે કામ કરી શકે છે. તે તમારા પરિવારના સભ્યોએ તમારી ગેરહાજરીમાં આર્થિક કષ્ટનો સામનો ન કરવો પડે તે સુનિશ્ચિત કરે છે. વીમા વિવિધ પ્રકારની નાણાંકીય યોજનાઓનો ભાગ બની શકે છે, જેમ કે તમારા બાળકોની શિક્ષણ માટેનું ફંડ અથવા નિવૃત્તિની યોજના.જો તમે તમારા પરિવારમાં એકમાત્ર કમાતું વ્યક્તિ છો, તો તમારું જીવન વીમો ખૂબ મહત્વપૂર્ણ છે.

જીવન વીમાની જેમ, તમામ પરિવારના સભ્યોનું આરોગ્ય વીમો પણ ખૂબ મહત્વપૂર્ણ છે. આરોગ્ય વીમો ગંભીર બીમારીઓ અથવા અકસ્માતો માટેના મેડિકલ ખર્ચથી નાણાકીય સુરક્ષા પ્રદાન કરે છે.આરોગ્ય વીમા સાથે, વ્યક્તિઓને જરૂરી સારવાર ઝડપી અને સરળતાથી મળી શકે છે.આરોગ્ય વીમા છે ત્યારે, લોકો પોતાના કાર્યમાં વધુ મનોરંજન અને શાંતિથી લાગણી અનુભવે છે.આથી, આરોગ્ય વીમો જીવનની અનિશ્ચિતતામાં સલામતી અને આરામ માટે મહત્વપૂર્ણ છે.

**રિટાયરમેન્ટ પ્લાનિંગ :** નિવૃત્તિ બાદનું જીવન સુખદ બનાવવા માટે ઉપલબ્ધ નાણાંનું આયોજન કરવું. નિશ્ચિત આવક પ્રાપ્ત કરવી અને નિવૃત્તિ પછીના જીવન માટે આવશ્યકતા પૂરી કરવી.યોગ્ય નિવૃતિની યોજના માટે SWPના લાભને સમજવું આવશ્યક છે.

"કેમ કોઈએ બેંક FD રિટર્ન સામે SWPને પસંદ કરવું જોઈએ?"

SWP (સિસ્ટેમેટિક વિથડ્રોલ પ્લાન) નિવૃત્તિ માટે એક ખૂબ જ ઉપયોગી આર્થિક સાધન છે. આમાં, રોકાણકાર નક્કી કરેલી રકમનું નિયમિત રીતે આહરણ કરે છે, જે નિવૃત્તિ પછીની આવક માટે મહત્વપૂર્ણ હોય શકે છે. તમે દર મહિને કે ત્રિમાસિક વિથડ્રોલ કરી શકો છો, જે નિવૃત્તિ પછીની જીવનશૈલી જાળવવામાં મદદ કરે છે. SWP માં રોકાણકર્તાઓ પોતાની જરૂરિયાત મુજબ કોઈપણ સમયે નાણાં ઉપાડવાની સુવિધા મેળવે છે, જ્યારે FD માં નાણાં મુદત પૂરી થવા સુધી બ્લોક થઈ જાય છે. SWP દ્વારા રોકાણકર્તાઓ માર્કેટના વધારા સાથે લાભ ઉઠાવી શકે છે, અને FD ફિક્સ રેટના આધાર પર નફો આપે છે. SWPથી રોકાણકર્તાઓ લાંબા ગાળાના રોકાણની લાભ પ્રાપ્તિ કરી શકે છે, જ્યારે અસ્થિરતા સામે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે.

જ્યારે તમે મ્યુચ્યુઅલ ફંડના રિટર્નના વિષે કન્ફિડન્સ મેળવો, ત્યારે જ ડાયરેક્ટ ઇક્વિટીમાં રોકાણ કરવાનો સૂચન આપવામાં આવે છે. બજારમાં વોલેટિલિટી એક સ્વાભાવિક બાબત છે, અને આ સમયે પેનિક થવા માટે કોઈ જરૂર નથી. તમારી રોકાણની ધ્યેયોને ધ્યાનમાં રાખીને સ્થિર રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમારા રોકાણનું સમીક્ષણ કરો, પરંતુ ફેરફારો કરવાનું વિચારતા પહેલા ચિંતન કરો. તમારું રોકાણ પ્લાન યોગ્ય છે કે નહીં તે જજ કરો. હું મારા તમામ રોકાણકર્તાઓને હંમેશા કહેતો રહ્યો છું કે ઈક્વિટી રોકાણ, અન્ય કોઈ રોકાણની જેમ, સપાટીમાં વધુ મૂલવાયેલું લાગે છે. ફક્ત ત્યારે જ, જ્યારે તમે યોગ્ય સાધનમાં રોકાણ કરો છો, ત્યારે તમને સમજાશે કે તમે અંતે તળિયાના ભાવ પર ખરીદી કરી છે દિવાળીનો એક ભાગ તરીકે, હું મારા વાચકોને માર્કેટના વર્તમાન સ્તર અને ભાવના પ્રમાણે શ્રેષ્ઠ SIP ફંડની યાદી આપીશઃ

**મલ્ટીકેપઃ** એલઆઈસી મલ્ટીકેપ કોટક મલ્ટીકેપ, ડીએસપી મલ્ટીકેપ

**લાર્જ અને મિડકેપઃ** બજાજ લાર્જ અને મિડકેપ ફંડ ગ્રો, એચડીએફસી લાર્જ એન્ડ મીડકેપ

**ફ્લેક્સી કેપઃ** ૩૬૦ ફ્લેક્સીકેપ, જેએમ ફ્લેક્સીકેપ, નીપોન ફ્લેક્સીકેપ

**મિડકેપઃ** જેએમ મીડકેપ, મોતીલાલ મીડકેપ, ક્વોન્ટ મીડકેપ, સુંદરમ મીડકેપ.

**સ્મોલ કેપ :** કોટક સ્મોલકેપ, બંધન સ્મોલકેપ, એડલવાઈઝ સ્મોલકેપ

**વેલ્યુ ફંડ :** કોટક ઈક્યુ કોન્ટ્રા ફંડ, એસબીઆઈ કોન્ટ્રા ફંડ

સ્ટોક માર્કેટમાં મારા અનુભવ પછી આ વર્ષોમાં ઘણા સ્ટોક માર્કેટ ક્રાઇસિસ જોઈને, મેં જે મુખ્ય શીખવું મેળવ્યું તે છે કે જે વ્યક્તિ સ્ટોક માર્કેટ પ્રિડિક્ટ કરતું નથી, તે વ્યક્તિ જ વેલ્થ ક્રિએટ કરી શકે. આનંદિત અને સંતોષિત રહે છે, કારણ કે પેનિક સ્ટેજમાં પણ કંપનીઓ બંધ થતી નથી. તેથી રોકાણ ચાલુ રાખો અને આપણા અદ્ભુત ભારતીય અર્થતંત્રની વૃદ્ધિમાં વિશ્વાસ રાખો.

Happy Diwali
Happy New Year
Patron Financials
Empowering Your Investments

## જ્યોતિષ અને શેરબજાર

અમીષ હસમુખભાઈ પટેલ Phone-26440060, Mo. 9574299022

# આ વર્ષ બજાર માટે મંદીનું વર્ષ



સંવત ૨૦૮૦માં શેરબજારમાં મોટી વધ-ઘટ જોવા મળી. અનેક મોટા તેજીના ઉછાળા જોવા મળ્યા. અને નવો ને નવો હાઈ ઈન્ડેક્સ જોવા મળ્યો. શેરોની કેટલીક ઉંચી જાતોમાં નવા હાઈ ભાવ જોવા મળ્યા. મીડકેપ, સ્મોલકેપ શેરોમાં પણ સારી તેજી જોવા મળી. આપણી ઈકોનોમી સ્ટ્રોંગ હોવાને કારણે તથા મ્યુ. ફંડની સતત મોટી લેવાલી પાછળ બજાર સતત તેજી તરફી આગળ વધતું જોવા મળ્યું. અનેક નેગેટીવ કારણો આવ્યા તેને પચાવી બજારમાં સારી તેજી જોવા મળી. સારી સારી કંપતનીના નવા - નવા ઈસ્યુ પણ આવ્યા. જેમાં ઈન્વેસ્ટરો ખૂબ કમાયા. પણ વર્ષના અંતે ઈરાન-ઈઝરાયેલ નું યુદ્ધને લઈને તથા એફઆઈઆઈવાળાની મોટી વેચવાલીને કારણે બજારમાં વર્ષના અંતે નરમાઈ જોવા મળી. અને આ મંદીને કારણે ઈન્વેસ્ટરો મોટી મંદીની વાતો કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી બજારમાં સુધારો આવે છે પણ ટકતો નથી. તો જોઈએ હવે આ વર્ષના ગ્રહો બજારને કઈ તરફી લઈ જશે.

**આ વર્ષના ગ્રહયોગો :** સૂર્ય-વૃશ્ચિક રાશિથી તુલા રાશિમાં આખું રાશિ ચક્ર ભ્રમણ કરશે. મંગળ-કર્ક રાશિથી વૃશ્ચિક રાશિ સુધી ભ્રમણ કરશે. બુધ-વૃશ્ચિક રાશિથી તુલા રાશિ સુધી આખું રાશિ ચક્ર ભ્રમણ કરશે. ગુરૂ-વૃષભચ રાશિમાં ભ્રમણ કરી રહ્યો છે. તા. ૧૪- મે-૨૦૨૫ મિથુન રાશિમાં ભ્રમણ કરશે. શુકર-ધન રાશિમથી તુલા રાશિ સુધી ભ્રમણ કરશે. શનિ-કુંભ રાશિમાં ભ્રમણ કરી રહ્યો છે. તા. ૨૯ માર્ચ ૨૦૨૫થી મીન રાશિમાં ભ્રમણ કરશે. રાહુ-મીન રાશિમાં ભ્રમણ કરી રહ્યો છે. તા. ૧૮ મે ૨૦૨૫થી કુંભ રાશિમાં ભ્રમણ કરશે. તો જોઈએ આ ગ્રહો શેરબજાર પર શું અસર કરશે ?

**શેરબજાર :** આ વર્ષના ગ્રહયોગ જોતાં શેરબજાર માટે આ વર્ષ બંને તરફી વધ-ઘટ જોવા મળશે. ૬૦ ટકા બજારમાં મંદની અસર જોવા મળશે. અત્યારે બજારમાં મંદી ચાલી રહી છે. જેને કારણે ઈન્વેસ્ટરોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે. પણ ગ્રહયોગ જોતાં અત્યાર પૂરતું બજારમાં મોટી મંદી જણાતી નથી. નવા વર્ષની શરૂઆત ધીમે-ધીમે તેજી થી થશે. તા. ૧૬ નવેમ્બર ૨૦૨૪ થી સૂર્ય-વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરશે. જેથી તા. ૧૬ નવેમ્બર - ૨૦૨૪ થી તા. ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ખૂબ સારી તેજી જોવા મળશે. ફરી એકવાર ઈન્વેસ્ટરોનો વિશ્વાસ પાછો આવતો જણાશે. જેમાં બેંક શેર, ઓટો સેકટર, તથા પાવર સેકટરમાં સારી તેજી જોવા મળે. એફઆઈઆઈવાળાની તથા તેજીવાળાની લેવાલી નીકળતી જણાય. સારી-સારી કંપનીના ઈસ્યુ માર્કેટમાં આવતા જણાય. તા. ૨૪ ડિસેમ્બર ૨૦૨૪થી તા. ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ આ સમયગાળામાં બજાર એક સિમીત દાયરામાં ફરતું જણાય. ધીમો સુધારો આવે પણ મંદીના સંજોગો જણાતા નથી. જોડો - ઘણો પણ ઘટાડો આવે તો શેરોની કેટલીક પસંદગીની જાતોમાં તા. ૧૨-૨-૨૦૨૫ મકર રાશિમાં સૂર્યનું ભ્રમણ બજારમાં ફરી એકવાર સારી તેજી લાવે. કંપનીના સારા પરિણામ કે કોઈપણ સારા સમચારને લઈને મીડકેપ, સ્મોલકેપ તથા શેરોની કેટલીક ઉંચી જાતોમાં સારી તેજી જોવા મળે. આ તેજીમાં જરૂર નફો બુક કરવો. કારણ કે તેજી ટકશે નહીં. તા. ૧૩-૨-૨૦૨૫થી તા. ૧૩-૪-૨૦૨૫નો સમય બજારમાં ફરી એકવાર મંદી જોવા મળે. બજારને લગતાં કોઈપણ ખરાબ સમાચાર બજારને હચમચાવી દે. કુંભ રાશિમાં સૂર્ય, બુધનું ભ્રમણ બજારને મંદી તરફી લઈ જાય. ઈન્વેસ્ટરોના રોકાણનું ધોવાણ થઈ જાય. આ સમયગાળામાં બજાર મંદી તરફી જતું જોવા મળે. નવું તા. ૧૪-૪-૨૦૨૫ થી તા. ૧૪-૫-૨૦૨૫ બજારમાં બંને તરફી વધ-ઘટ જોવા મળે. એક સીમીત દાયરામાં બજાર ફરતું જોવા મળે. આ સમયગાળામાં થોડો-ઘણો ઉછાળો આવે તો નફો બુક કરતાં રહેવું. કારણ કે તા. ૧૫-૫-૨૦૨૫થી તા. તા. ૧૫-૬-૨૦૨૫નો સમય બજારમાં મંદીનો જોવા મળે. વૃષભ રાશિમાં સૂર્યનું ભ્રમણ બુધ પણ વૃભષ રાશિમાં ભ્રમણ કરશે. તથા શુક્ર મીન રાશિમાં ભ્રમણ કરશે. આ ગ્રહયોગ જોતાં તા. ૧૫-૫-૨૦૨૫ થી તા. ૧૫-૬-૨૦૨૫નો સમય બજારમાં મંદીનો જોવા મળે. આ ઘટાડામાં ઈન્વેસ્ટરોએ લઈ વેપાર કરવો. કારણ કે સારા વરસાદ-પાણીના સમાચાર કે કોઈપણ કારણોસર તા. ૧૬-૬-૨૦૨૫ થી તા. ૧૬-૭-૨૦૨૫નો સમય બજારમાં ફરી એકવાર તેજીની ચાલ જોવા મળે. બજારમાં ફરી એકવાર સુધારો આવે. જેમાં બેંક શેર, મેટલ શેર, તથા આઈટી સેકટરમાં સારી તેજી જોવા મળે. ઘટાડે લેનારની જીત જણાય. અવાર-નવાર મંદી ચાલતી હોવાને કારપે બાજરમાં ઈન્વેસ્ટરોનો વિશ્વાસ પાછો ફરતો જણાય. આ સમયગાળામાં મિથુન રાશિમાં સૂર્યનું ભ્રમણ બજારને તેજી તરફી લઈ જાય. તા. ૧૭-૭-૨૦૨૫ થી તા. ૧૬-૯-૨૦૨૫નો સમય ઓછી વધ-ઘટ જોવા મળે. બજાર એક સિમીત દાયરામાં ફરતું જોવા મળે. થોડી-ઘણી તેજી આવે. મોટી તેજી કે મંદીના સંજોગો જણાતા નથી. આ તેજીમાં નફો બુક કરવો. કારણ કે તા. ૧૭-૯-૨૦૨૫ થી તા. ૨૧-૧૦-૨૦૨૫ એટલે કે વર્ષના અંતનો સમય આ સમયગાળામાં સૂર્ય, બુધ, કન્યા રાશિમાં ભ્રમણ કરશે. જે બજારને મંદી તરફી લઈ જાય. અનેક નેગેટીવ કારણો બજારમાં ઉભા થાય. અને બજાર મંદી તરફી જોવા મળે. જેમાં બેંક શેર, આઈટી સેટકરમાં વધુ નરમાઈ જોવા મળે. મીડકેપ, સ્મોલકેપ શેરોમાં પણ વેચવાલી આવે. આમ આ વર્ષમાં ૬૦ ટકા બજાર મંદી તરફી જોવા મળે. તેવું ગ્રહોની દૃષ્ટિએ જણાય. છે. જેથી ઈન્વેસ્ટરોએ પોતાની સુઝ-સમજ પ્રમાણે સમજી-વિચારીને પોતાની સમય-શક્તિથી કામ કરવું. તેજી આવે તો નફો બુક કરતા રહેવું.

વાંચકમિત્રો જો તમે મારો શેરબજારનો લેખ રેગ્યુલર વાંચતા હશો અને તમને મારા શેરબજારના માર્ગદર્શન પર વિશ્વાસ હોય અને મે શેરબજારની તેજી-મંદીનો ચાર્ટ મેળવવા ઈચ્છતા હોવ તો મારો સંપર્ક કરી શકો છો. વાંચકમિત્રો મારી સ્ટોક માર્કેટ અંગેની આગાહી આપ મારી યુ-ટ્યુબ પર પણ જાઈ શકો છો. Stock prediciton by astrologer amish patel

### તેજીનો સમય

તા.૧૬-૧૧-૨૦૨૪ થી તા. ૨૪-૧૨-૨૦૨૪ તથા તા. ૧૪-૧-૨૦૨૫ થી તા. ૧૨-૨-૨૦૨૫ તથા તા. ૧૬-૬-૨૦૨૫ થી તા. ૧૬-૭-૨૦૨૫નો સમય બજારમાં સારી તેજી જોવા મળે. જેમાં બેંક શેર, મેટલ શેર, મીડકેપ શેરોમાં સારી તેજી જોવા મળે. જેથી ઈન્વેસ્ટરોએ આ સમયગાળામાં ઘટાડે લઈ વેપાર કરવો.

### મંદીનો સમય

તા. ૧૩-૨-૨૦૨૫ થી તા. ૧૩-૪-૨૦૨૫ તથા તા. ૧૫-૫-૨૦૨૫થી તા. ૧૫-૬-૨૦૨૫ તથા તા. ૧૭-૯-૨૦૨૫ થી તા. ૨૧-૧૦-૨૦૨૫નો સમય બજારમાં મંદીનો જોવા મળે. આ સમયમાં રાજકીય, યુદ્ધને લઈને નેગેટીવ સમાચારો, યુએસ-એશિયન માર્કેટોની નરમાઈ કે અન્ય કારણોસર બજારમાં વેચવાલી આવે.

# કઈ રાશિવાળા જાતકોને આ વર્ષમાં શેર-બજારથી લાભા-લાભ

શેરબજાર નસીબદાર વ્યક્તિઓનું છે. શું તમારા ગ્રહો શેરબજાર થી લાભ મેળવવાના છે ? ગમે તેટલો હોંશિયાર અને ગણતરીવાળી માણસ હોય પણ જો ગ્રહોનો સાથ ના હોય તો ગમે તેટલી હોશીયારી પણ કામ નથી લાગતી. જ્યરે નસીબદાર વ્યક્તિને ગ્રહોનો સાથ હોય તો જેમાં હાથ નાંખે તેમાંથી પૈસા પેદા કરી શકે છે. આવા અનુભવો મારા જીવનમાં ઘણા જોયા છે. તો જોઈએ હવે આ વર્ષના ગ્રહો કઈ રાશિવાળાને શેર બજારથી લાભાલાભ અપાવશે.

**મેષ (અ.લ.ઈ.) :** મેષ રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી મધ્યમ પસાર કરાવે. માર્ચ-૨૦૨૫ સુધી આર્થિક નુકશાની આપે. એપ્રિલ-૨૦૨૫ પછી શેર બજારથી સારો લાભ અપાવે.

**વૃષભ (બ.વ.ઉ.) :** વૃષભ રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજાથી આકસ્મિક લાભ મેળવવાનો હશે. વૃષભ રાશિનો ગુરૂ પાંચમે દૃષ્ટિ કરતો હોવાથી મે-૨૦૨૫ પહેલાં આકસ્મિક લાભ અપાવે. મે-૨૦૨૫ પછી મોટું જોખમ કરવું નહીં.

**મિથુન (ક.છ.ઘ.) :** મિથુન રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજાર માટે શુભ પસાર કરાવે. આ વર્ષમાં આર્થિક - સારો લાભ મળતો જણાય. જન્મના ગ્રહોનો સાથ હશે તો એપ્રિલ-૨૦૨૫ પછી આકસ્મિક લાભ મળતો જણાશે.

**કર્ક (ડ.હ.) :** કર્ક રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી શ્રેષ્ઠ જોવા મળે. વૃષભ રાશિનો ગુરૂ પાંચમે દૃષ્ટિ કરતો હોવાથી તા. ૧૫ - મે -૨૦૨૫ પહેલાં આકસ્મિક લાભ અપાવશે. શેર ઈસ્યુમાં ઈન્વેસ્ટ કરશો તો સારો લાભ મળતો જણાશે.

**સિંહ (મ.ટ.) :** સિંહ રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી મિશ્ર ફળ વાળું જોવા મળે. જન્મના ગ્રહોનો સાથ હશે તો થોડો - ઘણો લાભ મળતો જણાશે. સ્ટોક માર્કેટમાં નવું જોખમ મે-૨૦૨૫ પછી કરશો તો લાભ મળશે.

**કન્યા (પ.ઠ.ણ.) :** કન્યા રાશિવાળા જાતનકો માટે આ વર્ષ શેરબજારથી આર્થિક દૃષ્ટિએ સારૂ આપે. શેરબજાથી સારો લાભ મળતો જણાય. સ્ટોક માર્કેટમાં નુકશાની હશે. તો તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ થી લાભ મળતો જણાશે.

**તુલા(ર.ત.) :** તુલા રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી મધ્યમ પસાર કરાવે. માર્ચ -૨૦૨૫ પહેલાં સ્ટોક માર્કેટમાં નુકશાની આપે. તા. ૧૫- એપ્રિલ-૨૦૨૫થી શેરબજારથી લાભ મળતો જણાશે.

**વૃશ્ચિક (ન.ય.) :** વૃશ્ચિક રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજાર થી અશુભ પ્રસાર કરાવે. આપની રાશિથી પાંચમે રાહુ-ભ્રમણ કરી રહ્યો છે. શનિ-માર્ચ - ૨૦૨૫થી મીન રાશિમાં કરશે. જેથી માર્કેટમાં નવું જોખમ કરવું નહીં.

**ધન (ભ.ધ.ફ.ઢ) :** ધન રાશિવળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી શુભ પસાર કરાવે. હજુ જોઈએ તેવો લાભ મળ્યો હશે નહીં. તા. ૧૫- માર્ચ-૨૦૨૫થી લાભ મળતો જણાશે. શેર ઈસ્યુમાં ઈન્વેસ્ટ કરશો તો ધીમે-ધીમે સારો લાભ મળશે.

**મકર (ખ.જ.) :** મકર રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી શુભ પસાર કરાવે. આપની રાશિથી પાંચમે ગુરૂનું ભ્રમણ મે-૨૦૨૫ પહેલાં આર્થિક સારો લાભ અપાવે. છતાં પણ મોટું જોખમ કરવું નહીં.

**કુંભ (ગ.શ.સ.ષ.) :** કુંભ રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી લાભ મેળવવાનું હશે. ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા હશો. તા. ૧૫ - માર્ચ-૨૦૨૫ થી સમય વધુ સારો આપે.

**મીન (દ.ચ.ઝ.થ.) :** મીન રાશિવાળા જાતકો માટે આ વર્ષ શેરબજારથી શુભ પસાર કરાવે. શેર ઈસ્યુમાં ઈન્વેસ્ટ કર્યું હશે તો માર્ચ-૨૦૨૫ પહેલાં લાભ અપાવે. જન્મના ગ્રહોનો સાથ હશે તો આકસ્મિક લાભ મળતો જણાશે.



# મુહૂર્ત ટ્રેડિંગમાં રોકાણ કરી શકાય તેવા મજબૂત ફંડામેન્ટલ ધરાવતા ટોપ ૬ શેરો

## રોકડાના ચુનંદા સ્મોલ કેપ અને મિડકેપ અંન્ડરવેલ્યુ શેરોમાં આજે કરેલ રોકાણ લાંબાગાળે કરોડોનો નફો ચોકકસ આપશે

રોકિંગ ટિપ્સ
આશિષ નાયક
93769 88765 | Nayakone@Twitter.Com

સર્વ વાંચકમિત્રોને **રોકિંગ ઈન્વેસ્ટમેન્ટ** પરિવાર તરફથી શુભ દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ. નવુ વર્ષ આપને અને આપના કુટુંબીજનો માટે સુખદાયી અને સમૃદ્ધિપુર્ણ બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના. દિવાળીના શુભ અવસર નિમીતે પીએમએસ અને પેઈડ ટ્રેડીંગ મેમ્બર્સશીપ ઉપર આકર્ષક ઓફર ચાલી રહેલ છે જેની વધુ માહીતી માટે ઉપર આપેલ મોબાઈલ નંબર પર વોટસએપ મેસેજ અથવા ફોન કોલ કરવો.

**એવરેસ્ટ કાંટો સિલિન્ડર(૧૮૬.૪૫) લાંબાગાળાનો લક્ષાંક રૂ ૨૪૦ થી રૂ ૨૭૦** એવરેસ્ટ કેન્ટો સિલિન્ડર લિમિટેડ (EKC)એ સીમલેસ સ્ટીલ ગેસ સિલિન્ડરોની અગ્રણી ઉત્પાદક છે, જેની સ્થાપના ૧૯૭૮ માં કરવામાં આવી હતી. કંપની ઔદ્યોગિક અને વ્યાપારી ઉપયોગ માટે ઉચ્ચ દબાણવાળા ગેસ સિલિન્ડરોનું ઉત્પાદન કરવામાં નિષ્ણાત છે, જેમાં હાલમાં સેવામાં ૨૦ મિલિયનથી વધુ ઔદ્યોગિક ગેસ અને CNG સિલિન્ડરનો સમાવેશ થાય છે, તેને આવા ઉત્પાદનો માટે એશિયામાં સૌથી મોટી ઉત્પાદક બનાવે છે.

**કંપની વિહંગાવલોકન**

**સ્થાપના:** ૧૯૭૮ **ઉદ્યોગ:** સીમલેસ સ્ટીલ ગેસ સિલિન્ડરનું ઉત્પાદન
**માર્કેટ કેપિટલાઇઝેશન:** અંદાજે ૨,૩૦૭ કરોડ
**વાર્ષિક ટર્નઓવર:** ૫૫૦ કરોડથી વધુ
**ઉત્પાદન ક્ષમતા:** ૨.૪ મિલિયનથી વધુ ઔદ્યોગિક ગેસ સિલિન્ડર અને ૧.૧ મિલિયન CNG સિલિન્ડર સેવામાં છે.

**નાણાકીય કામગીરી**

**વર્તમાન શેર કિંમત:** ૨૦૫.૬૨ **શેર દીઠ કમાણી** (EPS): ૯.૪૦
**૫૨ અઠવાડિયું ઉચ્ચ/નીચું:** ૨૧૭.૪૩ / ૧૦૮.૩૫
**કિંમતથી કમાણીનો ગુણોત્તર** (P/E): ૨૧.૯, કમાણીની તુલનામાં પ્રમાણમાં ઊંચું મૂલ્યાંકન સૂચવે છે. **ડિવિડન્ડ ઉપજ:** ૦.૩૪%

**મુખ્ય ઉત્પાદનો**

**ઔદ્યોગિક ગેસ સિલિન્ડરો:** વિવિધ ઔદ્યોગિક ગેસ માટે રચાયેલ, આ સિલિન્ડરો કડક સલામતી ધોરણોને પૂર્ણ કરવા માટે બનાવવામાં આવે છે અને વિવિધ કદ અને દબાણમાં ઉપલબ્ધ છે.

**CNG સિલિન્ડરો:** ખાસ કરીને કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ એપ્લીકેશન માટે વિકસિત, આ સિલિન્ડરો વૈકલ્પિક ઈંધણ વાહનો માટે નિર્ણાયક છે. સલામતી અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે તેઓ સખત પરીક્ષણમાંથી પસાર થાય છે.

**મેડિકલ ગેસ સિલિન્ડર:** EKC ઓક્સિજન અને અન્ય મેડિકલ ગેસ સહિત મેડિકલ એપ્લિકેશન્સ માટે સિલિન્ડરોનું ઉત્પાદન કરે છે, જે હેલ્થકેર ધોરણોનું પાલન સુનિશ્ચિત કરે છે. **બેવરેજ ગેસ સિલિન્ડરો:** આનો ઉપયોગ પીણા ઉદ્યોગમાં જરૂરી વાયુઓને સંગ્રહિત કરવા માટે થાય છે, જેમ કે કાર્બોનેશન માટે કાર્બન ડાયોક્સાઇડ. **જમ્બો સિલિન્ડર:** ગેસના જથ્થાબંધ સંગ્રહ માટે રચાયેલ મોટી ક્ષમતાના સિલિન્ડરો, વિવિધ ઔદ્યોગિક એપ્લિકેશનો માટે યોગ્ય. સંયુક્ત સિલિન્ડરો: અદ્યતન સામગ્રીમાંથી બનેલા, આ સિલિન્ડરો વજનના ફાયદાઓ પ્રદાન કરે છે અને CNG સ્ટોરેજ જેવી વિશિષ્ટ એપ્લિકેશનમાં ઉપયોગમાં લેવાય છે. **કસ્ટમાઇઝ્ડ સિલિન્ડરો:** EKC ઉચ્ચ દબાણવાળી એપ્લિકેશન્સ અને વિશિષ્ટ સામગ્રી સહિત ચોક્કસ ગ્રાહક જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર કરેલા ઉકેલો પણ પૂરા પાડે છે. **વાલ્વ પ્રોટેક્શન ગાર્ડ્સ:** સંગ્રહ અને પરિવહન દરમિયાન સિલિન્ડર વાલ્વને સુરક્ષિત કરવા માટે રચાયેલ એસેસરીઝ. **ઉત્પાદન ક્ષમતાઓ:** EKC પાસે સમગ્ર ભારત અને UAEમાં બહુવિધ ઉત્પાદન પ્લાન્ટ છે, જે ૧ લિટરથી ૩૦૦૦ લિટર સુધીની પાણીની ક્ષમતા અને ૧૫૦ થી ૧૦૦૦ બાર સુધીના કામના દબાણ સાથે સિલિન્ડરનું ઉત્પાદન કરવામાં સક્ષમ છે. કંપની તેના ઉત્પાદનો માટે ISO અને DOT જેવા આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરે છે, જે તમામ ઓફરિંગમાં ગુણવત્તા અને સલામતીની ખાતરી કરે છે.

**નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે નાણાકીય વિશેષતાઓ:**

કુલ આવક: FY ૨૦૨૪ માટે EKCની કુલ આવક અંદાજે ૧,૨૨૩ કરોડ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૧,૨૮૦ કરોડથી થોડો ઘટાડો થયો હતો. **ચોખ્ખો નફો:** કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે ૯૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે અગાઉના વર્ષમાં ૭૬ કરોડની સરખામણીએ હતો, જે હકારાત્મક વૃદ્ધિની ગતિ દર્શાવે છે૩૪. **શેર દીઠ કમાણી (EPS):** નાણાકીય વર્ષ ૨૦૨૩ માં EPS ૮.૮૪ થી વધીને ૯.૪૧ થઈ. **ઓપરેટિંગ નફો:** ઓપરેટિંગ નફો ૧૬૩ કરોડ હતો, જે વાર્ષિક ધોરણે ?૧૫૪ કરોડથી થોડો વધારે હતો.

લાંબાગાળાના ના રોકાણકારોએ શેર માં રૂ ૧૬૦, ૧૪૩ અને રૂ ૧૨૧ ના સપોર્ટ ને ધ્યાન માં લઈ ઘટાડે રોકાણ કરવું. શેર માં લાંબાગાળે ૪૦ થી ૫૦% ઉપર ના રીટર્ન ના વળતર માટે રોકાણ કરી શકાય. નિયમિત વાચકો ને ધ્યાન માં હશે કે અમે આ શેર માં રોકાણ કરવાની ભલામણ રૂ ૧૪૩ થી રૂ ૧૩૩ નજીક ના ભાવ ચાલી રહેલ ત્યાંર થી કરું છું જેમાં મજબૂત ઉછાળો જોવા મળેલ છે. મેમ્બર્સ અને મારી જોડે આ સહારે રૂ ૮૦ અને રૂ ૧૧૫ અને રૂ ૧૩૨ ના ભાવ થી હજુ પણ આપેલ ટાર્ગેટ માટે હોલ્ડ કરેલ છે. આ શેર માં રૂ ૧૯૦ થી રૂ ૨૧૨ ના ટાર્ગેટ જણાવેલ જે ચાલુ માસે એચિવ થઇ ગયેલ છે.

**બોમ્બે ડાઇંગ (૨૨૫) લાંબાગાળા નો લક્ષાંક રૂ ૨૭૧થી ૩૨૬**

બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ કંપની લિમિટેડ એ મુંબઈ સ્થિત એક અગ્રણી ભારતીય કાપડ કંપની છે, જેની સ્થાપના ૧૮૭૯માં નૌરોસજી વાડિયા દ્વારા કરવામાં આવી હતી. શરૂઆતમાં હાથથી રંગાયેલા સુતરાઉ યાર્ન પર ધ્યાન કેન્દ્રિત કરતી નાની કામગીરી, તે ભારતના સૌથી મોટા કાપડ ઉત્પાદકોમાંના એક અને દેશમાં એક આદરણીય બ્રાન્ડ તરીકે વિકસિત થઈ છે.

**ઉત્પાદન શ્રેણીઓ: ૧. બેડ લિનન કલેક્શન,** સૂરબેટ-બેડ શીટ્સ, કન્ટ્રી રોમાન્સ-બેડ શીટ્સ, વેન્ડેલ કલેક્શન-બેડ શીટ્સ, સબ્યસાચી કલેક્શન-બેડ શીટ, વિવિધ માસ બેડ લિનન વિકલ્પો (દા.ત., ગ્લો, સવાન્ના, ફ્લોરા) **૨. ટુવાલ પ્રીમિયમ ટુવાલ:** સિલ્ક, સોયા, લિનન, બામ્બુ માસ કલેક્શન ટુવાલ: ટ્યૂલિપ, સેન્ટિનો, ફ્લોરા **૩. હોમ ફર્નિશિંગ્સ:** સ્ટાઈલિશ લેનિન્સ અને સુશોભન વસ્તુઓ જે ઘરની સૌંદર્ય શાસ્ત્રને વધારે છે. **૪. લેઝર કપડાં અને બાળકોના વસ્ત્રો.** વયસ્કો અને બાળકો માટે કેઝ્યુઅલ વસ્ત્રોની શ્રેણી. **૫. ધાબળા અને એસેસરીઝ :** મીની ધાબળા, ઓલ-સીઝન ધાબળા, રજાઈ સેટ અને બાથ મેટ્સ.

**બોમ્બે ડાઇંગ પ્રોડક્ટ્સની વિશેષતાઓ:**

**ગુણવત્તાયુક્ત સામગ્રી:** ઉત્પાદનો કોટન અને પોલિએસ્ટર જેવા ઉચ્ચ-ગુણવત્તાવાળા કાપડમાંથી બનાવવામાં આવે છે. **ડિઝાઇનની વિવિધતા:** વાઈબ્રન્ટ રંગો સાથે સમકાલીન અને ક્લાસિક ડિઝાઈન ઓફર કરે છે. **ટકાઉપણું:** ઘણી વસ્તુઓ એન્ટી-બેક્ટેરિયલ ફિનિશ સાથે આવે છે અને તે ધોઈ શકાય છે. **બ્રાન્ડ કોલાબોરેશન્સ:** સબ્યસાચી અને વેન્ડેલ રોડ્રિક્સ જેવા પ્રખ્યાત ડિઝાઈનર્સના વિશિષ્ટ સંગ્રહો દર્શાવે છે. બોમ્બે ડાઈંગ ઉત્પાદનો તેમના પોતાના સ્ટોર્સ અને એમેઝોન, ફ્લિપકાર્ટ, મિંત્રા અને અજિયો જેવા ઓનલાઈન પ્લેટફોર્મ સહિત વિવિધ રિટેલ ચેનલો દ્વારા ઉપલબ્ધ છે. **વાર્ષિક પ્રદર્શન ઝાંખી (FY24) :** માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે, બોમ્બે ડાઈંગે આવકમાં નોંધપાત્ર સંકોચન અનુભવ્યું હતું: **કુલ આવક:** FY૨૩માં ૨,૭૭૧.૧ કરોડથી ઘટીને ૧,૭૯૯.૪૨ કરોડ નોંધાઈ, ૩૫.૧૮% ૩૪ નો ઘટાડો. **ચોખ્ખો નફો:** કંપનીએ ૨,૯૪૮.૬૩ કરોડનો ચોખ્ખો નફો હાંસલ કર્યો, જે અગાઉના નુકસાનમાંથી નોંધપાત્ર પુન:પ્રાપ્તિ, અસરકારક ખર્ચ વ્યવસ્થાપન અને ઓપરેશનલ કાર્યક્ષમતાને આભારી છે. શેરમાં લાંબાગાળા નું રોકાણ કરી શકાય છે. ઘટાડે રૂ ૨૦૨, ૧૮૫ અને રૂ ૧૭૦ નજીક રોકાણ કરવુ જ્યાં રૂ ૨૭૧ થી રૂ ૩૨૬ ઉપર ના ટાર્ગેટ ધ્યાન માં લઈ શકાય. નિયમિત વાચકો ને ધ્યાન માં હશે કે અમે આ શેર માં રોકાણ કરવાની ભલામણ રૂ ૧૪૯ નજીક ના ભાવ ચાલી રહેલ ત્યાંથી કરું છું જેમાં મજબૂત ઉછાળો જોવા મળેલ છે. મેમ્બર્સ અને મારી જોડે આ સહારે રૂ ૭૨-૯૦ અને રૂ ૧૩૦ ના ભાવ થી હજુ પણ આપેલ ટાર્ગેટ માટે હોલ્ડ કરેલ છે.

**ઇન્ડિયન એનર્જી એક્સચેન્જ (૧૮૨) લાંબાગાળાનો લક્ષાંક રૂ ૨૨૯ થી રૂ ૨૬૩** ૨૦૦૭માં સ્થાપિત, ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ લિમિટેડ વીજળીની ભૌતિક ડિલિવરી માટે વીજળી એકમોમાં વેપાર કરવા માટે સ્વયંસંચાલિત પ્લેટફોર્મ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડે છે વ્યાપાર વિહંગાવલોકન: કંપની વીજળીમાં સ્પોટ ટ્રેડિંગ અને રિન્યુઅલ એનર્જી સર્ટિફિકેટ્સ (REC) અને ESCertsના ટ્રેડિંગ માટે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન ('CERC') દ્વારા લાઈસન્સ ધરાવતું પ્રથમ પાવર એક્સચેન્જ છે. એક્સચેન્જ પ્લેટફોર્મ કાર્યક્ષમ ભાવ શોધને સક્ષમ કરે છે અને ભારતમાં પાવર માર્કેટની સુલભતા અને પારદર્શિતામાં વધારો કરે છે જ્યારે વેપારના અમલીકરણની ઝડપ અને કાર્યક્ષમતામાં પણ વધારો કરે છે.

**માર્કેટ પાર્ટિસિપન્ટ્સ :** IEX પાસે ૭૬૦૦ થી વધુ રજિસ્ટર્ડ પાર્ટિસિપન્ટ છે જેમાં ૬૦ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ, ૭૦૦ વીજળી જનરેટર અને ૪૮૦૦ ઓપન એક્સેસ ઉપભોક્તા છે

**ઉત્પાદન વિભાગો:** ડે અહેડ માર્કેટ (ડીએએમ) - IEX તેના સહભાગીઓને વીજળીના વિતરણના એક દિવસ પહેલા, ૧૫-મિનિટના બ્લોક ધોરણે વીજળીનો વ્યવહાર કરવાની મંજૂરી આપે છે. ખરીદદારો અને વિક્રેતાઓ તેમની બિડ ઈલેક્ટ્રોનિક રીતે સબમિટ કરે છે અને Iex એક સમાન માર્કેટ ક્લિયરિંગ કિંમત સાથે ડબલ-સાઈડ ઓક્શન મિકેનિઝમ પર બિડ સાથે મેળ ખાય છે. ગ્રીન - ડે અહેડ માર્કેટ - ગ્રીન ડે અહેડ માર્કેટ આગલા દિવસે રિન્યુએબલ એનર્જીમાં અનામી અને દ્વિ-પક્ષીય બંધ સામૂહિક હરાજીની મંજૂરી આપે છે - સોલર નોન-સોલર અને હાઈડ્રોમાં ખરીદદારો અને વિક્રેતાઓ માટે બિડ કેટેગરીઝ. રિન્યુએબલ એનર્જી સર્ટિફિકેટ (Rec) - Rec માર્કેટ પર્યાવરણીય વિશેષતાઓમાં વ્યવહારની સુવિધા આપે છે. રિન્યુએબલ એનર્જી (RE) જનરેટર તેમની પેઢીના લીલા લક્ષણો સામે ઈઈઝ મેળવવાનું પસંદ કરી શકે છે. આ જનરેટર્સ એક્સચેન્જ દ્વારા ઈઈઝ વેચી શકે છે. એનર્જી સેવિંગ સર્ટિફિકેટ (Eserts) ESCerts એ બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સીની પરફોર્મ, એચીવ, ટ્રેડ સ્કીમ હેઠળ ટ્રેડેબલ સર્ટિફિકેટ છે, જે મોટા ઉર્જા-સઘન ઉદ્યોગોમાં ઊર્જા કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે બજાર આધારિત પદ્ધતિ છે. **એકાધિકારની સ્થિતિ:** IEX ૯૪.૨% નો એકંદર બજાર હિસ્સો ધરાવે છે, અને DAM અને RTM માં તેનો બજાર હિસ્સો ૯૯.૯% છે. ભારતમાં બે એનર્જી એક્સચેન્જો હતા, IEX અને PXIL અને IEX એ બહુમતી બજાર હિસ્સો માણ્યો હતો. જો કે, HPX એ BSE, PTC India અને ICICI બેંક દ્વારા પ્રમોટ કરાયેલ ત્રીજું અને સૌથી નવું પાવર એક્સચેન્જ છે, જેણે ૦૬ જુલાઈ ૨૦૨૨ ના રોજ કામગીરી શરૂ કરી હતી.

**મુખ્ય આંકડા :** Q3FY24 **ટ્રેડિંગ વોલ્યુમ :** 28.3 BU (16.8% YoY વૃદ્ધિ) **પરંપરાગત પાવર માર્કેટ સેગમેન્ટ :** 25.9 BU **ગ્રીનમાર્કેટ સેગમેન્ટ :** 0.4 BU **પ્રમાણપત્રોનો વેપાર :** ૨૦.૩ લાખ

**ભારતીય ગેસ એક્સચેન્જ :** IEX એ ભારતના પ્રથમ ગેસ એક્સચેન્જની પહેલ કરી, જે ભૌતિક કુદરતી ગેસ ડિલિવરી માટે સ્વચાલિત રાષ્ટ્રીય સ્તરનું ટ્રેડિંગ પ્લેટફોર્મ છે. IEX વિવિધ ડિલિવરી પોઈન્ટ્સ અને પ્રાદેશિક ગેસ હબમાં ફેલાયેલા છ કોન્ટ્રાક્ટ પ્રકારોમાં સતત છ મહિના સુધી ડિલિવરી-આધારિત ટ્રેડિંગ ઓફર કરે છે. Q3FY24 માં ૩૧૯ ટ્રેડમાં કુલ ૮.૪ મિલિયન MMBtu નું ટ્રેડેડ વોલ્યુમ જોવા મળ્યું, જે ૬૫% YoY વૃદ્ધિ દર્શાવે છે." IGX રોકાણકારોમાં NSE(૨૬%), ગેઈલ(૫%), ONGC(૫%), ટોરેન્ટ ગેસ(૫%), અદાણી ટોટલ(૫%), અને IOCL(૫%)નો FY22માં સમાવેશ થાય છે. માર્કેટ પાવર કપલિંગ : જૂન '૨૩માં ભારત સરકારે CERCને માર્કેટ કપ્લિંગ પર વિચાર કરવા અને હિતધારકો સાથે ચર્ચાની પ્રક્રિયા શરૂ કરવા વિનંતી કરી. જો કે અંતિમ નિર્ણય અને વિગતવાર વિશ્લેષણ હજુ સુધી ઉપલબ્ધ નથી તે IEX ની ઈજારાશાહીને અસર કરી શકે છે.

ICX: ભારતના પાવર મંત્રાલયે એક્સચેન્જો દ્વારા કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ માટે ભારતના પ્રથમ સ્થાનિક નિયમનકારી કાર્બન બજારની રચનાને મંજૂરી આપી. IEX તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ICX દ્વારા સરકારી કાર્બન ક્રેડિટ માર્કેટ સ્કીમનો લાભ મેળવશે.

**નવા લોન્ચ:** A) પાવર માર્કેટ માટે કુશળ કામદારોનો પૂલ બનાવવા માટે IEX એકેડમી. એકેડેમી કૌશલ્ય વિકાસ, પાવર સેક્ટર નીતિઓ, નિયમનકારી માળખું અને પાવર એક્સચેન્જ ઓપરેશન્સમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમો પ્રદાન કરે છે.

B) ગ્રાહકોને વધુ અસરકારક અને માહિતગાર નિર્ણયો લેવા સક્ષમ બનાવવા માટે PowerX નામ દ્વારા IEX પાવર પ્રાઇસ ઇન્ડેક્સ. તે ભારતનો પ્રથમ વીજળી કિંમત સૂચકાંક છે

C) EnergX, બધા IEX વીજળી સેગમેન્ટ્સ પર બિડિંગ માટે વેબ-આધારિત પ્લેટફોર્મ. તે API, બજાર ડેટા અને નાણાકીય સમાધાન દ્વારા સ્વચાલિત બિડિંગની ઍક્સેસ પ્રદાન કરે છે.

D) તૃતીય અનામત આનુષંગિક સેવાઓ, ૧લી જૂન, ૨૦૨૩ થી ઈછજી માર્કેટ સેગમેન્ટ્સ આગળના દિવસ માટે બજાર આનુષંગિક સેવાઓ અને રીઅલ ટાઇમ માર્કેટ આનુષંગિક સેવાઓ.

આ શેરમાં મેં અને મારા મેમ્બર્સ રૂ ૧૫૦ થી રૂ ૧૩૦ નજીકના ભાવ ચાલી રહેલ ત્યારે રોકાણ કરવાનું શરુ કરેલ જેમાં વર્તમાન માં ૪૫ ટકા ઉપર નું વળતર મળી રહેલ છે. શેર માં રૂ ૧૭૦,રૂ ૧૫૧ અને રૂ ૧૩૦ ના સપોર્ટ ને ધ્યાન માં લઈ તેજી નો વેપાર રૂ ૨૨૯,રૂ ૨૬૩ અને રૂ

અનુસંધાન આગળના પાને....

**અનુસંધાન પાછળના પાનાનું...**

૨૮૦ ઉપર ના ટાર્ગેટ માટે બનાવી શકાય છે. રૂ ૨૬૩ ઉપર ના ભાવ ટકી રહે તો શેર નવા ઓલ ટાઈમ હાઈ ભાવ પણ બતાવી શકે છે. બજારની કોઈપણ ચાલમાં પણ વર્તમાનમાં ઘણી મજબુત ફંન્ડામેન્ટલવાળી કંપનીઓના શેરો ખુબ જ નીચા વેલ્યુએશન ઉપર માત્ર રૂ ૩૦ થી રૂ ૬૦ વચ્ચે મળી રહેલ છે, જેમાં આવનાર ૩ થી ૫ વર્ષ માં ભાવ રૂ ૪૦૦ થી રૂ ૬૦૦ ઉપર જોવા મળશે જેમાં આજે કરેલ માત્ર રૂ ૨ થી ૩ લાખનુ રોકાણ લાખોલ, કરોડો અને અબજો રૂપિયા ઉપર પહોચી શકે છે. આજ થી ૪ વર્ષ પહેલા મે અને મારા મેમ્બર્સ એલીકોન એન્જીનીયરીંગ ના શેરમાં માત્ર રૂ ૧૨ ના ભાવ થી રોકાણ કરેલ જે શેર નો ભાવ રૂ ૭૦૦ ઉપર જોવા મળેલ. મે એલીકોનમાં રૂ ૪૩૧૦૦૦ નુ રોકાણ કરેલ જે આજે ૨,૪૧,૫૧,૨૦૦ ઉપર પહોચી ગયેલ છે. એલીકોન એન્જીનીયરીંગમાં રોકાણ કરવાની સલાહ વર્ષ ૨૦૧૯ માં રૂ ૨૫ અને રૂ ૩૦ નજીક ટવીટર અને ફ્રી ટેલીગ્રામ ચેનલ ઉપર પણ આપેલ જે વાચકો હજુ પણ જોઈ શકે છે. વર્ષ ૨૦૨૦ માં રૂ ૨૨ આસપાસ ઉષા માર્ટિન ના શેરમાં રોકાણ મે અને મારા સભ્યોએ કરેલ જેનો ભાવ રૂ ૪૫૧ જોવા મળેલ જેમાં ૧૯૫૦ ટકા ઉપરનુ વળતર મળી રહેલ છે. ઉષા માર્ટિન માં રોકાણ કરવાની સલાહ રૂ ૬૭ નજીક સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ટવીટર અને ટેલીગ્રામ ચેનલ ઉપર પણ જણાવેલ. જે વાચકમિત્રોએ અમારી જુની ભલામણનુ ર્પ્રદશન જોવુ હોય અને પીએમએસ મેમ્બરશિપ માં જોઈન થવું હોટ તેને ઉપર આપેલ મોબાઈલ નંબર વોટસએપ મેસેજ કરી શકે છે. સ્મોલ અને મિડકેપ શેરો નુ ગહન એનાલીસીસ કરતા કેટલાક નવા એલીકોન એન્જીનીયરીંગ, ઉષા માર્ટિન, હિમાન્દ્રી સ્પેશ્યાલીટી, રાજુ એન્જીનીયરીંગ જેવા શેરો અમારા ધ્યાનમાં આવી રેહલ છે, જેમાં ૩ થી ૫ વર્ષ માટે રૂ ૫૦૦૦૦ થી રૂ ૧૦૦૦૦૦ નુ કરેલ રોકાણ રૂ ૩૦ થી રૂ ૫૦ લાખ ઉપર પહોચી શકે તેવી ક્ષામતા દેખાઈ રહેલ છે, જે અંન્ડરવેલ્યુ સ્ટોકસ માં તબકકવાર રોકાણ કરવાનુ મે અને મેમ્બર્સ શરૂ કરી દીધેલ છે. રૂ ૧૧ નજીક રાજુ એન્જીનીયરીંગમાં રોકાણ મે અને મારા પીએમએસ મેમ્બર્સે કરેલ જેનો ભાવ રૂ ૪૪૩ ને પાર કરી ગયેલ છે. રાજુ એન્જીનીયરીંગમાં રોકાણ કરવાની ભલામણ ટવીટર અને ટેલીગ્રામ ચેનલમાં પણ કરેલ. રાજુ એન્જીનીયરીંગ માં કંપનીએ એક શેર ઉપર એક બોનસ શેર પણ આપેલ છે

**હિંમતસીંગા સીડ (૧૫૭.૩૦) લાંબાગાળા ના લક્ષાંક રૂ ૨૨૧ થી રૂ ૨૫૬** હિંમતસીંગા સીડ વૈશ્વિક ટેક્સટાઇલ ઉદ્યોગમાં એક અગ્રણી ખેલાડી છે, જે હોમ ટેક્સટાઇલ ઉત્પાદનોની વિશાળ શ્રેણીની ડિઝાઇન, વિકાસ, ઉત્પાદન અને વિતરણમાં વિશેષતા ધરાવે છે. હિમાત્સિક્રા સીડે ઘરના કાપડની વ્યાપક શ્રેણીનું ઉત્પાદન કરે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ બેડિંગ પ્રોડક્ટ્સ, બાથ પ્રોડક્ટ્સ ડ્રેપરી અને અપહોલ્સ્ટરી ફેબ્રિક્સ, ફાઇન-કાઉન્ટ કોટન યાર્ન૧૨. **ઉત્પાદન ક્ષમતાઓઃ** કંપની કર્ણાટક, ભારતમાં ચાર અદ્યતન ઉત્પાદન સુવિધાઓ ચલાવે છે, જે તેમની સંબંધિત ઉત્પાદન શ્રેણીઓ માટે વિશ્વમાં સૌથી મોટી છેઃ **કોટન સ્પિનિંગ પ્લાન્ટઃ** ૨૧૧,૫૮૪ સ્પિન્ડલ્સની ક્ષમતા. **પથારી માટે સંકલિત શીટીંગ પ્લાન્ટઃ** વાર્ષિક ૬૧ મિલિયન મીટર સુધી ઉત્પાદન કરે છે. **ટેરી ટુવાલ પ્લાન્ટઃ** વાર્ષિક ૨૫,૦૦૦ ટનની ક્ષમતા. **વૈશ્વિક હાજરી અને બ્રાન્ડ પોર્ટફોલિયોઃ** હિમાત્સિક્રા સીડે કેલ્વિન ક્લેઈન, ટોમી હિલફિગર અને કેટ સ્પેડ જેવી અનેક પ્રતિષ્ઠિત વૈશ્વિક બ્રાન્ડ્સ માટે વિશિષ્ટ લાઇસન્સ ધરાવે છે. વધુમાં, તેઓએ વોલ્ટ ડિઝની કંપની સાથે તેના પાત્રો અને ફ્રેન્ચાઇઝીસથી પ્રેરિત હોમ ટેક્સટાઇલ બનાવવા માટે ભાગીદારી કરી છે.

**હિંમતસીંગા સીડ દ્વારા ઉત્પાદિત બ્રાન્ડ્સઃ** કેલ્વિન ક્લેઈનઃ હોમ ટેક્સટાઈલ માટે વિશિષ્ટ લાઇસન્સ. ટોમી હિલફિગરઃ આ આઈકોનિક બ્રાન્ડ હેઠળ હોમ ટેક્સટાઈલ ઉત્પાદનોની શ્રેણી ઓફર કરે છે. કેટ સ્પેડઃ આ બ્રાન્ડ હેઠળ ડિઝાઇન કરાયેલ હોમ ટેક્સટાઇલ ઉત્પાદનો. રોયલ વેલ્વેટઃ તેના વૈભવી પથારી અને સ્નાન ઉત્પાદનો માટે જાણીતું છે. બાર્બરા બેરીઃ હાઇ-એન્ડ હોમ ટેક્સટાઇલ. વેવરલીઃ હોમ ટેક્સટાઇલ્સમાં ક્લાસિક અને કન્ટેમ્પરરી ડિઝાઇન ઓફર કરે છે. ડિઝનીઃ માર્વેલ અને પિક્સાર સહિત ડિઝની પાત્રો અને ફ્રેન્ચાઇઝીસ દ્વારા પ્રેરિત થીમ આધારિત હોમ ટેક્સટાઇલ બનાવવા માટેનો લાઈસન્સિંગ કરાર. કુલ મળીને, હિમાત્સિક્રા સીડે આ વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા ખાસ કરીને ઉત્તર અમેરિકા અને યુરોપમાં તેની બજાર હાજરીમાં વધારો કરીને ૧૨ થી વધુ વૈશ્વિક બ્રાન્ડ્સ માટે ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે.

**માર્ચ ૨૦૨૪ માટે નાણાકીય વિશેષતાઓ :**

**ચોખ્ખો નફોઃ** ૨૩.૭૪ કરોડ, માર્ચ ૨૦૨૩માં ૨૨.૩૫ કરોડથી વધુ.

**ચોખ્ખું વેચાણઃ** માર્ચ ૨૦૨૩માં ૬૮૯.૬૫ કરોડની સરખામણીમાં ૬૯૬.૮૭ કરોડ. **ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન** (OPM)ઃ પાછલા વર્ષના ૧૭.૭૦% થી વધીને ૨૦.૭૫% થયો. વ્યાજ, કર, અવમૂલ્યન અને ઋણમુક્તિ પહેલાની કમાણી (EBITDA): ૧૫૦.૫૫ કરોડ, ૨૧.૧૨% નો વધારો દર્શાવે છે. **શેર દીઠ મૂળભૂત કમાણી** (EPS)ઃ વાર્ષિક ધોરણે ?૨.૨૭ થી વધીને ૨.૪૧ થઈ. **વાર્ષિક નાણાકીય કામગીરી ઝાંખીઃ** માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થતા સંપૂર્ણ નાણાકીય વર્ષ માટેઃ **કુલ ચોખ્ખો નફોઃ** ૧૧૨.૮૨ કરોડ, પાછલા નાણાકીય વર્ષમાં ૬૪.૦૮ કરોડની ચોખ્ખી ખોટમાંથી નોંધપાત્ર વસૂલાત. **કુલ વેચાણઃ** FY૨૩ માં ૨,૬૭૭.૭૪ કરોડથી ૬.૧૧% વધીને ૨,૮૪૧.૪૫ કરોડ થયું. મેમ્બર્સ અને મારી પાસે આ શેર નીચા ભાવ થી રોકાણ માટે જાળવી રાખેલ છે જેમાં ૪૫ થી ૫૫ ટકા ઉપર નું વળતર લાંબાગાળે મળે તેવું દેખાઈ રહેલ છે. શેર માં ઘટાડે રૂ ૧૫૦, રૂ ૧૩૭ અને રૂ ૧૨૦ નજીક રોકાણ કરી શકાય. લાંબાગાળે શેર માં રૂ ૨૨૧ થી રૂ ૨૫૬ ઉપર ના ટાર્ગેટ માટે રોકાણ કરવું.

**નેશનલ ફેર્ટીલાઇઝર (૧૦૭.૩૯) લાંબાગાળા નો લક્ષાંક રૂ ૧૭૦ થી રૂ ૨૧૮** નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (NFL) એ એક અગ્રણી ભારતીય જાહેર ક્ષેત્રનું ઉપક્રમ છે, જે ભારતમાં યુરિયા ખાતરના સૌથી મોટા સરકારી માલિકીના ઉત્પાદક તરીકે ઓળખાય છે. ૨૩ ઓગસ્ટ, ૧૯૭૪ ના રોજ સ્થપાયેલ, NFL રસાયણ અને ખાતર મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે અને તેની નફાકારક કામગીરી અને ખાતર ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાનને કારણે તેને નવરત્નનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**ઉત્પાદનો અને સેવાઓઃ** NFL વિવિધ ખાતરો અને કૃષિ ઉત્પાદનોના ઉત્પાદન અને માર્કેટિંગમાં નિષ્ણાત છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ **યુરિયાઃ** નીમ કોટેડ યુરિયા સહિત પ્રાથમિક ઉત્પાદન, જે જમીનની ઉત્પાદકતા વધારવામાં તેની અસરકારકતા માટે ઓળખાય છે. **બાયો-ફર્ટિલાઇઝર્સઃ** ઘન અને પ્રવાહી બંને સ્વરૂપો, જેમાં રાઇઝોબિયમ અને ફોસ્ફેટ સોલ્યુબિલાઇઝિંગ બેક્ટેરિયા (PSB). **ઔદ્યોગિક ઉત્પાદનોઃ** એમોનિયા, નાઈટ્રિક એસિડ, એમોનિયમ નાઈટ્રેટ, સોડિયમ નાઈટ્રેટ અને સોડિયમ નાઈટ્રેટ. **કૃષિ સેવાઓઃ** NFL તેના કિસાન સુવિધા કેન્દ્રો (KSKs)ના નેટવર્ક દ્વારા ખેડૂતોને ખાતરોના ન્યાયપૂર્ણ ઉપયોગ અને ખેતીની સુધારેલી પદ્ધતિઓ પર શૈક્ષણિક સેવાઓ પણ પૂરી પાડે છે. **ઉત્પાદન ક્ષમતાઃ** NFL પાંચ ગેસ-આધારિત એમોનિયા-યુરિયા પ્લાન્ટનું સંચાલન કરે છે જેમાં સ્થિત છેઃ નાંગલ, પંજાબ, ભટિંડા, પંજાબ, પાણીપત, હરિયાણા, વિજયપુર, મધ્યપ્રદેશ **કુલ ક્ષમતાઃ** આ પ્લાન્ટ્સમાં યુરિયા ઉત્પાદન માટેની કુલ વાર્ષિક સ્થાપિત ક્ષમતા આશરે ૩૫.૬૮ લાખ મેટ્રિક ટન (LMT) છે. તાજેતરના વર્ષોમાં, NFL એ ૧૨૨% ના ક્ષમતા ઉપયોગ દર સાથે ૨૦૨૨-૨૩ નાણાકીય વર્ષ દરમિયાન ૩૯.૩૫ LMT ના રેકોર્ડ ઉત્પાદન સહિત નોંધપાત્ર ઉત્પાદન સીમાચિહ્નો હાંસલ કર્યા છે. **જૈવિક ખાતરો :** એનએફએલ વિજયપુર ખાતે ૬૦૦ થી ૭૦૦ ટનની વાર્ષિક ક્ષમતા સાથે બાયો-ફર્ટિલાઈઝર્સ પ્લાન્ટ પણ ચલાવે છે, જે વિવિધ જાતો જેમ કે રાઈઝોબિયમ અને ફોસ્ફેટ સોલ્યુબિલાઇઝિંગ બેક્ટેરિયા (PSB) ઉત્પન્ન કરે છે. **નાણાકીય કામગીરીઃ** કુલ આવકઃ NFL એ નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે ૨૩,૬૨૦ કરોડની કુલ આવક નોંધાવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૩ માં ૨૯,૫૮૭ કરોડની સરખામણીમાં ઘટાડો દર્શાવે છે. **ચોખ્ખો નફોઃ** કંપનીએ ૧૫૦.૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે અગાઉના વર્ષના ૪૫૮ કરોડથી નોંધપાત્ર ઘટાડો થયો હતો. **શેર દીઠ કમાણી** (EPS)ઃ વર્ષ માટે EPS ૩.૦૬ હતી, જે FY ૨૦૨૩ માં ૯.૩૪ થી ઘટીને ૩.૦૬ હતી. **ત્રિમાસિક હાઇલાઇટ્સઃ** તાજેતરના ક્વાર્ટરમાં (Q1 FY 2025), જે ૩૦ જૂન, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થાય છેઃ **કામગીરીમાંથી ચોખ્ખું વેચાણ/આવકઃ** ૫,૦૯૧.૭૮ કરોડ, જે અગાઉના ક્વાર્ટરમાં ૫,૨૮૪.૨૪ કરોડથી થોડું ઓછું છે. **કર પહેલાં નફો/નુકશાનઃ** કંપનીએ ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં ૨૪૨.૪૭ કરોડના નફાની સરખામણીમાં ૫૩.૯૨ કરોડના કર પહેલાં નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. **ચોખ્ખો નફો/નુકસાનઃ** Q1 FY ૨૦૨૫ માટે ૪૧.૩૩ કરોડની ચોખ્ખી ખોટ નોંધવામાં આવી હતી.

**તાજેતરના કેપેક્સ પહેલઃ રોકાણ યોજનાઓઃ**

NFL નવા પ્લાન્ટ્સ અને ઊર્જા બચત પ્રોજેક્ટ્સ પર આગામી બે વર્ષમાં અંદાજે ૧,૨૫૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આમાં તેલંગણાના રામાગુંડમમાં બંધ યુરિયા પ્લાન્ટને પુનર્જીવિત કરવાનો સમાવેશ થાય છે, જેની અંદાજિત કિંમત ૫,૩૦૦ કરોડથી વધુની અન્ય સંસ્થાઓ સાથે સંયુક્ત સાહસમાં છે.

**ઉર્જા કાર્યક્ષમતા પ્રોજેક્ટ્સઃ** કંપનીએ ઉર્જા કાર્યક્ષમતા કેપેક્સ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે, જેને સરકારી પહેલ દ્વારા સમર્થન મળ્યું હતું. આ પ્રોજેક્ટ્સનો હેતુ તેની સમગ્ર સુવિધાઓમાં ઉર્જાનો વપરાશ ઘટાડવાનો છે અને ઓપરેશનલ ખર્ચ ઘટાડવામાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે.

**ઉત્પાદન ક્ષમતા વિસ્તરણઃ** NFL એ ૨૦૨૨-૨૩ નાણાકીય વર્ષ દરમિયાન ૩૯.૩૫ લાખ MT યુરિયાનું વિક્રમી ઉત્પાદન હાંસલ કર્યું હતું, જે ૧૨૨% ની એકંદર ક્ષમતાનો ઉપયોગ દર્શાવે છે. આ ઉત્પાદન ક્ષમતાઓને વધારવામાં તેમના ચાલુ રોકાણોની અસરકારકતાને પ્રતિબિંબિત કરે છે. **ભાવિ કેપેક્સ યોજનાઓઃ** FY23 માટે, NFL એ તેની ઔદ્યોગિક પ્રોડક્ટ લાઇનના વિસ્તરણ અને હાલની સુવિધાઓમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, વધુ કેપેક્સ માટે આશરે ?૨ બિલિયનની ફાળવણી કરી છે. શેર માં રૂ ૯૦, રૂ ૭૯ અને રૂ ૬૫ ના સપોર્ટ ને ધ્યાન માં લઇ ઘટાડે રોકાણ કરી શકાય છે. લાંબાગાળે શેર માં ૫૦ થી ૬૦% ટકા ઉપર ના વળતર ની અપેક્ષા છે. અમારા મેમ્બર્સ અને મારી પાસે આ શેર રૂ ૪૨ અને રૂ ૫૫ના ભાવ થી હજુ પણ પોર્ટફોલીયા માં જાળવી રાખેલ છે.

**આઇઓસી (૧૫૩.૩૬) લાંબાગાળાનો લક્ષાંક રૂ ૧૮૮ થી રૂ ૨૩૦** ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL), જે સામાન્ય રીતે ઈન્ડિયન ઓઈલ તરીકે ઓળખાય છે, તે એક અગ્રણી ભારતીય બહુરાષ્ટ્રીય તેલ અને ગેસ કંપની છે. તે ભારત સરકારની માલિકી હેઠળ કાર્ય કરે છે અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે.

**બિઝનેસ ઓપરેશન્સઃ** ઈન્ડિયન ઓઈલની કામગીરી સમગ્ર હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનને સમાવે છેઃ

**રિફાઇનિંગઃ** ભારતની ૨૩ રિફાઈનરીઓમાંથી ૧૧નું સંચાલન કરે છે.

**પાઇપલાઇન્સઃ** ક્રૂડ ઓઈલ અને તૈયાર ઉત્પાદનોના પરિવહન માટે ૧૩,૦૦૦ કિલોમીટરથી વધુના વિશાળ નેટવર્કનું સંચાલન કરે છે.

**માર્કેટિંગઃ** ઈંધણ અને લુબ્રિકન્ટ્સ સહિત પેટ્રોલિયમ ઉત્પાદનોના માર્કેટિંગમાં રોકાયેલા છે.

**સંશોધન અને ઉત્પાદનઃ** પેટ્રોલિયમ અને કુદરતી ગેસની શોધ અને ઉત્પાદનમાં સામેલ.

**રિન્યુએબલ એનર્જીઃ** તેના પોર્ટફોલિયોમાં વૈવિધ્ય લાવવા માટે રિન્યુએબલ એનર્જી પહેલ કરવાનું સાહસ કર્યું છે.

IOCL સમગ્ર ભારતમાં વ્યૂહાત્મક રીતે સ્થિત નવ રિફાઈનરીઓનું સંચાલન કરે છે, જે દેશની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે અભિન્ન છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, IOCL એ ૭૩.૩ મિલિયન મેટ્રિક ટનના દ્વારા રેકોર્ડ રિફાઈનિંગ હાંસલ કર્યું, જે ૧૦૪% થી વધુ ક્ષમતાના ઉપયોગનો દર દર્શાવે છે.

**ભાવિ વિસ્તરણ યોજનાઓઃ**

IOCL તેની રિફાઈનિંગ ક્ષમતાને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરવાની મહત્વાકાંક્ષી યોજના ધરાવે છેઃ ૨૦૨૫ સુધીમાં, કંપની તેની ગુવાહાટી, બરૌની, ગુજરાત, પાણીપત અને દિગબોઈમાં સ્થિત વિવિધ વિસ્તરણ પ્રોજેક્ટ્સ દ્વારા તેની ક્ષમતાને ૧૦૭ MTPA સુધી વધારવાનું લક્ષ્ય ધરાવે છે. લાંબા ગાળાના ધ્યેયમાં ૨૦૫૦ સુધીમાં ક્ષમતા વધારીને ૮૮ MTPA કરવાનો સમાવેશ થાય છે, જે ૨૦૨૩માં ૫.૪ મિલિયન બેરલ પ્રતિ દિવસથી ૮.૩ મિલિયન બેરલ પ્રતિ દિવસની ભારતની તેલ માંગમાં અંદાજિત વધારા સાથે સંરેખિત છે.

**મુખ્ય નાણાકીય હાઇલાઇટ્સઃ**

**કામગીરીમાંથી આવકઃ** IOC એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૮,૬૬,૩૪૫ કરોડની આવક નોંધાવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૯,૩૪,૯૫૩ કરોડથી ઓછી હતી. ઊ૪ ૨૦૨૩-૨૪ માટે, આવક ૨,૧૯,૮૭૬ કરોડ હતી, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૨,૨૬,૪૯૨ કરોડ કરતાં થોડી ઓછી હતી.

**ચોખ્ખો નફોઃ** ચોખ્ખો નફો વધીને ૩૯,૬૧૯ કરોડ થયો, જે અગાઉના નાણાકીય વર્ષમાં ૮,૨૪૨ કરોડથી નોંધપાત્ર વધારો થયો છે. ઊ૪ ૨૦૨૩-૨૪ માં, ચોખ્ખો નફો ૪,૮૩૮ કરોડ નોંધાયો હતો, જ્યારે ઊ૪ ૨૦૨૨-૨૩ માં ૧૦,૦૫૯ કરોડ હતો. આ વધારો વર્ષ ૧ દરમિયાન ઊંચા માર્કેટિંગ માર્જિનને આભારી છે.

**ડિવિડન્ડઃ** બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વર્ષ ૧ માં અગાઉ ચૂકવેલ ઈક્વિટી શેર દીઠ ?૫.૦૦ ના વચગાળાના ડિવિડન્ડ ઉપરાંત, ?૭.૦૦ પ્રતિ ઈક્વિટી શેરના અંતિમ ડિવિડન્ડની દરખાસ્ત કરી છે.

શેરમાં રૂ ૧૪૦,૧૨૯ અને રૂ ૧૧૫ ના સપોર્ટ ને ધ્યાન માં લઇ ઘટાડે ખરીદારી કરી શકાય છે. શેરમાં રૂ ૧૮૮ થી રૂ ૨૩૦ ઉપર લક્ષાંકો ધ્યાન માં લઇ શકાય છે. રૂ ૭૫ થી રૂ ૯૨ નજીક ના ભાવ ચાલી રહેલ ત્યાંથી આ શેર માં રોકાણ કરવાની ભલામણ આપી રહેલ છું જેમાં ૧૦૦ ટકા ઉપર નો ઉછાળો જોવા મળેલ છે. બજારમાં જોવા મળેલ ઐતિહાસીક તેજી તરફી ચાલ વચ્ચે પણ કેટલાક સ્ટોકસના ભાવ ખુબ જ અન્ડર વેલ્યુ ચાલી રહેલ છે જેમાં મધ્યમથી લાંબાગાળે ૩૦૦ થી ૬૦૦ ટકા ઉપરનુ વળતર મળે તેવી ધારણા છે. આગામી સમયગાળામાં કેટલાક વેલ્યુબાય સ્ટોકસ હુ અને અમારા પેઈડ મેમ્બર્સ પોર્ટફોલીયામાં ઉમેરવાના છીએ. પીએમએસ અને ટ્રેડીંગ મેમ્બર્સશીપ ની દિવાળી ની ઓફર્સ ચાલી રહેલ છે જેમાં જે વાચકોએ જોડાવુ હોય તેમણે આપેલ મોબાઈલ નંબર પર વોટસએપ મેસેજ અથવા ઈમેલ કરી વધુ માહીતી લઈ શકે છે. ઘણા બ્રેકઆઉટ સ્ટોકસ અમે અમારા ટવીટર હેન્ડલ (Nayakone) અને ટેલીગ્રામ ચેનલ (RockingInvestment19) ઉપર પણ સમયસર મુકેલ છે જે આપ વાચકમિત્રો જોઈ શકો છો અને ટવીટર / ટેલિગ્રામ માં ફ્રી માં જોડાઈ શકો છો.

# નિફ્ટી મિડકેપ - ૧૦૦ કરતાં નિફ્ટી - ૫૦ નું પ્રદર્શન સંવત ૨૦૮૧ના વર્ષ દરમિયાન સારું રહેવાની પ્રબળ સંભાવના

શેરબજાર
નીતિશ કમલેશ ઘીવાળા
રીસર્ચ એનાલીસ્ટ
સાઉથ ગુજરાત શેર્સ & શેરબ્રોકર્સ લિ.
(www.SGSSL.co.in ) 94268 69414



નિફ્ટી ૭૫૧૧ થી જોવાં મળેલી તેજી ૨૬૨૭૭ સુધીની રહી છે. નિફ્ટી તેની કોરોનાની બોટમથી લગભગ ૩.૫૦ ગણી થઇ ગયાં બાદ તેનાં સાપ્તાહિક તેમજ માસિક ચાર્ટ ઉપર ઓવરબોટ ઝોનમાં ટ્રેડિંગ કરી રહી છે આથી જે તેજીની ગતિ વીતેલાં ચાર વર્ષ દરમિયાન જોવાં મળી હતી તે તેજીની ગતિ આવનારાં વર્ષ દરમિયાન ધીમી પડે એમ દેખાઈ રહ્યું છે.

ચાર્ટની દ્રષ્ટિએ જોતાં નિફ્ટી તેનાં સાપ્તાહિક ચાર્ટ ઉપર બુલિશ ફ્લેગ પેટર્ન બ્રેકઆઉટ તારીખ ૨૪ મેં ૨૦૨૪ આપ્યું હતું જેનો ટાર્ગેટ ૨૬૨૧૩ આસપાસ આવે છે નિફ્ટી ૨૬૨૭૭ લાઈફ ટાઈમ હાઈ બનાવી ટાર્ગેટ એચિવ કર્યા બાદ વેચવાલીનું દબાણ જોવા મળ્યું છે. વધુમાં નિફ્ટી ૧૮૮૩૭ ના બોટમ થી ૨૧૮૨૧ નાં બોટમને જોડતી ટ્રેડ લાઈનની નીચે બંધ આપવામાં સફળતા મળી છે જે ટ્રેન્ડ મીડીયમ ટર્મ ટ્રેન્ડ રિવર્સલ ગણી શકાય.

શોર્ટ ટર્મ ચાર્ટ પેટર્નની વાત કરીએતો નિફ્ટી તેના સાપ્તાહિક ચાર્ટ ઉપર બેરીશ હેડ એન્ડ શોલ્ડર પેટર્ન ફોર્મેશન થતું જોવાં મળી રહ્યું છે. આ બેરીશ હેડ એન્ડ શોલ્ડર પેટર્નનું લેફ્ટ શોલ્ડર ૨૫૦૭૮ આસપાસ , હેડ ૨૬૨૭૭ આસપાસ જોવા મળી રહ્યું છે. હાલ શોર્ટ ટર્મ પેરામીટર્સ ઓવરસોલ્ડ ઝોનમાં ટ્રેડિંગ કરી રહયાં છે જે અમારું માનવું ૨૪૩૭૭ - ૨૪૨૧૪ આસપાસ સપોર્ટ લઇ રેલી જોવા મળી શકે છે જે રાઈટ શોલ્ડર બનાવી વેચવાલી જોવા મળી શકે છે. આ પેટર્નનો ટાર્ગેટ ૨૨૩૮૬ આસપાસ જોવા મળે છે. ઉપરમા ૨૫૫૫૧ - ૨૫૬૬૯ - ૨૫૮૭૧ પ્રતિકારક સપાટી ગણાય. આ ઝોન ઉપર બંધ મળ્યાં બાદ જ ટ્રેન્ડ રિવર્સલ જોવા મળી શકે છે.

જાપાનીઝ બાર ચાર્ટની વાત કરીએતો નિફ્ટી તેના સાપ્તાહિક ચાર્ટ ઉપર ૧૮૮૩૭ નાં બોટમ થી શરુ થયેલી તેજી દરમિયાન નિફ્ટી તેના વીતેલાં ટ્રેડિંગ સપ્તાહનાં બોટમની નીચે બંધ આપવામાં સફળતા મળી નથી. ફક્ત બે સપ્તાહ ૧૯ એપ્રિલ ૨૦૨૪ અને ૧૦ મેં ૨૦૨૪ તેના વીતેલા સપ્તાહના બોટમની નીચે બંધ આપવામાં સફળતા મળી હતી પરંતુ તેનાં બાદના સપ્તાહ દરમિયાન વેચવાલી હોવા નહિ મળતાં અને સર્વોચ્ચ શિખર બનાવતાં તેજી આગળ વધતી જોવા મળી હતી. પરંતુ ૨૬૨૭૭ ની લાઈફ ટાઈમ હાઈ બનાવ્યા બાદ આ પરંપરા તૂટતી જોવા મળી છે. નિફ્ટી તેના વીતેલા સપ્તાહની સરોચ્ચ સપાટી કુદવામાં તેમજ તે લેવલ ઉપર બંધ આપવામાં સફળતા મળી નથી જે મંદીના સંકેત દર્શાવે છે.

જયારે માસિક ચાર્ટ ઉપર ૧૬૮૨૮ ની બોટમ બનાવ્યા બાદ નિફ્ટી તેના વીતેલાં માસ ની બોટમ તોડવામાં સફળતા મળી નહિ હતી પરંતુ હાલમાં સાપ્તાહિક ચાર્ટની જેમ ૨૬૨૭૭ લાઈફ ટાઈમ હાઈ બાનાવ્યા બાદ નિફ્ટી તેના વીતેલા માસના બોટમ ની નીચે ટ્રેડિંગ કરી રહી છે જે મંદીના સંકેત દર્શાવે છે.

રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ ની વાત કરીએ તો નિફ્ટી તેનાં સાપ્તાહિક ચાર્ટ ઉપર રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ ૭૩.૭૪ આસપાસ ટ્રેડિંગ કરી રહી છે જે વર્ષ ૨૦૦૬ - વર્ષ ૨૦૦૮ માં જોવા મળ્યું હતું ત્યાર બાદ નિફ્ટીમાં વેચવાલી જોવા મળી હતી. જયારે માસિક ચાર્ટ ઉપર ૭૭.૪૦ ની આસપાસ આવે છે જે પણ ઓવરબોટ ઝોન દર્શાવે છે.

આમ ટૂંકમાં નિફ્ટી શોર્ટ - મીડીયમ ટર્મ વાત કરીએતો વર્ષ ૨૦૨૦ કોવીડ નાં બોટમ ૭૫૧૧ થી ચાલી આવેલી તેજી ૨૬૨૭૭ સુધી રહી છે. આ ચાર વર્ષની ગુલાબી તેજી જોવાં મળ્યાં બાદ ભારતીય બજાર ઓવરઓટ ઝોનમાં ટ્રેડિંગ કરી રહયાં છે અને ચાર્ટ તેમજ કેન્ડલ સ્ટિક (જાપાનીઝ બાર) ઉપર પણ મંદીની પેટર્ન બનાવતી જોવાં મળી રહી છે. આથી અમારું માનવું છે આવનારું વર્ષ ભારતીય મૂડીબજાર માટે પ્રોફિટ બુકીંગ અથવા ટાઈમ કરેક્શન વાળું જોવાં મળવાની પ્રબળ સંભાવનાં છે. ઉપરમાં ૨૫૫૫૧ - ૨૫૬૬૮ - ૨૫૮૭૧ સાપ્તાહિક બંધ મળ્યાં ટ્રેડ રિવર્સલ જોવાં મળી શકે છે. જેની સંભાવના ઉપર જણાવેલ ટાર્ગેટ ઝોન ૨૨૩૮૬-૨૧૫૦૦ -૨૦૮૦૧ આસપાસ અંક બતાવ્યા બાદ મીડીયમ - લોન્ગ ટર્મ તેજીની ગતિ પકડતી જોવા મળી શકે છે.

### નિફ્ટી મિડકેપ ૧૦૦ / નિફ્ટી ૫૦ રેશિયો ટેકનીકલ:

આ રેશિયો એનાલિસિસ થી જાણી શકાય છે નિફ્ટી મિડકેપ ૧૦૦ નું પ્રદર્શન નિફ્ટી ૫૦ ની સરખામણી માં કેવું છે. જો રેશિયોની વેલ્યુમાં વધારો જોવાં મળે તો એમ કહી શકાય કે નિફ્ટી મિડકેપ ૧૦૦ નું પ્રદર્શન નિફ્ટી ૫૦ કરતાં સારું છે. જયારે આ વેલ્યુમાં ઘટાડો જોવા મળે તો એમ કહી શકાય કે નિફ્ટી ૫૦નું પ્રદર્શન નિફ્ટી મિડકેપ ૧૦૦ કરતાં સારું છે.

નિફ્ટી મિડકેપ ૧૦૦ / નિફ્ટી ૫૦ રેશિયોનાં દૈનિક ચાર્ટ જોતાં જૂન ૨૦૨૪થી બેરીશ પેટર્ન ફોર્મેશન કરતું જોવા મળી રહ્યું છે જે સૂચન કરે છે કે મિડકેપનું ગાંડપણ કે જેનાં વેલ્યુએશન ઘણાં ઊંચા છે ત્યાંથી ઘટીને લાર્જ કેપ તરફ જોવાં મળી રહ્યું છે.૧.૫૪ થી ૨.૦૪ ના ટોપને જોડતી ચેનલની અપર લાઈનની વેલ્યુ ૨.૩૩ આસપાસ આવી રહી છે અને હાલમાં આ નિફ્ટી મિડકેપ ૧૦૦ / નિફ્ટી ૫૦ રેશિયો આ ઝોન આસપાસ કોન્સોલિડેશન કરી રહ્યું છે. મુખ્ય ચિંતા સમય છે. ટાઈમ સાયકલ જોતાં વર્ષ ૨૦૦૩ નાં બોટમથી જોવાં તેજી વર્ષ ૨૦૦૫ સુધી રહી હતી. આ દરમિયાન નિફ્ટી મિડકેપ ૧૦૦ નું પ્રદર્શન નિફ્ટી ૫૦ કરતાં સારું હતું. ત્યાર બાદ સપ્ટેમ્બર ૨૦૦૫ થી માર્ચ ૨૦૦૭ સુધી આ રેશિયોમાં વેચવાલીનું દબાણ જોવાં મળ્યુ હતું એટલે કે આ સમય દરમિયાન નિફ્ટી ૫૦ નું પ્રદર્શન નિફ્ટી મિડકેપ કરતાં સારું રહ્યું હતું. જયારે બીજી તેજી નવેમ્બર ૨૦૦૯ થી સપ્ટેમ્બર ૨૦૧૦ અને ત્રીજી તેજી ઓક્ટોબર ૨૦૧૩ થી જાન્યુઆરી ૨૦૧૮ સુધી રહી હતી જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ નું પ્રદર્શન નિફ્ટી ૫૦ કરતાં સારું હતું. જાન્યુઆરી ૨૦૧૮ થી માર્ચ ૨૦૨૦ સુધી નિફ્ટી ૫૦ નું પ્રદર્શન નિફ્ટી મિડકેપ કરતાં સારું રહ્યું હતું. ફરી તેજી પકડતાં ડિસેમ્બર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી જોવા મળી હતી અને જે ઉપર જણાવ્યા મુજબ આ નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સની તેજી અટકતી જોવા મળી શકે છે અને નિફ્ટી ૫૦ નું પ્રદર્શન સારું રહી શકે છે.

ઉપર લખ્યા મુજબ નિફ્ટી મિડકેપ ૧૦૦ / નિફ્ટી ૫૦ રેશિયો નું વિશ્લેષણ કરી શકાય છે કે દર ૨ - ૨.૫૦ વર્ષની મિડકેપ સારું પ્રદર્શન કર્યા બાદ આવનારાં ૧ - ૧.૫ વર્ષ નિફ્ટી - ૫૦ નું પ્રદર્શન સારું છે. આથી એમ કહી શકાય છે હાલ નિફ્ટી મિડકેપ ૧૦૦ ના હાઈ વેલ્યુએશન વાળા સ્ટોક્સ આવનારાં વર્ષ દરમિયાન વેચવાલી જોવા મળવાની સંભાવના દેખાઈ રહી છે.

સાપ્તાહિક ચાર્ટ્સ પર રેશિયો પહેલેથી જ ઉપલી ટ્રેન્ડ લાઇનને સ્પર્શે છે અને દૈનિક ચાર્ટ્સ પર મંદીની પેટર્ન બનાવે છે તેમ અમે અપેક્ષા રાખીએ છીએ કે મિડકેપ ઈન્ડેક્સ વિરામ લેશે અને નિફ્ટીનું પ્રદર્શન મિડકેપ કરતાં ઘણું સારું રહેશે. આવા સંજોગોમાં ખૂબ જ ઓવરબૉટ મિડકેપ સ્ટોક્સ નીચા ગ્રોથ સાથે ઊંચા /ઈ પર ટ્રેડિંગ કરે છે, અમે અપેક્ષા રાખીએ છીએ કે આવા મિડકેપ શેરોમાં વેચવાલી વધુ રહેશે.

**અમેરિકન ડોલર ઇન્ડેક્સ:** ૧૧૪.૭૫ ની સર્વોચ્ચ સપાટીથી ૯૯.૨૨ સુધી ની વેચવાલી જોવા મળ્યાં બાદ અમેરિકન ડોલર ઈન્ડેક્સ સતત આઠ ત્રિમાસિક થી એક સીમિત દાયરામાં એટલેકે ઈકિવિલિબ્રિયમ ઝોનમાં ટ્રેડિંગ કરી રહી છે. ઉપરમાં ૧૦૭.૫૦ અને નીચેમાં ૧૦૦.૧૫ ની રેન્જમાં ટ્રેડિંગ કરતી જોવા મળી છે. ચાર્ટની દ્રષ્ટિએ જોતા તેના ત્રિમાસિક ચાર્ટ ઉપર કપ વિથ હેન્ડલ પેટર્નની હેન્ડલના સાઈઝ ટાર્ગેટ ૧૧૪ એચિવ કર્યા બાદ વેચવાલી જોવા મળી છે. અને નીચેમાં ૯૯.૪૯ સપોર્ટ ઝોન આસપાસ સપોર્ટ લીધો છે.

હાલ જોવા મળી રહેલી અમેરિકન ડોલર ઈન્ડેક્સમાં રેલી ઉપરમા ૧૦૫.૪૬ - ૧૦૬.૩૩ - ૧૦૮.૯૫ પ્રતિકારક સપાટી ગણાય. અમારું માનવું છે જે મુબજ અમેરિકા વ્યાજ દરોમાં ઘટાડો જોવા મળશે તેમ આ અમેરિકન ડોલર ઈન્ડેક્સ પણ નબળાઈ થતી જોવા મળી શકે છે. અને નીચેમાં ૧૦૨.૪૦ - ૧૦૦.૨૦ ઝોન તૂટયા બાદ લોન્ગ ટર્મ મંદી જોવા મળી શકે છે જે આવનારાં વર્ષો દરમિયાન ૮૯.૨૦ કે તેથી નીચેના અંક પણ જોવા મળી શકે છે.

**બ્લૂમબર્ગ કોમોડિટી ઇન્ડેક્સ:** વર્ષ ૨૦૦૮ ની સર્વોચ્ચ સપાટી ૨૩૮ થી જોવા મળેલો ઘટાડો ૫૮.૮૭ વર્ષ ૨૦૨૦ સુધી નો રહ્યો લગભગ ૧૨ વર્ષ નો વનવાસ કાપ્યાં બાદ બ્લૂમબર્ગ કોમોડિટી ઈન્ડેક્સ લોન્ગ ટર્મ તેજીના સંકેત દેખાઈ રહયાં છે. માસિક ચાર્ટ ઉપર જોતાં બ્લૂમબર્ગ કોમોડિટી ઈન્ડેક્સ બુલિશ હેડ એન્ડ શોલ્ડર પેટર્ન ફોર્મેશન થતું જોવા મળી રહ્યું છે. આ બુલિશ હેડ એન્ડ શોલ્ડર પેટર્નનું લેફ્ટ શોલ્ડર ૧૦૧ આસપાસ હેડ ૫૮ આસપાસ તેમજ રાઈટ શોલ્ડર ફોર્મેશન થતું જોવા મળી રહ્યું છે. જે અમારું માનવું છે કે ૯૯.૪૫ - ૮૯.૭૫ - ૭૫.૯૫ આસપાસના ઝોનમાં ફોર્મેશન કરી નેકલાઈન બ્રેકઆઉટ જોવા મળી શેક છે.

જો બ્લૂમબર્ગ કોમોડિટી ઈન્ડેક્સ હાલની બોટમ ૯૨.૪૦ તોડવામાં સફળતા મળતી નથી અને ઉપરમાં ૧૧૬ - ૧૨૧ ઝોન કુદાવવામાં સફળતા મળે છે તો અમારું માનવું છે કે રાઈટ શોલ્ડર ફોર્મેશન ૯૯.૪૫ આસપાસ થઇ ગયું છે અને નેકલાઈન બ્રેકઆઉટ જોવા મળી ઉપરમા ૧૭૦ -૨૧૮ ટાર્ગેટ આવનારા ૩ - ૪ વર્ષ દરમિયાનમાં જોવા મળી શકે છે. આ દરમિયાન ભારતીય મૂડીબજારમાં પણ મેટલ સેક્ટરમાં તેજીની ગતિ આગળ વધતી જોવા મળી શકે છે.

|| શ્રી મહાવીરસ્વામીને નમઃ ||
શ્રી હરિ સેવા ટ્રસ્ટ સંચાલિત
શ્રી લોલિયા પાંજરાપોળ
લોલિયા (લોથલ-ભાલ), બગોદરા-ધંધુકા હાઈવે નં. ૧ ઉપર, તા. ધોળકા, જી.અમદાવાદ-૩૮૨૪૬૫.
મો. ૯૩૭૫૦૩૫૫૩૫, ૯૦૨૩૦ ૬૪૨૨૩, ૮૦૦૦૦ ૧૧૩૩૨ ★ PAN : AAJTS1770J
ટ્રસ્ટ રજી.નં. ઈ/૧૯૧૫૨ ★ ઈન્કમટેક્ષ ૮૦-જી (૫) હેઠળ કરમુક્ત તા.૧૬-૦૩-૨૦૧૦ • CSR રજી.નં. : CSR ૦૦૦૦૧૨૩૩ ROC - (GOI)
JITO Member Ahmedabad
અમદાવાદ પાલિતાણા રાજમાર્ગ ઉપર નિર્માણધીન પાંજરાપોળ માટે જીવદયા અરજી
આજના કઠિન સમયમાં નવી પાંજરાપોળ - ગૌશાળા બનાવવી કે ચલાવવી શક્ય જ નથી, છતાં પણ અબોલ જીવની વેદના અને સમયની માંગને સમજીને ૧૫૦થી વધુ ગૌમાતાઓ માટે ગૌ સેવાનું કાર્ય લોલિયા ગામે મેઈન રોડ ઉપર આ નવીન પાંજરા પોળ બનાવેલ છે તેમાં સહયોગ કરશો.
હિન્દુ-જૈન ધર્મના પાવન દિવાળી પવિત્ર દિવસોમાં દાન પર્વ, જે દાનને શાસ્ત્રોમાં વિશે દાન પુણ્ય મહાન પર્વ સમાન ગણવામાં આવે છે. આ નિમિત્તે જીવદયા અન્નદાન, ગૌપૂજન, ગૌ ઘાસચારાની ભક્તિનો લાભ લેશો.
નિભાવ યોજનાઓ
(૧) એક કામધેનુ આપકે નામ ગૌદાન : જીવનમાં એકવાર - ૬૬,૬૬૦/-
(આપની એક ગાય અમો ગૌશાળામાં કાયમ માટે સાચવીશું અને આપ આ ગૌદાનનો ઉત્તમ લાભ લેશો)
(૨) ગાડી લીલો-સૂકો ઘાસચારો દાતાશ્રી : ૨૧,૦૦૦/-
(3) ૬ દિવસની ઔષધિય લાડુની જીવદયા ભક્તિ રૂા. ૯૩૦૦/-
(૪) એક દિવસનું સંપૂર્ણ અન્નદાન અને જીવદયા ભક્તિનો લાભ રૂા. ૬૩૦૦/- આપની વર્ષગાંઠ, લગ્નતિથિ કે સ્વજનની તિથિ નિમિત્તે...
ગાય માતાને લીલો-સૂકો ઘાસચારો + શાકભાજી / ફળ + ઔષધિય લાડુ / અનાજ + ગોળ + ખોળ + દાણની ભક્તિ.
(૫) એક ટાઈમનું અન્નદાન અને જીવદયા ભક્તિનો લાભ રૂા. ૩૩૦૦/-
ગૌ શાળાને મળતું દાન ૮૦-જી હેઠળ કરમુક્ત છે તથા કંપની દ્વારા મળતુ દાન CSR ફંડ હેઠળ માન્યતા પ્રાપ્ત છે. ટ્રસ્ટ કે સંઘને વિનંતી કે આપના જીવદયા ફંડમાંથી અહીં અનુદાન કરી લાભ લેશો.
ટ્રસ્ટ ઓફિસ : કુરિયર / ચેક મોકલવાનું સ્થાન :
હેમદેવ હાઉસ, ૨૯, ધરણીધર સોસાયટી, જૈન દેરાસર સામે, પાલડી, અમદાવાદ-૦૭.
Name : Shree Hari Sewa Trust
Bank : State Bank of India
Branch : Ayojannagar (60240) Ahmedabad-07
Current A/C : 43278760556 IFSC Code : SBIN0060240

તન-મન-ધનની વૃદ્ધિ, શુદ્ધિ, સમૃદ્ધિ માટે ગૌ સેવા - ઉત્તમ સેવા

# રોકડા શેરોમાં ત્રણ દાયકા બાદ રોક સંગીત જેવો માહોલ સર્જાય

## માર્વેલસ રિસર્ચ

લલિત શાહ 098250 56396

**GOODBYE 2080 AND WELCOME 2081**
**Happy New Year**

**ફિરંગીઓ ની છૂટા હાથની વેચવાલી વચ્ચે**

**એક વો ભી દિવાલી થી એક યે ભી દિવાલી હૈ, એક વો ભી દિવાલી થી એક યે ભી દિવાલી હૈ, ઉજડા હુઆ ગુલશન હૈ રોતા હુઆ માલી હૈ**

“મિત્રો ૨૦૮૦ની વિદાય વેળાએ આપ સૌને દિવાળીની શુભકામનાઓ અને આવનારા નવા વર્ષની શુભેચ્છાઓ.“કેટલાય માર્વેલસ મિત્રો ને યાદ હશે કે આજથી પાંચ છ વર્ષ પહેલાં આપ સૌને ટ્રીલયોનર બનવા માટે નો શુભ સંદેશો અમે પાઠવેલો. ત્યારે ટ્રીલયોનર એટલે શું એ લગભગ મોટા ભાગના વિશ્રૃવ ગુરૂ કે તેમના ચેલાઓ ને ખબર પડતી હશે કે કેમ? કોઈ પણ દેશ ત્યારે જ ૫-૨૫ ટ્રીલયોન ડોલર ની અર્થ વ્યવસ્થા બને જયારે તે દેશમાં ગણ્યા ગાંઠ્યા શ્રીમંતોની જગ્યાએ લોટ્સઓફ મિલિયોનેર બિલિયોનેર અને ટ્રીલયોનર હોય. એ ત્યારે જ શકય બને જે દિવસે ભારતીય ઉધોગો વિશ્રૃવના અન્ય ગ્રાહક દેશોને સંપૂર્ણ વિશ્રૃવાસ સાથે કહી શકે કે અમો વિશ્રૃવના શ્રેષ્ઠ માપદંડો સાથે અમારી પ્રોડક્ટ બનાવીએ છીએ અને તમારે જરૂરિયાત હોય તો અમારી શરતો એ અમારા શ્રેષ્ઠત્તમ માપદંડ સાથે ખરીદો. પણ તમને અમારા પ્રોડક્શન યુનિટોનું ઈન્સ્પેક્શન કરવા નો કોઈ અધિકાર નથી અને અમો તમને તેનું ઈન્સ્પેક્શન કરવા નહીં દઈએ.“વિક્રમ સંવત ૨૦૮૦ ની વિદાય વેળા એ સૌ પ્રથમ વિતેલા વર્ષ ના લેખાંજોખાં જોઈશું. “વિતી રહેલાં વિક્રમ સંવંત ૨૦૮૦ દરમ્યાન સેન્સેક્સમાં ૨૦૮૨૦ પોઈન્ટ અને નિફ્ટી મા ૬૯૩૧ની અંદરની રેન્જ જોવા મળી. હાલમાં બજારમાં અગ્નિવીરો એકટીવ છે. જેવો તેમની જોબ પુરી (નાણાં પુરા) થાશે એટલે!!!!! ફિરંગીઓની સતત વેચવાલી વચ્ચે દેશી સોલ્જર્સ ડીઆઈઆઈ હાલમાં અગ્નિ વીરો અને તળાવ કાંઠે બેસી સ્વિમિંગ નો આનંદ લેનારા વિવિધ ભારતી એસઆઈપી વાળાનાં પૈસે દેશી ઓનો દારુગોળો જોરમાં દેખાય છે.“ભારે હૈયે લખવું પડે છે કે ૧૯૭૦ થી આજ સુધીમાં આવી લોહીયાળ દિવાળી શેરબજારમાં ક્યારેય નથી જોઈ. તલવાર ના વાઢ પડે પણ ઈન્વેસ્ટર ના વાઢમાંથી લોહી ના નિકળે. બજારમાં કામકાજ કરતા વર્ગના મોઢામાં થી ચૂં કે ચા જેવા શબ્દો પણ નથી સાંભળવા મળતાં. ફિરંગી ઓની છૂટા હાથની વેચવાલી જોવામાં આવી રહી છે. તો અમીચંદો જેવા દેશી ફંડો દિલ ખોલીને એસઆઈપી (સ્ટુપિડ ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) વાળા ના નાણાં બજારમાં લગાવે જાય છે. આને કહેવાય પારકા ચંદન ઘસ બે લાલિયા.આપણા કરતાં ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ફંડો અને ઈન્વેસ્ટરો પાસે અનેક ઈનપુટ મશીનરી હોય છે. કંઈક મોટું થવા જઈ રહ્યું છે. કે જેથી આપણા બજારમાં થી ગોરીયા નાણાં પાછા ખેચી રહ્યા છે. વિશ્રૃવ આખામાં યુદ્ધ ઉન્માદ ફેલાઈ રહ્યો છે. જે રીતે યુદ્ધના શસ્ત્રસરજામ નો જ ઉધોગ ઉધોગ હોય એવી રીતે ભારત ના સ્ટોક માર્કેટ માં ડિફેન્સ ડિફેન્સ અને ડિફેન્સની વાતું જોવા મળી. ડિફેન્સ બોફોર્સ થી લઈને રાફેલ એ રાજકારણીઓ માટે મોટી મલાઈદાર રમત છે. જો ભારતમાં ખરેખર ૧૦૦% એફઆઈઆઈ કે પછી પોલિટીશયન બ્યૂરોક્રેટસ અને ક્રોની કેપિટાલિસ્ટ ઉધોગપતિ ઓના નાણાં બજારમાંથી ખેચાય રહ્યા હોય તો ટૂંક સમય માટે ચિંતા નો વિષય ગણાય. હાલમાં તો હવામાં વહેતી વાતો મુજબ "ક્વિટ ઈન્ડિયા એન્ડ લવ ચાઈના" ની વાતો સંભળાય છે. ડોલર અને યુઆન વર્તમાન ભાવથી ૧૦-૨૦ ટકા વધી શકે છે.ડોલર સામે રૂપિયા ની ગતિ ૧૦૦ કે પાર જોવા મળે તો ના નહીં. બાકી ડોલર રૂપિયા માટે ના વાઈરલ વિડીયો નો વાઈરસ ઝડપથી ફેલાતો જોવામાં આવે જેના થી કોઈ ની આબરૂ કે ગરિમા ઘટતી નથી જે સહેજે. પ્રજા ની મેમરી ટૂંકી હોય છે બાકી ધર્મ અને રાષ્ટ્રવાદ નું અફિણ ઘોળીને પીવડાવતાં રેહવા નું. હમણાં કોઈકને કેહતા સાભળ્યાં કે કેનેડા મા રેહતા ભારતીયો એ તેઓનો રાષ્ટ્ર પ્રેમ કંટ્રોલ મા રાખવો. એફઆઈઆઈ ની એક્ઝિટ જાણે ભારત કોઈ મોટા યુદ્ધ ની રણભૂમિ બનવા નું હોય એવી છે. અત્યાર સુધી ની આપણી તટસ્થ વિદેશનીતિ? અંદરખાને અનેક પરિબળો ફિરંગી ઓને ભારત છોડવા મજબૂર કરી રહ્યાં છે. બાકી ઉભરતું વિશ્રૃવનું ૧૫૦ કરોડની નીયોરિચ વસ્તી ધરાવતા બજારને છોડી કોણ જાય? ભારતવર્ષમાં જૈન સમુદાય જે વસ્તીનો અડધા ટકા થી ઓછો છે. અને હિંસા અને મૈથુન વિરોધી છે. તેનો સાધુ સમાજ હિંસા અને મૈથુન એટલે કે વસ્તી વધારાને પ્રમોટ કરતો જોવામાં આવે છે. ૨૦૮૦ ની વિદાય દિવાળી ને હોળીના રંગે રંગતી જોવામાં આવે છે. મોટા મોલો અને ઓનલાઈન શોપિંગ સિવાય કામધંધાના હાલ બુરા છે. નવરાધૂપ બેઠેલા રિટેલર,સેમી રિટેલર અને અસંગઠિત વેપારીઓ તેમના પૈસા રિયલ એસ્ટેટ માથી સ્ટોક માર્કેટ માં લગાવતા જોવામાં આવ્યા.વર્તમાન તેજી બજાર ના રીસ્ક થી અનઅવેર ઈન્વેસ્ટરો અને ફંડ હાઉસ ના નવા નવા ગતકડાઓને આભારી છે.

અમોએ ૨૦૮૦ માટે

| | | |
|---|---|---|
| પાનએસિયા બાયો | ૧૬૦ | ૩૪૯ |
| ગ્યુફિક બાયો | ૨૬૫ | ૪૫૦ |
| ૬૩ મૂન્સ | ૩૧૩ | ૫૫૩ |
| એજીઆઈ ગ્રીન્સ | ૯૮૦ | ૧૦૫૫ |
| એપોલો ટાયર્સ | ૪૨૨ | ૫૮૫ |
| બાલ ફાર્મા | ૯૫ | ૧૫૭ |
| ભેલ | ૧૩૯ | ૩૪૦ |
| ચમનલાલ સેઠિયા | ૨૧૦ | ૩૪૯ |
| ડેટામેટીક્સ ગ્લોબલ | ૫૭૨ | ૭૭૫ |
| ડીકાલ | ૧૬૭ | ૨૮૩ |
| ડિ-લિંક, | ૩૦૭ | ૭૨૮ |
| ફાયનોટેક્સ કેમિકલ્સ | ૩૨૪ | ૪૫૯ |
| ફીનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ | ૧૯૩ | ૩૫૫ |
| ગ્રેફાઈટ લિ. | ૪૬૮ | ૭૦૯ |
| હિમાચલ ફ્યુચરિસ્ટિક | ૬૬ | ૧૭૧ |
| હિન્દ ઓઈલ એક્ષ્પ્લોરેશન | ૧૭૧ | ૨૯૩ |
| હુડકો | ૮૧ | ૩૫૩ |
| આઈડીબીઆઈ બેંક | ૬૪ | ૧૦૭ |
| ઈમ્ફા લિ. | ૪૪૨ | ૮૮૦ |
| આઈટીડી સિમેન્ટેશન | ૨૩૩ | ૬૯૪ |
| જયકોર્પ લિ. | ૨૯૨ | ૪૩૮ |
| જ્યુપીટર વેગન | ૩૨૪ | ૭૪૮ |
| લોયડ સ્ટીલ | ૪૭ | ૯૩ |
| નેશનલ એલ્યુમિનિયમ | ૯૩ | ૨૩૫ |
| સિક્વન્ટ સાયન્ટિફિક, | ૯૯ | ૨૪૦ |
| તિલક નગર ઈન્ડસ્ટ્રીઝ | ૨૬૦ | ૩૩૦ |
| વેદાંતા | ૨૪૭ | ૫૨૩ |
| વાલચંદનગર | ૧૭૦ | ૪૩૮ |

જેવા શેરોમાં અમારી ગણત્રી ૨૦થી ૨૦૦-૩૦૦ ટકાની ચાલની બતાવેલી જે મોટા ભાગના શેરોમાં જોવા મળી આમાંના કેટલાક શેરોમાં વર્તમાન કરેક્શન બાદ ફરીથી એક્શનમાં જોવામાં આવે જેવાં કે

**અરવિંદ લિ. :** ફરીથી ડબલ ટોપની શકયતા
**ગ્યુફિક બાયો :** લોટસ ઓફ સ્ટિમ રિમેઈન
**૬૩ મૂન્સ :** ૧૨૦૦-૧૩૦૦ની સફર ઉપર
**એજીઆઈ ગ્રીન્સ :**જબતક દારૂ હૈ હમ આગે બઢતે રહેગે.
**એપોલો ટાયર્સ :** હમને ઠાન લી હૈ હમ ???? કલબ મેમ્બર બન કે દિખાયેગે.
**બાલ ફાર્મા :** દેખતે રહીયો હમ કયા કયા કલર દિખાતે હૈ.
**ભેલ :** હમારે પૂરે દીન કભી નહીં આને વાલે.
**ચમનલાલ સેઠિયા :** હમારા ચમન કભી નહીં ઉજ્જડેગા
**ડેટામેટીક્સ ગ્લોબલ :** હમભી ???? કલબ મેમ્બર બન કે દિખાયેગે. **ડીકાલ :** હમ ભૌકાલ મચાકે દિખાયેગે.
**ડિ-લિંક :** હમ દુનિયા સે જૂડ કે દિખાયેગે.
**ડ્યુટ્રોન :** પાઈપ મે પાની આયેગા.

અનુસંધાન આગળના પાને....

**બીએસઈ એનએસઈના વિવિધ ઈન્ડેક્સનું છેલ્લા ૧૨ મહિનાનું પ્રદર્શન દર્શાવેલ છે. જે જોતાં ૨૦૮૦નું વર્ષનું પ્રદર્શન શ્રેષ્ઠ રહયું. ભલે અંત લોહીયાળ હોય**

| Index Name | Value | Change | Change (%) | Trend | Advance | Decline |
|---|---|---|---|---|---|---|
| BSE Sensex | 79,402.29 | 15,353.23 | 23.97 | UP | 27 | 4 |
| BSESensex 50 | 25,419.09 | 5,377.19 | 26.83 | UP | 47 | 5 |
| BSE SENSEX Next 50 | 81,037.18 | 26,255.95 | 47.93 | UP | 50 | 6 |
| BSE 100 | 25,480.96 | 5,918.53 | 30.25 | UP | 100 | 13 |
| BSE 200 | 11,085.29 | 2,738.87 | 32.81 | UP | 186 | 27 |
| BSE 250 LargeMidCap | 10,507.66 | 2,596.14 | 32.81 | UP | 233 | 38 |
| BSE MidCap | 45,452.83 | 14,532.74 | 47 | UP | 117 | 20 |
| BSE 400 MidSmallCap | 11,873.38 | 3,608.27 | 43.66 | UP | 352 | 97 |
| BSE 150 MidCap Index | 15,625.31 | 4,826.71 | 44.7 | UP | 146 | 33 |
| BSE SmallCap | 52,335.66 | 16,014.05 | 44.09 | UP | 782 | 307 |
| BSE 250 SmallCap | 6,871.77 | 2,018.07 | 41.58 | UP | 235 | 70 |
| BSE Central Public Sector | 3,814.96 | 1,566.79 | 69.69 | UP | 54 | 4 |
| BSE Dividend Stability Index | 1,031.55 | 316.76 | 44.32 | UP | 60 | 7 |
| BSE Low Volatility | 1,815.48 | 435.08 | 31.52 | UP | 47 | 4 |
| BSE Bharat 22 | 8,784.21 | 2,814.60 | 47.15 | UP | 22 | 0 |
| BSE 100 ESG | 399.77 | 86.22 | 27.5 | UP | 65 | 10 |
| BSE Momentum | 2,222.52 | 852.42 | 62.22 | UP | 56 | 3 |
| BSE Diversified Financials Revenue Growth | 1,444.78 | 239.03 | 19.82 | UP | 41 | 18 |
| BSE 100 LargeCap TMC | 9,009 | 2,080.67 | 30.03 | UP | 102 | 9 |
| BSE Private Banks | 18,058.08 | 2,054.77 | 12.84 | UP | 7 | 5 |
| BSE Quality | 1,908.72 | 616.2 | 47.67 | UP | 43 | 5 |
| BSE Enhanced Value | 907.3 | 321.58 | 54.9 | UP | 34 | 3 |
| BSE Greenex | 7,827.50 | 2,691.69 | 52.41 | UP | 29 | 1 |
| BSE TECK | 19,267.37 | 5,331.61 | 38.26 | UP | 18 | 10 |
| BSE Dollex 30 | 7,753.58 | 1,431.85 | 22.65 | UP | 38 | 4 |
| BSE Bankex | 57,971.49 | 9,798.16 | 20.34 | UP | 9 | 2 |
| BSE Dollex 100 | 3,135.25 | 702.31 | 28.87 | UP | 125 | 15 |
| BSE Capital Goods | 66,429.40 | 20,824.03 | 45.66 | UP | 33 | 0 |
| BSE FMCG | 21,400.19 | 2,938.16 | 15.91 | UP | 64 | 32 |
| BSE Oil & Gas | 27,506.56 | 9,378.03 | 51.73 | UP | 12 | 0 |
| BSE Dollex 200 | 2,195.13 | 524.56 | 31.4 | UP | 233 | 39 |
| BSE 500 | 35,458.88 | 8,908.86 | 33.56 | UP | 438 | 102 |
| BSE Auto | 54,123.75 | 17,222.64 | 46.67 | UP | 18 | 0 |
| BSE SME IPO | 94,631.72 | 57,879.75 | 157.49 | UP | 73 | 60 |
| BSE Meal | 30,863.45 | 8,403.00 | 37.41 | UP | 10 | 1 |
| BSE India Infrastructure | 622.63 | 257.06 | 70.32 | UP | 37 | 1 |
| BSE Carbonex | 4,344.48 | 1,133.15 | 35.29 | UP | 99 | 13 |
| BSE Information Technology | 41,727.04 | 10,824.53 | 35.03 | UP | 48 | 19 |
| BSE Consumer Durables | 61,183.17 | 16,680.07 | 37.48 | UP | 10 | 2 |
| BSE Healthcare | 42,834.16 | 15,515.95 | 56.8 | UP | 96 | 15 |
| BSE PSU | 19,214.31 | 7,214.33 | 60.12 | UP | 54 | 5 |
| BSE Realty | 7,613.15 | 3,008.87 | 65.35 | UP | 11 | 1 |
| BSE Power | 7,741.92 | 3,437.55 | 79.86 | UP | 14 | 0 |
| BSE IPO | 15,220.71 | 4,499.66 | 41.97 | UP | 68 | 61 |
| Nifty 50 | 24,180.80 | 5,058.65 | 26.45 | UP | 48 | 5 |
| Nifty Bank | 50,787.45 | 7,955.45 | 18.57 | UP | 9 | 4 |
| Nifty Next 50 | 69,716.50 | 26,297.85 | 60.57 | UP | 58 | 4 |
| Nifty 100 | 25,022.20 | 5,987.80 | 31.46 | UP | 102 | 9 |
| Nifty 200 | 13,567.50 | 3,381.75 | 33.2 | UP | 199 | 28 |
| Nifty Midcap 100 | 55,277.95 | 16,713.70 | 43.34 | UP | 111 | 21 |
| Nifty Midcap 50 | 15,419.60 | 4,353.05 | 39.34 | UP | 60 | 13 |
| Nifty Midcap 150 | 20,563.70 | 6,093.45 | 42.11 | UP | 152 | 31 |
| Nifty MidSmallcap 400 | 19,305.30 | 5,752.35 | 42.44 | UP | 371 | 96 |
| Nifty Smallcap 100 | 17,847.90 | 5,414.40 | 43.55 | UP | 120 | 31 |
| Nifty Smallcap 50 | 8,607.85 | 2,879.90 | 50.28 | UP | 66 | 17 |
| Nifty Smallcap 250 | 16,956.05 | 5,102.35 | 43.04 | UP | 250 | 74 |
| Nifty Energy | 39,063.75 | 12,735.25 | 48.37 | UP | 11 | 0 |
| Nifty Alpha Low Volatility 30 | 28,401.95 | 8,851.30 | 45.27 | UP | 39 | 1 |
| Nifty Realty | 974.35 | 395.55 | 68.34 | UP | 11 | 2 |
| Nifty500 Mul50:25:25 | 15,671.55 | 4,236.55 | 37.05 | UP | 479 | 106 |
| Nifty Ind. Digital | 9,120.60 | 2,880.95 | 46.17 | UP | 24 | 7 |
| Nifty India Manufacturing | 14,181.85 | 4,685.50 | 49.34 | UP | 80 | 9 |
| Nifty Financial Services | 23,732.70 | 4,508.60 | 23.45 | UP | 18 | 3 |
| Nifty100 Equal Weight | 32,142.40 | 9,629.85 | 42.78 | UP | 114 | 10 |
| Nifty Quality 30 | 5,788.45 | 1,411.45 | 32.25 | UP | 30 | 3 |
| Nifty PSU Bank | 6,283.90 | 1,511.85 | 31.68 | UP | 12 | 0 |
| Nifty Service Sector | 31,737.10 | 7,403.70 | 30.43 | UP | 31 | 2 |
| Nifty Infrastructure | 8,712.45 | 2,656.85 | 43.87 | UP | 32 | 1 |
| Nifty Dividend Opportunities 50 | 6,414.05 | 1,926.75 | 42.94 | UP | 67 | 5 |
| Nifty MNC | 29,144.90 | 7,370.65 | 33.85 | UP | 30 | 5 |
| Nifty Auto | 23,799.30 | 7,588.85 | 46.81 | UP | 18 | 0 |
| Nifty Total Markª | 12,669.20 | 3,265.35 | 34.72 | UP | 676 | 188 |
| Nifty Consumption | 11,562.60 | 3,179.30 | 37.92 | UP | 34 | 4 |
| Nifty M150 Q50 | 24,460.90 | 6,081.65 | 33.09 | UP | 52 | 10 |
| Nifty Consumer Durables | 39,672.45 | 11,520.20 | 40.92 | UP | 13 | 6 |
| Nifty IT | 42,038.85 | 11,508.35 | 37.69 | UP | 10 | 0 |
| Nifty 500 | 22,499.05 | 5,738.25 | 34.24 | UP | 458 | 101 |
| NIfty FMCG | 58,908.50 | 7,691.65 | 15.02 | UP | 14 | 2 |
| Nifty PSE | 9,978.90 | 4,178.25 | 72.03 | UP | 21 | 0 |
| Nifty Pharma | 22,574.55 | 7,774.40 | 52.53 | UP | 22 | 1 |
| Nifty100 Liquid 15 | 6,488.50 | 1,346.45 | 26.19 | UP | 19 | 2 |
| Nifty Alpha 50 | 54,348.70 | 19,600.15 | 56.41 | UP | 79 | 10 |
| Nifty CPSE | 6,481.20 | 2,652.20 | 69.27 | UP | 11 | 0 |
| Nifty Financial Services 25/50 | 25,796.90 | 5,828.25 | 29.19 | UP | 20 | 3 |
| Nifty Oil & Gas | 11,352.20 | 3,785.35 | 50.03 | UP | 15 | 0 |
| Nifty200 Momentum 30 | 34,278 | 12,034.70 | 54.1 | UP | 53 | 5 |
| Nifty Health | 14,302.35 | 4,977.25 | 53.37 | UP | 20 | 0 |
| Nifty Microcap 250 | 23,443.90 | 7,759.95 | 49.48 | UP | 262 | 110 |
| Nifty50 Value 20 | 13,668.30 | 3,563.45 | 35.26 | UP | 22 | 2 |
